॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ

[ શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર ]

પુસ્તક ૨ આષાઢ-શ્રાવણ

અંક ૧૧-૧૨ ૧૯૮૩

માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબઇ

# વિષયાનુક્રમ.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ તંત્રીની નોંધ. | ૫૦૨ | ૮ મારા અંગત સ્ફુરેલા વિચાર. | ૫૪૯ |
| ૨ વિવિધ નોંધ. | ૫૧૨ | ૯ શ્રી તત્ત્વાર્થ સૂત્ર સંબંધી કેટલાક ચર્ચવાના મુદ્દાઓ. | ૫૫૬ |
| ૩ ધર્મને નામે ધાડ. | ૫૧૭ | ૧૦ સામાયિક યોગ અને તેથી થતો આત્મ-વિકાસ. | ૫૫૭ |
| ૪ જૈનધર્મ. | ૫૧૮ | ૧૧ શ્રી કેસરીઆજીનો રાસ. | ૫૬૩ |
| ૫ આધુનિક વિજ્ઞાન અને જૈનધર્મ. | ૫૩૬ | ૧૨ અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી. | ૫૬૭ |
| ૬ જૈનીઝમ (અંગ્રેજી). | ૫૪૫ | | |
| ૭ જૈનધર્મ. | ૫૪૭ | | |


## સુજ્ઞ ગ્રાહકો પ્રત્યે.

નમ્ર નિવેદન કરવામાં આવે છે કે જેઓનું લવાજમ ચાલુ સાલનું બાકી હોય તેઓએ સત્વરે આ સંસ્થાની ઑફીસે મનીઑર્ડર યા અન્યથા સગવડ પડતી રીતે તુરતજ મોકલી આપવું. જો તેમ નહિં થશે તો હવે પછીનો અંક વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે. જે ગ્રાહકોનું વર્ષ આ અંક મળતાં ખતમ થશે તેઓને પણ વિનંતિ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા ઘટતું કરવું.

૨૦, પાયધુની મુંબઈ ૩ } આસીસ્ટંટ સેક્રેટરી,
**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.**

## જૈનયુગ

—જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયો ચર્ચતું ઉત્તમ જૈન માસિક.

—વિદ્વાન્ મુનિ મહારાજશ્રી તથા અન્ય લેખકોની કસાયેલી કલમથી લખાયેલા ગદ્યપદ્ય લેખો તેમાં આવશે.

—શ્રીમતી જૈન શ્વે. કૉન્ફરન્સ (પરિષદ્) સંબંધીના વર્ત્તમાન-કાર્યવાહીનો અહેવાલ સાથેસાથે અપાશે.

તો દરેક સુજ્ઞ આ પત્રના ગ્રાહક બની પોતાના મિત્રોને પણ ગ્રાહકો બનાવશે અને સંઘસેવાના પરિષદ્ના કાર્યમાં પુષ્ટિ આપશે.

ચાલુ વર્ષથી વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સહિત માત્ર રૂ. ત્રણ

લખો—**જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફીસ**
૨૦ પાયધુની મુંબઇ નં. ૩.

આ માસિક બહોળા પ્રમાણમાં ફેલાવો પામવાની ખાત્રી રાખે છે તો **જાહેરખબર આપનારાઓને** માટે તે ઉપયોગી પત્ર છે; તો તેઓને ઉપરને સરનામે લખવા કે મળવા ભલામણ છે.

# જૈન યુગ.

## ધાર્મિક અંક.

卐

### સાંવત્સરિક ક્ષમાપના.

'આજ દિવસ પર્યન્ત તમારા પ્રત્યે તથા તમારા સમીપ વસતાં બાઇઓ ભાઇઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવ વડે કિંચિત્ જે અન્યથા થયું હોય (લખાયું હોય યા વિચારાયું હોય) તે અર્થે નમ્રભાવથી ક્ષમાની [અમારી] યાચના છે.'

પુસ્તક ૨ આષાઢ-શ્રાવણ વીરાત્ ૨૪૫૩ સં. ૧૯૮૩ અંક ૧૧-૧૨.

## નમસ્કાર.

**શ્રી** જિનવીતરાગે દ્રવ્ય-ભાવ-સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કરી છે અને તે સંયોગનો વિશ્વાસ પરમજ્ઞાનીને પણ કર્ત્તવ્ય નથી-એવો નિશ્ચલ અખંડ માર્ગ કહ્યો છે **તે શ્રી જિનવીતરાગનાં** ચરણકમળને વિષે અત્યંત નમ્ર પરિણામથી નમસ્કાર છે.

અપાર મહામોહજાળ ને અનંત અંતરાય છતાં ધીર રહી જે પુરૂષ તર્યા, **તે શ્રી પુરૂષ ભગવાનને** નમસ્કાર.

પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા **તે ભગવંતને** નમસ્કાર.

**તે** પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો **તે સત્પુરૂષોને** નમસ્કાર.

જે સત્પુરૂષોએ જન્મ, જરા મરણનો નાશ કરવા વાળો, સ્વસ્વરૂપમાં સહજ-અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, **તે સત્પુરૂષોને** અત્યંત ભકિતથી નમસ્કાર છે.

દેહાભિમાન રહિત **એવા સત્પુરૂષોને** અત્યંત ભકિતથી ત્રિકાળ નમસ્કાર.

ભુજાએ કરી જે સ્વયંભૂરમણ સમુદ્ર તરી ગયા, તરે છે અને તરશે **તે સત્પુરૂષોને** નિષ્કામ-ભકિતથી નમસ્કાર.

**વિષમભાવનાં** નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે **જ્ઞાનીપુરૂષ** અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્ત્તે છે અને ભવિષ્યકાળે વર્ત્તે **તે સર્વને** વારંવાર નમસ્કાર.

જે જ્ઞાનથી 'કામ' નાશ પામે **તે જ્ઞાનને** અત્યંત ભકિતએ નમસ્કાર હો!

અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું રહે તે જ્ઞાનને એક સમય માત્રમાં જાત્યાંતર કરી જે ભવનિવૃત્તિરૂપ કરે **તે** કલ્યાણમૂર્ત્તિ **સમ્યગ્દર્શનને** નમસ્કાર.

અનન્ય શરણના આપનાર **એવા શ્રી સદ્ગુરૂદેવને** અત્યંત ભકિતથી નમસ્કાર.

ૐ शान्तिः शान्तिः शान्तिः

# અધ્યાત્મ ઋષભ નમસ્કાર સ્તુતિ.

( સંગ્રાહક-તંત્રી. )

અલખ અગોચર અકલરૂપ અવિનાશી અનાદિ
એક અનેક અનંત સંત અવિચલ અવિષાદી
સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ શુદ્ધ અજરામર અભય,
અવ્યાબાધ અમૂરતીક નિરૂપાધિ નિરામય,
પરમપુરૂષ પરમેસરૂ એ પ્રથમ નાથ પ્રધાન
ભવભયભાવઠભંજણો ભજીઇ શ્રી ભગવાન. ૧

રસના તુઝ ગુણ સંસ્તવેં દૃષ્ટિ તુજ દર્શન
નવ અંગે પૂજા સમેં કાયા તુઝ સ્પર્શન
તુજ ગુણ શ્રવણેં દો શ્રવણ મસ્તક પ્રણિપાતે
શુદ્ધ નિમિત્ત સવે હૂયા શુભ પરિણુતિ થાતે
વિવિધ નિમિત્ત વિલાસ સવીએ વિલસે પ્રભુ એકાંત
અવતરીઓ અભ્યંતરે નિશ્ચલ ધ્યેય મહંત. ૨

ભાવદષ્ટિમાં ભાવતે વ્યાપક સવિ ઠામે
ઉદાસીનતા અવરસું લીનો તુઝ નામે
દીઠાવિણુ પણ દેખીએ સૂતાં પણ જગવે
અપર વિષયથી છાંડવેં ઇંદ્રિય બુદ્ધિ ત્યજવે
પરાધીનતા મિટ ગઇ એ ભેદ બુદ્ધિ ગઇ દૂર
અધ્યાતમ પ્રભુ પ્રણુમિઓ ચિદાનંદ ભરપૂર. ૩

પૂજક પૂજ્ય અભેદથી કુણુ પૂજારૂપ
દ્રવ્યસ્તત્ર રહિઓ દ્રવ્યરૂપ એહ શુદ્ધ સ્વરૂપ
આતમ પરમાતમ ભયો, અનુભવ રસ સગતેં
દ્વૈતભાવ મલ નીકલ્યો ભગવંતની ભગતેં
આતમ છંદે વિલસતાં એ પ્રગટયો વચનાતીત,
મહાનંદ રસમાકલો સકલ ઉપાધિ વ્યતીત. ૪

જ્યોતિ શું જ્યોતિ મલી ગઇ પર રહેં નિજ અવધેં
અંતરંગ સુખ અનુભવું પ્રભુ આતમ લબધેં
નિરવિકલ્પ ઉપયોગરૂપ પૂજા પરમારથ,
કારક ગ્રાહક એહ પ્રભુ ચેતન સમરથ,
વીતરાગ ઇમ પૂજતાં એ, લહીએ અવિહડ સુખ,
માંનવિજય ઉવઝાયના, નાઠાં સયલ દુઃખ. ૫

લિ૰ રાજનગરે ૧-૧૧ પ્રત.
—માનવિજય (૧૮ મું વિ. શતક)

---

# તંત્રીની નોંધ.

**૧-પુસ્તક ભંડારોનો ઉદ્ધાર**—સંઘોના હસ્તક પુસ્તકભંડારો સ્થાપવાની પ્રથા પુરાણી છે તેના દૃષ્ટાંતો કુમારપાલ, પેથડ, વસ્તુપાલ તેજપાલ મંત્રિએ આદિએ ખાસ તે પાછળ પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હતું એ સંબંધી મળી આવે છે. આટલુંજ નહિ પરંતુ રાજાએ પોતાના રાજ તરફથી પુસ્તક ભંડારો રાખતા. તેના દૃષ્ટાંત તરીકે દુર્લભરાજના સમયમાં જિનેશ્વરસૂરિએ દશ વૈકાલિક સૂત્ર રાજભંડારમાંથી મંગાવી ખરા સાધુના આચારવિચાર શું હોવા ઘટે તે તેમાંથી બતાવી આપ્યું હતું. ભોજરાજા જબ્બરો પુસ્તકભંડાર રાખતા, અને તેનો ભંડાર સિદ્ધરાજ જયસિંહ પાછળથી માળવાના રાજા યશોવર્માને જીતતાં પાટણમાં લઇ આવેલ હતા, અને પોતાના ભંડારમાં મૂકયો હતો. આના અવશેષમાં હજુ પણ મેવાડ મારવાડના રાજાઓ પાસે પુસ્તકભંડારો મોજૂદ છે.

પાટણમાં મુસલમાનોનાં આક્રમણ થતાં જૈન પુસ્તકો જેસલમેર કે જ્યાં પગરસ્તે જવું ઘણું કઠિન હતું ત્યાં ખસેડવામાં આવ્યાં હતાં એમ કહેવાય છે. પાટણ અને જેસલમેર એ જૂનાં પુસ્તકોનો સારો સંગ્રહ ધરાવે છે. તે ભંડારોની પ્રભુકૃપાથી શ્રીમાન્ વિદ્યારસિક ગાયકવાડ નરેશના આશ્રયથી સ્વર્ગસ્થ સાક્ષર શ્રીમાન્ ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. એ ફેરિસ્ત કરી, તેમાંથી જેસલમેરની સૂચિ ગાયકવાડ ગ્રંથમાલામાં પંડિત શ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધીથી સંશોધિત થઇ પ્રગટ થયેલ છે, અને પાટણની સૂચિ તે પંડિતદ્વારાજ સંશોધિત થઇ હવે

પછી બહાર પડનાર છે.

આ પહેલાં પ્રો. પીટર્સન, સર ભાંડારકર, કિલ્હૉર્ન, બુહ્લર આદિ વિદ્વાનોએ જુદે જુદે સ્થળે પ્રવાસ કરી પોતાના રીપોર્ટો બહાર પાડેલા છે, અને સ્વ૦ સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદીના હસ્તથી પાટણ ભંડારોની ફેરિસ્ત થયેલી તેની બહુજ થોડી નકલો છપાઈ બહાર પડી ગઇ. આ રીપોર્ટો હવે મળી શકતા નથી.

આ બધા ભંડારો ઉપરાંત લીંબડી, ખંભાત આદિ ગામેગામ અને શહેરે શહેર શ્વેતામ્બર સાધુઓએ ઉપાશ્રયમાં યા દેવાશ્રયમાં દાબડામાં યા પેટી પટારામાં ગ્રંથસંગ્રહને સાચવી રાખેલ છે. આ બધાની વિગતવાર સૂચિઓ દરેક ગામ ને શહેરના સંઘો તૈયાર કરાવી છપાવી બહાર પાડે તો તેમાંથી માત્ર સ્વસંપ્રદાયના ઉપરાંત દિગંબર સંપ્રદાયના અને હિન્દુ-બૌદ્ધ ધર્મના પણ વિરલ ગ્રંથો મળી આવે છે. આવી સૂચિઓ છપાવવા ઉપરાંત તે તે પુસ્તકો વિદ્વાનો-અભ્યાસીઓ-પુસ્તક પ્રસિદ્ધ કર્ત્તાઓને અમુક સરતોએ પણ મળી શકે એવી વ્યવસ્થા થવાની ખાસ જરૂર છે.

દિગંબર સંપ્રદાયના શાસ્ત્રભંડારોનાં મથકો, કારંજા, જયપુર, શ્રવણબેલગોલા આદિ છે. તેની ટીપો હજૂ બહાર પડી નથી. આ ઉપરાંત સુરત, સોજીંત્રા, મુંબઇ આદિ અનેક સ્થળે તેમના ભંડારો મોજૂદ છે કે જેમાં તપાસ કરતાં શ્વેતાંબરીય તેમજ જૈનેતર સંપ્રદાયોના ગ્રંથો પણ મળી આવે તેમ છે. હમણાં જૈનમિત્રના તા. ૧૬-૬-૨૭ ના અંકમાં તેમના સંપાદક બ્રહ્મચારી શિતળપ્રસાદજી 'બંદ શાસ્ત્રભંડારકા ઉદ્ધાર' એ મથાળાથી તંત્રીની નોંધમાં લખે છે કેઃ—

'મુંબઇમાં શેઠ સૌભાગચંદ મેઘરાજના ઘરમાં સુરત ગોપીપુરાના કાષ્ઠાસંઘી દિ૦ જૈનમંદિરનાં કેટલાંક શાસ્ત્રો ઘણા કાળથી બંધ બિરાજમાન હતાં. તેના સુપૌત્ર શેઠ બાલુભાઇ નેમચંદે અમને તે સર્વનું દર્શન ૨૯ મી મે ૨૭ ને રોજ કરાવ્યું, ત્યારે અમે ભાઇ નવનીતલાલ ચુનીલાલ જરીવાલાની મદદથી તેની સૂચિ તૈયાર કરી.

આ પછી સૂચિ આપે છે તેમાં ૨૪ દાબડા છે ને તે દરેકમાં કયાં કયાં પુસ્તકો છે તે તેનાં સંવત તેમજ પત્ર સંખ્યા સહિત નામ આપવામાં આવ્યાં છે તેમાં મોટો ભાગ દિગંબરીય છે, પણ થોડાં શ્વેતાંબરીય છે તેનાં નામ નીચે પ્રમાણે છે.

દા. ૮ આવશ્યક સૂત્ર સં. વૃત્તિ સહિત ૩૬૨ પત્ર અપૂર્ણ.

દા. ૯ નેમિનિર્વાણ કાવ્ય સં. વાગ્ભટ્ટ ૧૧૫ પત્ર સં. ૧૬૯૬

દા. ૯ નેમિનિર્વાણ કાવ્ય સં. સટિપ્પણ ૮૮ વાગ્ભટાલંકાર સટીક ૩૦ સં. ૧૭૦૮

ત્રિભુવનદીપક ગૂજરાતી ૧૯ શ્લોક ૫૫૨.
(આ જયશેખરસૂરિની કૃતિ હોવી જોઇએ-તંત્રી)

દા. ૧૨ નેમિનિર્વાણ કાવ્ય સટિપ્પણી ૧૦૧. સં. ૧૬૯૬.

દા. ૧૩ નવતત્ત્વ પ્રકરણ શ્વે૦ ૮ અને ભકતામર સ્તોત્ર સં. વૃત્તિ ૧૨.

આમાં વાગ્ભટ્ટને શ્વેતાંબરીઓ શ્વેતાંબર અને દિગંબરીઓ દિગંબર તરીકે માને છે. આવશ્યકસૂત્ર પર સં. વૃત્તિ તે શ્રી હરિભદ્રસૂરિ કૃત હોવી ઘટે. ત્રિભુવનદીપક ગૂજરાતી તે તો જયશેખરસૂરિની કૃતિ જ જણાય છે. આ ગ્રંથો શ્વેતાંબરીઓ જોઇ શકે-મેળવી શકે, અને દિગંબરીઓ શ્વેતાંબર હસ્તકના શાસ્ત્રભંડારમાં રહેલા દિગંબરીય ગ્રંથો જોઇ શકે-મેળવી શકે એ રીતે અન્યોન્ય સહકાર થાય તો કેટલું બધું સારૂં પરિણામ આવે!

**૨-યુનિવર્સિટીમાં પ્રાકૃત સાહિત્ય**—પ્રાકૃત એ પ્રકૃતિમાંથી નીકળેલી માટે પ્રાકૃત-એટલે લોકોએજ મૂળથી ઉપજાવેલી ભાષા, એવો અર્થ એક પક્ષ કરે છે બીજો પક્ષ પ્રકૃતિ એટલે સંસ્કૃત અને તેમાંથી ઉદ્‌ભવેલી તે પ્રાકૃત એવો અર્થ કરે છે. ગમે તેમ હો. લોકોની ભાષા પ્રાકૃત હતી અને તેમાંથી હાલની લોકભાષાઓ ધીમે ધીમે રૂપાંતર થતાં થતાં ઉત્પન્ન થઇ છે એ વાત નિશ્ચિત છે. લોક સમાજને જાણવા માટે લોકભાષાનો અભ્યાસ

કરવો આવશ્યક છે. પ્રસિદ્ધ પ્રોફેસર હ્રિસ ડેવિડ્સ લખે છે કે:—

The India of reality lived outside the Brahmanic or Sanskrit texts even in the North. એટલે કે બ્રાહ્મણોના યા સંસ્કૃત શાસ્ત્રોની બહાર ખરૂં ભારતવર્ષ ઉત્તરમાં પણ વસતું હતું. તેજ પાલી પ્રોફેસરે accentuated the fact that Pali, Magadhi and other Prakrit literatures it is which reflect the lives of the masses અર્થાત્ એ વાત ભાર દઇને બતાવી આપી કે પાલી, માગધી અને બીજી પ્રાકૃતમાંનું સાહિત્ય લોકસમૂહના જીવનનું પ્રતિબિંબ છે.

જૈનોની ધર્મશાસ્ત્રભાષા પ્રાકૃતજ છે અને સાહિત્યભાષા મુખ્યત્વે પ્રાકૃત છે. આ પ્રાકૃતમાં માગધી, અર્ધમાગધી, મહારાષ્ટ્રી, વગેરેનો સમાવેશ થાય છે. તેનો અભ્યાસ જો સારી રીતે, થાય તો ધર્મશાસ્ત્ર સમજવા સરળતા થયે ધર્મનું રહસ્ય પમાય. આગમો પ્રાકૃતમાં છે અને તે પ્રકટ થયાં છે, પણ હજુ સુધી ચૂર્ણિઓ વગેરે એક લાખ શ્લોક પ્રમાણ છે તે પ્રગટ થયેલ નથી તે પ્રકટ કરવા આગમોદય સમિતિને ખાસ ભલામણ કરીએ છીએ. જૈનમાં પ્રાકૃત સાહિત્ય પણ એટલું બધું વિશાળ છે કે તેનું અધ્યયન કરતાં તેમાંથી લોકજીવનનો ઇતિહાસ, પણ પ્રાપ્ત થઇ શકે તેમ છે. આ માટે પ્રાકૃતને યુનિવર્સિટીમાં દાખલ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા તે થોડા ઘણા સફલ થયા છે. હજુ આ પ્રત્યે વિશેષ અને પદ્ધતિસર પ્રયાસ કરી દરેક યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ તરીકે પ્રાકૃત પુસ્તકો દાખલ કરાવવાની જરૂર છે. આ સંબંધે અમદાવાદના પુરાતત્વ મંદિરના આચાર્ય શ્રી જિનવિજયજીને કૉન્ફરન્સ તરફથી પૂછાવતાં તેઓ જે જણાવે છે તે ખાસ અગત્યનું હોઈ અત્ર નોંધીએ છીએ:—

'નિવેદન કે આપના તરફથી તા. ૨૩-૬-૨૭ નો લખેલો પત્ર મળ્યો છે. તેમાં લખેલી વિગત જાણી. સૂત્રકૃતાંગ, આવશ્યક, આચારાંગ વગેરે ઉપર કોલેજના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવાં આધુનિક પદ્ધતિએ લખાએલાં વિવેચનો વગેરેની આવશ્યકતા છે જ. પણ મારા અભિપ્રાય પ્રમાણે સૌથી પ્રથમ તો બે ચાર પુસ્તકો એવાં તૈયાર થવાં જોઇએ (કે) જે સંગ્રહાત્મક સિલેકશન જેવાં હોય. કારણ કે ઉપર જણાવેલાં જે સૂત્રો છે તે એકલાંના અધ્યયનથી આપણો જે હેતુ છે તે પાર પડે તેમ નથી. એકલા સૂત્રના વાંચનથી જૈન 'લિટરેચર' કે જૈન 'કલ્ચર'નો ખયાલ આવી શકે તેમ નથી. તેમજ મારા લાંબા અનુભવ ઉપરથી જણાયું છે કે એકલાં સૂત્રો વાંચતાં વિદ્યાર્થીઓને રસ આવતો નથી. ભાષા અને સાહિત્યની દૃષ્ટિએ જે વિવિધતા મળવી જોઇએ તે એથી મળતી નથી. હવે તો સંસ્કૃત લીટરેચર માટે પણ 'સિલેકશન'ની પદ્ધતિનો વધારે ઉપયોગ થતો જાય છે, અને પ્રીવીયસ ઈન્ટર કલાસ માટે તેવાં જ પુસ્તકો હવે નીમાયાં છે માટે જૈન અભ્યાસને ઉત્તેજન આપવું હોય તો કોઇ એક સૂત્ર હાલ તુરત ન લેતાં આવાં 'સિલેકશનો' તૈયાર થવાની જરૂર છે. યુનિવર્સીટી ફેકલ્ટીના કેટલાક મારા મિત્ર મેંબરોએ પણ મને આ કામ થવા માટેની ઘણા સમયથી ભલામણ કરેલી છે અને તેનો કાંઇક પ્રારંભ પણ મેં કરી રાખેલો છે. જો કોન્ફરન્સ ઑફીસ આ બાબત માટે પૂરતો ખર્ચ કરવા તૈયાર હોય તો હું એ કામ કરી-કરાવી આપવાની તજવીજ કરવાનો વિચાર કરીશ. મારા અભિપ્રાય પ્રમાણે તરતમાં નીચે પ્રમાણેનાં પુસ્તકો તૈયાર થવાં જોઇએ.

૧ પ્રાકૃત ભાષાના રીડર જેવી એક પ્રાકૃત પાઠમાળા-જેમાં ભાષાના વિકાસ અને ઉત્કર્ષના ધોરણે પાઠોનો સંગ્રહ હોય અને તે પ્રીવીયસ અને ઈન્ટર કલાસમાં ચલાવી શકાય.

૨ જૈન આગમના રીડર જેવી આગમ પાઠમાળા-એમાં જૈન તત્ત્વજ્ઞાન અને આચારના ધોરણે પાઠોનો સંગ્રહ હોય જેથી જૈન આગમ અને જૈન વિચારસરણિની અભ્યાસીને યોગ્ય કલ્પના મળી શકે.

૩ જૈન ઐતિહાસિક સામગ્રીનો ખ્યાલ આવી શકે અને તે દ્વારા જૈન ઇતિહાસનો પણ પરિચય મળી શકે તે માટે 'જૈન હિસ્ટોરિકલ સોર્સીઝ' જેવું એક પુસ્તક તૈયાર થવું જોઇએ જેમાં સંસ્કૃત પ્રાકૃતના મહત્ત્વના મૂળ ઉતારાઓ ઐતિહાસિક ક્રમે ગોઠવવામાં આવે.

કોઈ પણ એકાદું સૂત્ર તૈયાર કરવા કરતાં આ પ્રમાણે જો પુસ્તકો તૈયાર કરશો તો તેથી તમારો ઉદ્દેશ છે તે વધારે સફળ થશે. અલબત્ત આ કામ ઘણું કઠણ છે અને બહુ મહેનત અને ઉંડા અભ્યાસનું છે, પણ કરાવવું તો આવું જ કરાવવું અને નહિંતો પછી જેમ આપણી બધી પ્રવૃત્તિમાં થાય છે તેવું થશે. લિ૦ **જિનવિજય.**

અમે ઉપરના વિચારોને મળતા થઇએ છીએ. સંસ્કૃતમાં ઋગ્વેદ શિખવવા ઘટે એમ નિર્ણય થયો તો તેને માટે ડા. પીટર્સને ઋગ્વેદનાં 'સિલેક્શન' નોટ્સ વિવેચન સહિત તૈયાર કર્યાં. પાલિ ભાષા માટે પણ રીડર જેવાં પુસ્તકો નીકળ્યાં. ગૂજરાત પુરાતત્ત્વ મંદિર તરફથી જે પ્રાકૃત કથા સંગ્રહ અને પાલી પાઠાવલી નામની બે 'સિલેકશન' તરીકેની ચોપડીઓ તે સંસ્થાના આચાર્ય શ્રી જિનવિજયથી સંશોધિત કરાયેલી બહાર પડી છે તે મુંબઇ યુનિવર્સિટીએ પોતાના પ્રાકૃત અને પાલી બંને ભાષાના પ્રીવિયસના કોર્સમાં દાખલ કરી છે અને આ વર્ષે તે કોલેજોમાં ભણાવાય છે. જો કે એ ચોપડીઓ ખરાબ રીતે છપાયેલી અને કશી જાતના ટીકા ટિપ્પણ વગરની છે, છતાં તે યુનિવર્સિટીએ તેને બીજાં સારાં છપાયેલાં અને ટીકા વિવેચન વાળાં પુસ્તકોને અભાવે દાખલ કરી છે. જૈન કોર્સ જો ઉક્ત જિનવિજયજીની ઇચ્છા અને સંકલના પ્રમાણે તૈયાર થાય તો તે સર્વત્ર ઉપયુક્ત અને આદરણીય થશે એમાં જરાયે શંકા જણાતી નથી. જ્યાં સુધી આવો ઉત્તમ કોર્સ તૈયાર ન થાય ત્યાં સુધી જૈન સાહિત્ય માટે વિશેષ સારી આશા રાખવી વ્યર્થ જશે.

પ્રાકૃત માટે રૂચિ ઉત્પન્ન કરે તેવાં પુસ્તકો નીકળે તો જરૂર તેના અધ્યયનમાં રસ પડતાં તેનો શોખ વધે. સદ્‌ભાગ્યે પંડિત હરગોવિન્દદાસ તરફથી 'પ્રાકૃત શબ્દ મહાર્ણવ' નામના પ્રાકૃત કોષનાં ત્રણ વૉલ્યુમ બહાર પડયાં છે અને છેલ્લું ચોથું વૉલ્યુમ બહાર પડનાર છે; પંડિત બહેચરદાસનું પ્રાકૃત વ્યાકરણ ગૂજરાત વિદ્યાપીઠ તરફથી બહાર પડી ગયું છે, અને તેમની પ્રાકૃત માર્ગોપદેશિકા શ્રી યશોવિજય ગ્રંથમાલા તરફથી બહાર પડી છે. પ્રોફેસર બનારસીદાસ તરફથી એક બે પુસ્તક બહાર પડયાં છે. પૂનાના મારવાડી ગૃહસ્થ શ્રીયુત મોતીલાલ લાધાજી તરફથી સારા પ્રયાસો થઈ રહ્યા છે.

હવે આવાં પુસ્તકો તૈયાર કરાવવાનું કાર્ય કૉન્ફરન્સ હાથમાં લેવા તૈયાર છે પણ તેની પાસે તે માટેનું ફંડ નથી–પોતાની તેવી આર્થિક દશા નથી. પણ જૈન એજ્યુકેશન બૉર્ડ મારફતે આવાં પાઠ્ય પુસ્તક–વાંચનમાલા તૈયાર કરાવી શકાય તેમ છે, છતાં આના સંબંધમાં કોઇ જિનશાસન રસિક શ્રીમંત સંસ્કારી ગૃહસ્થ બહાર આવે અને ફંડ કૉન્ફરન્સના હાથમાં મૂકે તેની ખાસ જરૂર છે. કેટલું ખર્ચ થાય તેનો અડસટો પણ થવાની જરૂર છે અને તેવો અડસટો ઉક્ત પત્ર લેખક મહાશય જણાવશે તો કોઇ સખીનો લાલ નિકળી આવે એવો અમને સંપૂર્ણ સંભવ લાગે છે.

**૩ પાઇઅ સદ્દ મહણ્ણવો–પ્રાકૃત શબ્દ મહાર્ણવ.**

[ પ્રાકૃત–હિંદી શબ્દાર્થકોષ ત્રણ ખંડ. પૃ. ૧ થી ૯૦૮ કોષકાર–પંડિત હરગોવિન્દદાસ ત્રિકમચંદ શેઠ. ન્યાયવ્યાકરણતીર્થ, કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાકૃતમાં લેકચરર. ૪–૫ જેક્સન લેઇન કલકત્તા. દરેક ખંડની કિં. રૂ. આઠ. ]

પંડિત હરગોવિન્દદાસ એક સુપ્રસિદ્ધ વિદ્વાન્ છે અને પ્રાકૃત ભાષામાં અતિ પ્રવીણ છે. તેઓ શ્રી યશોવિજય પાઠશાળામાંથી નીકળેલા વિરલ સુવાસિત પુષ્પો પૈકી એક છે. ઘણાં વર્ષોથી કલકત્તામાં રહી અધ્યાપક તરીકે કાર્ય કર્યું છે અને સુરસુંદરી ચરિયમ્ (કે જે એમ. એ. ના મુંબઇ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં નિર્ણિત થયેલું છે) અને સુપાસનાહ ચરિયમ્ એ બે પ્રાકૃત ગ્રંથોનું સુંદર સંશોધન કરેલ છે તદુપરાંત સંસ્કૃતમાં શ્રી હરિભદ્ર સૂરિ સંબંધે નિબંધ પણ તેમણે લખી બહાર પાડયો છે. હમણાં કેટલાંક વર્ષોથી કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાકૃતના લેકચરર (વ્યાખ્યાતા) તરીકે કાર્ય કરી રહ્યા છે. તે વિદ્વાને પ્રાકૃત શબ્દો તેના સંસ્કૃત સમાન શબ્દો, હિંદીભાષામાં અર્થ, તેમજ પ્રાકૃત ગ્રંથોમાંથી તે અર્થને જણાવનારાં અવતરણો તે તે ગ્રંથોનાં સૂચન સહિત એકઠાં કરી એક કોશકાર તરીકે જે ભગિરથ પ્રયત્ન આદર્યો હતો તે પ્રકાશમાં પોતેજ ત્રણ ખંડમાં પ્રાકૃતશબ્દ મહાર્ણવ એ નામના કોશ તરીકે લાવવા શક્તિમાન થયા છે તે માટે અનેકશઃ ધન્યવાદ અમે તેમને અર્પીએ છીએ.

હિંદીભાષા પોતાની માતૃભાષા ન હોવા છતાં તે ભાષામાં અર્થ પૂરવાનું સાહસ કર્યું છે તેમાં પણ તેઓ વિજયવંત થયા છે. પ્રાકૃત ભાષાનો સારો

કોશ પ્રાકૃત-સંસ્કૃત અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં કરી આપવા માટે ડા. સ્વાલીએ પોતાનો મનોરથ બહાર પાડયો હતો અને તે સંપૂર્ણ પ્રકટ થાય ત્યાં સુધી માત્ર દશ હજાર રૂપીઆ જોઇએ તે માટે અમે ઘણાં વર્ષો પહેલાં તે વખતની જૈન ગ્રેજ્યુએટ એસોસિએશનના મંત્રી તરીકે તેમજ જૈન કૉન્ફરન્સ હેરલ્ડ નામના પત્રમાં અપીલ બહાર પાડી હતી અને આખી યોજના રજુ કરી હતી છતાં તેટલા રૂપીઆ આપનાર સખીદાતા એક મળવો તો દૂર રહ્યો, પણ અમુક થોડા મળીને રકમ પૂરા કરવા વાળા કોઈ શ્રીમંતો બહાર પડયા નહોતા. આજે એક જૈન પંડિત પોતેજ પ્રાકૃત કોશનું કાર્ય કરી પોતેજ પોતાના ખર્ચથી બહાર પડે છે એ માટે તે પંડિતને અમો ઉલ્લાસથી વધાવીએ છીએ. જૈન સમાજનાં વખાણ તો કેમજ કરી શકીએ ?

આપણી કૉન્ફરન્સે અનેક વખત પ્રાકૃત સાહિત્યને યુનિવર્સિટીમાં દાખલ કરવા માટે ઠરાવો કર્યા; પણ તે ઠરાવ પાર પડવા માટે પ્રાકૃત ભાષાનો કોશ, તેનું બૃહદ્ વ્યાકરણ, તે સંબંધીના સાહિત્યનું પ્રકાશન પહેલું જોઇએ તે પ્રત્યે શ્રીમંતોનું લક્ષ ગયું નહોતું. તે માટેના પોકારો અમે તથા બીજા કર્યા કરતા હતા, પણ તેને અમલમાં મૂકવા માટે જોઇતું નાણાંનું ફંડ કોઇને કાઢી આપવાની સદ્બુદ્ધિ સ્ફુરી નહિ; છતાં પણ સાહિત્યના સુભાગ્યે પોકારો પણ આખર સંભળાયા. કાર્ય કરનારા નીકળ્યા. પહેલો જ પ્રયાસ આ દિશામાં કરનાર પંડિત બહેચરદાસે પ્રાકૃત માર્ગોપદેશિકા તૈયાર કરી જે શ્રી યશોવિજય ગ્રંથમાળાએ પ્રકટ કરી. પછી તેજ પંડિતે પાઇઅલચ્છી નામમાળા સંશોધિત કરી પોતેજ બહાર પાડી. ત્યાર પછી તેજ પંડિતને સારૂં વ્યાકરણ તૈયાર કરવા માટે કૉન્ફરન્સ તરફથી ઑનરેરિયમ મળ્યું ને તેને પરિણામે આખરે પ્રાકૃત વ્યાકરણ તેમણે તૈયાર કર્યું ને ગૂજરાત પુરાતત્ત્વ મંદિર ગ્રંથાવલીમાં સં. ૧૯૮૧માં બહાર પડયું. આની પહેલાં એટલે ૧૯૭૯ માં પંડિત હરગોવિન્દે પ્રાકૃત હિન્દીકોષનો પહેલો ખંડ અ થી ઓ સુધીનો, અને સં. ૧૯૮૦ માં બીજો ખંડ ક થી ન સુધીનો પોતેજ તૈયાર કરી પોતેજ બહાર પાડયો. ત્રીજો ખંડ સં. ૧૯૮૨ માં પ થી લ સુધીનો પ્રકટ કર્યો. આ રીતે પ્રાકૃત ભાષાના અભ્યાસ માટેનાં મુખ્ય સાધનો તૈયાર થયાં. પ્રાકૃત સાહિત્યમાં પણ સમરાઇચ્ચ કહા, પઉમચરિયમ્, સુરસુંદરી કહા, સુપાસનાહ ચરિયં, કુમારપાલ પ્રતિબોધ, ઉપદેશમાલા, ઘણાં ખરાં આગમો, વગેરે બહાર પડતાં ગયાં. હજુ ઘણાં બહાર પડવાની જરૂર છે. આ બહાર પડેલાં તેમ જ અપ્રકટ પ્રાકૃત ગ્રંથોનો ઉપયોગ પંડિત હરગોવિન્દદાસે યથાયોગ્ય કરી તેમનાં અવતરણો પણ આપવાની પુષ્કળ મહેનત લીધી છે. આ કોશ માટે ખરેખર અમારા તેમને વંદન છે. આ ગ્રંથોની નામાવળી બીજા અને ત્રીજા ખંડના આદિ ભાગમાં આપેલી છે તે પરથી સમજાય છે કે કેટલા બધા ગ્રંથો કોશકારને જોવા પડયા છે. આવું કાર્ય યુરોપિયન સ્કોલરો કરી શકે એ ભ્રમણા છે એમ આ પંડિતજીએ બતાવી આપ્યું છે; વળી એમ બતાવી આપનાર ગૂજરાતીને માટે સમગ્ર ગૂજરાત અભિનંદન લઈ શકે તેમ છે અને તે ગૂજરાતી જૈન છે તેથી જૈનોએ પણ અભિમાન લેવા જેવું છે.

પંડિત બહેચરદાસે ૧૯૮૦ ના પોશ માસના પુરાતત્ત્વમાં આ કોશના પ્રથમ ખંડની આલોચના કરી હતી અને તેની પ્રત્યાલોચના કોશકારે વિવિધ વિચારમાળાના તેજ વર્ષના આસો શુદિ ૧૪ ના અને ૧૯૮૧ માગશર સુદિ ૧૪ ના અંકમાં કરી હતી. આ બંને અમો વાંચી ગયા છીએ. કોશકારના વિચારો અમારી આ બાબતમાં અલ્પ બુદ્ધિને ગ્રાહ્ય લાગે છે. છતાં પણ શબ્દો-અર્થોની શુધ્ધાશુદ્ધિ બતાવવા જેટલું વિશાલ જ્ઞાન અમોને ન હોવાથી તેમાં ઉતરવા માંગતા નથી. કોશકારે અતિ પરિશ્રમ લઇ સાવધાની બને તેટલી રાખી કાર્ય લીધું છે એમ તો અમો મુક્ત કંઠે કહીએ છીએ. આ કોશ પંડિત હરગોવિન્દદાસની વિજયપ્રશસ્તિ છે. તેમણે આ મહાભારત કાર્ય કરી બહાર પાડી પ્રાકૃતના અભ્યાસીઓને ઉપકૃત કરેલ છે અને ભવિષ્યની પ્રજાને અમૂલ્ય વારસો આપ્યો છે એ નિર્વિવાદ છે.

અમે હવે ચોથા ભાગની ઉલટથી ઉત્કંઠ બની રાહ જોઇએ છીએ. તેમાં 'નર્મકોશ'માં આપી છે

તેવી પ્રસ્તાવના પ્રાકૃતસંબંધી સંપૂર્ણ પરિચય કરાવવા પૂરતી કોશકાર આપશે એમ ઇચ્છીએ છીએ. તેમાં પ્રાકૃત ભાષાઓ તેની શાખાઓ–તેનો ઇતિહાસ–નિયમો–સંસ્કૃત બંધારણ સાથે તુલના તેમનું સજીવત્વ, હાલની દેશી ભાષા સાથેનો માતાપુત્રીનો સંબંધ, કોશમાં સ્વીકારેલી કાર્યપદ્ધતિ–સહાયકોની નોંધ, પ્રાકૃત સહિત્યને તેના બંધારણ સંબંધી જૈનોનો ફાળો વગેરે વિષયોથી ભરપૂર પ્રસ્તાવનાની આશા છે તે બહાર પડયે ઘણું અજવાળું પડશે. વિશેષમાં સાથે સાથે આ કાર્ય કરતાં બીજા વિશેષ શબ્દો પણ એકત્રિત થયા હશે તે તેમજ બધામાં પ્રેસદોષાદિને લીધે રહી ગયેલી અશુદ્ધિઓનું પત્રક પણ છેવટના ભાગમાં આપશે.

દરેક જૈન લાયબ્રેરી, દરેક ગ્રંથભંડાર અને દરેક શિક્ષણ સંસ્થામાં આ કોશ રહેવોજ ઘટે એમ અમે ભારપૂર્વક કહીએ છીએ, એટલુંજ નહિ પરંતુ યુરોપાદિમાં રહેલી મોટી મોટી લાયબ્રેરીઓ તેમજ યૂરોપના ને હિન્દના ભાષાના વિદ્વાનોને આ કોશ ભેટ મોકલવા માટે જૈન શ્રીમંતોએ બહાર આવવું જોઇએ કે જેથી આ જૈન વિદ્વાનનો પરિશ્રમ અને તેની વિદ્વત્તાની કદર થાય; જૈન સમાજ બેકદર નથી એ પણ એથી સિદ્ધ થાય

## ૪ જલપ્રલયનાં સંકટો.

ગૂજરાત અને કાઠિયાવાડમાં પહેલાં નહિ પડેલો એટલો એક સાથે ધોધમાર અસાધારણ વરસાદ પડવાથી અનેક ઘરો તૂટી પડયાં, અસંખ્ય ઢોરો તણાઈ મુઆં અને માણસો ઘરબાર વગરનાં બની ઘણા વખત સુધી પૂરાં અન્ન વસ્ત્ર વગરનાં રહ્યાં, રેલ્વેની લાઇન તૂટી ગઇ અને ગૂજરાતનો સર્વ વ્યવહાર અટકી પડયો. ગૂજરાતની લીલી વાડી વેડાઇ, ભારતનું નંદન વન, સોનાની ગૂજરાત–તેનું નૂર હણાયું. ખેતરો એદાનમેદાન થયાં, તેથી એક વર્ષનું ધાન લૂટાયું, પણ સાથે અનેકનાં ઘણાં વર્ષો થયાં સંઘરેલાં રાચરચીલાં અને બનાવેલાં ઘરબારો વગેરે લૂંટાઈ ગયાં. આ સર્વના નુકશાનનો આંકડો મૂકવો એ મોટા ગણીતશાસ્ત્રીને પણ અશકય વાત થઈ છે. આ સાથે સિંધ, ઓરિસા, બિહાર આદિમાં પણ જળની રેલથી કુદરતે મનુષ્યગણનાએ ઓછું નુકશાન કર્યું નથી. આ સર્વ જોતાં મનુષ્ય કુદરત પાસે શું ચીજ છે?–અહંકારમાં મસ્ત રહેતો અને પોતાના બળથી કુદરતને દાસ બનાવવા માગતો મનુષ્ય તે શું ગણત્રીમાં છે? એ ઉદ્‌ગાર સ્હેજે નીકળી પડે છે. કલાપિ કહે છે કેઃ–

'કરૂં છું ને કર્યું છે મેં', જુઠું એ અભિમાન હા!
કરી તે શું શકે પ્રાણી, આ અનન્ત અગાધમાં.'

આ આવી પડેલાં સંકટ માટે ફંડની અપીલ થઈ ને તે ફંડ આવી મળ્યું.

આખા ગૂજરાતે અને ખાસ કરી મુંબઇએ ઘણો સુન્દર જવાબ આપ્યો. 'સેંટ્રલ રીલીફ ફંડ'માં આઠ લાખ ભરાઈ ચૂકયા. સૌરાષ્ટ્રની સેવાસમિતિને ગૂજરાતની કોંગ્રેસકમિટીને લાખો રૂપીઆ મળી ચૂકયા. પૈસા મળે છે, પણ ખરા કાર્ય કરનારા નથી સાંપડતા એ સામાન્ય નિયમ છે, પણ આ વખતે અનેક સ્વયંસેવકો આવી પડયા. 'સૌરાષ્ટ્ર'ના અમૃતલાલ શેઠની અને ગૂજરાતના સુબા 'વલ્લભભાઇ પટેલ' ની સરદારી નીચે ઘણા સેવકો સાંપડયા ને સંકટનિવારણનું કામ વિનાવિલંબે સર્વત્ર બન્યું તેટલું ઉપાડી લેવામાં આવ્યું અને બને તેટલી રાહત ખરે ટાંકણે ઘણાયને મળી ગઇ છે અને મળતી રહે છે. આ સર્વ સેવકોને અમે અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ; અને આવા સેવકો તાત્કાલિક ઉભા થઇ એકદમ કામ આવે એવી સ્થિતિ લાવનાર મહાત્મા ગાંધીજી અને તેમની ચળવળને મુખ્ય ધન્યવાદ ઘટે છે.

આવી વખતે ખરી સેવા આપવાના સહજ પ્રસંગ પ્રાપ્ત થતાં અનેક બહાદૂર વીરોએ જીવના જોખમે મદદ આપી છે. આ વર્ણનો વાંચતાં હૃદય ગજગજ ઉછળે છે. 'આવી સેવાનો આર્થિક બદલો હોયજ નહિ. એ ત્રાજવે એનું મૂલ્ય થાયજ નહિ.' એવા એક વીર નામે દાદાભાઇ પાંડીઆએ એકસો અને છ ને કાળના મુખમાંથી મુક્ત કર્યા. ત્યારે સાક્ષર શ્રી ઠાકોર જણાવે છે કેઃ–

'પ્રાચીન ગ્રીસમાં આવો મર્દ માણસ થયો હોત તો

તેની સંગે મરમરની પ્રતિમા સરજાઈ હોત આપણે તો એની છબી પણ સાચવી રાખવાની અક્કલ કે ગુણજ્ઞતા વાપરી નથી. નિઃસંશય જે પ્રજાઓમાં ઇતિહાસનાં સાધનો નથી ઉપજતાં, નથી જળવાતાં, નથી ચર્ચાતાં તે તે પ્રજાઓના અતિશય સ્વાર્થી અને અકૃતજ્ઞ સ્વભાવનું જ પરિણામ છે.'

આવી આફતોને લોકો 'કુદરતનો કોપ' સ્વાભાવિક રીતે કહે છેઃ મહાત્માજી લખે છે કે:—

'કુદરત તો કદી કોપ કરતી નથી. તેના કાયદા સારી ઘડિયાળની જેમ અચૂક કામ કરે છે. તેમાં સુધારા વધારા નથી થતા. તેમાં સુધારા વધારા કરવાનો અધિકાર પણ કુદરતે રાખ્યો નથી. તેમ કરવાની કુદરતને જરૂર પણ હોતી નથી. કુદરત સંપૂર્ણ હોવાથી તેના કાયદા પણ સંપૂર્ણ છે. પણ આપણે તે કદાચ જાણતા નથી તેથી જ્યારે તે અણધાર્યું કામ કરે છે ત્યારે તેને આપણે કુદરતના કોપને નામે ઓળખીએ છીએ.'

ત્યારે આમાંથી શું બોધ લેવો એ વિષયપર આવતાં તેજ મહાપુરૂષ ઉમેરે છે કે:—

'આ આપણાં પાપની શિક્ષા છે કે કાંઇક આવશ્યક લાભ દેનારી શરતી ક્રિયા છે તે ઈશ્વર જ જાણે છે. આપણે તેને આપણાં પાપોનું ફળ માનવું યોગ્યજ છે. નૈતિક પાપો ને આર્થિક પાપોની વચ્ચે મોટો ભેદ નથી, એટલું જ નહિ પણ બન્નેની વચ્ચે નિકટ સંબંધ છે. જૂઠું બોલવું એ એક જાતનું, ને નદીનું પાણી મેલું કરવું અથવા ખેતરમાં ઘઉંને બદલે અફીણનો કે તમાકુનો પાક વાવવો તે ત્રણ પાપોમાં પ્રમાણનો ભેદ છે, નીતિનો નથી. જૂઠું બોલનારનો આત્મા હણાય છે ને પાણી મેલું કરનારનો નથી હણાતો, અથવા તો અફીણનો પાક વાવનારનો આત્મા સુખી થાય છે એવું કંઈ નથી. જેમ આપણું જ્ઞાન શુદ્ધ થાય તેમ આપણું આપણાં પાપોનું જ્ઞાન વધે. પણ આ જ્ઞાનમાં વધારો થાય ત્યાં લગી પલાંઠી વાળી રહીએ, અને આપણી નરી આંખે જે નુકસાન થયેલું જોઇએ છીએ તેનો ઉપાય ન કરીએ તો મૂરખમાં ખપીએ. (માટે) જે કંઈ બને તે યથાશક્તિ મદદ સહુ દે; તેની હુંફ પ્રજાને વળ્યા વિના ન જ રહે.'

આમ અનેક સ્થળેથી 'અપીલો' નીકળતાં લોકોએ કંઈપણ જાતનો કોમ નાત જાત ધર્મ વગેરેનો તફાવત રાખ્યા વગર જે કંઇ બન્યું તે આપ્યું છે, ને હજુ તેઓ આપતા રહેશે. આથી રાહત અનેક સ્થળે સારી રીતે મળી ગઇ છે, અને સામાન્ય સંકટ કેટલીક રીતે ઓછું થયું છે. આવી રાહતમાંથી જે મધ્યમ વર્ગનાં માણસો—ન હોય પાસે પૈસા, ને ન માગી શકે ભીખ—એવાં માણસોની અતિ દુઃખિત સ્થિતિ છે. આનાં દુઃખો લહેવા જનાર, છૂપી રીતે મદદ ઘેર પહોંચાડનાર અનેક દાનવીર પુરૂષોનાં દષ્ટાંતો કથામાંજ છૂપાયાં છે. તેમનું કોઈ બેલી નથી. આવા વખતે ખબર મળ્યા છે કે અમદાવાદમાં વિજયનેમિ સૂરિજીની પ્રેરણાથી લાખેક રૂપીઆનું ફંડ થયું છે. આ એક આનંદદાયક સમાચાર છે, પરંતુ સર્વસ્થળે જ્યાં લાચારી આવી હોય ત્યાં તો સર્વ નગરોએ યત્કિંચિત બને તેટલો સારો ફાળો એકત્ર કરવો ઘટે. ૨૮-૮-૨૭ ના ગાંડીવમાં જણાવવામાં આવ્યું છે કે:-

દક્ષિણ તરફના કેટલાક જૈન બંધુઓ ભાલના પ્રદેશમાં અને વઢવાણ તરફ એક દોઢ મહિના ફરી આવ્યા પછી અહીં સુરતમાં શ્રી જીવનનિવાસમાં ઉતર્યા હતા. તેમની સાથે અમારા પ્રતિનિધિને વાતો થતા તેઓ પોસ પોસ આંસુએ રડી પડયા હતા. તેમણે જણાવ્યું કે અમે બધી સ્થિતિ બારીકાઈથી જોઇ છે. ભરતીમાં ભરતી થાય છે. કોળી વાઘરીનાં ઘર ભરાઇ ઝટ જાય છે. પણ ઉંચ કોમ માટે કોઇ ધ્યાન આપતું નથી. વચલા વર્ગનો મરો થાય છે. જૈનો તરફ તો કોઈની નજર પણ નથી. જૈનો માટે કોઈ પણ ખાતા તરફથી-ગુજરાત કે કાઠીઆવાડ તરફથી ખાસ મદદે નીકળ્યું નથી. જૈનોની સંસ્થાઓએ આ પ્રશ્ન વિચારવા જેવો છે. એ ભલી ઉદાર દાનેશરી કોમનાં બાલુડાંજ શું વગર ધાન્યે ટળવળશે? અહીંથી જૈનધાર્મિક સંસ્થાઓ તાબડતોબ પોતાના તરફથી માણસ મોકલે એ ખાસ જરૂરનું છે.

આવી સ્થિતિમાં જાહેર ફંડ કર્યા વગર ખાનગી ફંડ કરી યા ઉદાર શ્રીમંતોએ પોતાની મુઠીમાંથી ખાનગી અને છૂપી મદદ જેને ઘટે તેને આપવી જોઇએ, યા જે ઉછીતી મદદ લેવા ઈચ્છે તેને તેમ કરી આપવાની સગવડ કરી આપવી જોઇએ. આ સંકટનિવારણના સમયે જાહેર ધર્માદા કે ફાળા પર નભેલી સંસ્થાઓએ પોતાનો ઘોડો કૂદાવી લોકોની ઉદારતાનો પ્રવાહ બદલાવવો ઘટે; યા તે પ્રવાહમાં અંતરાય ન નાંખવો ન ઘટે. એવા અંતરાય નાંખનારી વ્યક્તિ કે સંસ્થા, નથી પોતાનો સ્વાર્થ સાધી શકતી

–કદાચ થોડો ઘણો સધાયો તોયે તે પરિણામે ઉગી નીકળતો નથી–કે નથી બીજાનું હિત કરી શકતી. પ્રભુ! સૌને સન્મતિ આપો!

### ૫ કેશરીઆનાથજીના સંબંધમાં બે ઐતિહાસિક ઉલ્લેખો.

(૧) ક્ષમાવિજય પન્યાસ કે જેમણે સં. ૧૭૪૪ માં દીક્ષા લીધી તેમણે સં. ૧૭૭૫ ની આસપાસ ને સં. ૧૭૮૦ પહેલાં શ્રી **ધૂલેવાની** એટલે **કેસરીઆજીની** યાત્રા કરી હતી. જુઓ તેમનો નિર્વાણરાસ જૈનરાસમાળા પૃ. ૧૨૯.

ઉદયપુર ડુંગરપુરવાસ, **સાગવાડી ધૂલેવિ** મઝાર;
ઈડર વડનગરે આવીયા, **વી**સલનગર સહુને ભાવીયા.

(૨) ખરતરગચ્છની એક પટ્ટાવલિમાં ૭૦ માં જિનહર્ષ સૂરિ નામના પટ્ટધર સંબંધી હકીકત આપતાં જણાવેલું છે કેઃ—

पुनरपि सं. १८७६ श्री संघे न सह शिखरगिरियात्रां चक्रुः। ततः पश्चाद् दक्षिण देशे अंतरिक पार्श्वनाथ, धुलेवगढ इत्यांदि तीर्थयात्रां कुर्वता सं. १८८७ आषाढ सुदि १० तिथौ श्री वीकानेर श्री सीमंधर स्वामिमंदिरे पंचविंशति बिंबानां प्रतिष्ठा निर्मिता ॥

એટલે કે 'ફરી સં. ૧૮૭૬ માં શ્રી સંઘસહિ શિખર (સમેત શિખર) પર્વતની યાત્રા કરી ત્યાર પછી દક્ષિણ દેશમાં અંતરીક પાર્શ્વનાથ, મગસી પાર્શ્વનાથ, ધુલેવગઢ (**કેશરીઆજી ઋષભનાથ**) ઇત્યાદિ તીર્થની યાત્રા કરતાં સં. ૧૮૮૭ ના આષાઢ સુદિ ૧૦ તિથિએ શ્રી વીકાનેરમાં શ્રી સીમંધર સ્વામિ મંદિરમાં પચીસ બિંબોની પ્રતિષ્ઠા કરી.'–વગેરે આમાં જણાવેલું છે કે કેશરીઆજીની યાત્રા શ્રી જિનહર્ષસૂરિએ સં. ૧૮૮૭ ના આષાઢ પહેલાં કરી હતી, કે જેને અત્યારે ૯૬ વર્ષ થઇ ગયાં. બીજા ઐતિહાસિક ઉલ્લેખો હવે પછી જણાવીશું.

### ૬ 'ધર્મધ્વજ'ના 'સંપાદકનો સુર.'

'વિવિધ વિચારમાળા' નામનું પત્ર 'માત્ર છૂટક પત્રિકાઓ તરીકે અનિયમિત રીતે મણકા કાઢી' ત્રણ વર્ષ પછી 'ધર્મધ્વજ' એવું તેનું બીજું નામ રાખી માસિકના વેશમાં દેખા દેતું પત્ર હમણાં પોતાના છેલ્લા બારમા અંકમાં ' સંપાદકનો સુર ' એ મથાળા નીચે 'કેશરીયાજીનું કોકડું' એ વિષયનું નામ રાખી અમારા સંબંધે બેસુર કાઢી 'અસમયોચિત' અને અણછાજતો પ્રલાપ યત્ર તત્ર કર્યો છે. એ આખો લેખ વાંચી અમને અમારા વક્તવ્યમાં જરા પણ ફેરફાર કરવાનું કર્તવ્ય લાગતું નથી તેમ તેમાં 'જૈન ધર્મ પ્રકાશ'ના વિશેષણ નામે 'અસમયોચિત' જેવું જણાતું નથી. અમે અમારા વક્તવ્યને અક્ષરશઃ વળગી રહીએ છીએ.

' ધર્મધ્વજ 'ના ' સંપાદક ' મહાશય કોણ છે એ તેના તે અંક પરથી જણાતું નથી; તો આમ 'પ્રચ્છન્ન વ્યક્તિ' રહેવાનું તેને યોગ્ય લાગ્યું હોય તો તે એક જાતનું ભીરૂત્વ છે. તેના મુદ્રક અને પ્રકાશક એક જણાય છે અને અમે ન ભૂલતા હોઇયે તો તેઓ અજૈન છે. 'ધર્મધ્વજ' એ નામ રાખવામાં 'જૈન શાસનમાં ખરેખરો ધર્મધ્વજ ફરકાવવા'નો હેતુ હોવાને બદલે સંપાદકના આચાર્ય ધર્મવિજય (વિજય ધર્મ) સૂરિના નામનું સ્મરણ ચિન્હ ચિરંજીવ બતાવવાનો હેતુ પ્રાધાન્ય ભોગવે છે, એમ અમને લાગે છે. એ ચિન્હ જ્યાં જ્યાં રખાયું છે ત્યાં ત્યાં તેને સાચવવા, રક્ષવા, બહલાવવામાં જ પોતાનું ગૌરવ માનવામાં આવ્યું છે. ભક્તિના પ્રદર્શનમાં એ વાતો ભલે હોય તેની અમને કે કોઇને ચિન્તા નથી, પણ 'બહુ ડાહ્યા બહુ ખરડાય; હીરો ઘોઘે જઈ આવ્યો' વગેરે લેખો લખી અન્યને ઉતારી પાડવામાં અને પોતાનું ભભકતું બતાવવામાં ગૌરવ જ્યાં મનાયું છે ત્યાં તો શોભાસ્પદ આત્મગૌરવ સો સો ગાઉ દૂર ભાગે છે.

'એમનીજ (મોતીચંદ ભાઇની) મમા પાર્ટીના એક મેમ્બર' એવું ગ્રામ્ય ભાષામય અભિધાન અમોને આપીને, અને મોતીચંદભાઇની સામે સામી બાજુએ અમને મૂકીને અમારા બંને વચ્ચે વૈમનસ્ય વધારવાનો હેતુ રખાયો હોય તો સંપાદકજી ભીંત ભૂલે છે. 'મમા પાર્ટી' એમાં સંપાદક! આપ કેનો કેનો સમાવેશ કરો છો ? 'પાર્ટી' શબ્દનો અર્થ ભ્રાતૃગણ લેખાય, તો અમોને કોઈ પણ 'પાર્ટી'ના 'મેમ્બર'

થવામાં ગૌરવ છે. બાકી તેનો અર્થ એક પક્ષ, બીજાથી વિભિન્ન પક્ષ આપ કરતા હો તો આપ તેવી 'પાર્ટી'માં શું નથી? તેનો જવાબ આપશો? તે પાર્ટીનું નામ 'ધર્મપાર્ટી' છે. આ પાર્ટી પણ મમા વગર ટકતીજ નથી. મ વગર 'ધર્મ' એ શબ્દજ થઇ શકતો નથી. અને તેજ રીતે 'ધર્મધ્વજ.' વળી મકાર વાચક 'ધર્મપાર્ટી'માં જાણિતા વાચક છે.

પાર્ટીને છોડી દઇએ તો ધર્મ તો ઉત્તમ વસ્તુ છે. અને ધર્મ નામમાત્ર ન રાખતાં તેનો સદુપયોગ કરવામાં આવે તો તે વ્યક્તિ તેમજ સમાજને ઉન્નતિના માર્ગમાં લાવી છેવટ મકાર વાચક 'મોક્ષ' મેળવી આપે છે. બાકી ધર્મના નામને જ્યાં ત્યાં ઘુસાડી તેનો દુરૂપયોગ કરવામાં આવે તો ખરો અર્થ -શુદ્ધ હેતુ સરતો નથી-'ગફલતની નીંદમાં સૂતેલી કોમની દુર્દશા' થાય છે. તે પર એક હિન્દી કવિ કહે છે કેઃ—

जो कौमकी हालत है बताइ नही जाती ।
ख्वाहिश है, पर जुबान हिलाइ नही जाती ॥
चुप भी नहीं रह सकते हम मौकेको देख कर ।
हमसे तो सच्ची बात छिपाई नही जाती ॥
अब धर्म धर्म ही का शोरोगुल है सब तरफ ।
'है धर्म क्या', यह बात बताई नही जाती ॥
जो धर्मसे वाकिफ नही हैं उनके वासते ।
अब धर्म-पुस्तकें भी छपाई नहीं जाती ॥
हर बातमें बस धर्मका पाखण्ड लगा है ।
लेकिन किसीके दिलसे बुराई नही जाती ॥

વળી આ કવિ કેટલુંક દુર્દશાનું વર્ણન કરી છેવટે કહે છે કેઃ—

पंडित तो सोचते हमें क्या फिक्र कौमकी ।
अपनी तो यार दूध मलाई नही जाती ॥
करते सुधारको कों है बदनाम झूठमूठ ।
अफसोस इन लोगोंकी ढिठाई नही जाती ॥
ऐ पंडितो दिल भरके इस दुनियांमें करो मोज ।
कम्बख्त मौत भी अभी आई नही जाती ॥
गफलत की नींदमें पडी है कौम इन दिनों ।
कोइ निशांनी होशकी पाई नही जाती ॥
'बेदिल' की शायरी भी बस बेकार है, अगर ।
सोई हुई यह कौम जगाई नही जाती ॥

શ્રીમદ્ આનંદઘનજી પણ બરાબર કહે છે કે 'ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મનો જાણે ન મર્મ.'

વ્યક્તિ કે સંસ્થા, વિદ્વાન્ કે અજ્ઞ, શ્રીમંત કે રંક, સાધુ કે સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા, પત્રકાર કે પત્રવાંચક-સૌ પોતપોતાના શુદ્ધ ધર્મ સમજે-કર્ત્તવ્યમાં મૂકે, અન્યને સમજાવે અને કૃતિમાં મૂકાવે તો 'સુર' કદિ બેસુરો ન થાય ને કોમ તથા દેશની વીણાનો મધુર સ્વર-ધ્વનિ ચારે બાજુ ફેલાઈ આનંદ આનંદ ઉપજાવે.

સંપાદકજી! **ગેરસમજુત કરી** અને **ગેર સમજુત થઈ** એ બેમાં કંઇ ભેદ છે, કે નહિ? કે આપને મન એ બંને સમાન ભાવજ બતાવે છે? પક્ષગ્રહ વગરના જે 'સુજ્ઞ' સંપાદક હોય તેને તો તે બંનેમાં જરૂર ભેદ લાગશેજ અને તેવા સંપાદક '(અમો) ભાઇ મોતીચંદ ઉપર **ગેર સમજુતી ઉભી કર્યાનો** અનુચિત આરોપ મૂકયા વગર રહી શકયા નથી' એવું મિથ્યાવચન કદિ પણ ઉચરી શકેજ નહિ, અને અત્યંત (કે કિંચિન્માત્ર પણ) દીલગીર થઈ શકેજ નહિ. અમે અમારા વિષયમાં તે ભાઇને કે કોઇને ધન્યવાદ આપવા બેઠા નહોતા, તેથી તેમને કે કોઇને ધન્યવાદે નથી આપ્યો, તેમજ તેમને કિંચિન્માત્ર વગોવ્યા કે ઉતારી પાડયા નથી. હવે બીજી બાબત લઇએઃ-અમુક કમિટીમાં વિરૂદ્ધ પડી જુદી 'મિનિટ' લખવાથી ગેર સમજુતી જે ઉભી કરી હતી તે સંબંધમાં નોંધ આપવાનું અમે જે વચન આપ્યું હતું તે અમારો ઉક્ત લેખ જે અંકમાં પ્રકટ થયો તેમાં તે પાળી આપવાનું અમારૂં કર્ત્તવ્ય હતું પણ તે બને તેમ નહોતું એ અમારે ટુંકમાં જાહેર કરવાની ફરજ હતી તેથી જે એકજ નોંધ નામે શ્રી કેશરીઆજી પ્રકરણની નોંધ લખતાં બહુ લાંબી લખાઇ, તેમાંજ તે જાહેર કરીને અમે બરાબર અર્થોચિત 'સગપણ' સાચવ્યું છે. વળી જે સંપાદક પોતાના તેજ વર્ષના પત્રના આઠમા અંકમાં 'શ્રીયુત મુનશી અને જૈન સમાજ' એ મથાળા નીચે ગરમ, ઉત્કટ

અને ઉદ્દામ પગલાં સૂચવતો 'સુર' કાઢે છે તે સંપાદક કયે મોઢે, જે સુર આમાં કાઢયો છે કે "મોતીચંદભાઈ મુનશી કમીટીમાં જુદા પડયા એનું શું કારણ? એ જો અમને કોઇ પૂછે તો, અમો 'મુનશી પ્રકરણનું શું પરિણામ આવ્યું છે' એજ કારણને આગળ કરી શકીએ' તેવો સુર, કાઢી શકે? આ તો બે અતિ ભિન્ન જાતનાં પાન એક દાંતથી ચાવવા જેવો ઘાટ થયો. એ આઠમા અંકમાંનો 'સુર' અત્યારે આમાં પ્રકટ કરવા ઇચ્છતા નથી; અમે સમાધાન વૃત્તિવાળા છીએ. સંપાદક સમાધાન કરાવે યા પોતાને ને પોતાના સમાજને તેમજ સામા લેખકને માન ભરેલો માર્ગ કાઢી આપે તો તો ખરેખર તેને તેમ કરવામાં જરા પણ વિક્ષેપવંતા થયા વગર અમે ધન્યવાદ આપીશું. અમે ઇચ્છીશું કે તે તેમ કરી ખરા 'ધર્મધ્વજ'ના ખરા 'સુજ્ઞ' સંપાદક બને.

જૈન ધર્મ પ્રકાશે ધર્મધ્વજના 'સુજ્ઞ સંપાદકના સુર' પોતાના ભાઈ અને અમારા સંબંધેના પ્રકટ કર્યા તો તેમણે પહેલાંના તેજ ભાઈ સંબંધીજ કરેલા સુરો અત્યાર સુધીમાં કેમ પ્રગટ નહિ કર્યા તેનો તે ભાઇબંધ પ્રકાશકાર ખુલાસો આપશે કે?

**૭ જુગમંદિરલાલ જૈનીનો સ્વર્ગવાસ.**

દિગંબર ભાઇઓમાં ધર્મ પ્રેમી સુશિક્ષિતોમાં શ્રીયુત જૈનીનું ઉંચું સ્થાન હતું. તેમણે M. A. LL. B. બારિસ્ટર થઇ ઇંદોરમાં ન્યાયાધીશનું પદ સ્વીકાર્યું હતું. ઇંદોર ધારા સભાના કાયદાના સભ્ય અને સભાપતિ બન્યા. 'જૈનગેઝેટ' નામના અંગ્રેજી માસિકના તેઓ એક સ્થાપક હતા અને તેના તંત્રી તરીકે અનેક વર્ષો સુધી કાર્ય કર્યું છે. સમગ્ર જૈન સમાજમાં અંગ્રેજી માસિક કાઢવાની પહેલ કરનારા ને તેને અત્યાર સુધી નિભાવનારા દિગંબરી સુશિક્ષિત ભાઇઓજ છે. જૈની મહાશયે સર્વ જૈન સંપ્રદાયો પ્રત્યે પ્રેમભાવ, તેની એકતા, શ્રી મહાવીર પ્રભુના સર્વ સંતાનો વચ્ચે હોવી જોઇતી સર્વ પ્રકારની સમાનતા, વગેરે વિચારો સ્પષ્ટતાથી દર્શાવી પોતાની ઉદારચિત્તતા સિદ્ધ કરી હતી. તેમણે outlines of Jainism અને તત્વાર્થાધિગમ સૂત્રનું અંગ્રેજી ભાષાંતર એ બે પુસ્તકો ઇંગ્લંડમાં છપાવી બહાર પાડયા છે, અને વિશેષમાં હમેશાં અભ્યાસમગ્ન રહી અનેક લેખો પુસ્તકો લખ્યા છે કે જે અપ્રસિદ્ધ છે. તેમનું સ્વર્ગગમન ઇંદોરમાં ૧૩ મી જુલાઇ ૨૭ ને દિને થયું.

તેમણે દ્રવ્યને પ્રાપ્ત કર્યું ને તેનો સદુપયોગ પણ કર્યો. મૃત્યુ પહેલાં 'વિલ' વસિયતનામું કરી પોતાને જે જે ખર્ચવાનું અને સ્વજનને આપવાનું હતું તે આપી કુટુંબની બરાબર વ્યવસ્થા કરી બાકીની સર્વ મિલ્કત માટે લખી ગયેલ છે કેઃ-

'આ સર્વ મિલ્કત નીચે લખેલી દેણગી અને ખર્ચો કર્યા પછી જે બચે તે મારા ટ્રસ્ટીઓએ માનવ સમાજના હિત અર્થે જૈન ધર્મના રક્ષણ અને પ્રચારમાં વાપરવી. મારી ખાસ ઇચ્છા એ છે કે તેઓ મારી અપ્રસિદ્ધ કૃતિઓને પ્રકટ કરે અને મારા મિત્રો નામે ડાકટર થૉમસ (ઈંડિયા ઑફિસવાળા) તથા હર્બર્ટ વૉરન (નં. ૮૪ શેલ્ગેટ રોડ, બૅટર્સી લંડનવાળા)ની સાથે નિમંત્રણા કરી 'જૈન લિટરેચર સોસાયટી' અને 'મહાવીર બ્રધરહુડ' લંડનને મદદ કરવી.'

આવી રીતે જૈન ધર્મ અને સાહિત્ય-પ્રત્યે અપૂર્વ પ્રીતિ રાખનાર, તે માટે તન મન અને ધનનો હૃદયપૂર્વક વ્યય કરનાર તે સુશિક્ષિત જૈન બીજા સુશિક્ષિતો અને ગ્રેજ્યુએટોને અનુકરણીય દૃષ્ટાંત રૂપે થાય, અને તેમના આત્માને શાંતિ મળે એમ પ્રભુ પાસે યાચીએ છીએ.

**૮ બીજાં અવસાનો.**

કલકત્તામાં રહી વ્યાપાર કરતા જૈન ગ્રેજ્યુએટ રા. દયાલજી ગંગાધર ભણશાલી કે જેના લેખોથી અમારા વાંચકો પરિચિત છે તે એકાએક સ્વર્ગવાસ પામ્યાના ખબર મળ્યા છે.

પારસી માણેકજી જૈન થયેલા તેમણે હમણાં પુનામાં દેહત્યાગ કર્યો. આ બંને ભાઇઓના આત્માને શાંતિવાળી સુગતિ પ્રાપ્ત થાઓ.

# વિવિધ નોંધ.

( કોન્ફરન્સ ઑફીસ-પરિષદ્ કાર્યાલય તરફથી )

## ૧ શ્રી કેશરીઆનાથજી તીર્થ પ્રકરણ.

આ તીર્થને અંગે દિગંબરીભાઇઓ તરફથી છાપાઓદ્વારા ચર્ચાનો સાગર ઉલટાવી તથા અન્ય દરેક રીતે ભગીરથ પ્રયત્નો કરી શ્વેતાંબર સમાજને ઉતારી પાડવા માટે તનતોડ પ્રયાસ થયો. વળી એવી પણ વાત ચલાવવામાં આવી કે આ કૉન્ફરન્સ તરફથી મરણ પામેલા દિગંબર ભાઇઓ માટે દિલગીરી સરખી પણ જાહેર કરવામાં આવી નહિ. એ સબંધે આ માસિકના ગતાંકમાં પ્રકટ કરવામાં આવેલા દિગંબરભાઇઓ સાથેના પત્ર વ્યવહારમાં અમારા તા. ૧૪-૫-૨૭ ના નં. ૧૮૮૬ વાળા પત્ર તરફ વાંચક વર્ગનું ધ્યાન ખેંચીએ છીએ; સાથે સાથે એટલું પણ ધ્યાન ખેંચવા જરૂર જણાય છે કે દિગંબરો સંસ્થાના સેક્રેટરી તરફના પત્રોમાં ભાષાની શિષ્ટતા કે મર્યાદા કે સુરૂચિ પણ દેખાતી નથી.

### ઉદયપુરમાં અમારો ખાસ ખબરપત્રી.

આ ઝઘડાને અંગે ઉદેપુરથી તેમજ ઉદેપુર નિવાસી અહિ રહેતા કેટલાક ભાઇઓ તરફથી એક ખાસ ખબરપત્રી ઉદેપુર મોકલવા અમને વિનંતિ કરવામાં આવતાં પ્રસંગની જરૂરીઆત સમજી સંસ્થાના એક હિંદી, ગુજરાતિ અને અંગ્રેજી જાણનાર કલાર્ક મી. માણેકલાલ ડી. મોદીને મોકલવામાં આવ્યા હતા. તેના તરફથી વખતો વખત ત્યાંની પરિસ્થિતિ અમને જણાવવામાં આવતી હતી. છેવટે તેના તરફથી અમને લખી જણાવવામાં આવ્યું છે કે દિગંબરીઓએ મ્હોટા પાયા પર કરેલી ચળવળથી પોતે ઉદેપુર સ્ટેટ સિવાયના સાધારણ જૈન તેમજ જૈનેતર સમાજને ખોટી હકીકતો પૂરી પાડવાનાં કાર્ય સિવાય વિશેષ કઇ કર્યું હોય એમ ત્યાં મનાતું નથી. આ પ્રશ્નની ગંભીરતા વિચારી દિગંબરી ભાઇઓની આગ્રહ ભરેલી માંગણી પરથી સંપૂર્ણ તપાસ કરવા માટે કમિશનની નિમણુંક રાજ્ય તરફથી કરવામાં આવી છે. આ કમિશનમાં દિગંબરીઓ તરફથી એમ ભવિષ્યમાં કહેવાની તક ઉપસ્થિત ન થાય કે અમારી પીઠ પાછળ આ તપાસ થઈ છે એટલા કારણસર ચાલુ તપાસ દરમીઆન તેઓ તરફથી એક સભ્ય હાજરી આપે એવી ઉદેપુર રાજ્ય તરફથી ગોઠવણ કરવામાં આવી છે. છતાં ભવિષ્યમાં પુકાર ઉઠાવવાની બારી ખુલ્લી રહે તે હેતુથી યા અન્ય કોઇ કારણસર હજુ સુધી દિગંબરી ભાઇઓએ તેવો પોતાનો પ્રતિનિધિ સામેલ કર્યો નથી. બીજું કમિશન ધ્વજાદંડ સબંધી તપાસ માટે નિમવામાં આવ્યું છે.

## ૨. જલપ્રલય અને આ સંસ્થા.

ગુજરાત કાઠીયાવાડ અને કચ્છ વગેરે પ્રદેશોમાં અતિવૃષ્ટિ અને તોફાનના પરિણામે જે ભયંકર રેલ અને આફતનો પ્રકોપ કુદરતે વરસાવ્યો છે તે જોઈ સૌના હૃદય દ્રવે એ સ્વાભાવિક છે. આ ભયંકર સંકટના ભોગ આપણા જૈન તેમજ જૈનેતર અનેક બ્હેનો અને બંધુઓ થઇ પડયાં છે તે તરફ અમારી સંપૂર્ણ દિલસોજી દર્શાવીએ છીએ. આ વખતે સર્વે રેલ પીડિત બંધુઓને સહાય કરવા સેંટ્રલ રિલિફ ફંડ ઉભુ કરવામાં આવ્યું છે, જેમાં જૈનોએ હમેશ મુજબ અનુકંપાર્થે આર્દ્ર બની મોટો ફાળો આપી જૈન આદર્શોની વિશાળતાનો પરિચય જનસમાજને આપ્યો છે. અત્રે જુદા જુદા શહેરો માટે અનેક સજ્જનોએ અને કપોળ પાટીદાર વગેરેએ પોતપોતાની કોમોને વિશેષ સહાય આપવા ફંડો કર્યાં. આમ સંકટમાંથી ઉગારવા અનેક સંસ્થાઓ તરફથી વિવિધ પ્રયાસો કરી મ્હોટાં ફંડો એકત્રિત કરવામાં અત્રે શ્રી મહાવીર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પણ એક નાટય પ્રયોગ કરી આશરે રૂ. ૪૩૦૦ સેંટ્રલ રિલિફ ફંડમાં આપ્યા. જૈન સમાજના ધંધા અને કમાણીના સાધન વિનાના થઈ પડેલા અસાહાય્ય જૈન ભાઇઓ અને બ્હેનો માટે લોન વગેરેની મદદ આપવા એક વિશાળ ફંડ

કરવા અમારી ખાએશ હતી અને તેવી જરૂરીઆત અમે જોતા હતા. પરંતુ કેટલાક બંધુઓની એવી ઈચ્છા હતી કે સમગ્ર સમાજમાંથી વિખૂટા પડવાનો દાખલો આપણે પાડીએ તે ઠીક ન ગણાય. દરમીઆન સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટીના એક સભ્ય રા. ડૉ. નાનચંદ કે. મોદી તથા અન્ય ગૃહસ્થો જે આ પ્રલયનું ભયંકર પરિણામ નજરે જોઈ આવ્યા તેઓના અહેવાલો અને ખેડા તરફથી 'ટાઇમ્સ ઑફ ઈન્ડીઆ' જેવાં પેપરમાં જે અપીલ જૈનોને લોન રૂપે સહાય માટે બહાર પડી હતી, તેમજ મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ તરફથી એક અપીલ બહાર પાડવામાં આવી એ બધુ વિચારતાં સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટીની એક તાબડતોબ મીટીંગ બોલાવવામાં આવી હતી. તે વખતે અહિંના શ્રીમન્ત વર્ગને તેમજ સંસ્થાઓ વગેરેને ખાસ આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતા. આ કમિટીએ ઠરાવ કરી આ કાર્ય માટે જાહેર સભા બોલાવવાનું ઉચિત ધાર્યું તેથી તેવી સભા તા. ૨૦-૮-૨૭ ના રોજ લાલબાગમાં ઇતિહાસ તત્ત્વમહોદધિ પૂજ્ય જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પ્રમુખ સ્થાન હેઠળ બોલાવવામાં આવી હતી.

આ વખતે મુંબઇમાં જૂદા જૂદા ઉપાશ્રયોમાં બિરાજતા મુનિમહારાજાઓ શ્રીમન્તો અને અન્ય ગૃહસ્થોને રૂબરૂ વિનંતિ કરી હાજરી આપવા જણાવવામાં આવ્યું હતું. આ સઘળા પ્રયાસો છતાં પરિણામે સમાજ તરફથી સંતોષકારક જવાબ ન મળતાં સભા કાર્ય કર્યા વિના વિખરાઇ હતી એ ખરેખર ખેદની વાત છે. સમાજના વિચારકો આ સ્થિતિ થવાનાં કારણો વિચારશે અને સમષ્ટિના મહત્ત્વના પ્રશ્નોમાં વ્યક્તિગત દૃષ્ટિબિંદુઓ કે ભાવો કેમ આડે આવે છે તેનો ખ્યાલ કરશે. આપણામાં સમષ્ટિની ભાવના ક્યારે જાગશે ? સમષ્ટિના ધ્યેય સામે પોતાનાં વ્યક્તિત્વ કે સ્વત્વનો ભોગ આપતાં સમાજ ક્યારે શીખશે ?

### ૩ જૈનો હિંદુ ગણાય કે ?

પુના-ખડકી-કેન્ટોન્મેંટ ચુંટણી 'ઇલેક્શન' પ્રસંગે ત્યાંના ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ મી. પી. બી. હેગ તરફથી તા. ૩૧-૫-૨૭ Mil ૧૯૬નો એક પત્ર કેન્ટોન્મેટ બોર્ડના સેક્રેટરી અને એકઝીક્યુટીવ ઑફીસરને લખવામાં આવ્યો હતો જેનો બીજો પેરેગ્રાફ નીચે જેમનો તેમ આપીએ છીએ.

As regards Schedule I of the Electoral Rules, Jains, Sikhs and Buddhists are not Hindus. They should be classified among 'Others' and not included among 'Hindus' એટલે તેમાં જણાવવામાં આવ્યું છે કે જૈનો, સીખો અને બૌદ્ધો હિંદુ નથી. તેઓનુ વર્ગીકરણ 'બીજાઓ' ના મથાળા નીચે કરવું અને 'હિંદુઓ' માં નહિં. આ સંબંધે પૂના ખડકી વગેરે સ્થળે પુષ્કળ ચલવલ અને ઊહાપોહ થયો છે એમ ખડકીના જૈન પંચના સેક્રેટરી તરફથી અમને તા. ૧૮-૮-૨૭ ના પત્ર સાથે તેમણે કરેલી ચલવલ સબંધે સંપૂર્ણ અહેવાલ મળ્યો છે તે પરથી જોઇ શકાય છે. આ ચલવલ ઘણી મોડી શરૂ થએલી હોવાથી તાત્કાલીક કંઇ બને તેવું નથી. પરંતુ 'ચુંટણી' ની હાલની વરણી ખલાસ થયા પછી સરકાર તે સંબંધે કંઈ પણ વિચાર ચલાવે એવી આશા આપવામાં આવી છે. આ ચલવલ સંબંધે અમને ખબર આપવામાં આવી કે તુરતજ પહેલો પત્ર સંસ્થા તરફથી મી. પી. બી. હેગ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ પુનાએમને લખવામાં આવ્યો હતો જે તેમજ તેનો મળેલો જવાબ નીચે પ્રકટ કરીએ છીએ.

27th July 1927.

No. 2758.

From,

The Resident General Secretaries,
Shri Jain Sweatamber Conference
20 Pydhoni, Bombay.

To,

P. B. High Esq, M.L.A.I.C.S.
District Magistrate, Poona.

Sir,

Our attention has been drawn to a copy of your letter No, Mil 196 dated **31st** May 1927 and addressed to the Executive Officer and Secretary Cantonment Board Poona.

The said letter states that as re-regards Schedule 1 of the Electoral Rules, Jains, Sikhs and Buddhists are not Hindus. They should be classified among "Others" and not included among Hindus.

In the interest of the Jain Community it is essential to know whether the Division in the Electoral Roll is being made according to race or according to religion.

If the division is by race, the jains must be classed with the Hindus. If it is by religion and if separate mention is necessary please do not group them under heading "Others" with Sikhs and Budhists. The Jains are an influential and mercantile community and should be separately mentioned.

Anticipating an early reply,

Yours etc.

Resident General Secreraries.

28th July 1927.
No. MIL. 196.

From,

P. B. Haigh, Esquire, M.L.C.I.C.S.
District Magistrate, Poona.

The Resident General Secretaries,
Shri Jain Swetamber Conference,
20, Pydhoni, BOMBAY.

Poona, 27 July 1927.

Sir,

With reference to your letter No. 2758 dated 24th July 1927. I have the honour to state that in my opinion the classification, prescribed by the Rules is based on the criterion of religion, and I have advised the Executive Officer Poona Cantonment accordingly.

2. Until the receipt of your letter I have received no communication on the subject. But I understand that the matter has been referred to the Commissioner, C. D. who will obtain a decision from Government.

Your Most Obedient Servant,
District Magistrate,
POONA.

ખડકીના જૈન પંચ તરફથી મળેલો પત્ર વ્યવહાર જોતાં તેમજ તા. ૨૮-૭-૨૭ ના અમારા પર ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટનો પ્રત્યુત્તર જોતાં જણાય છે કે આ બાબત સંબંધે પ્રથમ પત્ર કૉન્ફરન્સ સંસ્થા તરફથીજ લખાયો હતો. ઘટતી ચલવલ રા. ભાઇ શીક્રીલાલ ઘમંડીલાલ વગેરે પૂનાના જૈન બંધુઓ તરફથી થઇ છે પરંતુ આટલેથી ન અટકતાં જેઓ સાથે તેમણે પત્રવ્યવહાર કર્યો છે તેઓને સતેજ રાખવા આ બંધુઓ ભવિષ્યમાં ચુકશે નહિં અને પોતાનું કાર્ય ચાલુ રાખશે. હિંદુ મહાસભાના સેક્રેટરી રા. અમૃતલાલ દલપતભાઈ શેઠ તથા સારાભાઇ નેમચંદ હાજી વગેરે સર્વે પોતાથી બનતું કરશેજ એવી અમને ખાત્રી છે અને જરૂર પડે આ પ્રશ્નને પોતે જે જે ધારાસભામાં બિરાજે છે તેની સમક્ષ રજુ કરી યોગ્ય નિર્ણય લાવવા ઘટતું કરશે.

**૪ ખારચી (મારવાડ જંકશન) નો પત્ર.**

મારવાડ જંકશન પાસે આવેલાં ખારચી ગામના

દેરાસરના ઉપાશ્રયમાં એક યતિજી રહે છે અને તેના તરફથી તેમજ તેના માણસો તરફથી આશાતનાઓ થતી હોવાની એક ફરીઆદ ત્યાંના વતની શેઠ હિંમતમલ હીરાચંદ તરફથી અમને લખી જણાવવામાં આવી છે. આ ભાઇ વિશેષમાં જણાવે છે કે દર્શનપૂજન કરવાની યતિમહારાજ મના કરે છે. આ હકીકત યતિ કૉન્ફરન્સના માનદ મંત્રીઓને જણાવવામાં આવી છે પરંતુ જવાબ નથી. ઉક્ત ભાઇની વખતો વખતની માગણીને માન આપી કૉન્ફરન્સ સંસ્થાના પ્રો. સેક્રેટરી ચંદનમલજી નાગોરીને તપાસ કરવા જણાવતાં તેઓ જણાવે છે કે આ ફરીયાદ કરનાર તેમજ યતિજીને આપસ આપસમાં કંઇ ઝઘડો છે. શ્રીયુત હિરાલાલ સુરાણાને સ્થાનિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તેઓ જણાવે છે કે મંદિરમાર્ગી માત્ર અરજદાર અને તેના ભાઇ એ બન્નેજ છે બાકીના જૈનો તેરાપંથી છે. ચંડાવત ઠાકોરની હકુમતનું આ ગામ હોઇ તેની કોર્ટમાં કંઈ ફોજદારી કામ આ બન્ને વચ્ચે એટલે કે, યતિજી અને હિંમતલાલજી વચ્ચે ચાલે છે. છેલ્લી ખબર તો, મંદિરમાં થતાં અયોગ્ય વર્તન સંબંધમાં કલહે જોશ પકડયું છે એમ મળી છે. અમે દીલગીર છીએ કે આ વીસમી સદીમાં પણ આવા ક્ષુદ્રકલહો ચાલુ છે. અમે યતિજી અને હિરાચંદજીને વિનંતિ કરીએ છીએ કે બન્ને અંદર અંદર સમજી જઈ કલેશ શમાવશે અને તેમ ન થઇ શકતું હોય તો કોઇ પ્રતિષ્ઠિત વ્યક્તિને વચમાં નાંખી સમાધાન લાવશે.

### ૬ સુકૃત ભંડાર ફંડ:—

ગુજરાત કાઠીયાવાડમાં જલપ્રલયથી જે સંકટ ઉભું થયું છે તે જોતાં આ પ્રદેશોમાં **ઉપદેશકોના પ્રવાસમાં જે વિભાગો બાકી રહ્યા છે તેમાં શ્રી સુકૃત ભંડારફંડ ઉઘરાવવાનું કાર્ય મુલતવી રાખવામાં આવે છે.**

સંસ્થાના ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ શાહની બદલી મારવાડ વિભાગમાં કરવામાં આવી છે. જેથી તેઓ હવેથી મારવાડ સંસ્થાનું પ્રચાર કાર્ય કરશે.

આ ફંડ માટે કાર્ય કરતા ઉપદેશકોએ જૂદે જૂદે સ્થળે પ્રવાસ કર્યો હતો અને જીવદયા, કેલવણી પ્રચાર, હાનિકારક રિવાજો દૂર કરવા વગેરે વિષયો પર ભાષણો આપ્યાં હતાં અને સુકૃત ભંડાર ફંડમાં તેઓ મારફતે નીચે મુજબ વસુલાત આવી છે.

**ઉપદેશક વાડીલાલ સાંકલચંદ** તા. ૨૭-૬-૨૭ થી તા. ૫-૮-૧૯૨૭ સુધી ભાત ૫), કોચરીયા ૨), અદરખાં ૮I), કાવીઠા ૧૦), ચશોડા ૧૪), વાસણોકલીયા ૩), કોઠનગર ૩૩), બુંદી ૧), સરગવાલા II), ભોલાદ ૫), મોટીબોરુ ૧), પીપલી ૫), ફેદરા ૨II), નાનોદરા ૫), બાવલા ૩૫II), રાસમ ૩I), ઉતેલીઆ ૪), ઉચ્છદ ૯II), માસર ૧૪II), વાવલી ૨), માસરરોડ ૪૪), કુસલ ૬II) રવાસદ ૧૦), મોભા ૮II), કુલ રૂ. ૨૩૩)

**ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદ** તા. ૨૭-૬-૨૭ થી તા. ૫-૮-૨૭ સુધી. ડેંગુચા ૪II), ખારેજ ૧૦), નારદીપુર ૧૯II), સોજા ૩૧II), જામલા ૨૬II), વેડા ૧૧), બાલુવા ૫I), ઉનાઉ ૭II), આદરજ ૬II), સરઢવ ૪I), ટિંટોડા ૩I), રાંધેજા ૨૬I), લુમાસણ ૧II), રાજપરા ૧૨), એંદરાડ ૪I), ડાંગરવા ૧૩I), કરંસણ ૨II), ફીમોલ ૩૭II), નંદાસણ ૨), ઉંટવા ૨II), કુલ રૂ. ૨૩૩)

**ઉપદેશક કરસનદાસ વનમાલી** તા. ૨૭ ૬ ૨૭ થી તા. ૫-૮-૨૭ સુધી. બારડોલી ૫૫), વાંકાનેર ૧૨), આલુગાંવ ૯), સેજવાડ ૧૨), બાજીપુરા ૫૯), અચ્છારી ૨૨), સંજાણ ૮), ખતરવાડ ૮), બોરડી ૧૯I), દેહણુ ૨૦), સામટા ૧૮), શ્રીગાંવ ૮I), ફણસા ૧૮), કુલ રૂ. ૨૬૮II)

### ૭ બગડી (મારવાડ) મુકામે મળેલું યતિસંમેલન.

ગત વૈશાખ શુદિ ૫ મી ના રોજ ઉક્ત સ્થળે યતિઓનું એક સંમેલન મલ્યું હતું. તે સંબંધી ઉલ્લેખ આગ્રાથી પ્રકટ થતાં 'શ્વેતાંબરજૈન'ના તા. ૧૬ મેના અંકમાં કરવામાં આવ્યો છે. આ સભાનું પ્રમુખસ્થાન પ્રતિષ્ઠાકારક પં. પ્ર. યતિશ્રી લબ્ધિસાગરજી મહારાજે સ્વીકાર્યું હતું અને મ્હોટી સંખ્યામાં યતિમહારાજાઓએ હાજરી આપી હતી. યતિ સંઘના પુનરુત્થાન માટે આ સંમેલનના યોજકોને અમે

ધન્યવાદ આપીએ છીએ. કાશીનિવાસી વિદ્યાલંકાર પં. યતિ હીરાચંદ્રજી જેઓએ કાર્યમાં બહુજ રસપૂર્વક ભાગ લીધો હતો તેમના તરફથી અમોને તા. ૫-૭-૨૭ ના પત્રથી ઉક્ત સંમેલનમાં પસાર થએલા ઠરાવો પૈકી નીચેનો ઠરાવ મોકલી આપવામાં આવ્યો છે.

" यह सभा प्रत्येक यतिभाइयोंसे सानुरोध पूर्वक नम्र निवेदन करती है कि एक भारतीय यति परिषद की स्थापना करना आवश्यक है. जिसमें सभी प्रान्तके मान्य आगेवान यति महाराजौ के द्वारा चुने हुए सुयोग्य विद्वान् यति रहै. उनका अधिकार समग्र यति समाज के विचारानुकूल नविन व्यवस्था करने का हो. और वे लोग यति संघ के पुनरुत्थानके लिये सभी तरह के कार्योंको सुचारु रुपसें करनेका अधिकार उनको रहै. यति परिषद्की प्रमाणिकता व विश्वास के लिये उसपर जैन श्वेतांबर कोन्फरन्सकी देखरेख रहै और समयानुकुल कॉन्फरेन्स इसको उचित सलाह दीया करे और जैन श्वेतांबर कॉन्फरन्स सभी तरहसें यतिसंघको सहाय करे जिससे यतिसंघमें जागृति और सुचारु रूपसें संघटन होगा. और उनपर पूर्ण विश्वास होगा इसके लिये भारतीय यतिमहाराजोंका ध्यान इस तरफ यह यति-सभा आकर्षित करतीहै॰

આ સભામાં યતિશ્રી હિરાચંદ્રજીના જણાવ્યા મુજબ સારી સંખ્યામાં યતિશ્રીઓ વગેરેની હાજરી હતી. એકંદર ૧૪ ઠરાવો પાસ થયા હતા જેના પર હાજર રહેલાએ સહી આપી હતી. અમે ઇચ્છીએ છીએ કે યતિમહારાજોના સ્વસમાજના પુનરૂત્થાન અને સંગઠનના પ્રયાસ ફલીભૂત થાય, અને યતિસમાજ વધારે ઉન્નત દશાએ પહોંચે.

---

# જૈન ગૂર્જર કવિઓ—પ્રથમ ભાગ.

## પંડિત હરગોવિન્દદાસનો અભિપ્રાય.

'જૈન ગુર્જર કવિઓ'નો પ્રથમ ભાગ મારા જોવામાં આવ્યો. રા. રા. દેશાઇએ આ પુસ્તક તૈયાર કરવામાં ભગીરથ પ્રયત્ન કર્યો છે એમ, તેમાં આપેલી ૩૨૦ પૃષ્ઠોની સુવિસ્તૃત પ્રસ્તાવના અને વિક્રમની તેરમી સદીથી લઇને સતરમી સદી સુધીના ૨૮૭ જૈન કવિઓની ૫૪૧ નાની મોટી પદ્યકૃતિઓના નમૂનાઓ સાથે કરવામાં આવેલા ઉલ્લેખો ઉપરથી, સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. પ્રસ્તાવનામાં અર્ધમાગધી, મહારાષ્ટ્રી, શૌરસેની, પૈશાચી, અપભ્રંશ અને જુની ગુજરાતી ભાષા સંબંધે ઘણી ઉપયોગી હકીકતોનો સંગ્રહ કરવામાં આવેલ છે. ચિરકાળથી પ્રાકૃત ભાષાને તો જૈનોએજ અપનાવી છે અને સંસ્કૃત ભાષાના સાહિત્યની વૃદ્ધિમાં જૈન ગ્રન્થકારોએ મોટો ફાળો આપેલ છે આ તથ્ય જેમ પશ્ચિમના અને પૂર્વના વિદ્વાનોના પરિશ્રમથી પ્રકાશમાં આવ્યું છે તેમ 'પ્રાચીન ગુજરાતી ભાષાના સાહિત્યની શ્રીવૃદ્ધિ પણ મોટે ભાગે જૈનોનેજ આભારી છે' આ સત્યને બહાર લાવવામાં રા. દેશાઇનું આ એકજ પુસ્તક પૂરતું છે, એમ કહેવું અત્યુક્તિ ભરેલું નથી.

કલકત્તા, ૫ જેકશન લેઇન,<br>તા. ૫-૮-૨૭. } —હરગોવિંદ ત્રિકમચંદ શેઠ.

---

તંત્રીકૃત 'સામાયિકસૂત્ર' થોડા વખતમાં બહાર પડશે.

# ધર્મને નામે ધાડ.

ઉદેપૂર રાજ્યમાં શ્વેતાંબર, દિગંબર વચ્ચે જે ઝઘડા થયા તે વિષે મારી પાસે કોઇ ભાઈએ છાપાંની કાપલીઓ મોકલી છે, અને મને સૂચવે છે કે તે જોઇને મારે મારો અભિપ્રાય આપવો. એક તો મારી માંદગીમાં એટલાં બધાં છાપાં બારીકાઇથી વાંચવાનો મને સમય હોય નહિ; અને સમય હોય, શક્તિ હોય તોયે હું માત્ર છાપાંઓ વાંચીને કશી બાબતમાં અભિપ્રાય બાંધતો નથી, કોઇએ ન બાંધવો જોઇએ એમ માનું છું. તેથી બે પક્ષમાં કોણ દોષિત છે અથવા વધારે દોષિત છે એ હું નથી જાણતો. પણ છાપાં ઠીક ઠીક તપાસતાં મારા મનમાં જે વિચાર આવ્યા તે રજુ કરી નાંખું છું.

લખનારાઓની ભાષા પક્ષપાતસૂચક છે. એક બીજાને દોષિત ગણે છે ને પોતાને નિર્દોષ ગણે છે.

મને આ ઝગડામાં ને તે ઉપરના લેખોમાં, તથા હિંદુ મુસલમાન ઝગડામાં ને તેની ઉપરના લેખોમાં તાત્વિક ભેદ મુદ્દલ નથી લાગ્યો. હિંદુ મુસલમાન ઝગડામાં વધારે ઝેર છે, ભાષામાં વધારે વેર છે. છે. પણ ફેર માત્ર પ્રમાણનો છે.

હકીકત એ છે કે આપણે ધર્મનેજ ભૂલ્યા છીએ. સહુ પોતપોતાનો કક્કો ખરો રાખવા મથે છે. ધર્મ શું છે, ક્યાં છે, તે કેમ ઓળખાય, તેની કેમ રક્ષા થઇ શકે એ જાણવાની ઇચ્છા સરખી નથી રહી.

જૈનોની પાસેથી તો આથી વધારે સારાની આશા રખાય. તેઓ તો સ્યાદ્‌વાદનાં પૂજારી છે, દયાધર્મના ઇજારદાર છે, તેમનામાં સહિષ્ણુતા હોવી જોઇએ. જેટલે અંશે પોતાને પોતાનું સત્ય પ્રિય છે તેટલેજ અંશે બીજાને તેનું હોયજ એમ માનવું જોઇએ જ્યાં વિરોધીની ભૂલ લાગે ત્યાંયે મનમાં રોષ ન લાવતાં દયાભાવથી કામ લેવું ઘટે.

પણ સ્યાદ્‌વાદ અને દયાભાવ જૈન ઘરોમાં અને જૈન મંદિરોમાં પણ કેમ જાણે પોથીઓમાંજ શોભતાં હોય એવો આભાસ મને આ લેખો વાંચતાં થયો, એવો અનુભવ તો થયાંજ કરે છે. જ્યાં દયાનો અમલ છે ત્યાં તે કીડિયારાં પૂરવામાં ને માછલાં બચાવવામાંજ પરિમિત થઇ જતો જોવામાં આવે છે. અને આ દયાધર્મ પાળવાને ખાતર મનુષ્ય પ્રત્યે ક્રૂરતા વપરાય તો તેની ગણતરી ધર્મમાં થતી જાણી છે.

રાયચંદભાઇ તો કહેતાજ કે જૈન સિદ્ધાંત 'વાણિયાંઓને ત્યાં વર્યો એટલે તેનો વાણિયાશાઇ હિસાબ થયો; જ્ઞાન અને વીરતા જે દયાનાં લક્ષણ હોવાં જોઇએ તેમનો પ્રાયઃ લોપ થયો ને દયા અને ભીરુતા એ બે શબ્દો પર્યાયવાચક બની જઇ દયા વગોવાઇ.

વળી ધર્મને અને ધનને હાડવેર રહ્યાં. પણ જૈન મંદિરોમાં લક્ષ્મી દેવીએ વાસ કર્યો એટલે ધર્મના સિદ્ધાંતોનો નિર્ણય તપશ્ચર્યાથી નહિ, પણ વકીલોની દલીલોથી અદાલતોમાં થવા લાગ્યો. એટલે જે વધારે પૈસા આપે તે પોતાને ગમતો ધર્મનો નિર્ણય લાવી શકે એમ થયું.

આ ચિત્રમાં કદાચ અતિશયોક્તિ જણાશે. પણ નથી. જૈનોને હું જાણું છું. જેટલો પરિચય મને વૈષ્ણવ સંપ્રદાયનો ને વૈષ્ણવોનો છે તેટલોજ લગભગ જૈન સિદ્ધાંતનો ને જૈનોનો છે. કેટલાક મને દ્વેષભાવે જૈન માને છે. કેટલાક પ્રેમભાવે હું જૈન હોઉં એમ ઇચ્છે છે. કેટલાક જૈનો વિષેનો મારો પક્ષપાત જોઇ રાજી થાય છે. તેમનાં પુસ્તકોમાંથી હું ઘણું શીખ્યો છું. ઘણા જૈન મિત્રોનો સહવાસ મને ઉપકારક નીવડ્યો છે. તેથી ઉપરનું લખવા અને તે વાટે જૈનધર્મ પ્રિય છે એવા જૈનોને જાગૃત કરવા પ્રેરાયો છું.

શ્વેતાંબર દિગંબરમાં વેરભાવ શો? બન્નેના સિદ્ધાંતો એક છે. થોડા ભેદ છે તે સહ્ય છે. બન્નેના પક્ષનું સમાધાન થાય તેવા તે ભેદ છે; જેવા દ્વૈતી અદ્વૈતીના.

જૈનમાં સાધુઓ અને સાધ્વીઓ પુષ્કળ છે, તેમને સમય છે. તેઓ કાં ખરી તપશ્ચર્યા ન કરે? તેઓ કાં શુદ્ધ જ્ઞાન ન મેળવે? તેઓ કાં અનુભવજ્ઞાન ન આપે?

જૈન યુવકો પોતાના વડવાઓની જેમ ધન ઉપાર્જનમાં ગુંથાયેલા જોવામાં આવે છે. તેઓ કાં ગૃહસ્થાશ્રમી રહેતા છતાં તપસ્વી જેવા બની ઉદાર-ચિત્ત, સ્વચ્છ, દયામૂર્તિ ન બને ?

મારી પાસેથી પાલીતાણા બાબત મત માગ્યો. મારી પાસે હવે ઉદેપુરના કરુણામય ઉપદ્રવ વિષે મત માગ્યો છે. આ માગનાર પણ જુવાન મિત્રો છે. તેમણે નહોતો ધાર્યો એવો મત આ વેળા મેં આપી દીધો છે.

હું હિન્દુ અને જૈન એવા બે વિભાગ નથી કરતો સ્યાદ્‌વાદનીજ સહાયથી હું હિન્દુ એટલે વૈદિક મત અને જૈન મતનું ઐક્ય સાધી શકું છું. મેં તો તેની મદદથી ધર્મો માત્રની એકતા મારા પૂરતી તો ક્યારની સાધી છે. શ્વેતાંબર દિગંબરના ઝગડાનો ન્યાય છાપાં દ્વારા ન મળે, અદાલતમાં ન મળે. બન્ને અથવા બેમાંથી એક બેઉને સારૂ પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાય, આટલુંયે ન કરી શકે તે ધર્મનું નામ ભૂલી નમ્ર બની મૌન ધારણ કરે.

નવજીવન ૧૯-૬-૨૭ **મોહનદાસ કરમચંદ ગાંધી.**

# જૈન ધર્મ—Jainism.

મૂળ લેખક—ડાક્ટર **હર્મન જેકોબી.**

અંગ્રેજીમાંથી અનુવાદક—**રા. સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી** B. A. L L. B.

૧ **પ્રસ્તાવના**—જૈન ધર્મ એક મુનિધર્મ છે. તેમાં બૌદ્ધ ધર્મની માફક વેદોનું પ્રમાણ સ્વીકારાતું નથી તેથી તેને બ્રાહ્મણો નાસ્તિક મત માને છે. જૈન ધર્મમાં સાધુ અને શ્રાવક એમ બે વિભાગ છે. તેમાં શ્વેતાંબર ( શ્વેતવસ્ત્રયુક્ત ) અને દિગંબર ( દિશા જેનું વસ્ત્ર છે તેવા ) એમ બે પક્ષો પાડેલા છે. તેવા નામ પાડવાનું કારણ એ છે કે શ્વેતાંબર મતના સાધુ-સાધ્વીઓ શ્વેત વસ્ત્રો પહેરે છે, જ્યારે દિગંબર મતના સાધુઓ પહેલાં કેવળ નગ્ન ફરતા હતા. મુસલમાન રાજાઓએ પછીથી દિગંબર મતના સાધુ-ઓને ગુપ્ત ભાગો વસ્ત્રથી ઢાંકવાની ફરજ પાડી હતી. શાસ્ત્રની દૃષ્ટિએ આ બે પક્ષોનાં મન્તવ્યોમાં જે ફેરફારો છે તે નજીવા છે. (જુઓ દિગંબર પર લેખ) ભેદ માત્ર તેમની ચર્ચામાં છે, જે આ લેખમાં આ-ગળ ઉપર જણાવવામાં આવશે.

'ધર્મ' એ વિષયના અભ્યાસીને જૈનધર્મ વધારે ઉપયોગી થઇ પડવાનું કારણ એ છે કે તે ધર્મ ઘણો પુરાણો હોઇ, સાંખ્ય અને યોગ જેવી પ્રાચીન ભાર-તીય દર્શનોને પ્રાદુર્ભૂત કરનારા ધાર્મિક અને આધ્યા-ત્મિક વિચારોના અતિ પ્રાચીન પ્રવાહો સાથે સંબંધ ધરાવે છે, બૌદ્ધ ધર્મ સાથે પણ તે નિકટનો સંબંધ ધરાવે છે. આ દર્શનોમાં ચર્ચાયેલો શાસ્ત્રીય નિરાશા-વાદ તથા મોક્ષનો વ્યાવહારિક આદર્શ જૈનધર્મને માન્ય છે. પુનર્જન્મની પરંપરાથી પ્રાપ્ત થતું સાંસારિકજીવન ખરી રીતે અનિષ્ટ અને દુઃખમય છે; તેથી જન્મ મરણ પરંપરાનો અંત આણવો એ આપણું ધ્યેય હોવું જોઈએ; અને તે ધ્યેય આપણે સમ્યગ્જ્ઞાન[૧] પ્રાપ્ત કરીએ ત્યારે પામી શકીએ. આ સામાન્ય સિદ્ધાંત સંબંધે સાંખ્ય યોગ અને બૌદ્ધ દર્શનો સાથે જૈન દર્શન એક મત છે, પરંતુ તેને પ્રાપ્ત કરવાની વિધિમાં મતભેદ છે. અધ્યાત્મ વિષયમાં સાંખ્યયોગ તથા જૈન ધર્મ વચ્ચે એક પ્રકારનું સામાન્ય સામ્ય છે, કારણકે આ બધાં દર્શનોમાં પ્રકૃતિ (પુદ્‌ગલ) અને પુરૂષ (આત્મા)નું દ્વૈત સ્વીકારવામાં આવ્યું છે; મુખ્યપણે આત્માઓ એક જાતના જ્ઞાનયુક્ત છે પણ તે પરસ્પર ભિન્ન છે તેનું કારણ પુદ્‌ગલ સાથેનો તેમનો સંયોગ છે; જૈન અને સાંખ્ય મત પ્રમાણે પ્રકૃતિ ( પુદ્‌ગલ ) એવી અનિશ્ચિત વસ્તુ છે કે તે ગમે તે સ્વરૂપમાં પરિણમે. પરંતુ આ તત્ત્વજ્ઞાનના

૧. યોગ સિવાય આ ત્રણે પ્રાચીન દર્શનો ચોખ્ખા નાસ્તિક છે; કારણ કે તેઓ કેવળ પરમેશ્વર હોવાનું સ્વી-કારતા નથી; યોગ દર્શનમાં પણ ઇશ્વરને જગતનું આદિ-કારણ માનવામાં આવતું નથી.

સામાન્ય સિદ્ધાંતો સાંખ્યો અને જૈનો[૧]એ ભિન્ન ભિન્ન રીતે પ્રતિપાદન કર્યા છે, અને આ બન્ને દર્શનોનાં મૂળ ભિન્ન હોવાથી એ ભિન્નતામાં ખાસ વધારો થાય છે; કારણકે બ્રાહ્મણધર્મને શ્રેષ્ઠ માનતા સાંખ્યોએ બ્રાહ્મ-વિચારપદ્ધતિનું અનુસરણ કર્યું છે; જ્યારે જૈનોએ, બ્રાહ્મણેત્તર હોવાથી વધારે પ્રાચીન, પ્રાથમિક તેમજ લોકપ્રિય વિચારશ્રેણિનું[૨] દાખલા તરીકે સર્વત્ર જીવ છે એવા વિચારોનું અવલમ્બન કર્યું છે. પરંતુ બૌદ્ધ ધર્મના આધ્યાત્મિક સિદ્ધાંતો તદ્દન જુદા પ્રકારના છે, કારણ કે 'જગતમાં કોઇ પણ કેવળ નિત્ય ઇશ્વર નથી' અથવા બીજા શબ્દોમાં કહીયે તો 'સર્વ વસ્તુ ક્ષણિક છે' એવા બૌદ્ધ ધર્મના મુખ્ય સિદ્ધાંતથી તે ઘડાયેલા છે.[૩] જો કે જૈન અને બૌદ્ધ ધર્મના તાત્ત્વિક સિદ્ધાંતો તદ્દન ભિન્ન છે, તો પણ બંને વૈદિક ધર્મની બહારના–મુનિ (સાધુ)–ધર્મો હોઇ, તેઓના બાહ્ય સ્વરૂપમાં કેટલુંક સામ્ય જણાય છે. તેથી ભારતીય વિદ્વાનોએ પણ ઘણી વખત એ બન્નેને ભ્રાંતિથી એક માન્યા છે. આ ઉપરથી સમજાશે કે જૈન સાહિત્યના કેટલાક અયથાર્થ નમુનાઓ વાંચીને જૈન ધર્મ સાથે પરિચિત થયેલા પાશ્ચિમાત્ય વિદ્વાનોએ જૈન ધર્મ બૌદ્ધ ધર્મનો એક ફાંટો છે એમ મત બાંધ્યું હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી.[૧] પરંતુ હવે એ તો નિર્વિવાદપણે સિદ્ધ થયું છે કે તેઓની ઉપર્યુક્ત માન્યતા ભુલભરેલી હતી તથા જૈન ધર્મ, વધારે નહિ તો, બૌદ્ધધર્મ જેટલો તો પ્રાચીન છેજ; કારણ કે બૌદ્ધોના ત્રિપિટકાદિ ગ્રંથોમાં નિગંથ (સં. નિર્ગન્થ. પ્રા. નિગ્ગન્થ) એવા પ્રાચીન નામથી જૈન ધર્મનો એક વિરોધી ધર્મ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે; તેજ પ્રમાણે નાતપુત્ત અથવા નાતિપુત્ત તરીકે જૈનોના ચરમ તિર્થંકર વર્ધમાન–મહાવીરનો ઉલ્લેખ કર્યો છે; વળી જૈન શાસ્ત્રોની જેમ તેઓ પણ નાતપુત્તના નિર્વાણ સ્થાન તરીકે 'પાવા' નો ઉલ્લેખ કરે છે. તેજ પ્રમાણે જૈન આગમોમાં બુદ્ધના સમયના રાજાઓને મહાવીરના સમકાલીન જણાવ્યા છે; વળી બુદ્ધના એક પ્રતિસ્પર્ધીનો ઉલ્લેખ પણ તેમાં આવે છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા; મહાવીર બુદ્ધ કરતાં ઉમરે જરા મોટા હતા, તથા મહાવીરના નિર્વાણ પછી બુદ્ધ કેટલોક સમય વધુ જીવ્યા હતા.

બુદ્ધ જેમ બૌદ્ધ ધર્મના પ્રણેતા અને સંસ્થાપક હતા તેમ મહાવીર, જે ધર્મ તેમને તીર્થંકર તરીકે માને- છે, તે ધર્મના આદ્ય સંસ્થાપક કે પ્રણેતા ન હતા; બૌદ્ધ શાસ્ત્રો પ્રમાણે બુદ્ધને બોધિવૃક્ષ તળે પોતાના ધર્મના મૌલિક સિદ્ધાંતોનું સહજજ્ઞાન થયું; તેમના અનુયાયીઓને તેમનાં પ્રથમ વ્યાખ્યાનો તથા પાછળથી ઉપદેશેલા સિદ્ધાંતો એક સરખી રીતે સ્મરણીય છે. આવી હકીકત ભગવાન્ મહાવીર વિષે જૈનાગમોમાં મળી આવતી નથી. તેમનું દિક્ષાગ્રહણ અને બાર વર્ષ બાદ કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ—એ બન્ને અલબત્ત કલ્યાણકો ગણાય છે. પણ તેમને કયા હેતુથી પ્રેરાઇ, સંસાર ત્યાગ કર્યો, અને કયા ખાસ સત્યોની શોધથી તે ઉચ્ચતમ દશા (કૈવલ્ય) પામ્યા—તે વિષે શાસ્ત્રોમાં ઉલ્લેખ નથી; તોપણ જેમ બુદ્ધ એક પછી એક–ગુરૂના શિષ્ય બની, તે બધાના મંતવ્યોથી અસંતુષ્ટ થયા હતા તેમ મહાવીરની બાબતમાં નથી;

---

૧. પુરૂષ અને પ્રકૃતિના દ્વૈત સિદ્ધાંત વડે સાંખ્યો જડ અને ચેતન જગત્ની ઉત્પત્તિનું વિવેચન કરે છે. પરંતુ જૈનો પ્રકૃતિ સાથે સંબંધ રાખી જડજગત્ તથા વિશ્વ રચનાનું આદિકારણ 'લોકસ્થિતિ' (તત્વાર્થાધિગમ સૂત્ર: ૩. ૬. ટીકા) હોવાનું જણાવે છે. ઉપનિષદોમાં આવેલા જગદુત્પત્તિવિષયક સિદ્ધાંતો ઉપર રચાયેલો સાંખ્યમત દર્શનરૂપે ગણાઈ, સમય જતાં, સમાજપ્રિય ધર્મના આધાર રૂપ બન્યો; પણ જૈનધર્મ એ પ્રથમ તો ધર્મપ્રણાલિજ હતી, અને તેને સ્વપર અવિરૂદ્ધરૂપ આપવા માટે તેમાં દાર્શનિક પ્રણાલિનો ઉમેરો કરવામાં આવ્યો.

૨. સાંખ્ય તત્વમાં 'મહાન્' નો અર્થ 'મહાન્ આત્મા' થાય છે. ત્રણ ગુણોનું સૂચન છાંદોગ્યોપનિષદ્ ૬, ૩, ના ત્રિવૃત્ત કરણ ઉપરથી થયેલું છે; પ્રાચીન ઉપનિષદ્ સિદ્ધાંત ના બ્રહ્મ શબ્દથી પ્રકૃતિનું સૂચન થયેલું છે; વળી ગૌડ-પાદ ભાષ્ય (કારિકા ૨૨) માં બ્રહ્મ અને પ્રકૃતિ એકાર્થ સૂચક છે....વિગેરે

૩. જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો–સ્યાદ્વાદ, જીવના ભેદ અને ખાસ કરીને એકેન્દ્રિયના ભેદો બૌદ્ધધર્મમાં મળી આવતા નથી.

---

૧. જુઓ સેક્રેડ બુકસ ઓફ ધી ઇસ્ટ પુ. ૪૫ પ્રસ્તાવના. પૃષ્ઠ. ૧૮.

પરંતુ તે તો સંશયરહિત થઇ, સત્ય જ્ઞાન કયાંથી પ્રાપ્ત થશે[૧] તે જાણતા હતા અને એવી રીતે અણગારી થયા હતા. વળી અન્ય જૈન સાધુઓની માફક કેટલાંક વર્ષો તપસ્યા કર્યા પછી જ્યારે તેમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારેપણ તેમણે બુદ્ધની માફક નવું સત્ય સ્થાપ્યું અગર નવો પ્રકાશ પાડયો અગર તેમને નવું તત્ત્વ જડી આવ્યું એમ તેમના માટે કહેવામાં આવતું નથી. પરંતુ ફક્ત એટલુંજ જણાવવામાં આવ્યું છે કે જે તત્ત્વ પહેલાં તેમને અધુરૂં સમજાતું હતું તે કૈવલ્ય સમયે પૂર્ણ રીતે સમજાયું. તેથી જૈન શાસ્ત્રો પ્રમાણે મહાવીર વિષે એટલુંજ કહી શકાય કે ઘણાં વર્ષો પૂર્વે સ્થપાયેલા ધર્મને તે અનુસર્યા હતા; જો તેઓ ધર્મસંસ્થાપક અગર તેવા કોઇ હોત તો તેવા પ્રકારના માન પ્રત્યેના તેમના અધિકારને દરેક ધર્મપ્રણેતાને પ્રશંસવા માટે હંમેશ આતુર એવી લોકકથાએ તદ્દન દબાવ્યો ન હોત; વળી બૌધ્ધશાસ્ત્રોમાં પણ નાતપુત્તને નિગ્ગંથોના પ્રવર્તક તરીકે જણાવવામાં આવેલા નથી; પરંતુ ફક્ત એમજ માનેલું છે કે બુદ્ધના સમયમાં આવો સંપ્રદાય હયાતીમાં હતો. તેથી આમ્નાયને અન્યાય આપ્યા સિવાય આપણે મહાવીરને જૈન ધર્મના આદ્ય સંસ્થાપક તરીકે કહી શકશું નહિ, પણ તે નિઃસંશય જૈનોના ચરમ તીર્થંકર છે. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથને જૈન ધર્મના સંસ્થાપક તરીકે કદાચ ગણી શકાય.

૧. ઉપાસગદસાઓ પૃષ્ટ ૫ ની નોટમાં (કલકત્તા ૧૮૯૦) ડૉ. હોર્નલ જણાવે છે કે મહાવીરનો જન્મ કોલ્લાગમાં થએલો અને તેથી તેમણે પ્રવ્રજ્યા અંગીકાર કરી ત્યારે (કલ્પસૂત્ર પૃ. ૧૧૫માં જણાવ્યા પ્રમાણે) તેઓ પોતાના સંપ્રદાયના અને કોલ્લાગની પાસે આવેલા દુઈપલાસ નામક 'ચૈય'માં ગયા હતા. મહાવીરના માતપિતા (અને કદાચ 'નાય' ક્ષત્રિયોની આખી જ્ઞાતિ) પાર્શ્વનાથના અનુયાયીઓ હતા (જુઓ આચારાંગ દ્વિતીય સ્કંધ ૧૫ અને ૧૬). એવા અનુયાયીઓ તરીકે કુંદપુર કે વૈશાલિમાં શિષ્યો સહિત પાર્શ્વનાથના આગમન વખતે ઉતારાની સગવડ ખાતર તેઓ નિસંદેહ 'ચૈય' રાખતા હોય. સંસાર ત્યાગ પછી મહાવીર કદાચ પાર્શ્વનાથના સાધુગણમાં પ્રથમ જોડાયા હોય; અને તેમ છતાં તેમાં તુરતજ તેઓ સુધારક અને પ્રધાન પુરૂષ થયા હોય.

તેમનો નિર્વાણકાલ મહાવીરથી અઢીશો વર્ષ પહેલાંનો ગણવામાં આવે છે; પરંતુ તેનાથી પૂર્વના તિર્થંકર અરિષ્ટનેમિનું નિર્વાણ મહાવીર નિર્વાણથી (૮૪૦૦૦) વર્ષ પહેલાં માનવામાં આવ્યું છે. જૈનાગમોમાં પાર્શ્વનાથના અનુયાયીઓનો ઉલ્લેખ આવે છે. ઉત્તરાધ્યયન સૂત્ર ૨૩ માં પાર્શ્વનાથના પટ્ટધર (કેશિ) અને મહાવીરના શિષ્ય (ગૌતમ) વચ્ચેનો સંવાદ આવે છે, જેથી પ્રાચીન અને અર્વાચીન શાખાઓનું મિલન થાય છે.[૧] આ ઉપરથી એટલું સૂચન થાય છે કે પાર્શ્વનાથ ઐતિહાસિક વ્યક્તિ હતા, પરંતુ બીજા ઐતિહાસિક પુરાવાની ગેરહાજરીમાં અનુમાન કરતાં વધુ કહેવાની હિંમત કરી શકીયે નહીં.

**૨. જૈનોનું પોતાની ઉત્પત્તિ વિગેરે વિષે મતઃ**—જૈનોની માન્યતા પ્રમાણે તેમનો ધર્મ સનાતન છે. અને અનંતા તીર્થંકરોએ અનંતી અવસર્પિણી ઉત્સર્પિણીમાં તેનો આવિષ્કાર કર્યો છે. આ અવસર્પિણીકાળમાં (જુઓ. Ages ef the world (Indian) Vol I p. 200 f) પ્રથમ તીર્થંકર ઋષભદેવ હતા અને ચરમ એટલે ચોવીશમા તીર્થંકર વર્ધમાન છે. ચોવીશ તીર્થંકરોનાં નામ, લાંછન અને વર્ણ નીચે પ્રમાણે છેઃ—

૧. ઋષભ (અથવા વૃષભ) બળદ સોનેરી, (૨) અજીત, હાથી સોનેરી, (૩) સંભવ ઘોડો સોનેરી, (૪) અભિનંદન, કપિ, સોનેરી. (૫) સુમતિ ક્રૌંચ, સોનેરી. (૬) પદ્મપ્રભ. પદ્મ રક્ત. (૭) સુપાર્શ્વ, સ્વસ્તિક, સોનેરી. (૮) ચંદ્રપભ, ચંદ્ર, ધવલ (૯) સુવિધિ (અથવા પુષ્પદંત) મગર, ધવલ. (૧૦) શીતલ, શ્રીવત્સ, સોનેરી, (૧૧) શ્રેયાંસ (અથવા શ્રેયાન્) ગેંડો, સોનેરી, (૧૨) વાસુપૂજ્ય, મહિષ, રક્ત (૧૩) વિમલ, સુવર, સોનેરી. (૧૪) અનંત (અથવા અનંતજિત્), સિંચાણો, સોનેરી, (૧૫) ધર્મ, વજ્ર, સોનેરી, (૧૬) શાંતિ, મૃગ, સોનેરી (૧૭) કુંથુ, બોકડો, સોનેરી. (૧૮) અર, નંદ્યાવર્ત, સોનેરી (૧૯) મલ્લિ, કુંભ, નીલ, (૨૦) સુવ્રત (અથવા મુનિસુવ્રત), કાચબો,

૧. Sacred Books of the East Vol. 45. પ્રસ્તાવના પૃષ્ટ. ૨૧. ફુટનોટ.

કૃષ્ણ (૨૧) નમિ, નીલકમલ, સોનેરી (૨૨) નેમિ (અથવા અરિષ્ટનેમિ), શંખ, કૃષ્ણ, (૨૩) પાર્શ્વ, સર્પ, નીલ, (૨૪) વર્ધમાન સિંહ, સોનેરી. બધા તીર્થંકરો ક્ષત્રિય જાતિના હતા. મુનિસુવ્રત તથા નેમિ હરિવંશના, અને બાકીના બાવીશ ઇક્ષ્વાકુ વંશના હતા. શ્વેતાંબર મત પ્રમાણે મલ્લિ સ્ત્રી હતી; પણ દિગંબરો તેમ માનતા નથી કારણ તેમની માન્યતા પ્રમાણે સ્ત્રી જાતિને મોક્ષનો અધિકાર નથી. મહાવીર અને તેમની પહેલાંના બે તીર્થંકરોની વચ્ચેનું અંતર (આંતરૂં) ઉપર જણાવેલું છે; નેમિ કરતાં ૫ લાખ વર્ષ પૂર્વે નમિ નિર્વાણ પામ્યા, અને નમિ કરતાં ૧૧ લાખ વર્ષ પૂર્વે મુનિસુવ્રતે નિર્વાણદશા પ્રાપ્ત કરી. ત્યાર પછીનાં અંતરો ૬૫ લાખ, ૧ કરોડનાં છે; બાકીનાં અંતરો આંકડાથી ગણાવી શકાય તેમ નથી. પણ પલ્યોપમ અને સાગરોપમની ગણતરીથી અપાય છે; છેલ્લું અંતર એક કોટાકોટિ સાગરોપમનું છે. તેજ પ્રમાણે તેમનું આયુષ્ય અને ઉંચાઇ અંતરના પ્રમાણમાં છે. ( જુઓ Ages of the world (Indian) ) આ વિગતો શ્વેતાંબર મત પ્રમાણે આપવામાં આવી છે.

આ ઉપરાંત જૈન શાસ્ત્રોમાં એકથી બાવીશ તીર્થંકરો સુધીમાં થઇ ગયેલા બાર ચક્રવર્તિઓ નવ વાસુદેવો, નવ બલદેવો અને નવ પ્રતિવાસુદેવોની વાતો પણ આપવામાં આવી છે. ૨૪ તીર્થંકરો મળીને આ સર્વ જૈન ધર્મના ૫૩ શલાકા પુરૂષો ગણાય છે. આ બધાની વાર્તાઓ હેમચંદ્રના 'ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત' નામના ગ્રંથમાં (ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી ૧૯૦૬-૦૯ માં પ્રસિદ્ધ થયેલ) આપવામાં આવી છે. જેનો મૂળ આધાર કદાચ વાસુદેવહિંડી ગ્રંથ ઉપર રાખવામાં આવ્યો હોય તેમ જણાય છે.

બધા તીર્થંકરોને મરણ સમયેજ નિર્વાણ પ્રાપ્ત થયેલું છે. જો કે, સંસારથી મુક્ત થયા પછી તેઓ સાંસારીક કાર્યો પ્રત્યે નિરપેક્ષ હોય છે અગર તો સંસાર વ્યવહાર ઉપર તેઓ કંઇ પણ વીર્ય (શક્તિ) સ્ફુરાવતા નથી તો પણ તેઓ પૂજનીય થયા છે અને જૈનો તેમને દેવ તરીકે માને છે. જુઓ Atheism (Jain) Vol. II. P. 186 f), તેમનાં ચૈત્યો બાંધે છે અને તેમાં તેમની મૂર્તિઓ સ્થાપન કરી, તેમને પૂજે છે.[1] એમાંના પ્રથમ અને છેલ્લા ત્રણ તીર્થંકરો ખાસ ભક્તિપાત્ર થયેલા છે. પરંતુ બાકીનાંઓનાં પણ ચૈત્યો જોવામાં આવે છે. તીર્થંકરોની પ્રતિમાઓના પૂજન વિષે કેટલાક આગમોમાં ઉલ્લેખો છે પણ તેમાં પૂજાનો વિધિ દર્શાવેલો નથી.[2] પરંતુ ઇ. સ. ના પહેલા સૈકામાં પૂજા સારી રીતે પ્રચલિત હતી એમ પ્રાચીન જૈન કાવ્ય **'पउम चरिय'** ઉપરથી તથા મથુરા નજીકની કંકાલી ટેકરીમાંથી મળી આપેલી તીર્થંકરોની તે સમયની પ્રતિમાઓ ઉપરથી સિદ્ધ થાય છે.[3] શ્વેતાંબરોનો એક અર્વાચીન પક્ષ, ઢુંઢીયા અથવા સ્થાનકવાસીઓ પ્રતિમાપૂજાનો તદ્દન નિષેધ કરે છે.[4]

છેલ્લા બે સિવાય તીર્થંકરો ઇતિહાસ કરતાં દંતકથા સાથે સંબંધ ધરાવે છે એ કહેવાની જરૂર નથી; બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિને કૃષ્ણના સંબંધી તરીકે ઓળખાવેલા છે. પણ આગમોમાં આપેલી મહાવીરના જીવનની સવિસ્તર હકીકત ઐતિહાસિક ગણી શકાય.

તેઓ જ્ઞાત જાતિના હોઇ, વૈશાલિ ( બસાર

૧ જૈનોની પ્રતિમા વિષે જુઓ J. Burgess 'Digambara Jain Iconography' IA XXXII 1903 459 ff; G. Buhler 'Specimens of Jain Sculptures Mathura' in Epigraphica Indica II (1894) 311 ff; J. Fergusson and J. Burgess 'Cave Temples' London. 1880 P. 487ff.

૨ જૈનાગમોમાં જુદા જુદા 'चैय' (ચૈત્ય)ના ઉલ્લેખોથી એમ અનુમાન થઇ શકે કે કોઈક પ્રકારનો પૂજા વિધિ પહેલાં પણ હતો. વિહાર દરમ્યાન જે જે ગામની વાડીઓમાં મહાવીર રહેતા તે તે સ્થળે આવાં ચૈત્યો હતાં ( સરખાવો હોર્નેલનો 'उपासग दसाओ' નો અનુવાદ પૃ. ૨-નોટ-૪.

૩ એપીગ્રા. ઇન્ડિ પુ. ૨. ૩૩૧ ફુટનોટ.

૪ જુઓ 'શોધક'ની મૂર્તિ પૂજાનો નિષેધ કરનાર શ્વેતાંબર જૈનો ઉપર નોટસ; ૧૯૧૧ અને મારગારેટ સ્ટીવન્સનની Notes on Modern Jainism P. 13. f.

પટનાથી ૨૭ માઇલ ઉત્તરે ) શહેરના કુંડગ્રામ નામક એક પરાના રહેવાસી હતા.[૧] ક્ષત્રિય સિદ્ધાર્થ અને સારાં સારાં સગપણ સંબંધોથી જોડાયેલી ત્રિશલાના તે બીજા પુત્ર હતા. શ્વેતાંબરો એમ માને છે, તથા આચારાંગસૂત્ર અને કલ્પસૂત્રમાં પણ જણાવ્યું છે કે તે તીર્થંકરનો આત્મા પ્રથમ બ્રાહ્મણી દેવાનંદાના કુક્ષિમાં આવ્યો પણ પાછળથી ઇન્દ્રના હુકમથી ત્રિશલાની કુક્ષિમાં[૨] ફેરવી નાખવામાં આવ્યો હતો. પરંતુ દિગંબરો આ વાત માન્ય રાખતા નથી. તેમનાં માબાપ પાર્શ્વનાથના ભક્ત હતાં. તેમણે તેનું નામ વર્ધમાન રાખ્યું. ( વીર અથવા મહાવીરના નામથી પણ તેઓ ઓળખાય છે. અર્હત્ ભગવત્ જિન વિગેરે નામો સર્વ તીર્થંકરોને સામાન્ય છે ). તે યશોદાને પરણ્યા અને તેનાથી તેમને અણોજ્જા નામની પુત્રી થઇ. જ્યારે તેમની ઉમર ત્રીસવર્ષની થઇ, ત્યારે તેમનાં માબાપ ગુજરી ગયાં અને તેમના મોટાભાઇ નંદીવર્ધન તેમના પિતાની ગાદીપર આવ્યા. પોતાના વડિલબન્ધુ તથા બીજા વડીલોની અનુજ્ઞાથી તેણે પોતાનો લાંબા વખતથી ઇચ્છિત નિશ્ચય પાર પાડયો અને જૈનવિધિ અનુસાર અણગારત્વ અંગીકાર કર્યું. ત્યાર પછી બારવર્ષ પર્યંત દેહદમન કર્યું; મહાવીર સર્વ પ્રકારનાં દુઃખો સહન કરતાં સાધુ વેષે અહીં તહીં ભટકયા; પહેલા તેર મહીના પછી તેમણે વસ્ત્રો સુદ્ધાં છોડી દીધાં. ત્યાર બાદ ધ્યાનપરાયણ રહ્યા અને આખરે જેને બૌદ્ધો બોધિ કહે છે તેવું કેવલજ્ઞાન પામ્યા. જૈનધર્મનો ઉપદેશ કરતા અને અને પોતાના અગ્યાર ગણધરોને ભણાવતા તેઓ બેંતાલીશ વર્ષ વધુ જીવ્યા. ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ. વાયુભૂતિ, આર્યવ્યક્ત, આર્યસુધર્મન્, મંડિતપુત્ર, મૌર્યપુત્ર, અકમ્પિત, અચલભ્રાતૃ, મેતાર્ય, અને પ્રભાસ—આ રીતે અગ્યાર ગણધરોનાં નામ છે.

૧. હૉર્નેલના કહેવા પ્રમાણે (ઉપર્યુક્ત પુસ્તક પૃ ૪ નોટ. ૮) વૈશાલિનાં બન્ને પરાં કુંડગ્ગામ અને વાણિયગ્ગામ તે હાલનાં બાનીયા અને બસુકુંડ ગામો છે.

૨. સરખાવો રોહિણીના ગર્ભમાંથી દેવકીના ગર્ભમાં બલદેવને લઈ જવામાં આવ્યા હતા. જેથી તેમનું નામ સંકર્ષણ તથા રોહિણેય પડયું હતું.

બોંતેર વર્ષની ઉમરે પાવામાં તે નિર્વાણ પામ્યા. ત્યાર પછી કેટલેક વખતે બુદ્ધ દેવલોક પામ્યા એમ ઉપર જણાવ્યું છે. આ ઉપરથી મહાવીરનો કાળ ઇ. સ. પૂર્વે ૪૮૦ માં થયો એમ કહી શકાય. પરંતુ શ્વેતાંબરો મહાવીરનો નિર્વાણ કાળ વિક્રમ સંવત્થી ૪૭૦ વર્ષ પહેલાં અર્થાત્ ઇ. સ. પૂર્વે પ૨૭ માં ગણે છે.[૧] પણ દિગંબરો તેથી ૧૮ વર્ષ મોડો ગણે છે.

**૩. શ્વેતાંબરોનું ( આગમ ) શાસ્ત્રીય સાહિત્ય**:—શ્વેતાંબરોનાં આગમો મહાવીરે પોતે રચેલાં નથી, (દિગંબરો તે આગમોને પ્રમાણભૂત માનતા નથી) પરંતુ કેટલાંક આગમોમાં ઇન્દ્રભૂતિ ગૌતમને મહાવીરે જે ઉપદેશ આપ્યો હતો તે તેના શિષ્ય ગણધર સુધર્માએ પોતાના શિષ્ય જંબુ સ્વામીને આપ્યો છે એમ જણાય છે.

હાલમાં હસ્તીમાં રહેલાં આગમો વિષે ચર્ચા કરતાં પહેલાં એટલું જણાવવું જોઇએ કે જૈનમત પ્રમાણે પહેલા તીર્થંકરના સમયથી ચૌદપૂર્વો અને અગીયાર અંગો એમ બે પ્રકારનાં આગમો હતાં; પણ દૃષ્ટિવાદ નામક ૧૨ મા અંગમાં ૧૪ પૂર્વોનો સમાવેશ થઇ જાય છે. મહાવીરની પાટે આઠમા આચાર્ય સ્થૂલભદ્ર સુધીજ ચૌદ પૂર્વોનું જ્ઞાન રહ્યું; ત્યાર બાદ વજ્ર સુધીના સાત આચાર્યો સુધી દશ પૂર્વોનું જ્ઞાન રહ્યું. ત્યાર પછી બાકીનાં પૂર્વો એક પછી એક વિચ્છેદ ગયાં, તેથી આખરે જ્યારે (વીરાત્ સં. ૯૮૦ માં) આગમો પુસ્તકારૂઢ થયાં ત્યારે બધાં પૂર્વો અને તેથી બારમું અંગ વિચ્છેદ ગયાં. આ જાતની પૂર્વો વિષે શ્વેતાંબરોની માન્યતા છે. દિગંબરોની પણ થોડા ફેરફાર સાથે આગમોના વિચ્છેદ વિષે તેવીજ માન્યતા

૧. પરિશિષ્ટ પર્વ (બીબ્લિ ઇંડી, કલકત્તા ૧૮૯૧) ની મારી પ્રસ્તાવના (પૃ. ૪)માં શ્વેતાંબરોની માન્યતા વિષે મેં વિવેચન કર્યું છે. અને જૈનલોકોની માન્યતા પ્રમાણે મહાવીરના નિર્વાણ પછી ૧પપ વર્ષે ચંદ્રગુપ્ત ગાદીએ આવ્યો એ મિતિ, તથા ઇ. સ. પૂર્વે ૩૨૧ અથવા ૩૨૨ માં (ઐતિહાસિક રીતે) ચંદ્રગુપ્ત ગાદીએ આવ્યો, એમ બન્ને મિતિ સરખાવતાં મહાવીરના નિર્વાણની મિતિ લગભગ ઈ. સ. પૂર્વે ૪૭૬, અગર ૪૭૭ આવી રહે છે.

છે; વિશેષમાં તેઓ એમ પણ માને છે કે બીજી નવ આચાર્ય પરંપરા પછી અંગો પણ વિચ્છેદ ગયાં છે.[1]

આ અગીયાર અંગો એ સિદ્ધાંતનો ઘણો પ્રાચીન ભાગ છે. હાલમાં સિદ્ધાંતનો ૪૫ ગ્રંથોમાં સમાવેશ થાય છે. ૧૧ અંગો, ૧૨ ઉપાંગો, ૧૦ પયન્ના (પ્રકીર્ણ), ૬ છેદસૂત્ર, નાન્દી અને અનુયોગદ્વાર, અને ૪ મૂલસૂત્રો, મળી ૪૫ આગમો ગણાય છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.[2]—(૧) અગીયાર અંગોઃ-આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, ભગવતી, જ્ઞાતધર્મકથા. ઉપાસકદશા, અન્તકૃદ્દશા, અનુત્તરોપપાતિક દશા, પ્રશ્નવ્યાકરણ, વિપાક, (દૃષ્ટિવાદ વિચ્છેદ ગયું છે). (૨) ૧૨ ઉપાંગોઃ—ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ. સૂર્યપ્રજ્ઞપ્તિ, નિરયાવલિ (અથવા કલ્પિક), કલ્પાવતંસિકા. પુષ્પિકા, પુષ્પચૂલિકા, વૃષ્ણિ દશા. (૩) ૧૦ પયન્ના (પ્રકીર્ણ):—ચતુઃ શરણ, સંસ્તાર, આતુર પ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા, તણ્ડુલ વૈયાલિ, ચંદાવીજ, દેવેન્દ્રસ્તવ, ગણિવીજ, મહાપ્રત્યાખ્યાન, વીરસ્તવ (૪) ૭ છેદસૂત્રો—નિશીથ, મહાનિશીથ, વ્યવહાર, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, પંચકલ્પ, (૫) બે સૂત્રો નાન્દી, અનુયોગદ્વારસૂત્ર, (૬) ચાર મૂલ સૂત્રો--ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક અને પિંડનિર્યુકિત.

આમાંનાં ઘણાખરાં આગમો છપાયાં છે, કેટલાંક ટીકા સાથે છપાયેલાં છે. આચારાંગ, સૂત્રકૃતાંગ, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરોપપાતિકદશા ઉત્તરાધ્યયન અને બે કલ્પસૂત્રોનાં અંગ્રેજી અનુવાદો પ્રસિદ્ધ થયેલા છે.

વીર નિર્વાણ પછી ૯૮૦ વર્ષે ( સામાન્ય ગણતરી પ્રમાણે ઇ. સ. ૪૫૪, પણ ખરી રીતે કદાચ ૬૦ વર્ષ વધુ મોડું) દેવર્ધિ ગણિએ જૈનાગમો પુસ્તકારૂઢ કર્યાં; તેના પહેલાં આગમો પુસ્તકારૂઢ થયા સિવાય ઉત્તરોત્તર મોઢેથી ચાલ્યાં આવતાં હતાં. મૂળ રચનાના સમયથી માંડી પુસ્તકારોહ સુધીના સમયમાં, તથા ત્યાર પછી પણ, તેમાં ઘણા ફેરફાર થતા રહ્યા છે; જેની નિશાનીઓ હજુ પણ બતાવી શકાય તેમ છે.[1] આ ફેરફારો સાથે જે ભાષામાં મૂળ આગમો રચાયાં હતાં તે ભાષામાં પણ ફેરફારો થતા રહ્યા છે. જૈનોના મત પ્રમાણે આગમોની મૂળ ભાષા અર્ધમાગધી હતી; અને અત્યારનાં આગમોની ભાષાને તેઓ અર્ધમાગધી અથવા માગધી કહે છે; પરંતુ એક મોઢેથી બીજે મોઢે પાઠ અપાતાં તેમાં અર્વાચીન શબ્દોની અસર થઇ હોય તેમ જણાય છે. આગમોના પ્રાચીન ભાગોમાં ઘણાં જુનાં રૂપો વપરાયેલાં છે, જેને બદલે અર્વાચીન ગ્રંથોમાં મહારાષ્ટ્રી પ્રયોગો મુકવામાં આવ્યા છે. તેથી આગમોની ભાષાને જૈન પ્રાકૃત અને જરા અર્વાચીન ગ્રંથોની ભાષાને જૈન મહારાષ્ટ્રી કહેવી ઇષ્ટ છે.

આગમ ગ્રંથો જુદા જુદા સમયના હોવાને લીધે જુદા જુદા પ્રકારના છે. મોટા ભાગે કેટલાક ગદ્યમાં, કેટલાક પદ્યમાં અને કેટલાક ઉભયના મિશ્રણ રૂપે છે. ઘણી વખત આગમોમાં એક બીજા સાથે જરા પણ સંબંધ ન ધરાવતા ભાગો એક સાથે મુકી દઇને ગ્રંથરચના કરવામાં આવી હોય તેમ જણાય છે. પ્રાચીનતર ગદ્ય ગ્રંથો છુટા છવાયા અને પુનરૂકિત દોષ વાળા હોય છે; કેટલાક ગ્રંથોમાં સંક્ષિપ્ત નિયમો, તો કેટલાકમાં લાંબાલાંબાં વર્ણનો અને સિદ્ધાંતના વાદગ્રસ્ત વિષયોનાં પદ્ધતિસર વિવેચનો હોય છે; જ્યારે બીજાં આગમોમાં સાદ્યંત પદ્ધતિસર વર્ણન જોવામાં આવે છે. વધારે ઉપયોગી આગમો ઉપર ઘણી સંખ્યાબંધ ટીકાઓ અને ચૂર્ણીઓ લખવામાં આવી છે.[2] આ આગમો અને ટીકાઓ ઉપરાંત સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં જૈન સિદ્ધાંતવિષયક મૂળ આગમોને અનુસરીને લખાયેલા ઘણા સ્વતંત્ર ગ્રંથો છે. આવા ગ્રંથો ઘણી ચોકસાઇથી અને સ્પષ્ટતાથી લખવામાં આવ્યા છે. પણ પાછળથી તેમના ઉપર પણ વિદ્વાનોએ ટીકાઓ રચેલી હોય છે. આમાંનો

૧. વિગતો માટે જુઓ. ('ગેરીનો'નો) રેપર્ટરીડીએપીગ્રાફી જૈન પેરીસ ૧૯૦૮ પૃ. ૩૬.

૨. વિગતો માટે જુઓ વેબરનો 'જૈનોનું પવિત્ર સાહિત્ય' એ લેખ જે પહેલાં જર્મનમાં ૧૮૮૩માં છપાયો હતો અને ૧૮૮૮ માં I. A. XVII માં અંગ્રેજીમાં અનુવાદિત થયો હતો.

૧ જુઓ. વેબર. loc. cit. 8.

૨ આ ટીકાઓના સાહિત્યનો અભ્યાસ ઈ. લ્યુમને કર્યો છે. ZDMG XIVI (1892) 585 ff.

ઉમાસ્વાતિ રચિત-શ્વેતાંબર ગ્રંથ-'તત્વાર્થાધિગમ સૂત્ર' ઘણો પ્રાચીન છે. આ ગ્રંથ દિગંબરો તેમનો પોતાનો માને છે.[1] તેજપાલના પુત્ર વિનયવિજય (૧૬૫૨) નો લોકપ્રકાશ[2] નામનો ગ્રંથ જૈન ધર્મનો સર્વજ્ઞાન-સંગ્રહ કોષ જેવો છે. આ લેખનો આધાર આ અને આવા ગ્રંથો ઉપર મુખ્યત્વે કરીને રહેલો છે.

સાથે એ પણ જણાવવું જોઇએ કે જૈન લોકોનું સંસ્કૃતમાં અને પ્રાકૃતમાં ગદ્ય પદ્યાત્મક સાંસારિક વિષયોનું પણ ઘણું સાહિત્ય છે. સિદ્ધાંતના અને નીતિના કેટલાક પ્રશ્નો સમજાવવા માટે કેટલીક રસદાયક વાર્તાઓ સંસ્કૃત અને પ્રાકૃતમાં આપવામાં આવી છે. વળી તેઓએ ઘણી વિસ્તૃત વાર્તાઓ પણ લખેલી છે. તેમાંની કેટલીક લોકપ્રિય પદ્ધતિમાં જેવી કે હરિભદ્રની 'સમરાઇચ્ચ કહા' અને સિદ્ધર્ષિની રૂપકમય 'ઉપમિતિ ભવ પ્રપંચ કથા' (બન્ને બીબ્લી. ઇન્ડિકા કલકત્તા ૧૯૦૧-૧૪ માં પ્રગટ થયેલી); કેટલીક અલંકારિક કૃત્રિમ સંસ્કૃત ભાષામાં જેવી કે સોમદેવનું **यशस्तिलकम्** અને ધનપાલની 'તિલકમંજરી' (બન્ને ૧૯૦૧-૦૩ ૧૯૦૩ માં મુંબઇ કાવ્યમાલામાં પ્રસિદ્ધ થયાં છે). **पउमचरिय** નામક એક પ્રાચીન (લગભગ ઇ. સ. ના ત્રીજા સૈકાનો) પ્રાકૃત ગ્રંથ છે કે જે જૈન પદ્ધતિ પ્રમાણે રામાયણનું રૂપાંતર છે. શ્વેતાંબરો અને દિગંબરોમાં 'પુરાણ' અને 'કાવ્ય'ની પદ્ધતિએ ઘણાં કાવ્યો રચાયાં છે, તેમજ સંસ્કૃત અને પ્રાકૃતમાં ઘણાં સ્તોત્રો રચાયાં છે. તેજ પ્રમાણે કેટલાંક જૈન નાટકો પણ છે. જૈન ગ્રંથકારોએ વ્યાકરણ, કોષ, અલંકાર, સાહિત્ય, તત્વજ્ઞાન વિગેરે વિષયોમાં ઘણા અપૂર્વ ગ્રંથો અને ટીકાઓ રચી છે (જુઓ હેમચંદ્ર વિષેનો લેખ પુ. ૬. પૃ. ૫૯૧)

**૪. જૈનધર્મના સિદ્ધાંતો**—જૈન સિધ્ધાંતોના બે મોટા વિભાગો પાડીશકાય; તાત્ત્વિક અને વ્યાવહારિક. તત્ત્વજ્ઞાનવિષયક પુસ્તકોમાં સત્ત્વવિદ્યા, અધ્યાત્મ અને માનસશાસ્ત્રનો સમાવેશ થાય છે. વ્યાવહારિક ગ્રંથોમાં નીતિશાસ્ત્ર, સાધુજીવન, ગૃહસ્થાચારનું વિવેચન આપવામાં આવે છે.

૧ (अ) તત્વજ્ઞાનઃ—આરણ્યકો અને ઉપનિષદોનો એ સિદ્ધાંત છે કે આત્મા એક, નિત્ય, અનાદિ, અવિકારી અને અનંત છે. જૈનો એ મંતવ્યથી વિરૂદ્ધ એમ માને છે કે આત્મા એકાંત નિત્ય અગર અવિકારી નથી; આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત છે.[1] આ સિદ્ધાંતને તેઓ 'અનેકાન્તવાદ' કહે છે. એ સિદ્ધાંતનો નિષ્કર્ષ એટલો છે કે દ્રવ્યરૂપે વસ્તુ નિત્ય છે પરંતુ તેમના ગુણ ને પર્યાય, ઉત્પત્તિ અને વિનાશને આધીન છે. વધુ સ્પષ્ટ કરીયે તો કોઇપણ વસ્તુ, દ્રવ્યરૂપે તો નિત્ય રહે છે, પણ તેને ગમે તે વખતે ગમે તે નામ કે રૂપ લાગી શકે. દાખલા તરીકે, મૃત્તિકા દ્રવ્યરૂપે નિત્ય છે, પણ મૃત્તિકાના ઘટનું રૂપ તથા આકાર ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વૈદિક વિચારો જગતથી પર એવા આત્મા વિષેના છે, જ્યારે જૈન વિચારો સાધારણ અનુભવમાં પ્રતીત થતા આત્મા વિષેના છે.

આત્માની અનિશ્ચિતતાના આ સિદ્ધાંતને જૈનો 'સ્યાદ્વાદ' નામક એક વિચિત્ર તાર્કિક પદ્ધતિથી સિદ્ધ કરે છે; એ પદ્ધતિને એટલું બધું મહત્વ આપવામાં આવ્યું છે કે ઘણીવાર જૈન મતને સ્યાદ્વાદ મત એમજ કહેવામાં આવે છે. સ્યાદ્વાદના સિદ્ધાંત પ્રમાણે પ્રત્યેક વસ્તુને વધારેમાં વધારે સાત દૃષ્ટિબિંદુથી નિહાળી શકાય; અને તેને માટે સાત વાક્યો આપેલાં છે, કે જે પ્રત્યેકમાં '**स्यात्**' શબ્દ આવે છે; જેમકે **स्यादस्ति सर्वं स्यान्नास्ति सर्वं, स्यात्** એટલે **कथंचित्**-ઉપરના વાક્યમાં **स्यात्** શબ્દ **अस्ति** ને લાગુ પડે છે, અને **अस्तित्व** ની અનિશ્ચિતતા સૂચવે છે દાખલા તરીકે, **स्यादस्ति घटः** એટલે કે ઘટ તરીકે તે અસ્તિત્વ ધરાવે છે; પણ પટ અથવા બીજી કોઇ વસ્તુ તરીકે તે અસ્તિત્વ ધરાવતો નથી. આવા

૧ આ ગ્રંથ બાળબોધ લીપિમાં ટીકા અને જર્મન અનુવાદ સાથે મેં ZDMG IX (1906) 287 ff, 572 ff. પ્રસિદ્ધ કર્યો છે ભાષ્ય સાથે બીબ્લી. ઇન્ડિકા. (કલકત્તા ૧૯૦૫) માં પણ છપાયો છે.

૨. હીરાલાલ હંસરાજ જામનગરવાળાએ ૧૯૧૦ માં ૩ ભાગમાં આ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે.

૧. જુઓ હ. જેકોબી. 'જૈનોનું અધ્યાત્મ તથા નીતિશાસ્ત્ર'નો લેખ. ઑક્સફર્ડ ૧૯૦૮ માં પ્રકટ થયેલ Trans. of the Congress for the His of Religion A. ii-60.

દેખીતાં સત્યોનો હેતુ 'આત્મા એક અને અદ્વિતીય સર્વ વસ્તુઓમાં એકજ રૂપે રહેલો છે' એવી વેદાન્તીઓની માન્યતામાંથી જૈન ધર્મને બચાવવાનો છે. આ પ્રમાણે ત્રણ ક્રિયાવાચ્ય વિશેષણો **अस्ति, नास्ति, अवक्तव्य** -આવે છે; કારણકે એકજ વસ્તુમાં સત્ અને અસતનું એકી વખતે અસ્તિત્વ હોય છે, અને આવા અરસપરસ વિરોધી ભાવોનું એકી સાથે અસ્તિત્વ ભાષાના કોઈ શબ્દથી કહી શકાય તેમ નથી. આ ઉપરના ત્રણ ક્રિયાવાચ્ય વિશેષણોને જુદી જુદી રીતે મુકવાથી સાત ભાંગા પાડી શકાય તેને સ્યાદ્વાદની સપ્તભંગી કહેવાય છે.

સ્યાદ્વાદના સિદ્ધાંતના પરિશિષ્ટ રૂપે અને એક રીતે તેમાંથી ફલિત થતો 'નયવાદ' છે. 'નયો' વસ્તુનો સ્વભાવ બતાવવાની રીતો છે. જૈન મત પ્રમાણે નિર્ણય બાંધવાની આ બધી રીતો એકદેશીય છે. અને તેથી સત્યનો એક અંશ તેમાં રહેલો છે. અર્થને પ્રતિપાદન કરનાર ચાર-અને શબ્દને પ્રતિપાદન કરતા ત્રણ-એમ મળી સાત નયો છે. આ જાતની પ્રરૂપણા કરવાનું કારણ એજ છે કે વેદાન્તીઓ માને છે તેમ આત્મા અમિશ્ર નથી પણ મિશ્ર ભાવયુક્ત છે; તેથી વસ્તુ વિષેનો પ્રત્યેક નિર્દેશ અપૂર્ણ અને એકદેશીય છે અને વસ્તુના એકજ દેશને ગ્રહણ કરીયે તો આપણે ચોક્કસ ભુલાવામાં પડવાના. આથી એક વસ્તુ વિષે ચર્ચા કરતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ સંબંધી વિચાર કરવો જરૂરનો છે.

(બ) આધ્યાત્મિકઃ—સર્વ દ્રવ્યોના 'જીવ' અને 'અજીવ' એમ બે મુખ્ય વિભાગો પાડવામાં આવ્યા છે. 'અજીવ'ના આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને પુદ્ગલ એમ ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. બીજી બધી વસ્તુઓ જીવ અને પુદ્ગલની સંસ્થિતિ માટે આકાશ, ધર્મ, અને અધર્મની ખાસ આવશ્યકતા છે. આકાશનો ધર્મ સર્વ દ્રવ્યોને અવગાહ આપવાનો છે; ધર્મ અને અધર્મનું પ્રયોજન અનુક્રમે ગતિનાં સહાય રૂપ અને સ્થિરતામાં સહાયરૂપ થવાનું છે. આ ઉપરથી જોઇ શકાશે કે આકાશનું કાર્ય જૈનોએ ત્રણ જુદા દ્રવ્યોમાં વ્હેંચી દીધું છે; આ તર્કના વિષયથી અતિરિક્ત લાગે છે. ધર્મ અને અધર્મ નામના બે મૂળ દ્રવ્યોના વિચારો જે તેના પારિભાષિક અર્થમાં આગમોમાં વર્ણવાયેલા છે તે પ્રાથમિક મૂળ વિચારોમાંથી વિકસિત થયા હોય તેમ લાગે છે. કારણ જેમ તેમના નામો 'ધર્મ' અને 'અધર્મ' સૂચવે છે તેમ પ્રાથમિક વિચાર શ્રેણિમાં તેનો અર્થ જેના સંઘટ્ટથી પાપ અને પુણ્યનો ઉદ્ભવ થાય છે તેવા અરૂપી 'રસો' હોય તેમ લાગે છે. પાછળના વિચારો માટે 'પાપ' અને 'પુણ્ય' એવા શબ્દો જૈનો વાપરતા હોઈ, બીજા ભારતીય વિચારકોને અપરિચિત નવાજ અર્થમાં તે 'રસો'ના ચાલુ નામોનો ઉપયોગ કરવા લાગ્યા.

આકાશના બે વિભાગ છે. ચરાચર લોકથી વ્યાપ્ત તે લોકાકાશ; અને તેથી પર તે અલોકાકાશ; તે કેવળ ખાલી છે. ધર્મ અને અધર્મ લોકાકાશ જેટલાજ વિશાળ છે; તેથી કોઈ પણ આત્મા અગર પુદ્ગલ પરમાણુ, ગતિ અને સ્થિતિના સહાયભૂત દ્રવ્યના અભાવે લોકની બહાર જઈ શકે નહિ. ઉપર્યુક્ત દ્રવ્યો ઉપરાંત કેટલાકના મત પ્રમાણે 'કાલ' અર્ધ દ્રવ્ય ગણાય છે.

પુદ્ગલ નિત્ય છે અને પરમાણુઓનો બનેલો છે; બીજી રીતે જોઇએ તો તે સ્વરૂપે અનિશ્ચિત છે પણ સ્યાદ્વાદ શૈલિ પ્રમાણે પુદ્ગલ એવી વસ્તુ છે કે તે પૃથ્વી, અપ્, તેજ, વાયુ, ગમે તે રૂપ ધારણ કરી શકે છે. પુદ્ગલના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે ભેદ છે. સ્થૂલથી આ દશ્ય જગત બનેલું છે; અને સૂક્ષ્મ નાના પ્રકારનાં કર્મો તરીકે પરિણત થાય છે (જુઓ નીચે). સઘળા ભૌતિક પદાર્થો પરમાણુઓના સંઘટ્ટથી ઉત્પન્ન થાય છે; એક અણુ સ્નિગ્ધ હોય અને બીજો રૂક્ષ હોય અગર બે પદાર્થો ઓછી વત્તી રૂક્ષતા અથવા સ્નિગ્ધતાવાળા હોય ત્યારે તેનો 'બંધ' થાય છે. આ રીતે ઉત્પન્ન થયેલા સમૂહો બીજા સાથે જોડાય છે વિગેરે. પણ તેઓ સઘળા તેમના સ્વરૂપમાં નિત્ય રહેતા નથી પણ ગુણોના ગ્રહણ લઇને 'ભેદ' અથવા 'પરિણામ' પામે છે. આ રીતે જીવોનાં શરીર અને ઇન્દ્રિયોની રચના થાય છે. પૃથ્વી, અપ્, તેજ, અને વાયુ-એ કેવળ અનુત્ક્રાંત દશામાં-એકેન્દ્રિય જીવોનાં શરીરો છે, તેથી તેમને પૃથ્વી કાય,

અપ્કાય વિગેરે કહેવામાં આવે છે. અહીં કેવળ જૈન ધર્મમાંજ દેખાતા **સર્વત્ર જીવવાદ** સંબંધી વિચારો આપણને મળી આવે છે. ઘણે ભાગે એ વિચારો ઘણાજ જુના સમયના છે-વૈદિક વિચારોની અસર તળે નહિ આવેલ હિંદી સમાજના ચોક્કસ વર્ગોમાં તે પ્રચલિત હોવા જોઇએ.

પુદ્ગલ અને પૌદ્ગલિક વસ્તુઓથી ભિન્ન જીવો છે. જીવો અનંત છે. સમગ્ર વિશ્વ જીવોથી ભરપુર છે. જીવ દ્રવ્ય હોઈ નિત્ય છે; પણ તેનું પરિમાણ નિશ્ચિત નથી. કારણ કે જેવડા શરીરમાં તેનો વાસ હોય તેવું અને તેટલું તેનું પરિમાણ થાય છે. જીવનું લક્ષણ ઉપયોગ છે જે બાહ્ય કારણોથી આચ્છાદિત થઇ શકે પણ કદાપિ નષ્ટ થઇ શકે નહિ.

જીવ બે પ્રકારના છે: સંસારી અને મુક્ત. જન્મ મરણ પરંપરામાં બંધાયેલા જગતના સૌ જીવો સંસારી છે; મુક્ત જીવોને ફરી વખત જન્મવાનું હોતુંજ નથી; પૂર્ણ પવિત્રતા તેઓ પામી શક્યા છે. તેઓ વિશ્વની ટોચ ઉપર સિદ્ધ દશામાં બિરાજે છે; તેઓને સંસાર વ્યવહાર સાથે કંઇ લાગતું વળગતું નથી; તેઓ મુક્તિ પદ પામ્યા છે. તાત્વિક દૃષ્ટિથી સંસારી અને મુક્ત જીવોમાં ફેરફાર એટલોજ છે કે સંસારી જીવો, રેતીથી ભરેલી કોથળીની માફક સૂક્ષ્મ કર્મ પરમાણુઓથી વ્યાપ્ત છે, જ્યારે મુક્ત જીવો કેવળ પવિત્ર છે અને કર્મ પરમાણુઓથી મુક્ત છે.

આત્માનું અશુદ્ધપણું આ પ્રમાણે થાય છે. 'કર્મ' રૂપમાં પરિણત થવાને તૈયાર સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓનો આત્મામાં સંચાર થાય છે. આ ક્રિયાને 'આસ્રવ' કહે છે. સામાન્ય રીતે જીવને 'કષાય' વળગેલા હોય છે, જે આત્માના સંયોગમાં આવેલા સૂક્ષ્મ કર્મ પરમાણુઓને ચીકટ પદાર્થની જેમ પકડી રાખે છે; આત્માએ આ રીતે પકડી રાખેલ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓનો, તેની સાથે, જાણે કે રાસાયણિક સંયોગ થાય છે. આને 'બંધ' કહે છે. આ પ્રમાણે આત્માને વળગેલાં પુદ્ગલ પરમાણુઓ અષ્ટવિધ કર્મમાં પરિણત થઇ, 'કાર્મણ શરીર'[1] બને છે, જે જન્મ-જન્માંતરોમાં આત્મા સાથે રહી તેની સ્થિતિ અને તેનું ભવિષ્ય નક્કી કરે છે. કારણ કે જેમ આત્માનું પ્રત્યેક કર્મ કરેલાં સારાં નરસાં કે શુભાશુભ કાર્યોથી થયેલું હોય છે, તેજ પ્રમાણે તેનું ફળ પણ સારૂં, નરસું, કે શુભાશુભ આવે છે અને તે આત્માને ભોગવ્યા વગર છુટકો નથી. ઉપર કહ્યા પ્રમાણે જ્યારે અમુક કર્મનું ફળ ભોગવાઈ જાય છે, ત્યારે તે કર્મ પરમાણુઓથી આત્મા મુક્ત થાય છે. આ ક્રિયાને 'નિર્જરા' કહે છે. જો આ ક્રિયા અવિરોધપણે સતત ચાલ્યાં કરે, તો અંતે સઘળાં કર્મ પરમાણુઓ આત્માથી મુક્ત થઈ જાય છે; જે આત્મા મુક્તદશા પહેલાં કર્મ-ભારથી લદાયેલ હતો તે હવે મુક્ત થઈ, જ્યાં સિદ્ધોનો નિવાસ છે ત્યાં વિશ્વની ટોચ પર સિદ્ધ શિલા ઉપર-સીધો ઉંચે જાય છે. પરંતુ સામાન્ય રીતે 'બંધ' અને 'નિર્જરા'ની ક્રિયાઓ સાથે સાથે ચાલે છે અને તેથી જીવને સંસારમાં રહેવાની ફરજ પડે છે. જીવના મૃત્યુ પછી, આત્મા કાર્પણ શરીર સાથે થોડા સમયમાં પોતાના નવીન જન્મસ્થાન પર જઇ પહોંચે છે અને ધારણ કરવાના નવા શરીરના કદ પ્રમાણે પોતાનો વિસ્તાર અથવા સંકોચ કરી નવું શરીર ધારણ કરે છે.

સંસારી જીવોમાં બધા જીવંત પ્રાણીઓનો સમાવેશ થાય છે. જેનું વર્ગીકરણ કેવળ શાસ્ત્રીય દૃષ્ટિએ જ નહિ, પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ પણ જૈનોનો ઘણોજ રસિક વિષય થઇ પડયો છે. જૈનો 'અહિંસા'ને 'પરમધર્મ' માનનારા હોઇ, જીવના બધા પ્રકારો

૧. જૈનો પાંચ પ્રકારનાં શરીરો માને છે. (જો કે બધા સાથે નહિ) એક ઔદારિક અને ચાર સૂક્ષ્મ શરીરો. કાર્મણ શરીર જે કર્મોનું બનેલું છે અને જેને શારીરિક ક્રિયા નથી તે. ઉપરાંત (૧) વૈક્રિય શરીર જેથી દેવો પોતાનું ગમે તે રૂપ કરી શકે (૨) આહારક શરીર; ચૌદ પૂર્વધરોને કોઇક અર્થમાં સૂક્ષ્મ સંદેહ થયો હોય ત્યારે તીર્થંકર ભગવાન પાસે આહારક શરીર કરીને તેઓ જાય છે. (૩) તૈજસ્ શરીર જે સામાન્ય જીવોમાં પાચનાદિ કાર્ય કરે છે; પણ મહા પુરૂષોમાં તેમના શાપો ફળીભૂત કરે છે. અને આશીર્વાદ, વરદાન, ફળીભૂત કરે છે. વિગેરે સૂક્ષ્મ શરીરોનો સિદ્ધાંત (જેમાં જો કે વિગતો વિવાદાસ્પદ છે તે) અતિપ્રાચીન વિચારોમાંથી ફલિત થાય છે. જૈનોએ તેને પદ્ધતિસર રૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. વૈક્રિય અને તૈજસ શરીર સાથે સાંખ્યોના વૈદારિક, અને તૈજસ અહંકારને સરખાવી શકાય.

જાણવા તેમને આવશ્યક છે. જૈનો પ્રાણીઓનું વર્ગીકરણ તેમની ઇન્દ્રિયોની સંખ્યાને આધારે કરે છે. સૌથી ઉચ્ચ કોટિમાં પંચેન્દ્રિય આવે છે જેને સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર–એ પાંચ ઇન્દ્રિયો હોય છે; એકેન્દ્રિય જીવને માત્ર સ્પર્શ ઇન્દ્રિય જ હોય છે. અને બાકીના બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વિગેરે જીવોને અનુક્રમે બે ત્રણ અને ચાર ઇન્દ્રિયો હોય છે. દાખલા તરીકે કૃમિ વિગેરેને સ્પર્શ અને રસના એમ બે ઇન્દ્રિયો છે. કીડીને બે ઉપરાંત ઘ્રાણ વધુ છે. ભ્રમર વિગેરેને ચક્ષુ વધારે છે. સઘળા કરોડવાળાં પ્રાણીઓને પાંચ ઇન્દ્રિયો છે. દેવો, નારક જીવો અને મનુષ્યોને મન હોય છે; અને તેથી તેઓ સંજ્ઞી કહેવાય છે. અને તેથી નિકૃષ્ટ જીવોને અસંજ્ઞી કહેવાય છે. એકેન્દ્રિય જીવો વિષેના જૈનોના કેટલાક વિચારો અમુક અંશે તેમનાજ હોઇ, વધારે વિવેચનની અપેક્ષા રાખે છે.

ઉપર કહેવામાં આવ્યુંજ છે કે પૃથ્વી અપ્ તેજ વાયુ–એ ચારે તત્ત્વોમાં જીવ તો રહેલોજ છે. જેમકે પૃથ્વીના પરમાણુઓ પૃથ્વીકાયના એકેન્દ્રિય જીવોનું શરીર છે. આને આપણે એકેન્દ્રિય જીવો કહી શકીયે; તેઓ જન્મે છે અને મૃત્યુ પામે છે; અને પુનઃ એજ અથવા તો બીજા આવા શરીરમાં જન્મ પામે છે. આ એકેન્દ્રિય જીવો સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારના હોય છે. સૂક્ષ્મ જીવો દૃષ્ટિગોચર હોતા નથી; એકેન્દ્રિય જીવોનો છેલ્લો વર્ગ વનસ્પતિ છે; કેટલીક વનસ્પતિમાં એકજ જીવ હોય છે; જ્યારે કેટલીકમાં સંખ્યાબંધ જીવોના સમૂહ હોય છે જેમનાં જીવનના હવા પોષણાદિ સર્વ કાર્યો સામાન્ય હોય છે. વનસ્પતિ સજીવ છે એવી માન્યતા બીજા ભારતીય તત્ત્વજ્ઞો પણ ધરાવે છે; પણ જૈનોએ આ માન્યતાનો ઘણી આશ્ચર્યકારક રીતે વિકાસ કર્યો છે. જે વનસ્પતિમાં એકજ જીવ રહેલો છે તે હંમેશાં સ્થૂલ હોય છે; તે વિશ્વના રહેવા લાયક ભાગમાં જ હોય છે. પરંતુ જે વનસ્પતિ વનસ્પતિકાયના જીવોના સમૂહનું શરીર હોય છે તેમાંની કેટલીક સૂક્ષ્મ અને અદૃષ્ટિગોચર હોઇ આખા વિશ્વમાં સર્વત્ર આવેલી હોય છે. આવી સૂક્ષ્મ વનસ્પતિને 'નિગોદ' કહે છે. તેમાં અનંતા જીવો એક નાના સમૂહમાં રહેલા હોય છે. તેમને હવા અને પોષણ સામાન્ય હોય છે, તથા ઘણીજ તીવ્ર યાતના અનુભવે છે. આવા અસંખ્ય નિગોદોનો એક 'ગોલક' ( Globule ) થાય છે. અને એક પેટીમાં ભરેલા પાઉડરની માફક આખા વિશ્વમાં વ્યાપી રહેલા હોય છે. જે જીવો નિર્વાણ પામ્યા હોય છે, તેમની જગ્યા નિગોદીઆ જીવો પુરતા રહે છે. પણ નિગોદના અનંતમાં પ્રદેશના જીવો આખા જગતમાં અનાદિકાળથી તે અત્યાર સુધી નિર્વાણ પામેલા બધા જીવોની જગ્યા પુરવાને પુરતા છે. આ ઉપરથી વ્યક્ત થશે કે સંસાર કોઇ દિવસ જીવો વગરનો નહીં રહે ( જુઓ લોક પ્રકાશ ૬. ૩૧. )

બીજા દૃષ્ટિબિંદુથી સંસારી જીવોના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે; નારક, તિર્યંચ, મનુષ્યો, અને દેવો; આ ચાર ગતિમાં જીવો પોતપોતાના પાપ પુણ્ય પ્રમાણે જન્મ પામે છે. વિશેષ હકીકત માટે જુઓ નીચેના લેખો Demons & Spirits (Jains) Vol. IV P. 608ff. Cosmogony & Cosmology (Indian) 4 Vol. IV P. 160 f. Ages of the world (Indian) Vol. 1 Page 200.

આપણે ઉપર જોયું કે જીવને શરીર ધારણ કરવામાં 'કર્મ' એ કારણભૂત છે. જૈન દર્શનનો પાયો કર્મના સિદ્ધાંત ઉપર રચાયેલો છે; તેથી તેનું વિશેષ સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. કેવળ જ્ઞાન, દર્શન, પરમાનંદ (અવ્યાબાધ) તથા બધી પ્રકારની સંપૂર્ણતા એ આત્માના સહજ ગુણો છે. પરંતુ સંસારી જીવોમાં આત્માના આ સહજ ગુણો કર્મથી આવરણ પામે છે; આ દૃષ્ટિબિંદુથી કર્મના વિભાગો સમજી શકાશે. જ્યારે કર્મ પરમાણુઓનો આત્માની સાથે 'બંધ' થાય છે ત્યારે જેમ અન્ન પાચન ક્રિયાથી શરીરના પોષણને માટે આવશ્યક જુદા જુદા રસોમાં પરિણત થાય છે તેમ કર્મ પૃથક્ પૃથક્ કે સંયુક્ત રીતે આઠ પ્રકાર (પ્રકૃતિના) થઇ, કાર્મણ શરીર બનાવે છે. આઠ પ્રકારનાં કર્મ નીચે પ્રમાણે છેઃ—

(૧) જ્ઞાનાવરણીય જે આત્માના સહજ સમ્યક્ જ્ઞાન (દાખલા તરીકે કેવળજ્ઞાન) ને આવરણ કરી. આત્માની જ્ઞાન અને અજ્ઞાનની જુદી જુદી દશા ઉત્પન્ન કરે છે;[૧] (૨) દર્શનાવરણીય* જે સમ્યક્ દર્શનનો અવરોધ કરે છે; જેમકે નિદ્રા; (૩) વેદનીય જે આત્માના આનંદ સ્વભાવને આવરણ કરી સુખી અને દુઃખી અવસ્થાઓ ઉત્પન્ન કરે છે; (૪) મોહનીય. જે સમ્યક્ દર્શન, ચારિત્ર, વિષે આત્માના સત્ય વલણ (ઉપયોગ) માં વિઘ્નરૂપ થઇ, સંશય, વિભ્રમ, કુચારિત્ર, રાગદ્વેષાદિ અને ભિન્ન પ્રકારની માનસિક સ્થિતિ ઉત્પન્ન કરે છે. બાકીનાં ચાર કર્મો જીવની વ્યક્તિ અવસ્થા સાથે સંબંધ ધરાવે છે. (૫) આયુ. જે નારક, તિર્યંચ, મનુષ્ય અગર દેવ ગતિના જીવનું આયુષ્ય નક્કી કરે છે. (૬) નામ. જે તેની વ્યક્તિ તરીકેની હયાતિના જુદાં જુદાં તત્વો અને સંજોગો ઉત્પન્ન કરે છે. જેમકે, સામાન્ય અને વિશેષ ગુણો અને શકિતવાળું અમુક પ્રકારનું શરીર. (૭) ગોત્ર-જે જીવની જાત, જ્ઞાતિ, કુળ, મોભ્ભો વિગેરે નક્કી કરે છે. (૮) અંતરાય. જે આત્માની સહજ વીર્ય શકિતનો અવરોધ કરે છે, અને તેથી જીવને સત્કાર્ય કરવાની ઇચ્છા હોય તો પણ તેમાં વિઘ્ન કરે છે.

પ્રત્યેક કર્મ અમુક નિયત સમયે વિપાક આપીને નાશ પામે છે. કર્મફલના સિદ્ધાંતની ચર્ચા કરતાં પહેલાં છ લેશ્યાનો સિદ્ધાંત જે કર્મના સિદ્ધાંતની સાથે સંબંધ ધરાવેછે તેનું નિવેદન કરવું જોઇએ. આત્માની સાથે સંકળાયેલાં કર્મો ભેગા થઇને ચર્મચક્ષુથી ન જોઇ શકાય તેવો એક રંગ ઉત્પન્ન કરે છે. અને તેને લેશ્યા કહે છે. લેશ્યા છ છે; કૃષ્ણ, નીલ, કાપોત, પીત, રકત, અને શ્વેત. એ લેશ્યા ઉપરથી જીવની નૈતિક સ્થિતિ જાણી શકાય છે; કારણ કે લેશ્યા જીવનું ચારિત્ર્ય સૂચવે છે, પ્રથમની ત્રણ લેશ્યા દુષ્ટ જીવોને હોય છે, અને છેલ્લી ત્રણ સારા જીવોને હોય છે.[૨]

પ્રત્યેક જીવની અવસ્થા, તેના સહજ સ્વભાવથી અને જે કર્મથી તે કલુષિત થયેલ છે તે કર્મથી ઉત્પન્ન થાય છે; આને પારિણામિક (Developmental) ભાવ કહે છે. બીજા પણ ચાર ભાવો છે જેને કર્મની પ્રવૃત્તિ સાથે સંબંધ છે. સામાન્ય વસ્તુસ્થિતિમાં કર્મ ફળ આપે છે અને તદનુસાર પરિણામ આપે છે, ત્યારે જીવ ઔદયિક ભાવમાં હોય છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી કર્મને થોડા વખત માટે વિપાક આપતું અટકાવી શકાય; તે કર્મ ઉપશાંત (neutralized) થાય છે પરંતુ તે રાખથી ઢંકાયેલા અગ્નિની માફક રહે છે. ત્યારે આત્મા ઔપશમિક ભાવમાં હોય છે. જ્યારે કર્મને વિપાક આપતાં અટકાવ્યું હોય એટલુંજ નહિ પણ તેનો ક્ષય કરી નાખ્યો હોય ત્યરે આત્મા ક્ષાયિક ભાવમાં હોય છે; જે ભાવ નિર્વાણ પ્રાપ્તિ માટે આવશ્યક છે. જીવને ક્ષાયોપશમિક નામનો ચોથો ભાવ હોય છે જેમાં ઉપર કહેલા ત્રણે ભાવોનો સમાવેશ થાય છે; આ દશામાં કેટલાંક કર્મોનો ક્ષય થયો હોય છે, કેટલાંક ઉપશાંત થયાં હોય છે જ્યારે કેટલાંક વિપાકદશામાં હોય છે. સાધારણ રીતે સજ્જનો આ ભાવમાં હોય છે; પરંતુ ઔપશમિક અને ખાસ કરીને ક્ષાયિકભાવ સત્પુરૂષોને હોય છે. આ ઉપરથી સહેલાઇથી સમજી શકાશે કે આ ભાવોના ભેદ જીવની નૈતિક અવસ્થા સાથે ખાસ સંબંધ ધરાવે છે; જૈન આચારોમાં પણ તેનો વારંવાર નિર્દેશ કરવામાં આવ્યો છે.

કર્મ સિદ્ધાંતને નીતિશાસ્ત્ર સાથે કેવો સંબંધ છે તે હવે આપણે વિચારીશું. પરમ આદર્શ એ છે કે સઘળાં કર્મોથી મુકત થવું (નિર્જરા), અને તે સમયમાં નવાં કર્મો બાંધવાં નહિ, અથવા તો શા-

૧. જૈનો પંચવિધ જ્ઞાન માને છે; મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન.

* દર્શનાવરણીય દર્શનનો-નિરાકાર જ્ઞાનનો અવરોધ કરે છે. સમ્યગ્ દર્શન અને આ દર્શન ભિન્ન ભિન્ન છે. ઉ. દો. બરોડિયા.

૨ જીવના રંગો વિષેની માન્યતા ઘણી પુરાણી હોય તેમ લાગે છે પહેલાં 'મલિન આત્મા' અને ઉજ્જવલ આત્મા' એ શબ્દો વાચ્યાર્થમાં વપરાતા હતા; આવી માન્યતા અન્ય સ્થળે હોવાનું પણ જણાય છે. (જુઓ મહાભારત. પર્વ ૧૨-૨૮૦. ૩૩ f, ૨૯૧, ૪ ff અને સરખાવો યોગશાસ્ત્ર ૪. ૭.

સ્ત્રીય પરિભાષામાં કહીયે તો કર્મનું આગમન (આસ્રવ) રોકવું, અર્થાત્ જે માર્ગે કર્મ આત્મામાં પ્રવેશ કરે છે તે માર્ગ બંધ કરવો (સંવર). સઘળાં કાર્યો કર્મને ઉત્પન્ન કરે છે અને તેથી જીવની સાંપરાયિક દશા કાયમ રહે છે; પરંતુ જ્યારે મનુષ્ય રાગદ્વેષાદિથી વિમુક્ત થઇ સમ્યગ્ ચારિત્રના નિયમોનું સેવન કરે છે ત્યારે તેનાં કાર્યો એક પળ સુધી કર્મ રૂપે રહી પછી નાશ પામે છે (ઇર્યાપથ). તેથી સાધુઓના આચારનું સઘળું બંધારણ નવાં કર્મોની ઉત્પત્તિ અટકાવવા અર્થેજ છે; તેજ હેતુ તપથી પણ સાધી શકાય છે. તપથી જુનાં કર્મોનો નાશ વધારે જલદી થાય છે.

આ ઉપરથી ફલિત થશે કે જૈનોના નીતિશાસ્ત્ર અને સાધુ આચાર એ કર્મના સિદ્ધાંતનું પરિણામ ગણી શકાય. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ તેમના નૈતિક સિદ્ધાંતો, સાધુ સંસ્થા અને સાધુઓના આચાર ભારતીય પ્રાચીન ધર્મોમાંથી લેવામાં આવ્યા છે; કારણ કે બ્રાહ્મણ સંન્યાસીઓ અને બૌદ્ધોની પ્રણાલિઓ અને સંસ્થાઓ જૈનોની પ્રણાલિ અને સંસ્થાઓ સાથે મળતી આવે છે. (જુઓ સે. બુ. ઓફ. ધી. ઇસ્ટ. પુ. ૨૨. (૧૮૮૪) પ્રસ્તાવના. પૃ. ૨૨. )

૨. જૈન નીતિશાસ્ત્રનું અંતિમ ધ્યેય નિર્વાણ અથવા મોક્ષ પ્રાપ્તિનું છે. આ ધ્યેય પ્રાપ્ત કરવાનો માર્ગ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર છે. અલંકારિક ભાષામાં આને 'રત્નત્રયી' કહે છે. બૌદ્ધો 'ત્રિરત્ન' સંજ્ઞા જુદા અર્થમાં વાપરે છે. એ ગુણો ઉત્પન્ન કરી શકાય નહિ, પણ ઘાતિ અને અઘાતિ કર્મોનું આવરણ દુર થવાથી સહજ પ્રગટ થાય છે. એ ગુણો પ્રત્યક્ષ કરવા માટે સદાચારના નિયમોનું પાલન કરવું જોઇએ અને સદ્ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. તેમાં પંચ મહાવ્રત પ્રથમ આવશ્યક છે. આમાંના ચાર વ્રતો બૌદ્ધો અને બ્રાહ્મણો પણ સ્વીકારે છે. જૈનોના પાંચ મહાવ્રતો આ છે-૧ પ્રાણાતિપાત વિરમણ ૨-મૃષાવાદ વિરમણ ૩-અદત્તાદાન વિરમણ ૪ મૈથુન વિરમણ, ૫. પરિગ્રહ વિરમણ આ પાંચ વ્રતો સાધુઓએ ખાસ પાળવાં જોઇએ. સાધુધર્મમાં પ્રવેશ કરતી વેળા અથવા સામાન્ય ભાષામાં કહીયે તો દિક્ષા લેતી વખતે સાધુ આ વ્રતો અંગીકાર કરે છે. સાધુઓના સંબંધે આ વ્રતો પંચ 'મહાવ્રત' કહેવાય છે. પરંતુ શ્રાવકોએ તે વ્રતો પોતાની સ્થિતિ અનુસાર પાળવાં જોઇએ; અને તેમની બાબતમાં આ વ્રતો 'અણુવ્રત' કહેવાય છે. વધુ સ્પષ્ટ કરીયે તો જ્યાં લગભગ દરેક વસ્તુ જીવયુકત માનવામાં આવે છે તેનો વિચાર કરીયે તો પહેલું પ્રાણાતિપાત વિરમણ વ્રત પાળવામાં દરેક કાર્યોમાં ઘણોજ ઉપયોગ રાખવાનો હોય છે. કોઇ પણ પ્રકારે જીવહિંસા ન થાય તે માટે શાસ્ત્રોમાં સાધુઓ માટે અસંખ્ય નિયમો કરવામાં આવ્યા છે. પરંતુ જો આ નિયમો શ્રાવકને પાળવાના હોય તો તેનાથી વ્યાપાર થઇ શકે નહિ. તેથી તેને માટે એવો નિયમ છે કે તેણે ઇરાદાપૂર્વક, પછી તે ભલે ખોરાક, લાભ, અગર આનંદ વિગેરે માટે હોય તો પણ, હિંસા ન કરવી જોઇએ. એવીજ રીતે અન્ય વ્રતો માટે પણ છે, શ્રાવકોને માટે આ નિયમોની સખ્તાઇ કંઇક ઓછી કરવામાં આવેલી છે. શ્રાવકો પણ અમુક સમય સુધી નીચલા 'શીલવ્રત' અંગીકાર કરીને વધારે કડક આચાર પાળી શકે. (૧) દિગ્વિરતિ-અમુક દિશામાં અમુક હદ સુધીજ જવાનો નિશ્ચય. (૨) અનર્થ દંડ વિરતિ-પોતાની સાથે જે બાબત ખાસ સંબંધ ન ધરાવતી હોય તેનો ત્યાગ. (૩) ઉપભોગ પરિભોગ પરિમાણ-મોજશોખ દુર કરવા ઉપરાંત ખાદ્ય, પેય અને ઉપભોગની ચીજોનું માપ બાંધી દેવું. (સાથે એટલું જણાવવું જોઇએ કે કંદમૂળ, મધ, તથા સુરાપાનનો તેમજ રાત્રિભોજનનો નિષેધ સાધુ શ્રાવક બન્ને માટે એક સરખો કરવામાં આવ્યો છે) ઉપર કહેલાં ત્રણ વ્રતોને 'ગુણવ્રત' કહે છે અને નીચેનાં ચાર વ્રતોને 'શિક્ષાવ્રત' કહે છે. (૪) દેશ વિરત-ચાલવાનો પ્રદેશ સંકુચિત કરવો: (૫). સામાયિક; આ વ્રતથી શ્રાવકો અમુક સમયે સ્થિર બેસી ધ્યાનમગ્ન થઇ બધાં પાપયુક્ત કાર્યોનાં પરિત્યાગ કરે છે; (૬) પોષધોપવાસ-શુકલ પક્ષની અષ્ટમી ચતુર્દશી, અથવા પૂર્ણિમાના દિવસે અથવા

મહિનામાં ઓછામાં ઓછું એક દિવસ, સાધુ આચાર પ્રમાણે રહેવું. (૭). અતિથિ સંવિભાગ-શબ્દાર્થથી, અતિથિને ભાગ આપવો; પરંતુ વ્યવહારમાં તેનો અર્થ સાધુ સાધ્વીની આવશ્યક્તા પુરી પાડવા પુરતો સંકુચિત થઈ ગયો છે.

શ્રાવકોના આવા આચારોનો ઉદ્દેશ દેખીતી રીતે એવો છે કે તેઓ સાધુ ધર્મ અંગીકાર કર્યા સિવાય સંસારમાં રહીને કેટલેક અંશે અને કેટલાક સમય સુધી સાધુ જીવનના ફાયદા તથા પુણ્ય હાંસલ કરી શકે. તેજ પ્રમાણે અનશનના નિયમોનો પણ એવો જ ઉદ્દેશ છે. (જુઓ લેખ. Death and Disposal of the dead (Jain) Vol. 4 p. 484 f) એ તો સ્પષ્ટ છે કે શ્રાવક શ્રાવિકાઓને ધર્મની બહારના જેવા ગણવામાં આવતા નહોતા. અથવા તો બૌદ્ધ ધર્મના આરંભમાં હતું તેમ, તેમને સંઘના માત્ર મિત્રો અને મદદગારો તરીકે ગણવામાં આવતા નહિ, પણ પહેલેથી જ તેમનો સંબંધ, તેમના ધર્મો તથા હકો વડે સ્પષ્ટ રીતે નિશ્ચિત કરવામાં આવ્યો છે, સાધુ સંસ્થા સાથે શ્રાવકોને જોડનારી સાંકળ દૃઢ પ્રકારની હતી. શ્રાવકની અવસ્થા સાધુ અવસ્થા માટે પ્રાથમિક અને મોટે ભાગે તૈયાર થવાની ભૂમિકા છે. તો પણ હમણાં થોડા વખત થયાં સામાન્ય શ્રાવકોમાંથીજ નહિ પણ મુખ્યત્વે કરીને નાની ઉમરના અશિક્ષિતોને પણ દિક્ષા આપવામાં આવે છે તેથી કરીને તે બાબતમાં ફેરફાર થવા પામ્યો હોય એમ જણાય છે. એટલું બેશક કહી શકાય કે શ્રાવક-શ્રાવિકા અને સાધુ સાધ્વીઓના પરસ્પર ધર્મોમાં ઘણું સામ્ય હોવાને લઈને બન્ને વચ્ચે નિકટ સંબંધ જારી રહ્યો છે; અને તેથી કરીને અંદરથી મૌલિક ફેરફારો નહીં કરવાને જૈન ધર્મ સમર્થ રહ્યો છે તેમજ લગભગ બે હજારથી વધુ વર્ષ થયાં બહારના હુમલાઓ સામે જૈન ધર્મ ટક્કર ઝીલી શકયો છે. પરંતુ બૌદ્ધ ધર્મમાં ઉપાસકોના આચાર એટલા કડક ન હોવાને લઇને તેમાં અસાધારણ ફેરફારો થયા અને અંતે જે દેશમાં તેની ઉત્પત્તિ થઇ હતી તે દેશમાંથી તે અંતે નાબુદ થયો.

દિક્ષા અંગીકાર કરતી વેળા સાધુ ઉપર કહેલાં પાંચ મહાવ્રતો ગ્રહણ કરે છે; અને જો એ પંચ મહાવ્રતોનું અનુપાલન સમ્યક્ પ્રકારે થાય, તો તેને નવાં કર્મો લિપ્ત કરતા નથી. (S. B. E. પૃ. ૨૨. ૨૦૨ ff) પરંતુ તેમનું વધારે સારી રીતે પાલન કરવા માટે વધારે સ્પષ્ટ નિયમોની જરૂર છે. આ નિયમો તે સાધુઓની શિક્ષા ગણાય છે .તે શિક્ષાનું વર્ણન સાત વિભાગમાં આપેલું છે.

(૧) કાય વાક્ અને મનના વ્યાપાર, જેને શાસ્ત્રીય પરિભાષામાં 'યોગ' કહે છે. તેનાથી કર્મ પરમાણુઓ આત્મા સાથે જોડાય છે (આસ્રવ) અને નવું કર્મ બંધાય છે, આ વાત ઉપર સમજાવેલી છે; તેથી કરીને આસ્રવ અટકાવવાને (અથવા 'સંવર' કરવાને) કાય, વાણી અને મનના વ્યાપારોને સંપૂર્ણ સંયમમાં રાખી તે વ્યાપારોનો નિગ્રહ કરવો જોઇએ; આને 'ત્રિગુપ્તિ' કહે છે ( મનો ગુપ્તિ એટલે મનને દુષ્ટ વિચારોથી દુર રાખી, સારા વિચારોમાં સંયોજીત રાખવું વિગેરે ) (૨) સાધુ માટે વિહિત કાર્યોમાં પણ જોતે અજાણતાં પણ અહિંસાવ્રતનું ઉલ્લંઘન કરે તો તે દોષિત ઠરે છે. આવા દોષ ટાળવા માટે તેણે 'પંચ સમિતિ' પાળવી જોઇએ; અર્થાત્ ચાલતાં, બોલતાં, ભિક્ષા લેતાં, કોઇ વસ્તુ લેતાં અથવા મુકતાં અને મળત્યાગ કરતાં જયણા-સંભાળ રાખવી જોઇએ; એટલે કે સાધુ ચાલતી વખતે કોઇ જીવ જંતુ ન મરે અથવા નુકસાન પામે તે માટે ૭ ફુટ જગ્યા આગળ જોઇ જવી; તેજ પ્રમાણે કોઇ વસ્તુ મુકતાં પહેલાં જમીન તપાસવી અને પ્રમાર્જી લેવી; સચિત્ત વસ્તુ ખાતામાં આવી ન જાય તે માટે જયણા રાખવી; વિગેરે-[૧] (૩) કર્મનો આત્મા સાથે સંયોગ થવામાં રાગદ્વેષાદિ કષાય કારણભૂત છે; તેથી સાધુઓએ સદ્ગુણો મેળવવા જોઇએ. કષાયો ચાર છે; ક્રોધ, માન, માયા અને લોભ; અને તેનાથી ઉલટા ગુણો ક્ષમા, માર્દવ આર્જવ અને શૌચ છે; એ ચાર ગુણોમાં નીચેના ૭ ગુણો ઉમેરવાથી સાધુઓનો દશાંગી 'ઉત્તમ ધર્મ' થાય છે-સત્ય, સંયમ, તપ,

---

૧. આ બાબતમાં સાધુઓએ રાખવી જોઈતી જયણાનો ખ્યાલ આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં આપેલો છે.

ત્યાગ, અસંગતા તથા બ્રહ્મચર્ય[૧] (૪) પરમ મુમુક્ષુમાં હોવી જોઇતી પવિત્રતા મેળવવામાં સહાયક એવી બાર 'અનુપ્રેક્ષા' અથવા 'ભાવના' છે; જેમાં દાખલા તરીકે સર્વ વસ્તુની અનિત્યતા, મનુષ્યની અશરણતા, વિશ્વની દુઃખી અવસ્થા વિગેરે વિષયોની ચર્ચા કરેલી છે; આ ઉપર જૈન ગ્રંથકારોએ અસંખ્ય ધર્મપ્રવચનો સંયોજ્યાં છે. (૫) વિશેષમાં કર્મનો ક્ષય કરવાને તથા સત્ય પંથમાં દૃઢ રહેવાને સાધુએ જે કાંઈ પરિસહ (પ્રતિકૂળતાઓ) પડે તે આનંદપૂર્વક સહન કરવાનો અભ્યાસ રાખવો જોઇએ; પરિસહ બાવીસ પ્રકારના છે; જેવાં કે ભુખ, તરસ, ટાઢ, તાપ, કસોટી કરે તેવા પ્રસંગો, રોગ, અપમાન અને વિકારો, વિગેરે, જે તેણે ડગ્યા વગર સહન કરવા જોઇએ. જો આપણે વિચારીયે કે પ્રત્યેક સુખ ભોગથી દુર રહેવા, તથા કોઇ પણ પ્રાણીની હિંસા કર્યા સિવાય માત્ર દેહ ટકાવી રાખવા માટે સાધુ આચારો વિહિત કર્યા છે તોજ આ બધા પરિસહો સહન કરવાથી શું વ્યાવહારિક પરિણામો આવશે તેની કલ્પના કરી શકીયે. (૬) ચારિત્ર-સંયમમાં છે અને તેના પાંચ પ્રકાર છે. પ્રથમ પ્રકારમાં પાપ કાર્યોથી દુર રહેવાનું છે અને છેલ્લા પ્રકારમાં સઘળાં કર્મોનો આત્યંતિક નાશ થાય છે અને ત્યાર પછી મોક્ષ પમાય છે, (૭) છેલ્લો પ્રકાર તપનો છે. જેનાથી નવાં કર્મો ઉત્પન્ન થતાં નથી એટલુંજ નહિ પણ યોગ્ય રીતે અને સદ્‌હેતુથી થયું હોય તો જુનાં કર્મોની 'નિર્જરા' થાય છે; અન્ય કેટલાક ધર્મોમાં પણ તપ વિહિત છે તે 'બાલ તપ' કહી શકાય, કારણ કે તેથી યોગિક સિદ્ધિઓ દેવગતિમાં જન્મ એવા નશ્વર્ લાભો પ્રાપ્ત કરી શકાય પરંતુ પરમ સુખની પ્રાપ્તિ કદાપિ થઇ શકતી નથી. જૈનધર્મમાં તપને ઘણું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તપના બે પ્રકાર છે; (અ) બાહ્ય તપ અને (બ) અભ્યંતર તપઃ બાહ્ય તપમાં જૈનોના સાધારણ વ્રતો વિગેરે આવે છે; જ્યારે અભ્યંતર તપમાં આધ્યાત્મિક ક્રિયાઓનો સમાવેશ થાય છે. (અ) વ્રતોમાં જૈનોએ ઉપવાસને બહુજ પ્રાધાન્ય આપ્યું છે. જૈનોએ તેને એક કળા રૂપ બનાવી, તેમાં ઘણું પ્રાવીણ્ય મેળવ્યું છે. અનશતની સાધારણ રીત એવી છે કે બબ્બે, ત્રણ ત્રણ ચારચાર દિવસે અને છેક વધીને છ મહિને એક વખત ભોજન કરવું. અનશનની બીજી રીત 'મરણાંતિકી સંલેખના' અર્થાત્ મરણ સુધી ઉપવાસ કરવાની છે. ( જુઓ. Voluntary death or euthanasia in the art. Death and disposal of the dead Jain ) બીજી જાતનાં તપ આનાંથી જુદા છે. જેવાં કે 'ઉણોદરી' અર્થાત્ રોજના ખોરાકનું માપ ઓછું કરવું; ભિક્ષામાંથી મળેલા અન્નમાંથી અમુક પ્રકારનુંજ અન્ન જમવું; ( સાધુ સાધ્વીઓએ હંમેશ ભિક્ષાથીજ શરીર નિર્વાહ કરવો જોઇએ; તેથીજ તેમને માટે ખાસ તૈયાર કરેલું તેઓ ગ્રહણ કરી શકે નહિ); સ્વાદિષ્ટ ખોરાકનો ત્યાગ, ધ્યાનને માટે એકાંતનું સેવન તથા ધ્યાનમાં લીધેલા આસનો એનો પણ બાહ્ય તપમાં સમાવેશ થાય છે. વૈદિક ધર્મમાં યોગમાં પણ આવા પ્રકારની વિધિ હોય છે. (બ) અભ્યંતર તપમાં સઘળી આધ્યાત્મિક ક્રિયાઓનો સમાવેશ થાય છે, દાખલા તરીકે ધ્યાન, પાપની કબૂલાત, પાપનો પશ્ચાત્તાપ વગેરે; આચારના નિયમોનું ઉલ્લંઘન કરવાના પ્રાયશ્ચિતરૂપે દરરોજ પ્રતિક્રમણ કરવું જોઇએ; મોટા પાપો માટે ગુરૂ પાસે આલોચના અને પશ્ચાત્તાપ કરવાં જોઇએ; સાધારણ દોષો માટે કાયોત્સર્ગ (કાઉસગ્ગ) નું તપ (અમુક સમય સુધી અમુકજ સ્થિતિમાં ઉભા રહેવું તે) વિહિત કરવામાં આવ્યું છે; પરંતુ મહાન દોષોના પ્રાયશ્ચિત્ત તરીકે પુનઃ દિક્ષા આપવામાં આવે છે, એ ઉપરાંત વિનય, સાધુ તથા શ્રાવકની વૈયાવચ્ચ, સ્વાધ્યાય, પ્રલોભનો ઉપર વિજય-આદિ ગુણોનો અભ્યંતર તપમાં સમાવેશ થાય છે. પરંતુ ધ્યાન એ સૌથી ઉત્તમ તપ છે; એકજ વસ્તુ ઉપર મનને એકાગ્ર કરવું તેનું નામ ધ્યાન; તે એક મુહૂર્ત (૪૮ મીનીટ)થી વધારે થઇ શકતું નથી. અને નિરોગી શરીર વાળાનેજ ધ્યાન કરવાની અનુજ્ઞા આપવામાં આવે છે. જે વસ્તુ ઉપર અને જે હેતુ માટે મનને એકાગ્ર કરવામાં આવે, તે વસ્તુ અને હેતુ ઉપર ધ્યાનની ઉત્કૃષ્ટતા, મધ્યમતા તથા કનિષ્ઠતા નો આધાર રહે છે; અને પરિણામનો આધાર પણ તેના ઉપરજ અવલંબે છે. અહીં આપણે શુભ ધ્યાનનોજ વિચાર કરીશું; શુભ ધ્યાન ધર્મ અને શુક્લ

૧. સરખાવો મનુ ૬. ૯૨.

એમ બે પ્રકારનું છે. ધર્મ ધ્યાનથી પામર જીવોને અગોચર એવાં ધાર્મિક સત્યોનું અંતર્‌જ્ઞાન સ્ફુરે છે. ખરેખર આગમો અને પછીનાં શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા વિશ્વવિદ્યા ખગોળ, ભૂગોળ, અધ્યાત્મ વિગેરે વિષયોના જ્ઞાનમાં જે ચોક્કસપણું માની લેવામાં આવે છે તે ધર્મ ધ્યાને જે સ્ફુરિત કરેલું છે એવી કલ્પના કરવા આવે છે તેવા આંતરજ્ઞાનને આભારી છે એમાં સંશય રાખવાની જરૂર નથી. ધર્મ ધ્યાન કરતાં શુકલ ધ્યાન ઉચ્ચતર કોટિનું છે અને તે ચાર કક્ષા દ્વારા મોક્ષ તરફ લઇ જાય છે. પ્રથમ એક એક વસ્તુ ઉપર મન એકાગ્ર કરવામાં આવે છે. ત્યારબાદ એકજ વસ્તુ ઉપર ધ્યાન કરવામાં આવે છે. ત્યાર પછીની કક્ષામાં મન વચન અને કાયાની પ્રવૃત્તિઓ બહુજ સૂક્ષ્મ રીતે ચાલ્યા કરે છે અને વધારેને વધારે સૂક્ષ્મ બનતી જાય છે. આ દશામાં તે વ્યક્તિની સાંસારિક અવસ્થા પૂર્ણ થવા આવે છે, તેથી બાકી રહેલાં કર્મોનો સમુદ્‌ઘાતથી એકી સાથે ભડકાની માફક નાશ થાય છે. પછી શુકલધ્યાનની છેલ્લી કક્ષામાં સઘળાં કર્મોનો નાશ થયો હોવાથી તથા સઘળી પ્રવૃત્તિઓ બંધ પડવાથી, જીવ દેહનો ત્યાગ કરી, જ્યાં મુક્તાત્માઓ હંમેશને માટે રહે છે ત્યાં વિશ્વની ટોચે જાય છે. અહીં એટલું સ્પષ્ટ કરવું જોઇએ કે માત્ર શુકલધ્યાન મોક્ષનું સાધન નથી, પરંતુ તે તો મોક્ષની તૈયારી માટેની ક્રિયાઓની સાંકળનો છેલ્લો અંકોડો છે. તેની પહેલી બે કક્ષાઓ અનુભવવા માટે પણ કષાયો ઉપશાંત અથવા નષ્ટ થવાની જરૂર છે; અને છેલ્લી બે કક્ષાઓમાં તો ફક્ત 'કેવલિ' (જેણે સર્વજ્ઞતા પ્રાપ્ત કરી છે તે) પ્રવેશ કરી શકે; કારણ કે તે બન્ને કક્ષાઓ મોક્ષની પૂર્વગામી છે. બીજી બાજુએ નિર્વાણ પહેલાં બાર વર્ષ સુધી દેહ દમન કરવું જોઇએ અને તે સાધુજીવનમાં છેલ્લું કાર્ય ગણાય. કેવળ દેહદમનથીજ મોક્ષ પ્રાપ્ત થતો નથી; કારણ કે ભગવાન મહાવીરના શિષ્ય સુધર્મનના શિષ્ય જંબુ કૈવલ્ય પ્રાપ્ત કરનાર અને મોક્ષ પામનાર છેલ્લા પુરૂષ હતા. (વીર નિર્વાણ પછી ૬૪ વર્ષે). આ અવસર્પિણી કાળમાં હવે એકજ જન્મમાં નિર્વાણ પ્રાપ્ત કરનાર કોઈ હશે નહિ. તેમ છતાં, આ બધા વિચારોમાં શાસ્ત્રીય દૃષ્ટિએ ઘણું મહત્વ રહેલું છે અને તેથી જૈન સિદ્ધાંતોનું વિશેષ અવગાહન થઇ શકે છે.

આ સંબંધમાં 'ગુણસ્થાન ક્રમારોહ'નો સિદ્ધાંત જેને જૈનો ઘણું મહત્વ આપે છે તેના પર દૃષ્ટિપાત કરીએ. એમાં ક્રમેક્રમે ૧૪ સ્થાન આપેલાં છે જેથી સદ્‌ગુણોનો ધીમે ધીમે વિકાસ થાય છે અને કર્મોનો ઘટાડો થાય છે અને જે છેવટે આત્માને અજ્ઞાન અને અશ્રદ્ધામાંથી આત્માની સંપૂર્ણ પવિત્રતા તરફ લઇ જઇ મોક્ષના કારણભૂત થાય છે.

નિગોદના જીવોથી માંડી તીર્થંકરોએ પ્રણીત કરેલાં સત્યોમાં અશ્રદ્ધા રાખનાર મનુષ્યો પર્યંતના સઘળા જીવો મિથ્યાદૃષ્ટિ નામક પ્રથમ ગુણસ્થાનમાં આવે છે. તેઓ રાગદ્વેષથી ખરડાયેલા હોઇ કર્મોથી પુરી રીતે જકડાયેલા છે. પછીના ગુણસ્થાનકોમાં જેમ જેમ જીવ સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌ દર્શન સંયમ અને કષાયોની શાંતિ મેળવે છે, તેમ તેમ નાના પ્રકારનાં કર્મોનો ક્ષય અથવા ઉપશમ થાય છે તેથી જીવ ક્રમે ક્રમે વધારે ને વધારે પવિત્ર બનતો જાય છે. ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ નામક અગ્યારમા ગુણસ્થાન પર્યંત બધા ગુણસ્થાનોમાં જીવને પ્રથમ ગુણસ્થાન સુધી પણ પડવા સંભવ રહે છે, પરંતુ ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ નામક બારમા ગુણસ્થાનમાં જ્યારે જીવ પ્રવેશ કરે છે ત્યારે ચાર ઘાતી કર્મોનો નાશ થાય છે. પછીતો પછીના બે ગુણસ્થાનોમાં આવ્યા વગર જીવને છુટકો નથી. અહીં તેને કૈવલ્યજ્ઞાન થાય છે. તેરમા સયોગી કેવલિ ગુણસ્થાનમાં જીવ હજુ સંસારમાં હોય છે, અને લાંબા વખત સુધી ત્યાં રહી શકે, મન, વચન અને કાયાના વ્યાપારો જારી રાખી શકે; પરંતુ જ્યારે બધા વ્યાપારો અટકી જાય ત્યારે તે અયોગિકેવલિ નામક છેલ્લા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને તેમાં બાકી રહેલાં કર્મો ભસ્મીભૂત થાય છે.

હવે અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ઉપર જણાવેલો કર્મનો સિદ્ધાંત જૈન ધર્મનો મૌલિક અને મુખ્ય સિદ્ધાંત છે? તે પ્રશ્નનું સમાધાન કરવું જોઇએ. તે સિદ્ધાંત એવો ગહન અને કૃત્રિમ લાગે છે કે

કોઇ તો એમજ માની લે કે સર્વત્ર જીવ છે એવા વિચારો ઉપર રચાયેલા અને અહિંસાપ્રધાન એવા આ મૌલિક ધાર્મિક દર્શનમાં પાછળથી કર્મનો તાત્વિક સિદ્ધાંત ઘુસાડવામાં આવ્યો છે. પરંતુ-વસ્તુ સ્થિતિ આથી ઉલટી છે કારણ કે કર્મનો સિદ્ધાંત જો કે હાલના વિસ્તૃત સ્વરૂપમાં નહિ, પણ મુખ્ય રેખાઓમાં તો ચોક્કસ રીતે મૂળ આગમોમાં સ્વીકારાયેલો છે તથા તેમાં તેને લગતાં વચનો અને પારિભાષિક શબ્દો પણ જોવામાં આવે છે. વળી આગમોમાં આ વિચારો પાછળથી ઘુસાડવામાં આવ્યા નથી એમ માનવાને સબળ કારણ છે. આસ્રવ, સંવર, અને નિર્જરા એ શબ્દો સમજવાને માટે એમ માનવુંજ જોઈએ કે કર્મ એ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓ હોઈ આત્મામાં રેડાય છે (આસ્રવ), તે પ્રવાહને અટકાવી શકાય અગર તેના પ્રવેશદ્વાર બંધ કરી શકાય (સંવર), અને આ રીતે આત્મા સાથે જોડાયેલાં કર્મ પરમાણુઓનો નાશ કરી શકાય(નિર્જરા). જૈનો આ શબ્દોનો સરળ અર્થ કરે છે અને મોક્ષ-માર્ગ સમજાવવામાં તેનો ઉપયોગ કરે છે (આસ્રવોનો સંવર અને નિર્જરા જીવને મોક્ષની તરફ લઈ જાય છે). આ ઉપરથી એટલું સિદ્ધ થશે કે આ શબ્દો જૈન ધર્મ જેટલાજ જૂના છે. કારણ કે બૌદ્ધોએ આ અર્થસૂચક શબ્દ 'આસ્રવ'ને પોતાની પરિભાષામાં દાખલ કર્યો છે અને તેનો ઉપયોગ ઘણે ભાગે જૈન અર્થમાંજ કરે છે; પણ તેઓ તેનો શબ્દશઃ અર્થ કરતા નથી કારણ કે કર્મને તેઓ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુ માનતા નથી અને આત્મામાં કર્મનો આસ્રવ થાય છે તે પણ માનતા નથી. 'સંવર'ને બદલે તેઓ આસ્રવક્ષય (આસવખ્ખય) શબ્દ વાપરે છે અને તેને (મગ્ગ) માર્ગનો એકાર્થવાચક બનાવે છે. એ સ્પષ્ટ છે કે તેઓ 'આસ્રવ'નો શબ્દાર્થ કરતા નથી અને તેથી જ્યાં તેનો મૂળ અર્થ પ્રચલિત હશે એવા કોઈ દર્શનમાંથી અર્થાત્ જૈન દર્શનમાંથી લઈ લીધો હશે. બૌદ્ધો સંવર શબ્દ પણ વાપરે છે; દાખલા તરીકે સીલસંવર (શીલસંવર) અને કૃદંત 'સંવુત' કે જે શબ્દો વૈદિક સાહિત્યમાં આ અર્થમાં બીલકુલ વપરાતા નથી અને તેથી મોટે ભાગે જૈન સાહિત્યમાંથી લીધા હોય તેમ લાગે છે. આજ દલીલ એમ સિદ્ધ કરે છે કે જૈનોનો કર્મનો સિદ્ધાંત તેમના ધર્મનો મૌલિક અને મુખ્ય ભાગ છે. તેમજ જૈનધર્મ બૌદ્ધ ધર્મ કરતાં ઘણો પ્રાચીન છે.

૫. **જૈન ધર્મની આધુનિક સ્થિતિઃ**—ઈ.સ. ૧૯૦૧ ના વસ્તીપત્રક પ્રમાણે શ્વેતાંબરો અને દિગંબરો મળી[1] હિંદુસ્તાનમાં ૧૩૩૪૧૪૦ જૈનોની સંખ્યા છે; એટલે કે તેમની સંખ્યા હિંદુસ્તાનની વસ્તીના અર્ધા ટકા કરતાં પણ ઓછી છે. જૈનોનું મહત્વ તેમની સંખ્યાને લઈને નહિ, પણ તેમની શ્રીમંતાઈ અને કેળવણીને લઈને છે. હિંદુસ્તાનના ઘણાં ખરાં શહેરોમાં થોડી ઘણી તેમની વસ્તી જોવામાં આવે છે. દિગંબરો ઉત્તરમાં નોર્થવેસ્ટ પ્રોવિન્સિસમાં, પૂર્વ રજપુતાનામાં, પંજાબમાં અને ખાસ કરીને મૈસુર અને કનારા અર્થાત્ દક્ષિણમાં જોવામાં આવે છે. શ્વેતાંબરો ખાસ કરીને ગુજરાતમાં (જેથી કરીને શ્વેતાંબરોની ભાષા હિંદીને બદલે ગુજરાતી છે) અને પશ્ચિમ રજપુતાનામાં જોવામાં આવે છે. વળી ઉત્તર અને મધ્ય હિંદમાં પણ તેઓ છુટા છવાયા પથરાયેલા છે. પ્રાચીન લેખો ઉપરથી જણાય છે કે હાલમાં જે જે ભાગો ઉપર જૈનો પથરાયેલા છે તે તે ભાગોમાં તેઓ ૪ થા સૈકાથી રહેલા છે. ભારતીય સ્થાપત્યના અદ્ભુત નમુનારૂપ, ગિરનાર અને શત્રુંજય, આબુ અને ઇલોરાના સુંદર દેવાલયો તે કોમની શ્રીમંતાઈ અને ઉત્સાહની જ્વલંત સાક્ષી પુરે છે.

જૈન સાધુઓના પરિગ્રહમાં કેવળ આવશ્યક વસ્તુઓ જ હોય છે અને તે પણ ભિક્ષાથીજ ગ્રહણ કરવામાં આવે છે. તેમાં નીચેની વસ્તુઓ હોય છે. ચોળપટો, કંબલ, પાતરાં, દંડ, જમીન સાફ કરવાને માટે ઓઘો, અને બોલતાં જીવહિંસા ન થાય તે માટે મ્હોં ઢાંકવાને મુહપત્તી, સાધ્વીઓનો પોશાક લગભગ તેવોજ છે પણ તેમને વધારે વસ્ત્રો હોય છે. દિગંબર સાધુઓ પણ એવીજ ચીજો સાથે રાખે છે; ફરક માત્ર એટલોજ કે તેઓ મુદ્દલ કપડાં

૧. જૈનોની નાની સંખ્યાનું કારણ એ છે કે જૈન ધર્મ અશિક્ષિત વર્ગોનો ધર્મ નથી પણ ઉચ્ચ વર્ગોનો છે

રાખતા નથી અને એઘાને બદલે મોરપીંછી રાખે છે. સાધુએ મસ્તક મુંડાવે છે અથવા અમુક અમુક સમયને અંતરે લોચ કરે છે. લોચ કરવાની રીત વધારે પસંદ કરાય છે અને અમુક વખતે આવશ્યક છે. આ રિવાજ જૈનોમાંજ જોવામાં આવે છે અને તેઓ તેને આવશ્યક ક્રિયા તરીકે માને છે.[૨]

પહેલાં તો ચાતુર્માસ સિવાયના આઠ માસ પર્યંત સાધુએ વિહાર કર્યા કરતા; (બૌદ્ધ સાધુઓનું 'વસ્સ' સરખાવો). મહાવીર જાતે નાના ગામમાં એક દિવસ અને શહેરમાં પાંચ દિવસથી વધારે રહેતા નહિ. પરંતુ બૌદ્ધ વિહારોની માફક ઉપાશ્રયો થવાથી આ રિવાજમાં થોડો ફેરફાર થયો છે. [ઉપાશ્રયો એટલે સાધુ તથા સાધ્વીઓ માટે તૈયાર કરાવેલાં જુદાં મકાનો; ઉપાશ્રયમાં ફક્ત એક મોટો ઓરડો હોય છે તેમાં ન્હાવા કે રસોઈ કરવા માટે ઓરડીઓ હોતી નથી; પણ સુવાને લાકડાની પાટો હોય છે ] (મોડર્ન જૈનિઝમ. પા. ૩૮. સ્ટીવન્સન).

શ્વેતાંબર સાધુઓ નિયમ તરીકે ઉપાશ્રયવાળાં ગામોમાંજ વિહાર કરે છે. ગામડામાં તેઓ હાલ એક અઠવાડીયું અને શહેરમાં એક માસ સુધી રહે છે. ઉપાશ્રયમાં તેઓને વંદના કરવા આવેલા શ્રાવકોની પાસે તેઓ વ્યાખ્યાન કરે છે કે શાસ્ત્રો સમજાવે છે. સાધુઓના આવશ્યક આચારો, જો ખંતથી કરવામાં આવે તો, ઘણા સખત હોય છે. દાખલા તરીકે સાધુએ રાત્રે ફક્ત ત્રણ કલાકજ ઉંઘવું જોઇએ. તેમણે કરેલાં પાપોનો પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત ધ્યાન, અધ્યયન, બપોર પછી ભિક્ષા, કપડાં વિગેરેનું પડિલેહણ તથા જયણાપૂર્વક જીવ રક્ષા કરવી જોઈએ. (વધુ વિગતો માટે જુઓ ઉત્તરાધ્યયન સૂત્રનું અધ્યયન ૨૬ મું. સે. બુ. ઈ. વૉ. ૪૫, પૃ ૧૪૨ ff). સાધુઓમાં ભિન્ન ભિન્ન ક્રમ હોય છે. પ્રથમ તો જેને દિક્ષા આપવામાં આવી હોતી નથી તેવા 'શૈક્ષ' જ્યારે તે વ્રતાદાન કરે ત્યારે તે સંસારનો ત્યાગ કરે છે અને (પ્રવ્રજ્યા) દિક્ષા અંગીકાર કરે છે. તે સમયે તેને ઝાડ તળે બેસાડી, મસ્તક મુંડવામાં આવે છે અથવા લોચ કરવામાં આવે છે). ત્યાર બાદ ધીમે ધીમે પોતાની પ્રવૃત્તિ અને યોગ્યતા પ્રમાણે તે ઉપાધ્યાય, આચાર્ય, વાચક, ગણિ વિગેરે થાય છે.

શ્રાવક શ્રાવિકાઓના આચાર વિષે ઉપર થોડું ઘણું કહેવામાં આવ્યું છે. સાધુઓનું જીવન ઉપાસકો માટે આદર્શરૂપ ગણાય છે અને જો કે અલબત્ત તે આદર્શને તેઓ પહોંચી શકતા નથી પણ તે આદર્શને પહોંચવા માટે તેઓ કેટલાંક વ્રતો અંગીકાર કરે છે.[૧] ધાર્મિક બાબતો ઉપરાંત, સાંસારિક બાબતોમાં પણ શ્રાવકો પોતાની નૈતિક ઉન્નતિ માટે સાધુઓએ દોરી આપેલા નિયમોનું પાલન કરે છે.[૨] વળી સાધુઓનું કાર્ય ઉપાશ્રયમાં શ્રાવક શ્રાવિકાઓને સૂત્રો સમજાવવા તથા ધર્મ સંબંધી વ્યાખ્યાન કરવાનું હોય છે. તેવીજ રીતે સાધ્વીઓ પાસે શ્રાવિકાઓ જાય છે. પરંતુ શ્રાવકોની ખાસ ધ્યાન ખેંચે તેવી રોજની ક્રિયા, જિનમંદિરમાં જવું અને ત્યાં તીર્થંકરો અને અધિષ્ઠાતા દેવોની પૂજા કરવી એ છે.

હવે આપણે જૈન લોકોની એક ખાસીયત જેણે બીજી કોઈ બાબત કરતાં શોધકોનું વધુ ધ્યાન ખેંચ્યું છે, તે ખાસીયત તરફ જોઈએ. તે ખાસીયત અહિંસા છે. કોઈ પણ નાની મોટી જીવહિંસા ન થવા માટે તેઓ અત્યંત કાળજી રાખે છે. સાધુ અવસ્થામાં આ ખાસીયતનું પ્રકૃષ્ટ રૂપ જોવામાં આવે છે. શ્રાવકો ઉપર પણ તેની ઘણી અસર થઈ છે. કોઇ પણ પ્રાણીમાં જંતુ ગમે તેવું હિંસક અથવા પીડક હોય તો પણ તેની ઇરાદાપૂર્વક હિંસા ન કરવી પરંતુ તેને હાનિ કર્યા વગર દુર કરવું. જૈનો ચુસ્ત અન્નાહારી છે એ પણ કહેવાની જરૂર નથી. અહિંસાની આવી ભાવના તેમની ખેતી વિગેરે ધંધામાં પડતાં અટકાવે છે અને તેમને વ્યાપાર રોજગાર અને ખાસ કરીને ધીરધારના ઘણાજ ઓછા વિકાસ માર્ગે લઈ જનારા ધંધામાં દોર્યા છે. પશ્ચિમ હિંદમાં

૨. જુઓ ગેરિનોની રેપર્ટરી એપિગ્રાફી જૈન પૃ. ૨૪.

૧. અહીં શ્રાવકે સ્વીકારવાની અને ખાસ કરીને અનશન કરવું હોય ત્યારે લેવાની અગ્યાર પડિમા વિષે નિર્દેશ કરવાની અગત્ય છે. ( જુઓ હોર્નલ 'ઉવાસગદસાઓ'નો અનુવાદ. પૃ. ૪૫.ન.૧૨. I. A. ૩૩ (૧૯૦૪) ૩૩૦.

૨ જુઓ ઈ. વીનીચનું યોગશાસ્ત્ર, જર્મન અનુવાદ. એલ. સુઆલીનું યોગબિંદુ ઇટલીની એસિયાટિક સોસાઇટીના પત્ર વૉ. ૨૧ (૧૯૦૮)માં હ. વોરનનું જૈનિઝમ.

વ્યાજવટાવનો ઘણો ખરો વ્યાપાર જૈનોનાજ હાથમાં છે. અને તેથી તેઓ તાલેવાન થયા છે, તેમજ અ-ણગમાને પાત્ર પણ થયા છે; બીજું તેમની પ્રાણી રક્ષાની લાગણીને લઇને તેઓએ પાંજરાપોળો કરેલી છે અને તેમાં તેઓ કુદરતી મરણ ન પામે ત્યાં સુધી દુબળા અને અપંગ પશુઓને પોષવામાં આવે છે.

**જૈન ધર્મનો ઇતિહાસઃ**—જૈન ધર્મનો (શ્વેતાં-બર અને દિગંબર બન્નેનો) ઇતિહાસ તેમના પટ્ટધરો અને આચાર્યોની પટ્ટાવલિમાં અને તેને લગતી કથા-ઓમાં મુખ્યત્વે કરીને છે. શ્વેતાંબરોના પટ્ટધરોની એક જુની ટીપ કલ્પસૂત્રની સ્થવિરાવલિ છે જે મહાવીરના શિષ્ય સુધર્મનથી શરૂ થાય છે અને તેત્રીસમા પટ્ટધર શાંડિલ્ય અથવા સ્કંદિલથી પુરી થાય છે. ઘણા ખરા પટ્ટધરોનાં ફક્ત નામ અને ગોત્રજ આપેલાં છે પણ છઠ્ઠા પટ્ટધર ભદ્રબાહુથી માંડી, ચૌદમા પટ્ટધર વજ્રસેન સુધીનાં નામોની એક જરા વિસ્તૃત ટીપ છે જેમાં થોડી વધુ વિગતો આપેલી છે જેવી કે દરેક પટ્ટધરના શિષ્યો, તથા ગણ, કુલ, શાખા વિગેરે. આવીજ જાતની કેટલીક વિગતો મથુરા[૧] પાસે મળી આવેલા બીજા સૈકાના કેટલાક લેખો ઉપ-રથી મળી આવે છે, તેથી જણાય છે કે આ ટીપો ઐતિહાસિક દૃષ્ટિથી સાચી છે. વળી આચાર્યોની એ લાંબી અને વધારે વિસ્તૃત ટીપ ઉપરથી જણાય છે. કે છઠ્ઠા પટ્ટધર પછી ઉત્તર અને ઉત્તરપશ્ચિમ ભાગમાં જૈન ધર્મનો સારો ફેલાવો થયો હતો.[૨] ઉપરની વિગતો સિવાય પટ્ટધરો સંબંધી બીજી કંઈ હકીકત મળતી નથી; પરંતુ વજ્રસેન સુધીની જે જે હકીકતો મળતી હતી તે હેમચંદ્રે 'પરિશિષ્ટ પર્વ'માં ભેગી કરી છે.[૩] ત્યાર પછીના સમય માટે જુદા જુદા ગચ્છોની ગુર્વાવલિ અગર પટ્ટાવલિઓ[૪] છે જેમાં મહાવીરથી માંડીને ગચ્છના સંસ્થાપક સુધીનાં નામો તથા ત્યાર પછીના 'શ્રી પૂજ્યોનાં નામો વિસ્તારથી આપવામાં આવ્યાં છે. ગચ્છો જેમાં આચારની ઝીણી વિગતો માત્રમાંજ ફેરફાર હોય છે, તેવા ગચ્છોની સંખ્યા ૮૪ થવા જાય છે; તેમાંના ફક્ત આઠજ ગચ્છો ગુજરા-તમાં છે. અને તેમાં ખાસ અગત્યના ખરતર ગચ્છ છે (જેના ઉપગચ્છો પણ છે) તપાગચ્છ અંચળગચ્છ વિગેરે. અત્રે ઉપકેશગચ્છનો ઉલ્લેખ કરવો અસ્થાને નથી. તેના અનુયાયીઓ ઓસવાળ લોકો છે અને તે પોતાની જાતિનો આરંભ મહા-વીરથી નહિ ગણતાં પાર્શ્વનાથથી કરે છે. ઉપર કહેલી ગચ્છની પટ્ટાવલિઓ ગચ્છના સંસ્થાપક પછીનાં નામો તથા હકિકતો માટે આધારભૂત માની શકાય; તે પહેલાંનો સમય (લગભગ નવમા સૈકા સુધીનો) ઘણોજ અનિશ્ચિત છે. લગભગ ત્રણ સૈકાનો ઇતિહાસ લગભગ મળતોજ નથી.[૫]

તે સમયના બીજા સામાજિક બનાવોની નોંધ બહુ વિરલ જોવામાં આવે છે; શિલાલેખોમાં અને દંતકથા-ઓમાં એટલુંજ મળી આવે છે કે કોઈ રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો અગર તો આશ્રય આપ્યો. જૈન ધર્મનો પ્રથમ આશ્રયદાતા ચક્રવર્તિ અશોકનો પૌત્ર સંપ્રતિ છે પણ તે ઐતિહાસિક દૃષ્ટિએ શંકાસ્પદ છે. જૈન ધર્મના ઇતિહાસમાં સૌથી મહત્વની બાબત હેમચંદ્રે કુમારપાળ નામના ગુજરાતના રાજાને જૈન ધર્મી બનાવ્યા તે છે. (જુઓ હેમચંદ્ર વિષેનો લેખ).

છેવટે, જૈન ધર્મમાં જે જે **નિન્હવો–વિરોધી ભેદો** થયા તેનો ઉલ્લેખ કરવો જોઇએ; શ્વેતાંબરોના મત પ્રમાણે જૈન ધર્મમાં ૮ નિન્હવ પડયાં હતાં; તેમાંનો પ્રથમ મહાવીરના

૧. જુઓ બુહલર. એપિ. ઈન્ડિ. (૧૮૯૨) ૩૭૧ ff ૩૯૩ ff.

૨. વિચિત્ર રીતે એક બીજી દંતકથા જણાવે છે કે હિંદુસ્તાનમાં નંદવંશના રાજાઓ પછી જૈન ધર્મનો ફેલાવો ઓછો થતો જશે (પઉમ ચરિય ૮૯. ૯૨). કદાચ આ વચનો મગધ અને તેની આજુબાજુના પ્રદેશને લગતાં હશે, કે જ્યાં મૌર્ય રાજાઓના સમયમાં બાદ્ધ ધર્મ સામાન્યતઃ પળાતો હતો તેથી તે સમયે તે જૈન ધર્મનો પ્રતિસ્પર્ધી થયો હશે

૩. બીબ્લી. ઈન્ડી. માં આપેલા એ ગ્રંથની પ્રસ્તાવ-નામાં આપેલો સંક્ષિપ્તસાર જુઓ.

૪. મુનિસુંદરે ઈ. સ. ૧૪૧૦ માં (૧૯૦૪ માં બના-રસમાં પ્રસિદ્ધ થયેલી) જુનામાં જુની ગુર્વાવલિ લખેલી છે.

૫. આ વિષયને લગતાં સઘળાં પુસ્તકોની યાદિ માટે જુઓ ગેરિનોનો એસેડી બિબ્લિઓગ્રાફ જૈનનો લેખ પૃ. ૩૭૦ અને રેપર્ટરી એપિગ્રાફી જૈન પૃ. ૫૯. ff

જમાઇ જમાલિએ પાડયો હતો. અને આઠમો નિન્હવ વીરાત્ ૬૦૯ વર્ષે અર્થાત્ ઈ. સ. ૮૩ માં પડયો હતો. તેમાંથી દિગંબરોની ઉત્પત્તિ થઈ (જુઓ લ્યુમનનો ઇન્ડિ સ્ટુડિઅન ૧૨ (૧૮૯૫)૯૧. પણ દિગંબરો તે પહેલાંના નિન્હવો માન્ય રાખતા નથી. તેઓ જણાવે છે કે ભદ્રબાહુના નેતૃત્વ તળે અર્ધફાલકોનો મત ઉત્પન્ન થયો અને તે ઇ. સ. ૮૦ માં શ્વેતાંબર મતમાં પરિણત થયો. એમ સંભવિત છે કે જૈન ધર્મમાં વિભાગોનો જુદાગરો ધીમે ધીમે પડતો ગયો અને એક બીજાથી દુર રહેતા બંને વિભાગોમાં જુદો જુદો વિકાસ થતો ગયો અને ઈ. સ. ના પહેલા સૈકાના અંતે તેઓને પરસ્પર ભિન્ન ભાવનું ભાન થયું. પરંતુ બન્નેની માન્યતાઓમાં બહુ જ થોડું અંતર છે. (જુઓ 'દિગંબર' વિષેનો લેખ).

દિગંબરોના ઇતિહાસનાં સાધનો શ્વેતાંબરો જેવાં જ છે. પણ તેટલાં પ્રાચીન નથી. દિગંબર આચાર્યોની પટ્ટાવલિ શ્વેતાંબરોથી તદ્દન જુદી છે; ફક્ત પહેલા પટ્ટધર જંબૂ અને છઠ્ઠા ભદ્રબાહુ તેમને માન્ય છે. તેમની માન્યતા પ્રમાણે ભદ્રબાહુએ કેટલાક સાચા સાધુઓને લઇ દક્ષિણ તરફ વિહાર કર્યો હતો. ઉપર જણાવ્યા પ્રમાણે ભદ્રબાહુથી અંગસાહિત્યનો ધીમે ધીમે નાશ થયો હતો. મળી આવેલા શિલાલેખો તેમના પ્રાચીન 'ગણો'નો અધુરો ઇતિહાસ પુરો કરવાને ઉત્તમ સાધનો પુરાં પાડે છે; પણ અર્વાચીન પટ્ટાવલિ સાથે તે બધી બાબતમાં મળતા આવતા નથી. પટ્ટાવલિ પ્રમાણે તો મૂલસંઘના નન્દિ, સેન, સિંહ, અને દેવ એમ ચાર ગણો ઈ. સ. પહેલા સૈકાના અંતમાં પડયા.

**સાહિત્યઃ**—આ વિષય પરત્વે વધારે ઉપયોગી ચોપડીઓ અને લેખો આ લેખમાં ઉલ્લેખેલ છે. તેનું સંપૂર્ણ લિસ્ટ ગેરિનોએ બીબ્લીઓગ્રાફી જૈન પારીસ (૧૯૦૭) ના નિબંધમાં આપેલું છે. જે લેખ પર દરેક વિગતો માટે વાંચકનું ધ્યાન ખેંચવામાં આવે છે. આ વિષય પર નવા લેખોમાં (બુહલરના જુના લેખ ઉપરાંત) નીચેના લેખો ઉપયોગી માલુમ પડશેઃ-માર્ગરેટ સ્ટીવન્સનની Notes on Modern Jainism, Oxford (1910); હર્બર્ટ વોરનનું Jainism in Western garb as a solution of Life's great problems Madras (1912), H. L. Zaveri The first Principles of Jaina Philosophy. ૧૯૧૦; અને કેટલાક મુખ્ય આગમોના અનુવાદ માટે જુઓ સે બુ. ઓફ ધી ઇસ્ટ પુ. ૨૨ અને પુ. ૪૫ માં હર્મન જેકોબીનાં 'જૈન સૂત્રો'

બોન ૧૯૧૩. **—હર્મન જેકોબી.**

(આ નિબંધ 'એન્સાઇક્લો પિડિયા ઑફ એથિક્સ એંડ રિલિજિયન'માં પૃષ્ઠ ૪૬૫ થી ૪૭૪ માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયો છે. **તંત્રી.**)

# આધુનિક વિજ્ઞાન અને જૈનધર્મ.

[ડૉ. (મિસ) શાર્લોટે ક્રોઝે Ph. D. કે જે જર્મન કુમારિકા છે અને જેમણે હમણાં શ્રાવિકા તરિકે વ્રતો ગ્રહણ કરી જૈન થઇ સુભદ્રાદેવી પણ નામ સ્વીકાર્યું છે તેમણે ૩૦-૭-૨૭ ને દિને મુંબઈમાં સર કાવસજી જહાંગીર હોલમાં ગૂ. ભાષામાં મનનીય જાહેર ભાષણ આપ્યું હતું તેનો વિષયને લગતો ઉપયોગી ભાગ અત્ર અમે આપીએ છીએ. **તંત્રી.**

यत्र तत्र समये यथा तथा
योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवान्
एक एव भगवन् ! नमोऽस्तु ते ॥

મનુષ્ય જાતિનું એક મુખ્ય લક્ષણ જિજ્ઞાસા છે. યૂરોપના ઉત્તમ સભ્યતાવાલા રહેવાસીઓ યા ભારત માતાના ધાર્મિક પુત્રો, આફ્રિકાના ઉષ્ણ દેશોમાં રહેનારા અસભ્ય નીગ્રો લોકો, યા ઠંડા પોલર દેશોના સાદા સંતોષી રહેવાસીઓ **બધાએ જિજ્ઞાસા દેવીની આરાધના** કરે છે. એમાં નવીનતા શું? એટલું નહીં, પરન્તુ જ્યારથી જુદા જુદા દેશોની પુરાણી સભ્યતા અને પુરાણા ઇતિહાસના સમાચારો મળે છે, ત્યારથીજ અમુક મહાદેવીની સેવા પણ વિદ્યમાન હતી. બાઇબલના ઓલ્ડ ટેસ્ટમેન્તના ગ્રંથો, જુના Norse સાહિત્યની ઘણી ચોપડીઓ, જુની ગ્રીક અને લેટિન્ ભાષામાં હૅરૉડૉટસ, સ્ટ્રેબો વિગેરે

લેખકોએએ લખેલા અનેક ગ્રંથો, વેદો, બ્રાહ્મણો, ઉપનિષદો, પુરાણો, મહાભારત, અવસ્ટા પહેલવી સાહિત્ય વિગેરેના જુદા જુદા ગ્રંથો તેની સાક્ષી પૂરે છે. અને છેવટે, આપણે પોતે પણ ઘણા જિજ્ઞાસુ છીએ.

અને એમાં શું ખોટું? જેટલી **ફિલૉસૉફરોની શોધખોલ** થઈ છે અને થાય છે, તેનું કારણ જિજ્ઞાસાજ છે. જિજ્ઞાસા **સમસ્ત જ્ઞાન વિજ્ઞાન**ના પ્રારમ્ભનું કારણ છે, અને જિજ્ઞાસાના કારણથીજ આપણે સભાઓ ભરીએ છીએ, વક્તાઓને ઉભા કરીએ છીએ, અને વિદ્વાનોની ચરચાઓમાં ઉત્સાહ-પૂર્વક ભાગ લઈએ છીએ, એટલુંજ નહીં—પરન્તુ **ધર્મશાસ્ત્ર**-ધાર્મિક ચરચાઓ અને છેવટે સમ્યક્ચારિત્રનો પહેલો હેતુ પણ જિજ્ઞાસાજ છે.

इहोपपत्तिर्मम केन कर्मणा कुतः प्रयातव्यमितो भवादिति ।
विचारणा यस्य न जायते हृदि कथं स धर्मप्रवणो भविष्यति॥

શાસ્ત્રકાર કેવું સાચું કહે છે! "કયા કર્મના કારણથી હું અહીંઆં ઉત્પન્ન થયો છું? આ ભવ છોડીને ક્યાં જવાનો છું? જેના દિલમાં આવા વિચારો કદીખી આવતા નથી એવા માણસો ધર્મમાં કેમ આગળ વધી શકે?"

**કયા કર્મના હેતુથી હું અહીંઆં ઉત્પન્ન થયો છું? આ ભવ છોડીને ક્યાં જવાનો છું?**

જે પૃથિવીમાં-જે જગત્માં ઉત્પન્ન થઈને હું જીવન વ્યતીત કરૂં છું, જે પૃથિવીને-જે જગત્ને હું ગમે તેવી મહેનત કરીને મારી ઇચ્છા પ્રમાણે છોડી શકતો નથી, પરન્તુ જેને-ગમે તો મારી ઇચ્છા હો યા ન હો-એક દિવસે અન્તઃકાલના વખતે, મારે છોડી દેવી પડશે—આ **પૃથિવી-આ જગત્ કચી જાતનું એક સ્થાન** છે? તે ક્યારે અને કેવી રીતે ઉત્પન્ન થયું છે, અને પહેલાં શું હતું? જગત્માં આ પૃથિવીની સ્થિતિ કેવી છે? અને આ પૃથિવી-સૂર્ય-ચંદ્ર-તારાવાલા જગત્નું અંત ક્યાં છે?

આ પૃથિવીના **જુદી જુદી જાતના પ્રાણીઓ** કેવી રીતે અને શા કારણથી ઉત્પન્ન થયા છે? અને તેઓનું પરસ્પર સગપણ છે કે?

આ દૂર રહેલાં **સૂર્યનાં કિરણો** કેવી રીતે મારી આંખની અંદર આવે છે અને આ આંખની અંદર આકાશ અને વનસ્પતિ, પક્ષી અને પશુ, ગામડાં અને પહાડો અને માતા પિતા ગુરૂજીનું ઉત્તમ મુખ-આ બધી ચીજોનું પ્રતિબિંબ કેવી રીતે ઉત્પન્ન થાય છે અને કેવી રીતે આગલ વધીને આત્માના જ્ઞાનમાં આવે છે?

**વીજળી** અને **લોહચુંબક**ની ગુપ્ત શક્તિનું રહસ્ય કઈ જાતનું છે?

આપણા આત્માની ઇચ્છા, **આપણા આત્માના નિશ્ચયના કારણથી આપણા પગ ચાલવા માંડે છે,** આપણો હાથ લખવા માંડે છે, આપણું શરીર હાલવા યા સ્થિર થવા માંડે છે, તે બધું કેવી રીતે થાય છે?

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય, લોભયુક્ત વિચારો કરીને, શબ્દો બોલીને યા કામ કરીને દરેક **માણસના મનમાં ઘૃણા અને પશ્ચાત્તાપ ઉત્પન્ન થાય** છે અને વધારે પવિત્ર જીવનમાં આપણે વધારે શુદ્ધ આનન્દ અનુભવીએ છીએ, તેનું કારણ શું છે?

આ વિગેરે ઘણા પ્રશ્નો સંબંધી જિજ્ઞાસા રાખતાં-તેનો જવાબ મેળવવાને માટે મનુષ્ય જાતિએ કેટલી મહેનત કરી છે! ષટ્દર્શન શાસ્ત્રીઓએ experiment અને observation દ્વારા શોધતાં શોધતાં ઘણી જુદી જુદી માન્યતાઓ-theories-સ્થાપન કરેલ છે-અસંખ્યાત વરસોથી સ્થાપન કરેલ છે અને ત્રણ ચાર હજાર વરસોથી લખવામાં પણ આવેલ છે. મોટા નામવાલા, ઉત્તમ બુદ્ધિવાલા, ઉત્કૃષ્ટ વિચારવાલા જુદા જુદા દેશોના, જુદા જુદા કાળના માણસોએ જુદી જુદી પદ્ધતિ પ્રમાણે આ વિષયમાં જે શોધ અને જે મહેનત કરી છે, તેનું પરિણામ કેવું છે? તેના પરિણામથી **પૂર્વોક્ત સર્વે માનુષીય જિજ્ઞાસારૂપી તૃષાની યથેપ્સિત તૃપ્તિ થઈ છે કે નહિં,** તે આપણે જોઈશું.

આપણી વીસમીસદીની પાશ્ચાત્ય વૈદ્યકળા તથા biology ના ક્ષેત્રમાં આપણું જ્ઞાન તો જરૂર બહુ આગળ વધ્યું છે. જન્મ મરણના વખતે માનુષીય શરીરમાં જે જે વિકારો થાય છે, તે બધા સ્પષ્ટ છે, તો પણ ગર્ભમાં કેવી રીતે અને ક્યારે ચૈતન્ય-

શક્તિયુક્ત આત્મા પેસી જાય છે:-ક્યાંથી આવે છે-યા મરણના વખતે શરીરને છોડીને ક્યાં જાય છે? આ વાસ્તવિક પ્રશ્નોનો જવાબ હજુ કોઈ વૈદ્યે, કોઈ ડૉક્ટરે, કોઈ biology વેત્તાએ નથી આપ્યો. આ રહસ્યની ગંભીરતા અસીમ, અનન્ત જેવી હજુ લાગે છે. **આત્માનું રહસ્ય આવું અગ્રાહ્ય હજુ લાગે** છે કે તે સંબંધી Wilhelm Wundt, એક મોટા જરમન ફિલોસોફરે એ માન્યતા ઉચ્ચારી છે કે-જેવી રીતે પવન એક ગ્રાહ્ય ચીજ નહીં, પરન્તુ હવાના movement નું પરિણામ છે, તેવી રીતે આત્મા પણ કંઈ ગ્રાહ્ય ચીજ નથી, પરન્તુ મગજની activity જે ક્ષણે ક્ષણે થાય છે, તેનો સરવાળોજ છે, તેનું sum total છે-બસ, એટલે કે-જ્યારે મરણ પછી મગજ બગડી જાય છે અને તેની activity-તેનું કામ બંધ થાય છે, ત્યારે આત્માનો પણ નાશ થાય છે. તેનો સ્પષ્ટ અર્થ તે છે કે-સ્વર્ગ નરક વિગેરેની વાતો એ દંતકથાઓ છે. અને આત્માની નિત્યતા એક શશશ્રૃંગ, એક ખપુષ્પ છે કે જે બાલકોને શાંત કરવાને માટે યા eschatogical શોધ કરવાને માટે જ કદાચ કામમાં આવે છે.

આ પૃથિવી સંબંધી ભૂગોળવિદ્યા, geology-એટલે ભૂસ્તરવિદ્યા-palaeontology વિગેરે શાસ્ત્રના વિદ્વાનોએ ઘણી શોધ કરી છે, અને પૃથિવીના જુદા જુદા થરોમાં જે જાતના પત્થર, કાંકરા, ધાતુ વિગેરે, તથા જે જાતનાં પ્રાણીઓનાં હાડકાં યા શિલીભૂત બીજા અવશિષ્ટ ભાગો યા વનસ્પતિના petrifactions મલે છે, તે ઉપરથી અનુમાન ઉચ્ચાર્યું છે કે-"ક્રોડો વરસ પહેલાં આ પૃથિવી આપણા સૂર્ય જેવો ઉષ્ણતા અને સ્વરોશનીવાલો એક તારો હતો, જેમાં પત્થર અને ધાતુ હજુ liquid યા gaseous સ્થિતિમાં રહેલાં હતાં અને કંઈ પણ જીવોત્પત્તિ હજુ નહીં થઈ હતી. ધીમે ધીમે ઉષ્ણતા ઓછી થતાં અનેક વિકારપૂર્વક સ્થિરતા થઈ, અને એકસ્કંધવાલા એકેન્દ્રિય સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થયા. આ જીવોના propagation અને evolution દ્વારા વધારે ઉંચી જાતના જીવો ઉત્પન્ન થયા છે, એટલે એક બાજુમાં વનસ્પતિ અને બીજી બાજુમાં કીડા, કીડાથી માછલી, માછલીથી મગર વિગેરે એમ સિંહ, વાઘ, વાંદરા સુધી બધી જાતના પ્રાણીઓ, અને, સૌથી છેલ્લાં-વાંદરાથી મનુષ્યો ઉત્પન્ન થયા છે. આ *Darwin* ની પ્રસિદ્ધ *theory* છે. આ theory નો આધાર એ છે કે-પૃથિવીના નીચે રહેલા થરોમાં નીચી જાતના જીવોનાં અવશિષ્ટ હાડકાં વિગેરે મલે છે, જ્યારે ઉંચે રહેલા થરોમાં અનુક્રમે ઉંચી અને વધારે વધારે ઉંચી જાતના જીવોનાં હાડકાં petrifactions વિગેરે મલે છે. અને બીજું એ કે એવા જીવોના અવશિષ્ટ ભાગો પણ મળે છે કે જે ( અને આ બિલકુલ સાચી વાત છે )-અર્ધું માછલીનું અને અર્ધું મગરનું શરીર, યા અર્ધું માછલીનું અને અર્ધું પક્ષીનું શરીર, યા અર્ધું મગર અને અર્ધું પક્ષીનું શરીર વિગેરે ધારણ કરે છે, અને વધારે ઉંચે રહેલા થરોમાં પણ કંઈ મનુષ્ય અને કંઈ વાંદરાનાં લક્ષણ રાખનારાં હાડકાં મલ્યાં છે.

પરન્તુ પ્રાણીઓની ગમે તે જાતિથી કોઈ નવી પ્રાણીઓની જાતિ ઉત્પન્ન થઇ શકે, એવું આપણે જોઇ કે અનુભવી શકતા નથી. અર્થાત્ બીલાડી, કુતરાં, ચકલી, ઘોડા વિગેરે ગમે તે પ્રાણીઓની જાતિમાંથી બીજી બીજી જાતનાં જાનવરો ઉત્પન્ન થયાં હોય એવું, જ્યારથી આપણે કલ્પી શકીએ છીએ ત્યારથી, હજુ જોવામાં નથી આવ્યું. અને આ કારણથી આજે *Darwin*ની *theory* **અશ્રદ્ધેય ગણાય છે.** બાકી કેવી રીતે જીવરહિત પૃથિવીમાં એકદમ પોતાની મેળે પહેલી વાર એકસ્કંધવાલા જીવો ઉત્પન્ન થયા, તે સંબંધી કોણ બોલ્યું છે? હા, કોઇએ એમ જરૂર કીધું છે કે આ એક સ્કંધવાલા જીવો આ પૃથિવી બહારના એક તારામાંથી પૃથિવી ઉપર પડયા છે. પરંતુ તે પહેલા તારામાં કેવી રીતે ઉત્પન્ન થયા હતા? એનો કંઈ જવાબ નથી.

હવે પૃથિવીમાં જે ઉષ્ણતા પહેલાં વિદ્યમાન હતી અને જે ઉષ્ણતા હજુ સૂર્યમાં વિદ્યમાન છે, તે ક્યાંથી આવી છે? અને પૃથિવી ચંદ્ર તથા ગ્રહો જો ચાલે છે તો તે કયા કારણથી ચાલે છે? અને rotation તથા revolution-તેની આ દ્વિવિધ

ગતિ શા કારણથી હજુ બંધ નથી થઈ? આ સંબંધી પણ કંઈ ઉત્તર નથી.

બાકી, જો કે સૂર્ય ચંદ્ર તારાઓની પરિસ્થિતિ સંબંધી બહુ શોધ ચાલે છે અને ત્યાં રહેલી ઉષ્ણતા, હવા, ધાતુઓ વિગેરે વિષયો આપણા ખગોલવેત્તાઓને બરાબર માલૂમ થયા છે, તો પણ પૃથિવી ચાલે છે અને સૂર્ય સ્થિર રહે છે કે સૂર્ય ચાલે છે અને પૃથિવી સ્થિર છે, તે સંબંધી આજે પણ **નવી શંકાઓ,** *Kepler*ની *theory***ની વિરૂદ્ધમાં, ઉચ્ચારવામાં, આવે છે.**

સૂર્યનાં કિરણો કેટલા વખતમાં પૃથિવીમાં પહોંચી જાય છે, આ કિરણોની સફેદ રોશની સાત જુદા રંગવાલા કિરણોનું mixture છે, અને આ સાતે જાતના કિરણો સિવાય ultra-red, ultra-violet જેવાં બીજાં અદૃશ્ય કિરણો છે,—છાયા અને દર્પણનું પ્રતિબિમ્બ કેવી રીતે થાય છે, ઇન્દ્રધનુષ્ય કેમ ઉત્પન્ન થાય છે, તે બધું આપણે બરાબર જાણીએ છીએ, અને રોશનીના ગુણો અને નિયમો photographic camera, telescope, microscope, stereoscope, cinema, television વિગેરેમાં બરાબર ઉપયોગ કરીએ છીએ. અને એ પણ જાણીએ છીએ કે જુદા રંગવાલી રોશની જુદી જાતના તરંગો વડે કરીને આગળ ચાલે છે.—પરન્તુ કયી ચીજ આગલ ચાલે છે તેની આજે પણ કોઇને ખબર નથી. કેટલાક વિદ્વાનોએ કીધું છે કે-"aether" આ નામવાળું એક પુદ્ગલ છે, તેમાં તરંગો ઉત્પન્ન થાય છે તેજ રોશની છે. પરન્તુ આ તરંગો શાથી ઉત્પન્ન થાય છે, તે કોને માલૂમ? અને જે "aether"ની કલ્પના કરવામાં આવે છે, તે *aether* **અદૃશ્ય, અતોલ્ય, સર્વવ્યાપી** (એટલે જ્યાં હવા નહીં હોય, ત્યાં પણ વિદ્યમાન છે, પરમાણુઓના મધ્યમાં પણ વિદ્યમાન છે). **સ્પર્શ, જીભ, નાક, કાનથી પણ અગ્રાહ્ય,** બુદ્ધિથી અને ગમે તેવા instrument વડે કરીને અગ્રાહ્ય, સંક્ષેપમાં કલ્પના સિવાય સર્વથા અગ્રાહ્ય એક ચીજ છે. **આવી એક ચીજ હોઈ શકે કે કેમ?** તો પણ તેની કલ્પના કરવી જરૂરી છે. કારણ કે આ સિવાય રોશનીની પ્રકૃતિ સમજી શકાય એમ નથી.

આજ aether માં પણ ચાલનારા, પરન્તુ જુદી જાતના તરંગો, વિદ્વાનો વીજલીની વ્યાખ્યાને માટે, અને લોહચુમ્બકની પ્રકૃતિ સમજવાને માટે પણ કલ્પે છે. વીજલી અને લોહચુમ્બકમાં રહેલી શક્તિઓ-કે જેનાં નામ **ઇલેક્ટ્રીસિટી અને મૅગ્નીટિઝમ** રાખવામાં આવ્યાં છે તેને મનુષ્યોએ પોતાના ગુલામ તરીકે બનાવી છે, અને તેજ શક્તિઓ ટૅલીગ્રૅફ, ટૅલીફોન, ઇલેક્ટ્રિક્ લાઈટ, ડિનેમો મશીન, મોટરો, રેડીઓ વિગેરે અનેક જુદી જાતની વસ્તુઓમાં માણસોને માટે દિન રાત કામ કરી રહી છે. બે જુદી જાતની પરંતુ એકજ પ્રકૃતિવાલી શક્તિઓનું પરસ્પર સ્પર્શ થાય છે, એવી રીતે ઇલેક્ટ્રિસિટી વીજલીમાં દૃશ્ય અને સ્પૃશ્ય થાય છે, એમ વિદ્વાનો આજે ધારે છે. પરંતુ આ બે શક્તિઓ ક્યાંથી આવેલ છે, શા કારણથી અનન્તવાર ભેગી થવા છતાં ફરીથી અને ફરીથી અલગ થાય છે, **તે સંબંધી આજે પણ કોઇને બરાબર જ્ઞાન થયું નથી.**

જ્યારે આવી સ્થૂલ બાબતો સંબંધી આપણા જ્ઞાન વિજ્ઞાનના શાસ્ત્રીઓ અને ફિલોસૉફરોમાં હજુ એટલી શંકાઓ અને એટલું અજ્ઞાન વિદ્યમાન છે, તો પછી આપણા આત્મબળના કારણથી કેવી રીતે આપણું શરીર કામ કરે છે, એટલે મનમાં ચાલવા વિગેરેનો નિશ્ચય થયા પછી આપણા પગ ચાલવાજ માંડે છે, પશ્ચાત્તાપ અને અકૃત્યને માટે ઘૃણા કેવી રીતે અને શા માટે મનુષ્યના દિલમાં થાય છે? અને તે પશ્ચાત્તાપ વિગેરે શા માટે કોઇ મનુષ્યના દિલમાં તત્કાલ, કે કોઈ મનુષ્યના દિલમાં ઓછા વત્તા વિલમ્બ પૂર્વક થાય છે? આવા **સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રશ્નો સંબંધી આપણા** *psychology* **(માનસશાસ્ત્ર)** *biology* **વિગેરે શાસ્ત્રોના વેત્તાઓ ચૂપ ચાપ રહે**-તો એમાં આશ્ચર્ય જેવું શું છે?

ઘણું જ્ઞાન આપણી પાસે છે. અને ઘણી કુદરતની શક્તિઓ આપણી સેવા કરી રહી છે-આપણી ગુલામ થઈને રહી છે,-તો પણ આ બધી શક્તિઓની

પ્રકૃતિ હજુ અગ્રાહ્ય, આપણે માટે હજુ રહસ્યમાં છે. અને જો આપણે વધારે ને વધારે અભ્યાસ અને શોધખોલ કરીએ છીએ તો આપણી આશા ઓછી ને ઓછી થાય છે કે આ બધી બાબતોમાં વધારે ગમ્ભીર જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે. એટલું નહીં, પરન્તુ છેવટે-વિજ્ઞાન કુશલ થઇને-આશારહિત થઇને-આપણને **માલૂમ થાય કે આમાં સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું તે આ મનુષ્ય જીવનમાં અશકયજ છે.** Goethe, આ પ્રસિદ્ધ German કવિએ "Doctor Faust" આ નામવાળું એક ઉત્તમ નાટક લખ્યું છે, જેમાં "આ મનુષ્ય જીવનનો અર્થ શું છે?" આ પ્રશ્નની ચરચા થાય છે. આ નાટકનો નાયક, Dr. Faust, આ સુન્દર-જગતપ્રસિદ્ધ-શબ્દો બોલે છે કે—

Habe nun-ach-Philosophie,
Medizin und Iuristerei,
Und leider anch Theologie,
Durehaus studietet mit vieler Mueh;
Da steh ich nun, ich armer Tor,
Und bin so klug als wie zuvor.
Heisse Magister, heisse Doktor gar,
Und ziehe schon an die zehen Iahr
Herauf, herab und quer und krumm
Meine Schueler an der Nase herum
Und sehe dass wir nichts wissen koennen
Das will mir schier dasHerz verbrennen.

એટલે "philosophy, medecine, jurisprudence, theology, આ સમસ્ત જ્ઞાન વિજ્ઞાનની ચારે શાખામાં મેં ઘણો અભ્યાસ કર્યો છે, ઘણી શોધ કરી છે. શું છે તેનું પરિણામ? પહેલાં જે મારી પાસે હતું, તે ઉપરાન્ત મેં કંઈ પણ વાસ્તવિક નવું જ્ઞાન નથી પ્રાપ્ત કર્યું. "Magister" (એટલે M. A.) અને "ડાકૂટર," આ title મને મળ્યા છે, અને દસ એક વરસથી હું મારા શિષ્યોને પણ કઠોર અભ્યાસ કરાવું છું. તો પણ મને એજ માત્ર ખાતરી થઇ છે કે આપણે કંઈ પણ ચીજ બરાબર જાણી શકીએ એમ નથી. તેથી મારા દિલમાં અત્યન્ત દુઃખ ઉત્પન્ન થયું છે અને મારો આત્મા પીડાથી બળે છે."—આ તે કવિના શબ્દો છે કે જેઓ પોતે એક મોટા scientist હતા. Du Bois-Reymond, એક બીજા મોટા વિદ્વાને વિજ્ઞાન શાસ્ત્રીઓની એક વિશાળ સભામાં-નિરાશ થઇને આ પ્રસિદ્ધ શબ્દો ઉચ્ચાર્યા છે કે-" ignoramus ignorabimus" એટલે "**આપણે કંઈ પણ જાણતા નથી, અને કદીભી જાણીશું એમ પણ નથીજ**"!

જો વિદ્વાન્ લોકો આમ નિરાશપણામાં રહેલા છે, તો સાધારણ શિક્ષિત લોકો-કે જેઓનું જ્ઞાન, જેઓની માન્યતાઓ તો વિદ્વાનોના જ્ઞાનનું, વિદ્વાનોની માન્યતાઓનું એક ઝાંખું પ્રતિબિંબ છે, એવા લોકોના સંબંધમાં કહેવુંજ શું? આત્માની પૂર્વોકત જેવી માન્યતાઓ અને વ્યાખ્યાઓ સાંભળીને ઘણા ઓછા લોકો આત્માની નિત્યતા-અને તેથી પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ વિગેરે **ધાર્મિક માન્યતાઓ સંબંધી** સંપૂર્ણ વિશ્વાસ રાખે, એમાં આશ્ચર્ય શું?

Experiment, અનુમાન વિગેરે સાધનોદ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન અને ધર્મશાસ્ત્રોમાં લખેલી બાબતોમાં તો બહુ વિરૂદ્ધપણું વિદ્યમાન છે, અને ધર્મશાસ્ત્રોમાં પ્રરૂપેલ અનેક *myths*, *legends* **વિગેરે સમાચારો** તો સર્વ સાધારણના અનુભવથી કે સર્વસાધારણના વિચારોથી પણ બહુ વિરૂદ્ધ છે! અને જ્યારે આવીજ બાબતોમાં શંકાઓ છે, તો પછી આ સિદ્ધાન્તોમાં પણ પ્રરૂપેલ **ધાર્મિક નિયમો-ધાર્મિક** *commandments*-સંબંધી શું કહેવું? તેનું પાલન આત્મા અને જગત્ના કલ્યાણનો માર્ગ છે, એ કોણ સંપૂર્ણ ખાતરી પૂર્વક સ્વીકારે? અને જો સ્વીકારતા નથી તો પછી માનવું શું? કયા નિયમો અને કયા ધર્મ પ્રમાણે જીવન કરવું? શું છે હેય જ્ઞેય અને ઉપાદેય?-જો બીજાઓએ બનાવેલા સિદ્ધાન્તો સંબંધી શંકા થાય છે-અવિશ્વાસ વર્તે છે, તો છેવટે, આપણા **પોતાના દીલની ભાવના**-આપણા પોતાના હૃદયની ઇચ્છાઓ સિવાય આ જગતમાં બીજું શું માનનીય છે? એમ ધારીને "Erlaubt ist was gefaellt" એટલે "જે પોતાને ગમે છે

તે માટે છૂટ છે" આ નિયમને ઘણા માણસોએ પોતાનું device–પોતાનો સિદ્ધાન્ત-બનાવ્યો છે. પરન્તુ તેનું પરિણામ શું છે? સાધારણ માણસોનું દિલ શુદ્ધ નથી, એની ભાવનાઓ અને ઈચ્છાઓ ઘણે ભાગે સ્વાર્થી, હિંસાકારક, બીજાઓને માટે નુકસાનકારક, વિચિત્ર અને અનિયમિત હોય છે, અને બીજાઓની ભાવનાથી, બીજાઓની ઈચ્છાથી, બીજાઓના સ્વાર્થથી ઘણે ભાગે વિરૂદ્ધ હોય છે. જો આજ દિલને સિદ્ધાન્તના સ્થાનમાં આરોપવામાં આવે તો માણસનું આખું જીવન, એટલુંજ નહીં પરન્તુ આખા સમાજ, આખા દેશ, અને આખી દુનીયાના રહેવાસીઓનું **જીવન કેટલું અશુદ્ધ, કેટલું અનિયમિત અને નિત્ય ભયથી ભરેલું થાય, એનો વિચાર સૌ કોઇ કરી શકે તેમ છે. આવી અવનતિ યૂરોપના જીવનમાં થઇ છે કે કેમ? તે આપણે તપાસીએ.**

આજકાલની–વિશેષથી European–સમાજના જીવનની તપાસ કરીએ છીએ તો, એ જરૂર કહેવું જોઈએ કે–પુરાણી European સભ્યતા કરતાં અને હિંદુ તથા જૈનોની સભ્યતા કરતાં આજકાલની European સભ્યતા અવશ્ય પાછળ રહેલી –અવનતિ તરફ ચાલનારા જેવી લાગે છે. આ વિષય સંબંધી Oswald Spengler, એક જર્મન વિદ્વાન્ લેખકે "Der Untergang des Abendlandes" એટલે "પાશ્ચાત્ય દેશોની અવનતિ" આ નામની એક ચોપડી લખેલી છે. તેમાં Oswald Spengler પણ આપણું લક્ષ્ય આ બાબત તરફ ખેંચે છે કે-**આજ કાલના પાશ્ચાત્ય દેશોના રહેવાસીઓ**, કે જે **લોકો** *civilization* **એટલે** *natural science, technic, mechanics* **વિગેરે બધા જ્ઞાન વિજ્ઞાનોના જુદા જુદા ખેતરોમાં અપૂર્વ ઉન્નતિના શિખર ઉપર પહોંચ્યા છે-તેજ લોકો–"***culture* **એટલે ધર્મ,** *morals*, **સંક્ષેપમાં સભ્યતાના વિષયમાં એક અદ્વિતીય ઉંડી અવનતિ તરફ ચાલી રહ્યા છે**, જ્યારે એશીયાના દેશોના પુત્રો–"civilization" માં પાછળ રહેવા છતાં પણ પોતાના પુરાણા "culture" ની રક્ષા હજુ ઉત્સાહપૂર્વક અને ખાતરી પૂર્વક કરી રહેલા છે, એટલે પોતાના જૂના ધર્મના પાલનમાં એકાગ્રચિત્ત રહેલા છે.

તે બધું ઠીક હશે, તો પણ "Erlaubt ist was gefaellt", એટલે "જે પોતાને ગમે છે તેને માટે છૂટ છે"–આ સિદ્ધાન્ત પ્રમાણે જે માણસો આચરણ કરે છે, એવા લોકોનું moral condition અવનતિમાં પહોંચે છે અને એવા લોકોનું જીવન નિત્ય ભયથી, નિત્ય લોભથી, નિત્ય અશાંતિથી ભરેલું રહે છે, તો તે ન્યાયયુક્ત જેવુંજ છે. એટલુંજ નહિં, પરન્તુ આશ્ચર્યદાયક વાત તો એ લાગવી જોઈએ કે જે યૂરોપના દેશોની moral અવનતિ તરફ Oswald Spengler આપણું ધ્યાન ખેંચે છે, **તે અવનતિ એટલી ઉંડી તો નથી જ કે જેટલી ઉંડી હોવી જોઇએ.**

વળી આશ્ચર્યદાયક વાત એ પણ લાગવી જોઇએ કે જે લોકો પોતાના સિદ્ધાન્તોની authority સંબંધી શંકા રાખે છે; તે વિલાયતના લોકોનો સત્યપ્રેમ અને સરલતા, પ્રતિજ્ઞા પાલવામાં સ્થિરતા અને વિશ્વસનીયતા, કામકાજમાં એકાગ્રચિત્તતા વિગેરે ગુણો દુનિયામાં પ્રસિદ્ધ છે. (અને આ ગુણોની પ્રશંસા તો વિશેષથી હિંદુસ્થાનમાં વારંવાર સંભળાય છે).

આશ્ચર્યદાયક વાત એ પણ છે કે જે લોકો પુણ્ય પાપના શુભ અશુભ પરિણામ સંબંધી સંશય રાખે છે તેજ લોકો પરોપકાર, જીવરક્ષા અને **જીવનની શુદ્ધિના સુધાર, એ વિગેરે લક્ષ્ય તરફ અદ્ભુત ઉત્સાહ બતાવે છે અને એવાં અનેક મંડળ,** અનેક society યા association સ્થાપન કરે છે કે જેમાં પ્રાણીઓની રક્ષા, દારૂપાનનો ત્યાગ, માંસાહારના વિરમણ વિગેરે સંબંધી મેહેનત કરવામાં આવે છે. અને જેઓ માસિકો, ભાષણો દ્વારા શુદ્ધ જીવન–સીધું સાદું જીવન બનાવવાનો ઉપદેશ અને સૂચના કરે છે!

આશ્ચર્યદાયક વાત એ પણ છે કે જે લોકોના દિલની સાચી ભાવના, પોતાના કઠોર કર્તવ્યના કામકાજમાં, આ જીવનની ક્રૂર લડાઇની ચિંતામાં મોજ

શોખના ભોગમાં, એશારામના ક્ષણિક આનન્દમાં, **અને** હાસ્યરસ વાસિત ચપલ વિચારો તથા વાતો-ચીતોની પાછળ ઢંકાએલી રહી છે, ગુપ્ત રહે છે,-તેજ લોકોના મનમાં જૈન સિદ્ધાંતના **પાંચ મોટા નિયમો તરફ ઘણો પ્રેમ** વિદ્યમાન છે-અર્થાત્

पंचैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥

**એટલુંજ નહીં** પરન્તુ આ પાંચ મોટા નિયમો આખી યૂરોપીયન society નાં સાચાં મૂલજ છે. આ પાંચ મોટા નિયમોના અતિચારનું પરિણામ, ઉત્તમ લોકોના તરફથી અત્યન્ત અપમાન અને આખા સમાજના જાહેર boycott માં આવે છે-બીજું કંઈજ નહીં.

આશ્ચર્યદાયક એ પણ વાત છે કે જે લોકો સિદ્ધાન્તોમાં પ્રરૂપેલી આત્માની નિત્યતા સંબંધી ખાતરી રાખતા નથી, તેજ લોકો *spiritism*, *occultism* વિગેરેની ચરચાઓમાં વધારે ઉત્સાહ પૂર્વક ભાગ લે છે, એટલું નહીં પરન્તુ ઉત્કંઠાપૂર્વક એવા ગપ્પાં પણ સાંભલે છે કે જે ગપ્પા, ઠગનારા ધૂર્તો તેઓના ગુજરી ગયેલા સગા મિત્રો વિગેરે અને તેઓના પરલોકીય જીવનના સંબંધમાં મારે છે! અને વળી આજ લોકોના મધ્યમાં એક *I. Rousseau* ઉત્પન્ન થયા છે, કે જેઓએ જૈન ધર્મમાં પણ માનેલી આત્માની સર્વ મેહરબાની અને સર્વ શુદ્ધિની પ્રરૂપણા કરી છે ! આ લોકોમાં એક *Leibnitz* ઉત્પન્ન થયા છે, કે જેઓની જૈન સિદ્ધાન્તની સાથે અદ્ભુત રીતે મળેલી માન્યતા એ છે કે જીવ નિત્ય છે, એની આ સંસારમાં જુદી જુદી પરિસ્થિતિમાં રહેલા અસંખ્યાત જીવો, જેવા કે નિગોદના, કીડાના, માછલી, પક્ષી, પશુઓના, મનુષ્યોના, દેવ અને છેવટે પરમેશ્વર-આ બધા જીવોનો સમાવેશ થાય છે, વળી તે દરેક જીવમાં સંપૂર્ણ આનન્દ--સંપૂર્ણ જ્ઞાનની સ્થિતિમાં--સિદ્ધ ગતિમાં પહોંચવાની શકિત છે.

આ બધું શું બતાવે છે?-અમારા મોટા જર્મન કવિ Goethe નું એક સુન્દર વાકય છે કે—

"Ein guter Mensch in seinem dunklen Drange
Ist sich des rechten Weges wohl bewusst."

એટલે "જો કોઈ સાધારણ સારો માણસ (ભલ) પણ હોય, એને પોતાની દિલની ગુપ્ત ભાવનાથીજ કલ્યાણનો સાચો રસ્તો જરૂર માલૂમ હોયજ."

આ કથન ઉપરથી એમ લાગે છે કે બધાયે સાધારણ માણસોના હૃદયમાં વધારે ગુપ્ત રીતે-અને ઉત્તમ પુરૂષોના દિલમાં વધારે સ્પષ્ટ રીતે, ખાસ જૈન ધર્મમાં માનેલાં સમ્યક્જ્ઞાન-અને તેથી પણ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર-એટલે **સમ્યકત્વની ભાવનાનું એક પ્રતિબિંબ વિદ્યમાન** છે-કે જે કોઈ વાર દશ્ય થાય છે અને જેનો પ્રભાવ આખી દુનિયાના સામાજિક જીવનમાં પણ સદા દેખાય છે.

એટલુંજ નહીં પરન્તુ જે જે ક્રિસ્ટીયન ધર્મમાં, બૌદ્ધ ધર્મમાં, હિંદુધર્મમાં, પાર્સિધર્મમાં, મુસલમાનધર્મમાં એમ **ગમે તે દુનીયાના મોટા ધર્મમાં ખાસ પ્રરૂપણા** થાય છે-એટલે પરોપકાર અને આત્મશુદ્ધિ દ્વારા કલ્યાણ તરફ જવું-એ પ્રરૂપણા **જૈન સિદ્ધાન્તમાં અદ્વિતીય વિશાલતા, અદ્વિતીય સૂક્ષ્મતા, અદ્વિતીય ન્યાય અને યુક્તિ પૂર્વક તથા અદ્વિતીય સ્પષ્ટતા પૂર્વક કરવામાં આવી છે.**

જૈનધર્મની આખી system એટલી સ્પષ્ટ, એટલી ન્યાયયુક્ત છે કે ગમે તેવો critical mind, ગમે તેવો મહાત્મા, તેની અંદર પ્રવેશ કરીને સંપૂર્ણ સંતોષ અને શાંતિ પામી શકે છે.

જૈન સિદ્ધાન્તમાં પ્રરૂપેલા જ્યોતિષ, પ્રમાણ, માનસ, અર્થતત્ત્વશાસ્ત્ર, પ્રકૃતિવિદ્યા, પ્રાણીવિદ્યા યા ગમે તે શાસ્ત્રમાં વિદ્વાન, સૈદ્ધાન્તિક ગાથાઓની અત્યન્ત રમણીયતામાં કવિતાપ્રેમી, સ્યાદ્વાદ અને નયવાદના systems ની અંદર વાદી, જીવ અજીવ વિગેરે નવતત્ત્વોની વ્યાખ્યામાં ફિલૉસૉફર, પુરૂષાર્થ free will-ના સિદ્ધાન્તમાં શૂરવીર અને બહાદૂર માણસ, પુણ્ય પાપની વ્યાખ્યામાં યોગી અને ત્યાગી, દાન વિગેરે પરોપકારનો લાભ લેવાની સૂચનાઓમાં લક્ષાધિપતિ, તપસ્યા અને ત્યાગ કરવાના ઉપદેશમાં ગરીબ માણસ—એમ **જુદા જુદા વિષયોમાં જુદા**

**જુદા લોકો પોતાના આનન્દનું મૂલ, પોતાના કલ્યાણની માર્ગદેશિકા સમજી શકે છે.** જૈન ધર્મમાં પુરૂષ યા સ્ત્રી, શેઠ યા ભિક્ષુ, ગૃહસ્થ યા બાબા, બધા વર્ણ આશ્રમના લોકો પોતાની માનસિક ભાવના પ્રમાણે, પોતાના કર્તવ્ય પ્રમાણે સુખ અને શાંતિ મેળવી શકે છે. ગમે તે મહારાજાધિરાજ પોતાના હીરા માણેક મોતીથી જડિત સોનાનાં આભૂષણોની શોભામાં અને રમણીય ભોગ ઉપભોગના આનન્દમાં યા પોતાના રાજનીતિના કર્ત્તવ્યોમાં મસ્ત હોય, છતાં, વસ્તુપાલની માફક, એક આદર્શ જૈન થઈ શકે, અને કોઇ ઉત્તમ સાધુધર્મને પાળનારા સાધુજી વધારે મોટા સંવેગમાં રહીને પણ તેજ જૈન ધર્મની મર્યાદામાં પોતાનું કલ્યાણ શોધી શકે, અને પોતાના મનની શાંતિમાંજ, ત્યાગવૃત્તિમાંજ -સંતોષ સંપૂર્ણ રીતે મેળવી શકે છે.

કૃષ્ણ અને રાધા, રામ અને સીતાજી, લક્ષ્મણ અને હનુમાન, શિવ અને દુર્ગા, ઇંદ્ર અને ઇંદ્રાણી અને બધા લોકપાલો, લક્ષ્મી, સરસ્વતી, બ્રહ્મા વિગેરે ગમે તે દેવતાઓને, તેમનામાં રહેલા ગુણોનું લક્ષ્ય કરીને, માનવા એ જૈન ધર્મથી વિરૂદ્ધ નથી. ઉલટું **એમ કહી શકાય કે જે કૃષ્ણજી, ક્રાઇસ્ટ, *Zarthosht*, મોહમદ યા ગુરૂ *Nanak* નો અનુયાયી જૈનધર્મને અંગીકાર કરે છે તે-તે પોતાના ધર્મમાં વધારેજ આગળ વધી શકે છે.** એટલે જે માણસ ક્રાઇસ્ટ યા મોહમદના ઉપદેશ પ્રમાણે સર્વે મનુષ્યો ઉપર પ્રેમ રાખવા ઉપરાન્ત, શ્રી મહાવીર સ્વામીના ઉપદેશને અનુસરીને પશુ પક્ષી વિગેરે બધાએ પ્રાણીઓ ઉપર કૃપા બતાવે છે,-યા જે પારસી Zarthosht ના સિદ્ધાન્ત પ્રમાણે, " humata, huhta, huvarshta " ( એટલે સારો વિચાર, સારો શબ્દ સારી ક્રિયા ) કરવા ઉપરાન્ત, શ્રીમહાવીરના ઉપદેશ પ્રમાણે મન વચન અને કાયાથી સારૂં કરે, સારૂં કરાવે અને સારાની અનુમોદના આપે છે, તે માણસ તો જરૂર એક વધારે ઉંચી હદે પહોંચેલો કહી શકાય.

ક્રિસ્ટીયન, વૈષ્ણવ, શૈવ, પારસી અને મુસલમાનના ધર્મમાં **નરક અને સ્વર્ગ અને તેમણે માનેલા ઇષ્ટદેવને પણ માનવાને માટે જૈન સિદ્ધાન્તની ઉદાર દૃષ્ટિથી કંઇ પણ અડચણ નથી.** પણ ધ્યાનમાં એ રાખવું જોઇએ કે-અમુક દેવની ઉંચી સ્થિતિથી પણ, રાગદ્વેષ રહિત, અનન્ત સુખવાળા, અનન્ત જ્ઞાનવાળા, આત્માની સિદ્ધગતિ વધારે ઉંચી છે-અને કે, આ સિદ્ધગતિ પ્રાપ્ત કરવી- આત્મશુદ્ધિ વડે કરીને પ્રાપ્ત કરવી-તે દેવતા, મનુષ્ય, પશુ અને બધા પ્રાણીઓને માટે આ જીન્દગીનું એક જ લક્ષ્ય છે-આ જીવનનો ઉત્તમ અર્થ છે.

**આવી રીતે શ્રી જૈનસિદ્ધાન્તની ઓળખ બધાએ માણસોને માટે જરૂર કલ્યાણકારક છે.** કલ્યાણકારકજ નહીં પરન્તુ **વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ મનને સંતોષદાયક છે.** કારણ કે **નવીનમાં નવીન શોધખોલનું પરિણામ શ્રીઅર્હન્તોના સિદ્ધાન્તની સાથે ઘણે ભાગે અદ્ભુત રીતે મળે છે,** જે જ્ઞાન આપણા વિદ્વાનોએ હમણાંજ નિયમિત અને સુવિહિત experiments અને સૂક્ષ્મ નવીન instruments વડે કરીને પ્રાપ્ત કર્યું છે તે મહાવીર સ્વામીએ અઢી હજાર વરસ પહેલાં જાહેર કર્યું હતું.

ઉંચે રહેલા થરોમાં ચઢતાં ચઢતાં માલૂમ પડે છે કે હવા વધારે અને વધારે પાતળી અને ઠંડી હોય છે. પાણી અસંખ્યાત સૂક્ષ્મ જીવોથી ભરેલું છે કે જે ઉકાળવાથી યા સાકર વિગેરે નાખવાથી નિર્જીવ બને છે. વનસ્પતિ અને ધાતુ, પત્થર વિગેરે પૃથિવીકાય સજીવ-ચૈતન્ય શક્તિ યુક્ત છે. આ પૂર્વોક્ત બાબતનાં ઉદાહરણો છે. બાકી જેવી રીતે આધુનિક વિજ્ઞાનવેત્તાઓ molecular combinations, molecules, atoms, eletrons- આ પુદ્ગલના ભાગો માને છે, તેવીજ રીતે જૈન સિદ્ધાન્ત પ્રમાણે સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ આ પુદ્ગલના વિભાગો છે. અને જેવી રીતે આજ કાલના પ્રકૃતિ વિદ્યાશાસ્ત્રીઓ સ્થિતિકારણભૂત "gravitation" અને રોશની વિગેરેની ગતિ સમજવા માટે "aether" આ બે રહસ્યયુક્ત, અસ્પૃશ્ય, અતોલ્ય, અદશ્ય, સર્વવ્યાપી ચીજોની કલ્પના કરે છે, તેવીજ રીતે જૈન ધર્મમાં સ્થિતિકારણભૂત **અધર્માસ્તિકાય** અને ગતિકારણભૂત **ધર્માસ્તિકાય**

એમ બે દ્રવ્યો માનવામાં આવે છે. અને જેવી રીતે botany અને zoology ( આધુનિક વનસ્પતિશાસ્ત્ર અને જંતુવિદ્યા ) આવા જીવો માને છે કે જેઓનાં શરીર-moss, lichen, algae વિગેરેના શરીર જેવા-અસંખ્યાત સૂક્ષ્મ જીવનાં શરીરોના સમૂહો છે, તેવીજ રીતે જૈન સિદ્ધાન્ત પણ અનન્તકાય વનસ્પતિની વ્યાખ્યા કરે છે.

જેમની પાસે અઢી હજાર વરસ પહેલાં telescope, microscope વિગેરે કંઈ પણ સાધન નહીં હતું. તેઓમાં આ વિગેરે અદ્વિતીય જ્ઞાન હતું. તો આ અરિહંત ભગવાન મહાવીરસ્વામી અને જે તીર્થંકરો એમનાથી પહેલાં વિદ્યમાન હતા, **તેઓ વિશ્વાસપાત્ર ગણવાના** નથી કે ?

એ તો ખરૂં છે કે **જૈન સિદ્ધાન્તમાં રહેલી ઘણી માન્યતાઓ પણ નવીન સાયન્સના નિશ્ચિત જેવા પરિણામો સાથે મળતી નથી.** પરન્તુ વિચાર કરવો જોઈએ કે-જે સાયન્સના પરિણામો કોઈવાર નિશ્ચિત જેવા માનવામાં આવ્યા હતા તે સંબંધી પછીથી અનેક વાર શંકાઓ ઉચ્ચારવામાં આવી છે ( દા૦ તા૦ સૂર્ય સ્થિર રહેલો છે અને પૃથિવી દ્વિવિધ રીતે ચાલે છે આ Kepler ની theory-યા સંમૂર્ચ્છિમ જીવોત્પત્તિ ન થઈ શકે આ માન્યતા સંબંધી)-બાકી aether ની કલ્પના યા Darwin ની theory જેવા સાયન્સની અનેક માન્યતાઓ contradictiones in adjectu, એટલે વંધ્યાપુત્ર, આકાશપુષ્પ જેવી લાગે છે. **માટે સાયન્સની માન્યતાઓ ઉપર અતિવિશ્વાસ કેમ રાખી શકાય?** આટલું કહી શકાય કે જે માન્યતાઓ macrocosm અને microcosm જગત્ અને મનુષ્ય સંબંધી અત્યારે માનવામાં આવે છે, તેઓનો મોટો ભાગ, જે પ્રમાણે સાયન્સ આગળ વધશે તે પ્રમાણે સમય ઉપર બદલાઈ જશે-એવી રીતે બદલાઈ જશે કે જે જૈન સિદ્ધાન્તમાં પ્રરૂપેલ સત્યોની સાથે મલશે. આ વિશ્વાસ રાખવો જોઇએ.

બીજી બાજુમાં એ પણ વિચારણીય છે કે મહાવીર સ્વામીના અર્ધમાગધી ભાષામાં લખેલા પવિત્ર શબ્દોનો કેવો અર્થ કરવાનો છે? કઈ વ્યાખ્યા ઠીક છે? આ સંબંધી જૈનવિદ્વાનોમાં ઘણી જગાઓને માટે હજુ એક મતિ નથી મલી. માટે સાયન્સની અને સિદ્ધાન્તની તુલનાત્મક શોધ અને પરીક્ષા વધારે વિસ્તારથી કરી પહેલાં **આધુનિક ફૈલૉલૉજીની *critical* પદ્ધતિઓ પ્રમાણે શ્રીસૂત્રજીની શોધખોલ અને *interpretation* બરાબર કરવી જોઈએ.** કારણ કે જેવી રીતે સોનાનું તેજ અગ્નિની પરીક્ષાથીજ વધે છે, તેવી રીતે શ્રીસૂત્રનો મહિમા ફૈલૉલૉજીકલ શોધની અને સાયન્સના comparison ની પરીક્ષાથીજ વધારે સ્પષ્ટતા પૂર્વક જોવામાં આવશે.

પરંતુ એવી બાબતોમાં ઉતરવાની આપણને શી જરૂર? અત્યારે એટલું તો સ્પષ્ટ છે **જૈન સિદ્ધાન્તના *author* ની પાસે જગત્ અને મનુષ્ય *macrocosm* અને *microcosm*-સંબંધી અદ્ભુત અપૂર્વ જ્ઞાન હતું, અને તેથી તેમના સિદ્ધાન્તનો સંદેશ દુનીયાને પહોંચાડવા યોગ્ય છે જ.**

# Jainism by Prof. Josef Zubaty Ph. D.

[1](Translated by Dr. Otakar Pertold)

*Dzainove* or *dziniste* (English Jains, Jainas) *i e. worshippers of Jina* or *Jinas* are followers of a special religion in India proper. Its origin is not quite certain. Sometimes the Jainas are considered as a Buddhistic sect,–Jainism arose at the time of the struggle between Buddhism and Hinduism and it leaned towards Brahmanism. Even in the time of this origin there are many differences. Some people put it in the IX century B. C., others up to the VIII to IX cent. A. D. If we compare, however, the essence of the Jaina tradition with some other *e. g.* Buddhistic reports, the following opinion which is recognised by Bühler and others is most probablely right. The Jaina religion did not spring up from Buddhism but from the same intellectual movement as Buddhism and perhaps at the same time. Therefore it has so many resemblances to Buddhism; however, it is more much closely associated with orthodox Brahmanism. The founder of Jainism is probably Dznataputra (Jnataputra) or Nataputta, senior contemporary of Buddha. He is specially worshipped up to now as the last Jina under the name of Mahávira ("the great man"). His date is located by different sources between 735 and 598 B. C. He preached his religion in a similar manner and probably in the same country as Buddha, and died in the 72nd year of his age in Páva (Behar).

The *essences* of the world are according to the belief of the Jainas an eternal, uncommenced and everlasting lifeless substance and a similar eternal, imperishable, living spiritual power. (By the parts of this spiritual power life is given to the parts of that lifeless substance). Jainas believe in the transmigration of souls: the soul takes after the death different shapes *e. g.* of gods, of men in differrent classes, of animals, even of plants, and can be punished by temporary stay in one of the *eighteen* different hells. The *salvation* (moksa) is the deliverance of the soul from this transmigration. The man who is approaching his salvation after his death by means of his holy life is called *Arhant*. The world is changing in two periods, which are *mythically stated*: after the period of development follows a period of descent a slow decay of the world. In each of these periods are born 24 men holy ones, lords of the world, free from worldly activity, omniscient. conquerors of the weaknesses, Jinas, who are showing the way through the ocean of darkness-Tirthamkaras, and who are also designated as *Buddhas* In the present period of descent the first Jina was Vrsabha, who was 3,000 ft. long and lived 8,400,000 years; the others are more and more nearing to the human conditions; the last but one, Parsvanatha, lived, 100 years, and the last Jina, Mahavira, 72 years. Jainas are worshipping all Jinas of the previous, present and future periods, but especially the three above mentioned Jinas. Besides prayers

---

1 At the very outest I may state that I am very much indebted to Dr. Otakar Pertold, Prof. of Sanskrit in the Prague University; for this article was translated from Czech Enyclopedia "Ottuv Slovnik Naucny [ઓટ્ટવ સ્લોવઝીંક નાઉચ્ની) Pt. 8 pp. 325-326) at my request by him during stay in this city as Consul of Czechoslovkia.

H. R. KAPADIA.

and hymns, they are offering them flowers scents etc. Gods like Indra Vishnu whom they accepted from a former religion (Brahmanism) are sub-ordinate, mortal beings, who got some functions in the ruling, of the world as the reward for their previous virtuous lives. Every man can become god after his death and therefore the gods are not invoked.

The Jainas do not recognise the authority of the Vedic scriptures, although they are sometimes quoting them. But they recognise–specially in Southern India-castes and the religious ceremonies are performed for them by orthodox Brahmans and not by jaina priests. They prove their spiritualism by frequent fasting, etc., and specially they abstain from doing harm to any living being.

Jainas are as laymen *sravakas* disciples and clergy/*jatis*, *sramanas* ascetics. These ascetics are living either as *hermits* or as *monks* in monasteries, and are obliged specially to keep temperation etc. In order that they may not kill unconsciously even the microscopical beings in the air, in the water or on the ground, they tie round their mouth a piece of cloth, and drink water which was boiled or three times filtred, sweep the ground with a special broom before they sit down, etc.

Jainas created plenty of beautiful temples and sculptures and a great literature, spiritual as well as profane.

The basis of their holy litetature is a canon of *eleven books–anga*, which is written in a pracrit dialect, that is known by us only fragmentary. The style of these scriptures is very similar to that of "Tripitakam", and they have been originated certainly before the birth of Christ. The latter religious books are written mainly in sanskrit, and most of them have no greater literary value being rather fantastic and of a bombastic character. In the profane literature Jainas created works of a high poetical and scientifical value.

The history of Jainas is little known. We know only that the jainism harmonized with brahmanism as well as buddhism, but there were still hostilities between jainism and buddhism. We know very little when and how jainism has spread in India. To day Jainas are scattered nearly through whole India; they are about one and a quarter millions. Most of them are in Mewar and Marwar, and in Dekkhan. They live always in peace with confessors of other religions. Jaina laymen are specially renowned by their commercial ability. Almost half of all the Indian trade is in the hands of Jainas.

Jainas are divided in several sects of which most important are *two viz. Digambaras* i. e. dressed by air-nacked who are *now using* coloured dresses and are living more rigorously, and *Svetambaras* i. e. white dressed.

# જૈનધર્મ.

ગુજરાતીમાં અનુવાદક—**હીરાલાલ રસિકદાસ કાપડિયા.**

[ **ચેખોસ્લોવાકિયા** દેશમાં આવેલા **પ્રાગ** વિશ્વવિદ્યાલયના શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્ર અને સંસ્કૃતના અધ્યાપક ડૉ. **જોસફ ઝુબાટી** પી એચ્. ડી. મહાશયનો જૈનધર્મ પરત્વેનો લેખ ચેખવિશ્વકોષના ૮મા ભાગ (પૃ. ૩૨૫-૩૨૬)માં ઇ. સ. ૧૮૯૪માં પ્રસિદ્ધ થયો હતો. આ લેખમાંથી જૈનધર્મ વિષે કંઈ નવું જાણવાનું મળે તેમ નથી કેમકે જૈનધર્મ વિષે લેખક મહોદયને સ્વલ્પ માહિતી છે એમ તેઓ પોતે લેખમાં ઉલ્લેખ કરે છે. છતાં પણ કેટલીક દૃષ્ટિએ વિચાર કરતાં આ લેખ મહત્ત્વનો છે. દાખલા તરીકે દેશાન્તરમાં-**ચેખોસ્લોવાકિયા** દેશમાં ૧૯મા સૈકાના અંતમાં જૈનધર્મ સંબંધી કેવી માન્યતા હતી તે આ ઉપરથી જોઈ શકાય છે. આ લેખમાં જે કોઈ વાંધા પડતી કે પ્રમાણ-વિકલ હકીકત હોય તેની સમાલોચના કરવાની હું આવશ્યકતા જોતો નથી, કારણકે તે કંઈ સુજ્ઞ પાઠકથી અજાણી રહી શકે તેવી નથી.

[1]આ લેખનો ગૂર્જરગિરામાં અનુવાદ કરવાનું કારણ એ છે કે જૈનસમાજ-સાધુઓ તેમજ ગૃહસ્થો કે જે મોટેભાગે અજૈન વિદ્વાનો તરફથી જૈનધર્મના સંબંધમાં દર્શાવાતા વિચારોથી બીનવાકેફગાર-બેદરકાર રહે છે, તે જાગૃત થાય અને ભવિષ્યમાં જૈનધર્મ વિષે જૂદા જૂદા દેશમાં અન્યાન્ય વિદ્વાનો કેવા ઉદ્ગારો કાઢી રહ્યા છે તે તરફ બનતું લક્ષ્ય આપવા પ્રેરાય. જો આ તરફ ઉદાસીનતા સેવવામાં આવે, તો આનું પરિણામ ભયંકર આવે. કેમકે જૈનધર્મનાં તત્ત્વોથી અપરિચિત જનોમાં તો આ ધર્મ સંબંધી ખોટો ભ્રમ ઉત્પન્ન થવાથી એનું ગૌરવ છિન્ન-ભિન્ન થવા પ્રસંગ પ્રાપ્ત થાય. એ દેખીતી વાત છે. **હી. ર.** ]

જિન અથવા જિનોના પૂજકો એ ભારતવર્ષના એક વિશિષ્ટ ધર્મના અનુયાયીઓ છે. આ ધર્મની ઉત્પત્તિ વિષે ચોક્કસ ખબર નથી. કેમકે કેટલીકવાર જૈનોને બૌદ્ધની શાખા તરીકે ગણવામાં આવે છે. બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ વચ્ચે ખટપટ ચાલતી હતી તે અરસામાં આનો પ્રાદુર્ભાવ થયો. આનું વલણ બ્રાહ્મણ ધર્મ તરફ હતું. આ ધર્મના ઉત્પત્તિના સમય પરત્વે ઘણુ ઘણા મત-ભેદો છે. કેટલાકો ઇ. સ. પૂર્વેના નવમા સૈકાને એના ઉત્પત્તિ-કાલ તરીકે ઓળખાવે છે. જ્યારે કેટલાક તો ઈ. સ. ના આઠમાથી નવમા સૈકા સુધીના સમયને એનો ઉત્પત્તિ કાલ ગણે છે. પરંતુ જો આપણે જૈન ધર્મના તત્ત્વને બૌદ્ધ હકીકતો સાથે સરખાવીશું, તો ડૉ. **બીલર** પ્રમુખ વિદ્વાનોએ સ્વીકારેલો નીચે મુજબનો અભિપ્રાય ખરો હોય એમ લાગે છે. જૈન ધર્મ કંઇ બૌદ્ધ ધર્મમાંથી ઉત્પન્ન થયો નથી, પરંતુ બૌદ્ધ ધર્મ પણ જે બુદ્ધિવિષયક હીલચાલમાંથી ઉદ્ભવ્યો છે તેમાંથી અને કદાચ વળી તે સમયે જૈન ધર્મ ઉત્પન્ન થયો છે. એથી કરીને તો એ બૌદ્ધ ધર્મ સાથે ઘણી બાબતોમાં મળતો આવે છે. જો કે ચુસ્ત બ્રાહ્મણ ધર્મ સાથે તે વધારે નિકટ સંબંધ ધરાવે છે.

ઘણે ભાગે જૈન ધર્મના ઉત્પાદક બૌદ્ધના વયોવૃદ્ધ સમકાલીન **જ્ઞાતપુત્ર** યાને **નાતપુત્ત** છે અત્યારે પણ જૈનો **મહાવીરના** (મહા પુરુષ) નામથી આ અંતિમ તીર્થંકરને પૂજે છે.

જૂદાં જૂદાં કારણો અનુસાર એમનો સમય ઇ. સ. પૂર્વે ૭૩૫ થી ૫૯૮ સુધી ગણવામાં આવે છે; બુદ્ધની માફક અને ઘણે ભાગે એકજ દેશમાં

૧ ધર્મ અને નીતિના વિશ્વકોષમાં ઇ. સ. ૧૯૧૪માં છપાયેલા ડૉ. **યકોબી** મહાશયના જૈનધર્મ પરત્વેના લેખ તરફ જેમણે મારૂં પ્રથમ ધ્યાન ખેંચ્યું હતું, તે ઇતિહાસ તત્ત્વમહોદધિ ઉપાધ્યાય ઈન્દ્રવિજયજી (હાલ વિજયેન્દ્ર સૂરિજી)ની પ્રેરણાથી જેમ **આલોક** માસિક માટે મેં તેનો અનુવાદ તૈયાર કર્યો હતો (અને તે તે માસિકમાં કટકે કટકે છપાઈ પણ ગયો હતો) તેમ આ માસિક માટે મેં આ લેખનો પણ ભાવાત્મક અનુવાદ તૈયાર કર્યો હતો. પરંતુ એના તંત્રીમહોદયના અકાળ અવસાનથી તે માસિક બંધ પડતાં તે પ્રસિદ્ધ થઇ શક્યો નહિ. આજે જૈનયુગના તંત્રીમહાશયે તે પ્રસિદ્ધ કરવા ઈચ્છા દર્શાવી છે તેથી આ થોડાક વર્ષો ઉપર તૈયાર કરેલો લેખ એમના ઉપર મોકલાવું છું. સંશોધનાદિક કાર્યમાં ગૂંથાયેલો રહેવાથી આ લેખની મૂળ સ્થિતિમાં નહિ જેવોજ ફેરફાર કરી હું તે પાઠક-વર્ગના કર-કમળમાં સમર્પું તો તે ક્ષન્તવ્ય ગણાશે

હી. ર.

એમણે પોતાના ધર્મનો ઉપદેશ આપ્યો, પાવાપુરી (બિહાર)માં એમણે ૭૨ વર્ષની વયે દેહ છોડયો.

જૈનોની માન્યતા એવી છે કે જગતનાં બે મૂળ તત્ત્વો છે. એક તો નિત્ય, અનાદિ શાશ્વત અજીવ તત્ત્વ અને બીજું એના જેવું નિત્ય, અક્ષય, સચેતન જીવ-તત્ત્વ. સાંસારિક આત્મા એ જીવ અને અજીવ તત્ત્વનું મિશ્રણ છે (?) જૈનો પુનર્જન્મ માને છે. સંસારી જીવ દેવો, જૂદા જૂદા વર્ગના માનવો, પ્રાણીઓ અને વનસ્પતિઓ તરીકે પણ એમ જૂદા જૂદા રૂપે ઉત્પન્ન થઈ શકે છે. વળી તેને પાપની શિક્ષા તરીકે ૧૮ (?) નરકોમાંથી કોઇ પણ નરકમાં થોડા વખતને માટે નિવાસ કરવો પડે છે. આ સંસાર-પરિભ્રમણથી મુક્તિ તે મોક્ષ છે. પવિત્ર જીવન ગાળ્યા બાદ મૃત્યુ પછી મોક્ષને પ્રાપ્ત કરતા જીવને 'અર્હન્ત' કહેવામાં આવે છે. જગત્‌માં પરાવર્તનના (ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ) બે વિભાગ કલ્પી કાઢવામાં આવ્યા છે. એક પરાવર્તનના કાળ દરમ્યાન ઉન્નતિ થતી જાય છે, જ્યારે બીજા કાલ દરમ્યાન અવનતિ થતી જાય છે. આ બંને કાલ-વિભાગ પૈકી પ્રત્યેકમાં ચોવીસ ચોવીસ જગત્ પતિઓ પવિત્ર પુરૂષો ઉત્પન્ન થાય છે. તેઓ સાંસારિક કાર્યથી મુક્ત રહે છે. તેઓ સર્વજ્ઞ છે. સાંસારિક નિર્બળતા (રાગ અને દ્વેષ)ના વિજેતા હોવાથી તેઓ 'જિન' કહેવાય છે. આ જિનો અજ્ઞાન સમુદ્રમાં માર્ગદર્શક હોવાથી "તીર્થંકર" કહેવાય છે. વળી એમને 'બુદ્ધ' પણ કહેવામાં આવે છે.

આ ચાલુ અવસર્પિણી કાળમાં **વૃષભ** નામના પ્રથમ જિનેશ્વર થયા છે. તેઓ ૩૦૦૦ ફુટ ઊંચા હતા અને તેઓનું આયુષ્ય ૮૪૦૦૦૦ (!) વર્ષનું હતું. બીજા તીર્થંકરોની દેહની ઊંચાઇ અને આયુષ્ય માનુષિક સ્થિતિની ક્રમશઃ વિશેષ નજદીક આવતાં જાય છે. ૨૩ મા તીર્થંકર **પાર્શ્વનાથ**નું આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું; જ્યારે ૨૪ મા અંતિમ તીર્થંકર **મહાવીર**નું આયુષ્ય તો ૭૨ વર્ષનું હતું. જૈનો ભૂત, વર્તમાન અને ભાવિ એ ત્રણે કાળના સમસ્ત જિનોને પૂજે છે. પરંતુ ખાસ કરીને તો ઉપર્યુક્ત ત્રણ જિનેશ્વરોનું પૂજન કરે છે. જિનેશ્વરોની સ્તુતિ કરવા ઉપરાંત-તેમનાં યશોગાન ગાવા ઉપરાંત તેઓ પુષ્પપૂજા અને ધૂપ-પૂજા પણ કરે છે. બ્રાહ્મણ ધર્મમાંથી ગ્રહણ કરેલા ઇન્દ્ર, વિષ્ણુ પ્રમુખ દેવો જિનેશ્વરોથી ઉતરતા છે. તેઓ મર્ત્ય છે અને પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યને લઇને તેઓને જગત્ ઉપર શાસન કરવાના કાર્યમાં ભાગ મળ્યો છે. દરેક માનવ મરણ પછી દેવ થઈ શકે છે અને એથી કરીને તો દેવોનું આહ્વાહન કરવામાં આવતું નથી.

જૈનો વેદ—શાસ્ત્રોને પ્રમાણભૂત ગણતા નથી, જો કે કવચિત્ તેમાંથી કેટલાક પાઠોનો ઉલ્લેખ (ટાંચણ) કરે છે. ખાસ કરીને દક્ષિણ હિંદુસ્તાનના જૈનોએ તો વર્ણો સ્વીકાર્યાં છે. વળી તેમની ધાર્મિક ક્રિયાઓ કરનારા ચૂસ્ત બ્રાહ્મણો છે, નહિ કે જૈન. સાધુઓ વારંવાર ઉપવાસાદિક કરીને તેઓ પોતાનો સંયમ સિદ્ધ કરી આપે છે. ખાસ કરીને તેઓ અન્ય જીવને દુઃખ દેવાથી અલગ રહે છે-તેઓ દયા પાળે છે.

જૈનોના શ્રાવકો (ગૃહસ્થો) અને સાધુઓ-યતિઓ-શ્રમણો એમ બે વિભાગ પડે છે, આ શ્રમણો કયાં તો વનમાં 'હર્મિટો'ની જેમ અને મઠમાં 'મન્ક'ની જેમ રહે છે. તેઓને ખાસ કરીને સંયમ પાળવો પડે છે. અજાણતાં પણ તેમનાથી હવામાંના, જલમાંના કે પૃથ્વી ઉપરનાં અતિ સૂક્ષ્મ જંતુઓનો નાશ ન થઇ જાય તેટલા માટે તેઓ પૂરતી સાવધાની રાખે છે. જેમકે તેઓ મુખ ઉપર વસ્ત્ર (મુહવત્તી) બાંધે છે; તેઓ ગળેલું અને ત્રણ વાર ઉકાળેલું જળ પીએ છે; કોઇ પણ સ્થાનમાં બેસતાં પૂર્વે તે સ્થાનનું સન્માર્જિની-વિશેષ (ઓઘા) વડે પ્રમાર્જન કરે છે, ઇત્યાદિ. જૈનોએ અનેક ભવ્ય મંદિરો બંધાવ્યાં છે અને તેની શિલ્પ—કળા પ્રશંસનીય છે. જૈનો પાસે આધ્યાત્મિક તેમજ ઐહિક—લૌકિક સાહિત્ય પણ છે.

૧૧ અંગો એ તેમના પવિત્ર સાહિત્યની પીઠિકા છે. આ સાહિત્ય પ્રાકૃત ભાષા કે જે અમને ભાંગી તૂટી આવડે છે તે ભાષામાં લખાયેલું છે. આ ગ્રન્થોની શૈલી ત્રિપિટકને ઘણી મળતી આવે છે. વળી આ ગ્રન્થો ક્રાઇસ્ટના જન્મ પૂર્વે યોજાયેલા છે. પાછળના

ધાર્મિક ગ્રન્થો મુખ્યતઃ સંસ્કૃતમાં રચાયેલા છે. આમાંના ઘણા ખરા ગ્રન્થોની શૈલી વિલક્ષણતા અને આડંબરથી પૂર્ણ હોવાથી સાહિત્યની દૃષ્ટિએ તે બહુ કિંમતી નથી. પરંતુ જૈનોના ઐહિક સાહિત્ય વિષયક ગ્રન્થો તો કાવ્ય અને વિજ્ઞાનની દૃષ્ટિએ ઉચ્ચ દરજ્જો ભોગવે છે.

જૈનોના ઇતિહાસ વિષે બહુ થોડું જાણવામાં આવ્યું છે. અમે ફક્ત એટલું જાણીએ છીયે કે જૈન ધર્મ બ્રાહ્મણ ધર્મ તેમજ બૌદ્ધ ધર્મ સાથે પણ સંપીને રહ્યો, છતાં પણ જૈન અને બૌદ્ધ ધર્મ વચ્ચે વિરોધ સંપૂર્ણતઃ મટી ગયો હતો નહિ. ક્યારે અને કેવી રીતે જૈનધર્મનો હિંદુસ્તાનમાં ફેલાવો થયો તે વિષે અમે મોટે ભાગે અજ્ઞાત છિયે. લગભગ આખા હિંદુસ્તાનમાં આજે જૈનો વસે છે. તેમની વસ્તી આશરે સાડાબાર લાખની છે. ઘણા ખરા જૈનો તો મેવાડ, મારવાડ અને દક્ષિણમાં વસે છે. તેઓ અન્ય ધર્માવલંબીઓ સાથે સર્વદા સંપીને રહે છે. જૈન ગૃહસ્થો ખાસ કરીને તેમની વ્યાપારિક બુદ્ધિને માટે વિખ્યાત છે. હિંદુસ્તાનનો લગભગ અડધો અડધ વ્યાપાર જૈનોના હાથમાં છે.

જૈનોમાં ઘણા સંપ્રદાયો છે પરંતુ તેમાં દિગંબર અને શ્વેતાંબર એ બે મુખ્ય છે. દિગંબરો એટલે દિક્-વસ્ત્રધારી—નગ્ન, તેઓ અત્યારે રંગેલાં વસ્ત્રો પહેરે છે અને ચુસ્ત રીતે જીવન ગાળે છે. શ્વેતાંબરો એટલે શ્વેત વસ્ત્ર ધારી.

**જોસેફ઼ ઝુબાટી Ph. D.**

---

# મારા અંગત સ્ફુરેલા વિચાર.

( ગત પૃ. ૪૪પ થી ચાલુ )

૮.

અત્યારે નાના મોટા લાગતા માણસો ખરેખરી રીતે નાના મોટા નથી. પણ સૌ તેવ તેવડા ઉમ્મરમાં છે એક સમય પણ ઉમ્મરમાં વધારે નથી. અત્યારે સો વરસનો ડોસો હોય તે અને ઘોડીઆમાં હીંચતો એક છ માસનો બાળક, વા તરતનો જન્મેલો કોઇ માણસ એ ત્રણે ઉમ્મરમાં એક સરખાં છે. અરે! એથી આગળ વિચારમાં ઉતરીએ તો એકેંદ્રિયથી પંચેંદ્રિય લગીનાં તમામ પ્રાણીઓ, ત્રસ અને થાવર સૌ ઉમ્મરમાં સરખાં છે. ચાલી જતી એક કીડી, ઉડતી એક માંખી, વનસ્પતિરૂપે રહેલા જીવો ચાર સ્થાવર કાયના જીવો, ચેળ, માછલું, ગાય ભેંસ, પંખીઓ, માણસ, દેવ અને નરકના નારકી, સૂક્ષ્મ એકેંદ્રિય અને નિગોદનો એક જીવ એમ સર્વ જાતિના જીવો ઉમ્મરમાં સરખા છે. એમાં સિદ્ધ થયેલ જીવોને લઇએ તો તે પણ આપણા જેટલીજ ઉમ્મરના છે. આ ઉમ્મર અત્યારે ધારેલાં વર્તમાન શરીરની અપેક્ષાએ નથી, અત્યારે સિદ્ધ થયેલ જે જીવો સિદ્ધ શિલાપરે છે તેઓ જ્યારથી સિદ્ધ દશાને પામ્યા તે આધારે નથી પણ સૃષ્ટિની આદિ નથી તેથી જીવની પણ આદિ નથી, અત્યારે આપણે જે જે જીવોને જોઇએ છીએ, જાણીએ છીએ, કલ્પીએ છીએ, કેવળજ્ઞાની જાણી દેખી રહ્યા છે તે તમામ જીવો પણ અનાદિકાળના છે. એમાંનો એક પણ કયારે થયો એમ તો કહી શકાયજ નહિ તેથી તેમનો "અનાદિ કહેવાતો કાળ" તો સૌને માટે સરખો છે. ત્યાંથી માંડીને અત્યારનો વર્તમાનનો એક સમો પણ સૌના ઉપર એક સરખોજ વર્તે છે માટે એક આત્માની અપેક્ષાએ આખા લોકના તમામ આત્માઓની ઉમ્મર સરખી છે. તેમનાં વર્તમાન શરીરની અપેક્ષાએ નાના મોટા છે પણ અનાદિથી આજ લગી ગણીએ તો દરેક જીવનો વ્યતીત વખત એકસરખો છે. હવે ભવિષ્ય ઉપર આવીએ. ભવિષ્યમાં જે કાળ જશે તેનો અંત નથી. એ અંત વગરના કાળમાં કેટલાક જીવો સંસારમાંજ રહે છે. કેટલાક તરીને પાર-મોક્ષપદ પ્રાપ્ત કરશે છતાં તે વખતે પણ તેઓ એકસરખી કાળ સ્થિતિનાજ છે. આથી એમ ઠર્યું કે આજે, આજથી અનંતકાળ

પહેલાં કોઇ પણ વખતે અને આજથી અનંત કાળ પછી કોઇ પણ વખતે પૂછવામાં આવે તો સર્વે જીવોની ઉમ્મર એકસરખીજ છે. કોઈ નાનું મોટું હતું નહિ, છે નહિ, અને હશે નહિ. હા, સૌએ અનંતકાળ ગયો તેમાં આજસુધી શરીરો ધારણ કર્યાં તે ઝાઝાં થોડાં હોયજ અને તેથીજ અત્યારે ઉમ્મરમાં કોઇ જીવ મોટો ને નાનો લાગે છે અને એજ ન્યાયે હવે પછીની સમયાવલીમાં પણ લાગશે.

જીવ જન્મ્યો, જીવ જુવાન થયો, જીવ ઘરડો થયો, જીવ મરણ પામ્યો એ બધું તેના શરીરને માટે છે. ખુદ જીવને આયુષ્ય જેવી કાંઇ ચીજ જ નથી કારણ કે તે તો સદા સર્વદા હતો હતો ને હતો, છે છે ને છે, અને હશે હશે ને હશેજ. જીવ બાળકે નથી, જુવાને નથી, ઘરડોએ નથી, જન્મતોએ નથી, ઘરડો થતોએ નથી. તેતો અગાઉ હતો તેવોજ અત્યારે છે અને હવે પછી કોઇ પણ કાળે એવોને એવોજ રહેશે. એ અપૂર્વ, અનુપમ, અગમ્ય અતકર્ય જીવની વિચારણા કરવામાંજ અપૂર્વ ને અસાધારણ ઉત્તમ સુખ રહેલું છે. મહાત્માઓએ તે શોધ્યું, અનુભવ્યું, જાણ્યું, જોયું, વિચાર્યું, અને તેમાં લયલીન થયા. જગતના પરિગ્રહના સુખને તેમણે તે સુખની અપેક્ષાએ સાવતુચ્છ અરે ઘણું દુઃખમયજ માન્યું અને તેથી સંસાર છોડયો, રાજ છોડયાં, ચક્રવર્તિપદ છોડયાં, શેઠાઇ છોડી, કુળદીપકપણું છોડયું, શરમ છોડી. એ તર્યા, જીત્યા, ચેત્યા, વધ્યા ને શાંત થયા. એ ભાવ કયારે આવશે? સૌ જીવોને એ ભાવ આવે તો અતિ આનંદ થાય, દુઃખ જાય, શોક જાય, કલેશ જાય, પીડા શમાય અને પરમ શાંતિ મળે. તા. ૧૮-૭-૧૯૨૫.

૯

કેટલાક કહે છે કે આપણા માનેલા ઘર—માલમત્તામાંથી કોઇને દાન કરવું તો બહુજ તપાસી તપાસીને સામા લેનારની પૂર્ણ ખાત્રી કરીને આપવું. ગમે તેને આપ્યા કરવુંજ નહિ. બને તેટલી વિશેષ વિશેષ પૂછગાછ અને તપાસ કરવી અને પછી યોગ્ય લાગે તો આપવું. ત્યારે બીજા કહે છે કે અન્ન તો જે આવે તેને આપવું અને બીજી વસ્તુઓ માટે તો બને તેટલો તપાસ કરવો, તપાસ કરવામાં ભૂલીએ પણ છીએ માટે દરવાજા તો (આપણા) દરેક આતુર માણસને માટે ખુલ્લાજ રાખવા. આ બેમાં કોને વધારે પસંદગી આપવા જેવું છે તે વિચારવુંજ જોઇએ. મનુષ્યજીવનનું એ પણ એક આવશ્યક કાર્ય છે માટે તે વિચારમાંજ લેવું જોઇએ. મારો મત આ બાબતમાં નીચે પ્રમાણે છે.

(૧) જો કેવળજ્ઞાન હોય એટલે ભૂત ભવિષ્ય વર્તમાનની દરેક જાતની વાત જાણતા હોઇએ તો તો માગવા આવનાર દરેક માણસને તરતજ જાણી શકીએ કે આ માણસ દાન લેવા અમુક કારણે આવ્યો છે અને દાન લઇને આ પ્રમાણે કરવાનો છે અને તેથી આપણી પાસેથી જે કાંઇ તે મેળવશે તેનો સદુપયોગ વા દુરૂપયોગ આ પ્રમાણે થશે. આવી જ્ઞાનદશા હોય તે વખતે તો આવનારમાંથી આપણા દ્રવ્યનો સદુપયોગ કરે તેવાનેજ આવવા દઇએ, અથવા આવેલામાંથી તેવાનેજ આપીએ. પણ આ સમયમાં કેવળજ્ઞાન, મનપર્યવજ્ઞાન, જેવાં જ્ઞાન રહ્યાં નથી. વળી કેવળજ્ઞાન-મનપર્યવજ્ઞાન જે વખતે હતાં તે વખતે સાંસારિક દુઃખે પીડિત ભૂખ-તૃષા-પુત્રવિયોગ-વસ્ત્રસ્પૃહા-ધનસ્પૃહા, રોગાદિ દુઃખે દુઃખિત હોય તેને તેવા જ્ઞાનવાળા આપી શકેજ નહિ, કારણકે તેમની પાસે તેવું દાન કરવાની વસ્તુજ ન હોય, દેવ સહાયે-વા-અતિશયના પ્રભાવે હોય કે થઇ આવે તોયે તે આપી શકે નહિ કારણ તેવે સમયે તેવા જ્ઞાની સાધુદશામાં હોય છે અને સાધુ દશાનાં પંચમહાવ્રતોમાં તે પ્રમાણે દાન કરવાથી સાધુવ્રતમાં ખામી આવે છે. એ ખામી દાન આપવાના પુણ્યથી થતા લાભ કરતાં ઘણી વધારે પ્રમાણમાં છે. તેથી સાધુ તો દાન આપીજ શકે નહિ. હવે શ્રાવકાદિ રહ્યા તેઓ તો દાન આપી શકે પણ તેમણે આ બે પ્રકારમાંથી દરવાજા ખુલ્લા રાખવા, સાધારણ તપાસ કરવી અને આપ્યાંજ કરવું. ભલે તેમાં કેટલાક ઢોંગી, અયોગ્ય અને અવળે રસ્તે દાનનો ઉપયોગ કરનારા થોડાક લોકો ફાવી જાય. જો દ્વાર બંધ રાખીશું તો તો કોઇ આવનારજ નહિ અને તેથી તો જે જે ઝાહેર સંસ્થામાં કાર્ય કરનારાઓનો અવાજ મોટો હોય, દેખાડ કરવાની કળા વિશેષ

હોય તેમાંજ તે નાણાં-સાહિત્ય અને સામાન જવાનાં. વળી દ્વાર બંધ રાખવાથી જે જે કોઈ સંત, સત્પુરૂષ, ખરા દુઃખી, આપણે આપીને પાવન થઇએ તેવા આવતા હતા તેવા તો પ્રભુપરજ ઇતબાર રાખનાર હોવાથી ગમે ત્યાંથી પ્રભુ કૃપાએ પોતાને જોઈતી મદદ મેળવવાના, અગર ન મળે તો ઘરમાં બેસી રહી દુઃખને શાંતિથી પી જવાના વા જે સ્થિતિ પ્રભુએ આપી તેમાં આનંદ માની, આબરૂભેર, ગુપચુપ રહેવાના; મનમાં સ્હેજ પણ હાયવોય, બળતરા કે દુઃખ ધરનારા નહિ. હવે આપણે આંગણે એ સિવાયના જે ધાંધલીઆ, ઢોંગી, ધુતારા, બહુબોલા, કામકઢા, અને થોડા દુઃખને ઘણું જણાવનારા જે માગવા આવતા તેઓ તો આપણે દરવાજો બંધ થયો જાણી બીજી જે જે રીતે આપણી પાસેથી ધન-ધાન-સામાન-લઈ શકાય તે તે રીતો-રસ્તા-યુક્તિ-પક્ષ-કપટ-શોધવાના. જે કોઇ માણસની માર્ફત કામ થવાનું હોય તેના પક્ષમાં ભળવાના, ચિઠ્ઠિ લાવવાના, દાતાને જે જે ગમતી વાતો-શોખ-ચેન-ચાળા-ક્રિયાઓ વગેરે પસંદ હોય તેમાં ભળવાના, એમ ગમે તે પ્રકારે પણ દાન તો લઈ જવાનાજ. આથી આપણે દરવાજો બંધ કર્યો તેથી આપણો ધાર્યો અર્થ સર્યો નહિ. હરામખોરને બંધ કરવા જતાં, સંતપુરૂષો-ગરીબભાઇઓ-ખરેખરા દુઃખી માણસોજ ન આવ્યાં, હરામખોર તો આવ્યેજ રહ્યા. આથી આપણાં નાણાં વગેરેના દાનનો દુર્વ્યય થયો ને નર્યું પાપજ આપણે કપાળે લખાયું; માટે દ્વાર ઉઘાડાંજ રાખવાં ને બનતી તપાસ કરવી પણ તે મિઠાશથી, ધીરજથી, શાંતિથી, સામાની આબરૂ ને લાગણી જાળવીને કરવી ને ભાવથી આપવું. આ પ્રમાણે દરવાજા ઉઘાડા રાખવાથી ને લોટની ચપટી, દવાનું ટીપું. લુગડાનો લીરો, પાણીનું ટીપું, મિઠાશનો એ હરફ, વિચાર કે સલાહનો શબ્દ, જગ્યાનો ૧ ઇંચ આપવાથી, હરામખોરનું પ્રમાણ વધુ હોય તોએ તેમાં પવિત્ર પુરૂષોનું પરિમાણ પણ છે તેથી લાભ છે; પણ દાનનાં દ્વાર સદંતર બંધજ કરવામાં આવે તો નર્યા હરામખોરજ લાભ લઇ જવાના; અથવા સારા કે નરસા કોઇ પણ લાભ ન લઈ જવાના. આ બધું જોતાં દ્વાર ઉઘાડાં રાખવાં અને આપ્યાંજ કરવું એ હિતકર છે. બધાએ કામ કરીનેજ ખાવું જોઇએ એ સિદ્ધાંતનો અતિ આગ્રહથી ઉપયોગ કરવાનો નથી. કરોડાપતિઓ પણ જંગલમાં ભૂલા પડે ત્યારે, વહાણ ભાંગી જાય ત્યારે અજાણી જગામાં લુંટાઇ જાય ત્યારે, ધરતીકંપ-જલપ્રલય વગેરે કુદરતી કોપ ટાણે, રેલ્વે-મોટર-મશીનના અકસ્માત ટાણે, રાજવિપ્લવ સમયે, એમ અનેક સમયે બીજાની પાસેથી કંઇ પણ મહેનત કે બદલો આપ્યા વિના લઇ શકે છે, લેવું પડે છે, લે છે. જોકે તેજ સમયે તેની માલિકીનાં નાણાં-સરસામાન વગેરે બીજે સ્થળે અખૂટ હોય છે. વળી રોગી, બાળક, વૃદ્ધ, અશક્ત, ગાંડા, એકલડોકલ, ભ્રમિત, અને અતિથિનો સત્કાર એતો આપણી ફરજ છે. આપણે આંગણે આવેલની વર્ગણી આપણે કરવાને બિલકુલ સમર્થ નથી, કરવા બેશીએ તો ભુલનું ગાડું ચાલ્યું જાય તેમ કરી બેસીએ છીએ માટે બહુ ડોળાણમાં-બહુ ચાપચીપમાં-બહુ હુસીઆરીમાં ન પડતાં આવેલ આતુરજનને અન્ન-વસ્ત્ર-આશ્વાસન-આરામ-જગા વગેરે આપી સંતોખશો. નાણાં-સોનારૂપાની ચીજ-ઘરબાર-થોકડાબંધ માલ આપતાં વિશેષ વિચાર ને તપાસ કરો તો તે કેટલેક અંશે યોગ્ય છે. સામાન્ય સગવડનું સુખ આપવા સમયે અંતરાત્મા સાથે વા પ્રભુ સાથે તરતજ ચિંતવી લેજો કે "હે પ્રભુ, જગત્‌માં આ બધાં પ્રાણિમાત્ર છે, તારે લેખે હું આપું છું, હું પણ તારી દોલત તેને આપું છું તે તુંજ આપે છે એમ ગણજે. હું નથી આપતો, હું આપું છું એમ શી રીતે મારાથી કહેવાય, હું અગાઉ હું નહતો, હું હવે પછી હું હઈશ કે નહિ તે નક્કી નથી, હું મનુષ્ય છું, કંઇક મતિ છે, સામો માણસ મનુષ્ય છે. તેથી ગજા પ્રમાણે પૂછગાછ, તપાસ કરૂં છું પણ આગ્રહ રાખતો નથી તે આપું છું; માટે તારે જોખમે ને તારે લેખે આ કરૂં છું.' આત્માનેજ કર્તા માનનારા એવાતો આત્માને ઉદ્દેશીને કહ્યા પછી આપે છે. બહુ ચાપાચીપ કરનારને પૂછીએ કે ભાઇ, તમે શામાં દાન આપો? તો કહેશે જે મને તો જેનું પરિણામ સ્પષ્ટ, શુદ્ધ ને પ્રત્યક્ષ લાભમાં જણાય તેનેજ. આપણે પૂછીએ તેવું

શું છે? તરતજ કહેશે જે રોગીનાં દવાખાનાંઓ, વિદ્યાર્થીઓના આશ્રમો, મુંગાં પ્રાણીઓ, અપંગ અને અનાથો વગેરે. હવે આમાં દાન દેનારને માટે વિચાર કરીએ.

શું બધા રોગીને અન્ન વસ્ત્ર દીધાથી તેઓ સાજા થવાના છે?

" " " તેઓ રોગીની સ્થિતિમાં કે સાજા થયા પછી પોતાનાં પાપો મૂકી દેવાનાં છે?

બધા અનાથ ને અપંગ શું પ્રભુના ભકત ને ઉત્તમ ગૃહસ્થ હોય છે?

" " " ગૃહસ્થ એટલે સારો માણસ. (પૈસાદાર નહિ)

બધા વિદ્યાર્થી આશ્રમના વિદ્યાર્થીઓ શું જગત્માં પવિત્ર જીવન ગાળનારા છે?

" " " વિદ્યાર્થી આશ્રમમાં ભણનારા-બોર્ડિંગોને છાત્રાલયવાળા દિવાન થઇ, પોલીસ થઇ, પો. ઇન્સ્પે. થઇ, સ્ટે. માસ્તર થઈ શું શું કરે છે તેતો જુઓ.

મુંગાં પ્રાણીઓ સાજાં થઇ શું કરે છે? માંદાં હોય ત્યારે શું કરે છે?

આમ બહુ ડહોળવામાં કોકડું ધુંચાય છે. માટે ઉપરની બાબતોને પણ નિંદ્ય ન ગણવી તેમ અગ્રાહ્ય ન કરવી તેમ આંગણે આવી ઉભનારને પણ તિરસ્કારવો નહિ. વળી વધુ વિચાર કરીએ.

આપણા ઘરમાં કીડી-મકોડી-ગરોળી-બિલાડી-કૂતરાં, ઉંદર વગેરે રોજ રોજ જે જે ખાઇ જાય છે તેનું શું?

માટે ખાસ પ્રત્યક્ષ પાપજ જણાય અને તે ખરેખર જણાય તે સિવાય સર્વ સ્થળે કંઇને કંઈ આપીનેજ રાજી થવું. આપવા મરજી નહોય તે તો નજ ચાલે છતાં મરજી નહોય એ વાત ચલાવીએ અગર તો આપવા જેવું આપણી પાસે નજ હોય તેવે સમયે બહુ આદર-વિવેકપૂર્વક કહી હાથ જોડવા એ પણ બહુજ ઇચ્છવા-આદરવા જેવું છે.

મને તો આમ સૂઝયું છે. તા. ૧૯-૭-૨૫.

## ૧૦

'હે પ્રભુ હવે તો મોત દે-મારો ત્રાગડો તોડ. આ બધાંને મૂકીને મરૂં તો મારા જેવો ભાગ્યશાળી કોઇ નહીં.'

જગત્માંના ઘણા વૃદ્ધ જીવો મનમાં ચિંતવે છે, સમાજમાં પણ બોલે છે કે

'હવે તો મારી ટાઢી માટી થાય તો સારૂં.

આ આવળ ગોવળ મૂકીને જાઉં તો હું નસીબદાર પૂરો.

ઝાઝું જીવવું સારૂં નથી.

આણીપાણીએ જઇએ તો ખાટયા-

હે પ્રભુ મારી દોરી ખેંચી લે. હવે તો મને મોત દેજે.'

વગેરે કહે છે. પણ તેમ બોલનારા ખરેખર અજ્ઞાની હોય છે. પ્રથમ તો તેઓ એમ સમજે છે કે મારા મરતાં પેહેલાં આ રિદ્ધિ સિદ્ધિ જતી રહેશે ને હું ધનમાલ ઘરબાર બાળબચ્ચાં વગરનો થઈ રહીશ તો મારૂં ઘડપણ કોણ પાળશે? લોકોમાં પણ મારી પ્રતિષ્ટા જશે અને મારાથી તે વખતે જીવાશે તોપે મરી જવાથી પણ અધિક દુઃખના જેવી જીંદગી જશે. આવા અજ્ઞાની જીવો સંસાર સુખમાં ઘણા રચ્યા પચ્યા હોય છે; તેઓના અંતરમાં ખરેખર એમજ છે કે હું કદી મરૂંજ નહિ તો સારૂં. હું આ મનુષ્યના ભવમાં હમેશ રહું તો સારૂં. મને ચિરંજીવ પદ મળે-અમર પદ મળે તો ઉત્તમ-પણ તે એક શરતે કે મારા મોત પેહેલાં આ મારાં બાળ બચ્ચાં-કુટુંબ પરિવાર સૌ આરોગ્ય અને આબાદી ભોગવે, તેમાંનો કોઇ માંદો ન પડે કોઇ મરે નહિ. મારી રિધસિધ

વધતીજ રહે, વધે નહિ તો એવી ને એવી તો રહેજ, મારૂં માન પ્રતિષ્ટા સંપ બળ એવું ને એવુંજ રહે. મારૂં ઘડપણ એવું ન આવે કે હું આંખે આંધળો, પગે લૂલો, કાને બ્હેરો વગેરે દુઃખોવાળો થાઉં—મારાં સૌ ગાત્ર કાર્યકર હોવાં જોઇએ અને કદી તે બધાં શિથિલ થાય તો એ કળતરવાળાં—રોગગ્રસ્ત તો ન હોવાં જોઇએ અને મને ખમા ખમા કહેનારા તથા ક્ષણે ક્ષણે મદદ કરનારા એકથી એકવીશ હાજર હોય. મારાં ખાનપાન શયન ગમન આગમન સંત-સેવા પ્રભુસેવા વગેરે કૃતિઓમાં જરા પણ ઉણપ ન આવે.

આવી ભાવનાવાળી શરતે તે જીવવાજ ઇચ્છે છે, મરવા ઇચ્છતો નથી. તે બીએ છે કે રખે તે લાંબી આવરદામાં મારાં સંતાનો જતાં રહેશે તો મારૂં ઘડપણ કોણ પાળશે? મારે રીબાઈ રીબાઇને મરવું પડશે, મારા પુત્રો જતાં વહુઓ ને તેનાં છોકરાં હું—રળવા—મદદ કરવા અશક્ત થયો અને બીજાઓ મને ઘડી ઘડી ને દરેક કામમાં મદદ કરે તેથીજ જીવતર ગાળી શકું એમ થયું હોવાથી કદાચ તેઓ મને ન મદદ કરે ને તિરસ્કારે તો? મારી પાસે નાણું હોય પણ હું આંધળો ચાલી શકું નહિ, હું બ્હેરો, હું વ્યસની, હું ઘડી ઘડી ખાધરો તેથી, એકલા દ્રવ્યથી શું કરી શકું? નોકર મારૂં લઇ જાય તો? વગેરે હજારો વિચાર શરીર પોષણના ને ઘડપણ ગા-ળવાને કરે છે આ બીકથીજ તે મરવા ઇચ્છે છે.

ખરૂં મરણ તે ઇચ્છતો નથી. ખરૂં મરણ તો કોઈ પણ કાળે થઇ શકે છે. ખરા મરણને ઘડપણની કે લાંબા કે ટુંકા આયુષ્યની જરૂર નથી. ઉમરમાં સૌ સરખા છે એ ઉપરના કથન પ્રમાણે આ જગતમાં સૌને ઘરડાજ કહો, સૌને સરખા ઘરડા કહો, તે પ્રમાણે તેમાં જો કોઈ જ્ઞાની હોય તો તે જ્ઞાનીનું મરણ ઉમ્મરને જોતો નથી. જ્ઞાની મરણ ગમે ત્યારે આવો તેની પરવા કરતો નથી તેમ લાંબુ જીવતર હોય તો પણ ચિંતા કરતો નથી. એ તો કોઇ પણ સ્થિતિને નભાવી લે છે, પોતાનું કર્તવ્ય જગતમાં રિધસિધ રહે, બાળ બચ્ચાં જીવતાં રહે, આબરૂ-સંપ પ્રતિષ્ટા માન રહે તેમાં નથી જોતો પણ તેતો એમ માને છે કે એ બધાં જીવો યા મરો, રહો યા ન રહો મારે તો મારા આત્માનો આનંદ, મારા પ્રભુના મારગનો આનંદ ન મરો—ન ખસો એ ઇચ્છે છે અને તેથી ગમે તે ક્ષણે મોતને માગતો નથી પણ મોત આવી ચડે તો શાંતિથી તેને પસાર કરે છે. તેને મરણ એવી ચીજની લેશ પણ ભીતિ નથી. તેને મરણ એ તો બીજું મરણ ન થવા માટે છે. પેલા સંસાર વાસનામાં લિપ્ત જીવોને કદાચ મરણ તેના માગ્યા પ્રમાણે આવે તો એ નવા અવતારમાં શું સુખનું ગાડું તૈયાર ઊભું હોય છે? નવા અવતારમાં તે બકરીને પેટે બોકડો જન્મશે તો ભરવાડ તરત જ વગડામાં રખડતો મૂકી દેશે અને કૂતરા વરૂ વગેરે જીવો ફાડી ખાશે, બતકનું કે મોરનું કે કુકડાનું ઈંડું થશે તો તરત માંસાહારી જીવો તેને શેકી ભુંજી ખાઈ જશે. માખી મચ્છર થશે તો કરોળીઓ સપડાવશે, આમાં મરણ માગી હે પ્રભુ મને ઝટ છોડાવ, હવે મારી ટાઢી માટી કર, એમ માગ્યા પ્રમાણે મરણ મળતાં કંઈ સુખ નથી. સુખ મેળવનારા જૂદા છે. વળી એવા વાસનામાં આસક્ત જીવોને માગ્યા પ્રમાણે મોતનો મંદવાડ આવ્યો કે મોત માટે સર્પ કરડયો તો જરૂર એમ કહે છે કે—

અરે મારી કોઈ દવા કરો ફલાણા વૈદ ડૉકટરને બોલાવો
અરે કોઇ પગ તો દાબો, અરે મારો બડખો લ્યો
અરે ફલાણા મંત્રધારી કે તંત્રધારીને બોલાવો
અરે ફલાણા જ્યોતિષીને બોલાવો
અરે મારે હજી દીકરી પરણાવવી રહી ગઇ,
કાશીએ જવું રહી ગયું.

વગેરે અનેક રાડો પાડી જીવવાનીજ લોલુપતા-વાળાં વચનો બોલે છે માટે આ સંસારમાં જે જે જીવો મરણ મરણ પોકારે છે તેતો કેવળ અજ્ઞાની છે મૂર્ખ છે. મરણની ખબરજ નથી; અને ખરેખર તો તેઓ મરવાને રાજી પણ નથી. એવા મરણ પોકારનાર વૃદ્ધને પોતાના સમયમાં તેના પુત્રો કે ભાઇઓ ઘેર એકલો મૂકી જાય ને ઘર સાચવજો કહી રાખી જાય, ૧-૨ નોકર રાખી જાય તો ગામ આખામાં તે

પુત્રોની નિંદા કરે, મોંથી અનેક બળતરા કાઢે અને મનમાં અનેક નિઃશ્વાસ મૂકે તેમજ રોગવાળા દરદીની સારવાર કે સેવામાં પ્રભુ અર્થે નીમીએ તો કદી હા ન પાડે. તેઓને ચાલતી રેલ્વે આડા સૂવાનું કહેવામાં આવે, વીજળીના ચાલુ યંત્રને સ્પર્શવાનું કહેવામાં આવે તો તરતજ ના પાડશે. ટુંકામાં તેઓ ખોટા છે. તેઓને અમુક વાસના છે તે જો પૂર્ણ થાય તો અનંત વર્ષો લગી જીવવાને ઘણાજ રાજી છે.

જેઓ કીર્તિભંગ, અતિ દુઃખ, રોગથી ઘણી પીડા, ઇષ્ટ જનનો વિયોગ વગેરે કારણે એકદમ મરણ વાંછી કુવે પડે છે, ગળે ફાંસો ખાય છે, તેઓ પણ બહુજ ભૂલ કરે છે કારણ કે જે કારણે તેઓ આપઘાત કરે છે તે કારણ તો નવા ભવમાં નષ્ટ થતું જ નથી. નવા ભવમાં તેઓ શું થશે તેનો ખ્યાલ પણ નથી કરતા. પુત્ર મરી ગયો માટે આપઘાત કર્યો તો તેઓ મરી ગયા તેથી પાછળ તે પુત્ર આ દુનિયામાં પાછો આવતો નથી અથવા પોતે મરી ગયા તેથી પોતાના જીવને નવા ભવમાં તે પુત્રનો પત્તો મળતો નથી કે ભેટો થતો નથી. રોગ દુઃખથી આપઘાત કરે તો નવા ભવમાં માતાના ગર્ભમાંજ રોગગ્રસ્ત બાળકો ઘણા હોય છે ત્યાંજ તેનો વાસ થયો હોય તો? કીર્તિ ભંગથી આપઘાત કરે તો નવા ભવમાં વેશ્યાને ત્યાં જન્મ થયો તો ત્યાં તો મૂળથીજ કીર્તિભંગજ છે, માટે આપઘાત કરી પ્રાણ કાઢનાર પણ અજ્ઞાની મૂર્ખ-બાળ ને ધર્મને ન સમજનારા જીવ છે.

પ્રભુમય જીવન કોઈ ઔર ચીજ છે. પ્રભુમય મરણ કોઇ જૂદી ચીજ છે. માટે મરવું કેમ, મરવું શા માટે, મરવું એ શું છે, એથી ડરવું કે નહિ તે વિષે બીજે સ્થળે જણાવીએ; આ વખતે તો એટલો સાર લેવો કે મરણને બળતરાથી બોલાવવું નહિ. તેમ મરણ મરણ પોકારવું નહિ. મરણ આવનાર તો છેજ, આપણું બોલાવ્યું તે આવતું નથી તે ન બોલાવીએ તો આવ્યા વગર રહેવાનું નથી, એ કોઈની ઇચ્છા પર નથી તેમ કોઇનું નોકર નથી. મરણને તો કોઇની મિત્રતા નથી ત્યાં વગ-ચિઠી-હુકમ-લાંચ રૂશ્વત કાંઇ ચાલતાં નથી માટે—

મરણને માટે ઉદાસીન-તટસ્થ રહેવું; અને જુનાં લુગડાં કાઢી નવાં પહેરવા ટાણે જે સ્થિતિ થાય તેવી મનોદશા રાખવી. અથવા તેથી પણ ઉચ્ચ દશા રાખવી હોય તો મરણ ટાણે તટસ્થ રહેવું, હાયવોય, રાડારાડ, વળવળાટ, કકળાણ ન કરતાં શાંતિ-સમાધાની રાખી પ્રભુમાં પ્રીતિ રાખી ખોળીઉં બદલાવવું.

તા. ૨૩-૯-૧૯૨૫. બુધ.

૧૧

એકજ ભવમાં પણ જે ક્ષણે જે માણસ સારો તેજ ક્ષણે તેને વંદન કરો, માનો-વખાણો.

[ આ સંબંધી વિવેચન કરવું રહી ગયું છે. સમય આવ્યે કરીશ. ]

૧૨

જ્યાં ચારિત્ર્ય ત્યાં સાચું જ્ઞાન ને સાચી શ્રદ્ધા મોજુદ છે.

જ્ઞાન એ ઉત્તમ વસ્તુ છે. જ્ઞાન અવશ્ય જોઇએ. જ્ઞાન વિના મનુષ્યદેહ નિરર્થક છે, ખાલી તમાશો છે; માટે દરેક સુજ્ઞ મનુષ્યે જ્ઞાન સંપાદન કરવું જોઇએ. આ જ્ઞાન તે લૌકિક જ્ઞાન નહિ, સુતાર, કડિયા, લુહાર, રંગારા, ચિતારા, સાયન્સ, ભાષાનું, વગેરે જ્ઞાન નહિ; એ જ્ઞાન તો મારો તમારો જીવ અનંતીવાર, અરે અનંતને અનંતે ગુણીએ તેટલીવાર, પામ્યો. છતાં હજી આવા આવા દેહ કે જેમાં ખાવાની, પીવાની, રહેવાની ટાઢ-તડકાની, ઝાડે જંગલ પેશાબની, નાના મોટા જુવાન ઘરડા થવાની, સંજોગ વિજોગની કડાકુટ લાગી રહી છે તે દેહમાં-કેદખાનામાં રહેવું પડે છે. માટે આ જ્ઞાન જે મેળવવાનું છે તે મોક્ષજ્ઞાન, શુદ્ધ સત્ત્વજ્ઞાન, જે જ્ઞાનમાર્ગે અનંત જીવો તરી અક્ષય આત્મિક સુખને પામ્યા તે જ્ઞાન મેળવવા સૌએ અથાગ પ્રયત્ન કરવો જોઇએ. છતાં આ આરામાં હજારમાંથી બહુ જ થોડા તેવા જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે. આમ કેમ થાય છે? કારણ માત્ર એ જ છે કે આસપાસ ઉપાધિ, જંજાળ, ખટપટ, તૃષ્ણા ને મોહની જાળ, પથરાઈ રહી છે, તેવી જ વાતો સંભળાય છે, તેવું જ જોવામાં આવે છે અને તેથી મન તેમાં ચડી જાય છે. વિરલા મહારથી જેઓ

પૂર્વભવના સંસ્કારની અસરથી મરણ પામી અહીં જનમ્યા હોય, અહીં સદ્દગુરુની ચોટ લાગી ગઈ હોય, અથવા જગતને જોતાં જોતાં, વા સુખ દુઃખાદિનો અનુભવ લેતાં સમજ્યા હોય તેવા જ એ ઉપાધિની જાળમાંથી છૂટી નોખા પડી આત્માનો માર્ગ પકડી તે પર ચાલે છે અને બીજા ઉપાધિમાં રહ્યા થકાં પણ આત્માના માર્ગ તરફ વળે છે તે સિવાયના તમામ તો તે જંજાળમાં ખૂંત્યા પડયા છે અને વધુ વધુ ચોંટતા જાય છે. પોતાનું આયુષ્ય ઘટતું જાય છે તેનું લેશ માત્ર પણ ભાન નથી રહેતું, પોતાની હેડીના, પોતાથી નાના, પોતાથી વૃદ્ધ મનુષ્યો અને પ્રાણીઓ કાળવશ થાય છે તે વાતપર ખ્યાલ જ રહેતો નથી, આવા ઘણા છે. કોઈ વિરલા એવા ખ્યાલને નજર સામે રાખી કોઈ અમુક ધર્મનું શરણ ગ્રહી, ધર્મ અને ધર્મપ્રવર્તકને સાચા ગણે છે અને તેનો માર્ગ અહીં સંસારમાં રહ્યા થકાં બહુ કામ કરી ખાટી જાય છે. એમાંના કેટલાક તો સંસારમાં રહ્યા થકાં ભાવ સાધુ હોય છે. પણ આવા જીવો ઘણા થોડા છે. આવા જીવોને ભલે વાણીથી જ્ઞાનની વાતો કરતાં ન આવડે, લખાણથી જ્ઞાનનાં પુસ્તક ન લખે, વા ન સમજાવે, કુંડકળા ભલે ન હોય, છતાં જ્ઞાની કહેવાય છે, ચારિત્રી કહેવાય છે, એવા જ્ઞાની અને ચારિત્રી મનુષ્યોમાં સમકિત–ખરા ધર્મની શ્રદ્ધા પણ હોય છે. એવાને પ્રભુએ સ્વીકાર્યા છે. હવે એવા મનુષ્યોમાં જ્ઞાન પ્રગટ જણાતું નથી છતાં ચારિત્ર ને સમ્યકત્વ શી રીતે છે તે વિચારીએ.

જ્ઞાન, ચારિત્ર ને શ્રદ્ધા એ ત્રણે વસ્તુ અરૂપી છે; એને રૂપ રંગ હોય જ નહિ. જેઓ જ્ઞાનની વાતો કરે છે, સમજીને સમજાવે છે, જેઓ પૂર્ણ ચારિત્ર પાળે છે અને જે ચારિત્રને આપણે જોઈએ છીએ તેમ જ જેઓ પોતે શ્રદ્ધા હોવાના, વાણી, ક્રિયા વગેરે પ્રયોગો કરી આપણને શ્રદ્ધાવાળા હોય એમ બતાવે છે તે સૌની તેટલાથી પરીક્ષા કરી ચારિત્રી, જ્ઞાની, ને સમ્યકત્વી આપણે કહીએ તો વખતે છેતરાઈએ; કેમકે ચારિત્ર–જ્ઞાન–સમ્યકત્વ એ અરૂપી વસ્તુ છે તેથી ચાર ભેદ પડાય.

૧ બહારની જ્ઞાન–ચારિત્ર ને સમ્યકત્વની જેઓ ક્રિયા કરતા જણાય છે તેઓ. અંદર ઠાલા હોય.
૨ ,, ,, અંદર પણ તેવા હોય.
૩ ,, ,, જેઓ ક્રિયા કરતા નથી તેઓ, અંદર ઠાલા હોય.
૪ ,, ,, તેઓ અંદર ભર્યા–સાચા હોય,

આ ૪ માંના બીજા ને ચોથા આપણે સ્વીકારવા જોગ છે–માનવાજોગ છે. ૧ લા ને ૩ જાથી દૂર રહેવા જોગ છે.

(૧) ૧લા શી રીતે છોડવા જોગ છે?

(૨) ત્રીજા ,, ,,

(૩) બીજા તો અંગીકાર કરવા જોગ છે કારણકે પ્રત્યક્ષ પણ છે પણ

(૪) ૪થા શી રીતે અંગીકાર કરવા જેવા છે તે સવિસ્તાર હવે પછી લખવા ઇચ્છા છે.
તા. ૩૦–૧–૨૬

ઉત્તમતનય.

# શ્રી તત્ત્વાર્થ સૂત્ર સંબંધી કેટલાક ચર્ચવાના મુદ્દાઓ.

લખનાર--**પંડિતજી સુખલાલજી.**

૧ જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાનું ઐતિહાસિક સ્થાન ક્યારથી? ભગવાન્ ઉમાસ્વાતિ પહેલાં સંસ્કૃત લેખક કોણ કોણ થયા? ઉમાસ્વાતિ પહેલા લેખક હોય તો તેનાં પ્રમાણો. સૂત્ર આગમની વિસ્તારશૈલી ત્યજી દાર્શનિક સૂત્રોની સંક્ષિપ્ત શૈલી ઉમાસ્વાતિશ્રીએ કેમ સ્વીકારી? તેમનાં ઉપર કયાં કયાં તત્કાલીન ભાષાવિષયક અને રચનાવિષયક બળોએ અસર પાડી? એમના સમકાલીન વૈદિક અને બૌદ્ધ વિદ્વાનો કયા કયા?

૨ ભગવાન્ ઉમાસ્વાતિનું જૈન શાસ્ત્ર વિષયક પરિશીલન બીજા પ્રસિદ્ધ આચાર્યો સાથે સરખાવવું. તેઓશ્રીનું દર્શનાંતર વિષયક પરિશીલનમાં એ અભ્યાસ કેટલો નજરે પડે છે?

૩ શ્વેતાંબર દિગંબરના ભેદ પહેલાં તત્વાર્થ રચાયલું કે પછી? સૂત્ર અને ભાષ્ય એકકર્તૃક છે કે કેમ? બન્ને સંપ્રદાયોમાં પ્રચલિત સૂત્ર પાઠોમાં અસલી સૂત્ર પાઠ કયો અને પરિવર્તન થયું હોય તો બંનેમાં કે એકમાં, કેટકેટલું અને કયા કયા સૂત્રમાં, અને તે પરિવર્તનનાં શા કારણો, તેમ જ કયાં કયાં ભાષ્યના અંશો સૂત્રરુપે અને સૂત્રના અંશો ભાષ્યમાં દાખલ થયા છે?

૪ સૂત્રો ઉપર સૌથી પહેલી વ્યાખ્યા કઈ અને ત્યાર પછીની વ્યાખ્યાઓ કઇ કઇ? ઉત્તરવર્તી વ્યાખ્યાઓ ઉપર પૂર્વવર્તી વ્યાખ્યાઓની કેટકેટલી અસર છે? અને તે કયે કયે સ્થાને? કયા વ્યાખ્યાકાર સામે કેટકેટલી વ્યાખ્યાઓ વિદ્યમાન હતી? દરેક વ્યાખ્યાકારે કઇ કઈ બાબતમાં કેટકેટલો વધારો કર્યો કે ઘટાડો કર્યો? કયા કયા પ્રાચીન વિષયો ચર્ચવા છોડયા કે ગૌણ કર્યાં અને કયા કયા નવીન વિષયો વ્યાખ્યાઓમાં તે તે વ્યાખ્યાકારે દાખલ કર્યાં?

શ્વેતાંબર દિગંબર બધી વ્યાખ્યાઓનો વિકાસક્રમ અને વધેલા તથા ઘટેલા વિષયોની યાદી. ઉપલબ્ધ કે અનુપલબ્ધ દરેક દરેક વ્યાખ્યાઓની યાદી. વ્યાખ્યાકારોની તટસ્થતા; અવિભક્ત જૈન દૃષ્ટિ કે સાંપ્રદાયિકતાને લઈ વ્યાખ્યાઓમાં કયાં કયાં તત્ત્વો અખંડ રહ્યાં અને કયાં કયાં વિવાદાસ્પદ બન્યાં તથા કયા કયા સૂત્રમાં અર્થભેદ પ્રધાન થયો? દરેક વ્યાખ્યાકાર ઉપર સમકાલીન કયા કયા દર્શનોનો વિશિષ્ટ પ્રભાવ દેખાય છે?

૫ શ્વેતાંબર દિગંબર બધી વ્યાખ્યાઓના તુલનાત્મક અભ્યાસનું સંક્ષિપ્ત પણ સ્પષ્ટ અને વર્ગીકરણપૂર્વક પ્રદર્શન. મૂળમાં કે સમસ્ત વ્યાખ્યાઓમાં કુલે કેટલાં દર્શનોના કયા કયા વિષયો લેવાયા છે; તેઓના વિશિષ્ટ શબ્દો પરિભાષાઓ કયાં કયાં અને કેટકેટલી છે એનું તારણ. શ્રી ઉમાસ્વાતિનું અને બધા વ્યાખ્યાકારોનું બૌદ્ધ શાસ્ત્ર પરિશીલન કેટલું છે? આખા સૂત્ર પાઠભાષ્ય અને બીજી વ્યાખ્યાઓમાં યોગ, સાંખ્ય, બૌદ્ધ, ન્યાય, વૈશેષિક, અને મીમાંસાના કેટકેટલા પારિભાષિક શબ્દો આવ્યા છે અને તદ્ગત શાબ્દિક કે આર્થિક સામ્ય કયાં કયાં છે અને ગ્રંથ રચનાના ક્રમ પ્રમાણે તથા કાલક્રમ પ્રમાણે કયા કયા દર્શન સાથે કઇ કઇ જાતનું સામ્યગૌણ કે પ્રધાન થતું જાય છે? શબ્દશાસ્ત્ર અને અલંકાર આદિશાસ્ત્રોનો પ્રભાવ એ ગ્રંથ ઉપર કેટલો છે?

૬ બન્નેના સૂત્રપાઠની ભિન્ન ભિન્ન યાદી, ભાષ્ય અને ટીકાગ્રંથમાં આવેલા સમગ્ર અવતરણોનાં સ્થળો તેમજ તેમાં નિર્દિષ્ટ થએલ ગ્રંથકારો કે ગ્રંથોનાં નામો અને સમગ્ર વિષયોનું વર્ગીકરણ પૂર્વક પાશ્ચાત્ય તે તે શાખા સાથે તોલન.

૭ મૂળકાર અને સમગ્ર ટીકાકારોનો ઇતિહાસ.

# "સામાયિક યોગ અને તેથી થતો આત્મવિકાસ."

## (૨)

વ્યાખ્યાતા-**પંડિત ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન.**

[ આ વિષયપર મુંબઇમાં શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના આશ્રય નીચે તા. ૨૩-૧-૨૭ ને દિને આપેલ વ્યાખ્યાન આ પત્રના ગત માસના અંકમાં પ્રસિદ્ધ થઇ ગયેલ છે, તે વ્યાખ્યાન અધુરૂં રહેતાં ૩૦-૧-૨૭ ને દિને તેજ સ્થળે રા. મોહનલાલ દલીચંદ દેશાઇનાજ પ્રમુખપણા નીચે પંડિત લાલને આપ્યું હતું. તે અત્ર પ્રકાશ પામે છે. **તંત્રી** જૈનયુગ]

**પ્રારંભે પ્રમુખે જણાવ્યું** કે પંડિત લાલને સામાયિક ક્રિયામાં શી ફલસિદ્ધિ છે? એનો પ્રવેશક ભાગ ગત રવિવારે બતાવ્યો હતો, પરંતુ તે વિષય અધૂરો રહેવાથી આજે તે પૂરો કરવા માટે તેમનું વ્યાખ્યાન રાખ્યું છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ બતાવેલ પાંચ વાત સામાયિક ક્રિયામાં લાગુ પાડતાં શું જાણી શકાય તે ભાષણકર્તાએ ગયે વખતે બતાવ્યું હતું. વિચારશીલ મનુષ્યના સ્વભાવમાં એ નૈસર્ગિક છે કે તે પોતાને સ્વતંત્ર અને સુખની ટોચે પહોંચવાની ઝંખના સદૈવ કરતો હોય છે અને તે સ્થિતિ પામવાની જે ક્રિયા છે તે સામાયિક છે.

**પ્રણિધાન**—સાધ્ય કે લક્ષ્યને નક્કી કરવું તેને પ્રણિધાન કહેવામાં આવે છે.

**પ્રવૃત્તિ**—સાધ્ય વસ્તુ નિર્ણિત કર્યા પછી, તે વસ્તુ પ્રાપ્ત કરવા અર્થે જે ક્રિયા કરવામાં આવે તેને પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

**વિઘ્નજય**—સાધ્ય પ્રાપ્ત કરતાં જે મુશ્કેલીઓ અંતરાય કે બાધા આવતી હોય તેને દૂર કરી લક્ષ્યને વળગી રહેવું તેને વિઘ્નજય કહેવામાં આવે છે.

**સિદ્ધિ**—સામાયિકના સતત અભ્યાસથી મેળવેલી આત્મશાંતિ, અને આત્મોન્નતિ તેને સિદ્ધિ કહેવામાં આવે છે.

**વિનિમય**—એટલે પોતાને અનુભવસિદ્ધ થયેલ ઇષ્ટ એવી આત્મસિદ્ધિનો સહુ માનવ બંધુ અનુભવ કરી પૂર્ણતા મેળવે એવા ઉચ્ચાશયથી કરાયેલો, ઉપદેશ કે બોધ તેને વિનિમય કહેવામાં આવે છે, વગેરે બાબતો તેમણે ગત વખતે આપણને જણાવી હતી. પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને ઇલા કુમારના જીવનમાંથી આપણે શું શીખવાનું છે? તે પણ આજે તેઓ બતાવશે તો આનંદ આવશે. આપ સર્વ બરાબર શ્રવણ કરશો, અને વર્તનમાં મુકશો.

**વક્તા લાલને પોતાનું ભાષણ ચલાવ્યું.**

ધર્મ તરફ રૂચિ રાખનારા આપણને બે પ્રકારના જીવો મળે છે. તેમાંનો એક વર્ગ શ્રદ્ધા પૂર્વક ધર્મને-ધર્મની ક્રિયાને દૃઢતાપૂર્વક વળગી રહેનારો છે. તેણે વિચારના અંતે એટલું નક્કી કરેલું હોય છે કે આ ક્રિયા બનાવવામાં આપણા પૂર્વ પુરૂષોને યત્કિંચિત્ પણ સ્વાર્થ કે કાંઇ આપણા પાસેથી મેળવવાનો લોભ ન હતો, પણ માત્ર દુનિઆના સર્વ જીવો આ ક્રિયાથી એટલે કે **સામાયિકક્રિયા** વડે, શાશ્વત સુખ અને પરમાનંદ મેળવે એવા આશયથી આપણને તે આ સામાયિક ક્રિયા ભણવા-ગણવા અને આચરવા આજ્ઞા કરી ગયા છે. બાળજીવો કે જે સામાયિક સૂત્રો માત્ર ગોખી જાય છે, તે પહેલા વર્ગમાં છે.

બીજા વર્ગમાં આવેલા સામાયિકના **ક્રિયાકાર** માનવ બાંધવો, સામાયિકની કોઇ પણ ક્રિયા કરતાં તેમાં હેતુ અને લાભ શો છે? એ વિચારી સમજવા પ્રયત્ન કરે છે. અને તેથી અર્થ શીખે છે. એવા ૨૦ ટકા લઇએ અને તે વર્ગ અર્થ સમજ્યા પછી, તે સૂત્રો કે મંત્રોનું રહસ્ય સમજવા ઉત્કટ જિજ્ઞાસુ બને છે, અને તેથી શનૈઃ શનૈઃ આડે આવતો પડદો એટલે જ્ઞાનાંતરાય દૂર થતો જઇ, રહસ્ય સમજવા ભાગ્યશાળી નીવડે છે.

તમે સુશિક્ષિત અને કેળવાયેલ ભાઈઓ આ બીજા વર્ગમાં આવવા ધારો તો જલ્દીથી આવી શકો છો, કારણકે સામાયિકનાં શુદ્ધ સૂત્રો અને શુદ્ધ અર્થો જેમાં બતાવવામાં આવ્યા હોય એવી પાઠ્ય પોથિઓ હવે મળી શકે છે. અને તેથી સૂત્રોચ્ચાર કરતાંની

**સાથેજ અર્થચિંતન** અને તે પણ બરાબર ઉપયોગ **પૂર્વક** કરવાનો અભ્યાસ કરતા રહો તો, તમને હાલ **જે સામાયિક આનંદ** આપે છે તેના કરતાં કોઇ નૂતન **આનંદ** જણાશે, દાખલા તરીકે--

**અભિહયા**--આદિ ઇર્યાવહીમાં આવતા શબ્દોના ઉચ્ચારની સાથે મનમાં ઉપયોગપૂર્વક અર્થચિંતન થતાં તેમાંથી ભાવના અંકુરો જન્મે છે અને તેથી જે જીવોની વિરાધના થઇ હોય તેની હૃદયપૂર્વક ક્ષમા માગતાં આપણા અંતઃકરણમાં ક્ષમાની લાગણી કે જે અત્યાર સૂધીમાં પડી રહેલી હોય છે તે જાગે છે અને તે જીવોની જાણે હવેથી આરાધના કરવારૂપી અમૃતનું સિંચન મળ્યું હોય તેમ તેમાં ચેતન આવે છે. તેમ ઉપયોગ રાખી શબ્દ અર્થ બોલવાથી તેમાં ઘર્ષણ થાય છે અને તેથી ભાવરૂપ પ્રકાશનો પ્રાદુર્ભાવ થાય છે માટે સામાયિકના બે ઘડીના કાળ સૂધી તો આપણે વીર્ય ગોપવ્યા વગર અપવાદ રહિત પૂર્ણ ઉપયોગમાં રહી ક્ષયોપશમપૂર્વક સામાયિક કરવું ઉચિત છે.

શ્રી **હરિભદ્રસૂરી** કહે છે કે,-જે અંતઃકરણ પૂર્વક ઉપદેશ આપે છે તેનો ઉપદેશ ગ્રહણ કરનારને લાભ કરે છે, પણ તેમ ન બને તો પણ સત્યવાદી **ઉપદેશકને તો લાભ છેજ**. આગળ થયેલો સામાયિક વ્યાખ્યાનનો ખરો પ્રવેશ હવે છે. જો સામાયિક વિધિ-પુરઃસર ઉપકરણો સહિત કરીએ ત્યારે તેની લ્હેર તો કોઈ ઓરજ છે.

**પ્રમુખ સાહેબે** ગયા રવિવારે સામાયિક યોગ સમજાવતાં તેમાં સામાયિક કરીને આપણે શું પામવું છે? તે નક્કી કર્યું છે. શ્રી **મહાવીરે** સામાયિક લઇ જે મેળવ્યું છે, તેજ આપણે પણ પ્રાપ્ત કરવાનું છે.

કોઇ ભાઇ કહેશે કે કયાં આપણી શક્તિ અને કયાં **શ્રીવીરે** પોતાની મહાશક્તિથી મેળવેલ મોક્ષ? કેટલું અંતર!!! તો હું કહું છું કે એમ. એ. નો આદર્શ રાખી અભ્યાસ કરનાર વિદ્યાર્થી પ્રિવિયસ સુધી તો પહોંચેજ, તેજ રીત્યાનુસાર શ્રી વીરનો આદર્શ લઇ મોક્ષમાર્ગ પર વિચરતાં કોઇ ભવે પણ મોક્ષ અવશ્ય મળે. ભવને ત્યાં દુષ્કાળ નથી, તો ભાવનાને ત્યાં પણ કયાં છે? **भावना भवविनाशिनी.**

આપણા લક્ષ્યનો છેડો, ત્યાંજ પૂરો થાય છે કે જ્યાં **"મોક્ષ"** છે. સંપૂર્ણ આનંદ છે ત્યાં અવ્યાબાધ સુખ મળે છે. આવું સુખ કોને નથી જોઈતું? સર્વને જોઈએ છે. ત્યારે તે મળે છે શાથી?

શ્રી **મહાવીર** સ્વામી કહે છે કે મેં સામાયિક વડે મેળવ્યું છે. અને તમે પણ તે સામાયિક વડે મેળવવા સમર્થ છો, આત્માના એક એક પ્રદેશમાં અનંત જ્ઞાન ભરેલું છે, છતાં જેને પોતાના આત્મામાં વિશ્વાસ નથી, તે વિઘ્ન આવતાં પોતાની પ્રવૃત્તિ છોડી દે છે. પણ આત્મબળને જાણનારો તે વિઘ્નોને નહિ ગણકારતાં પોતાનો માર્ગ નિષ્કંટક કરે છે. આનું નામ 'વિઘ્નજય'. ધારો કે હું એક વ્રત લઉં છું ને તે મનના નિશ્ચલ ભાવથી લઉં છું. મન એ વચન અને કાયામાં વ્યાપક છે અને આત્મા તો ત્રણેમાં ઓતપ્રોત છે પણ મનની દ્રઢતાપૂર્વક લેવાયલું વ્રત કાંઇ પણ ક્ષતિ કે સ્ખલના વગર પાળી શકાય છે. કારણકે તે મનને કાયા અને વાણી અનુસરે છે. દાખલા તરીકે સારાભાઇ શેઠ ભીંડી બજારમાંથી પોતાના ૧૯૬ રતલના વજન વાળા શરીરને ઉપાડી આ સભામાં હાજરી આપે, એ મનપર કાબુ હોવાનો પુરાવો છે. જો મન પર તેમનો અંકુશ નહિ હતો તો સો વર્ષે પણ ભીંડી બજારમાંથી અહીં આવી શકત નહી. વ્યવહારમાં પણ જ્યારે આપણું મન આપણને સહાનુભૂત હોય છે, ત્યારેજ વ્યવસ્થા જળવાઇ રહે છે. અને આપણે ઇચ્છા પ્રમાણે કાર્ય કરીએ છીએ.

ગુરૂ મહારાજ હાજર ન હોય એવે વખતે આપણે સ્થાપના કરીએ છીએ. એ સ્થાપનામાં આપણે કેવો ભાવ હૃદયમાં લાવવો જોઇએ? પ્રથમ તો આપણે નવકારમંત્ર ઉચ્ચારીએ છીએ. તે સમયે મુનિ, આચાર્ય, અને ઉપાધ્યાય સર્વે સામાયિકમાંજ આખોયે દિવસ હોય છે, પણ આપણે તો ૪૮ મિનિટના નિયમબદ્ધ સામાયિકમાં સર્વે જીવોની આરાધના કરી, સકામનિર્જરા કરવાની હોય છે. તથાપિ તેમાંથી મન કદાચ બહાર જાય તો, "પડિક્કમામિ" કહી પાછા પોતાના સામાયિકના ઉપયોગમાં મનને પરોવવું.

આપણે જ્યારે જ્યારે જે જે વ્રતનું પચ્ચખાણ લઈએ છીએ. ત્યારે ત્યારે તે તે વ્રતને સાંગોપાંગ પાળવામાં લગીરે ઢીલા કે શિથિલ થતા નથી. તે વાત આપણે સામાયિકના પચ્ચક્ખાણમાં પણ ભૂલી જવી ન જોઈએ.

**સાવજ્જં જોગં પચ્ચક્ખામિ**--સાવદ્ય એવા પાપ વ્યાપારનો હું ત્યાગ કરૂં છું. એ સૂત્રથી આપણે મન, વચન, કાયાને સામાયિકમાંજ રાખવાના પચ્ચખાણ લીધેલ હોય છે, તે છતાં કેટલાક ભાઇઓ અજાણપણે, તેનો ભંગ કરે છે. તે થવો ન જોઇએ અને હું આચાર્યની સામાયિક કરૂં તો કેવું સારૂં ? એ જિજ્ઞાસા થવી જોઈએ.

શ્રીમહાવીર તેરમા અને ચૌદમા ગુણસ્થાને હોય છે. શ્રી આચાર્ય મહારાજ ૧૦ મે અને બારમે ગુણસ્થાને હોય છે. તે શ્રી અરિહંતની વધારે સમીપ હોય છે. અને ઉપાધ્યાય આઠમે અને નવમે ગુણસ્થાને હોય છે. સાધુ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનક પર સમ-ભાવ સામાયિક વડે પહોંચેલા હોય છે. અને શ્રાવક સામાયિક કાળ સૂધી પાંચમા ગુણસ્થાન પર્યન્ત આત્માનંદ અનુભવે છે. હવે તે સ્થાપનાજીને નમન કરવાનો શો હેતુ છે ? તે સ્થાપિત થયેલ મહાપુરૂષના રાગદ્વેષ સર્વથા નષ્ટ થયા છે. અને અનંત આનંદમાં મગ્ન છે. એ આનંદ આપણને પણ જોઈએ છે. અને તેથી આપણે નમન કરીએ છીએ. પરંતુ નમન વિધિમાં પણ કેટલાક ભાઇઓ ઉપયોગશૂન્યપણે 'નમો અરિહંતાણં' બોલે છે પણ માથુ નમતું નથી અને તેથી વિધિદોષ આવે છે, દાખલા તરીકે એક રોટલીને બનાવી તેને પકાવવા ચુલા ઉપર રાખવામાં આવે છે અને તેને એકેક મિનિટે તપાસવી પડે છે કે જેથી દાઝી કે બળી ન જાય, અને ચાર મિનિટ પહેલાં તેને ચુલા ઉપરથી લઇ લેવામાં આવે તો કાચી રહી જાય, એટલે રોટલીની વિધિ જાણનાર રસોયો જેમ બરાબર ખાવા લાયક રોટલી બનાવી શકે છે, તેમજ સામાયિકની વિધિનું જ્ઞાન ધરાવનાર અને તે જ્ઞાનપૂર્વક સામાયિક કરનાર જ તેનું ફળ પ્રાપ્ત કરી શકે છે.

પંચિંદિય સૂત્રનો એકેક બોલ આપણને વિચારના પ્રવાહમાં ઝુલાવે છે, અને તેનો શાંત ચિત્તે વિચાર કરતાં, તે સૂત્ર આપણને શ્રી આચાર્યના હૃદય સૂધી દોરી જાય છે, અને તેઓશ્રીનો મનોભાવ કેટલો પારમાર્થિક છે, તે આપણને નિમિષ માત્ર પણ આંતર ચક્ષુ વડે જોવાનું સદ્ભાગ્ય સાંપડે છે. અને ત્યારે તેઓ એવી અનુપમ શાંતિ વડે, બારમા ગુણસ્થાને હોય એમ લાગે છે.

પાંચે ઇંદ્રિયો જેને વશ થાય છે, તેને યોગશાસ્ત્રમાં જેને પ્રત્યાહાર કહે છે તે હોય છે (પ્રત્યાહાર સમાધિનું કારણ છે એમ પાતંજલ કહે છે) છતાં तहनवविहबंभचेरगुत्तिधरो, એ જણાવેલું છે. સ્પર્શેન્દ્રિય બીજી ઇંદ્રિયો કરતાં જીવ સાથે વધારે સંબંધ ધરાવે છે. વ્યવહાર રાશિમાં જીવ ચડતાં એટલે બે ઇંદ્રિય તેઇંદ્રિય વગેરે ઊર્ધ્વ ગતિ કરતાં પણ એકેંદ્રિય એટલે સ્પર્શેંદ્રિય તો સાથેને સાથે રહેલી હોય છે. માટે તેના જયની એટલે કે બ્રહ્મચર્યની વિશેષ અગત્ય હોવાના લીધે આ પદને જૂદુ મુકયું હોય એમ અનુમાન થાય છે. પાંચે ઇંદ્રિયોનું સંવરણ કે રોકવું એમાં સ્પર્શેંદ્રિય આવી જાય છે છતાં પણ આટલો ભેદ અગત્યતાને લઇને કરવો પડયો હોય એમ અટકળ થાય છે. " सत्यं केवलीगम्यं "

જે મન ઇંદ્રિયમાં વહેંચાઇ જતું હતું તે ઇંદ્રિયોના પ્રત્યાહાર વડે તેમાંથી મુક્ત થઇ બ્રહ્મચર્ય યુક્ત હોઈ ચાર પ્રકારના કષાયને જીતવાને સમર્થ થાય છે. મનની ચંચળતા છોડવાનું કારણ એ છે કે જ્યારે તે બ્રહ્મચર્યમાં-બ્રહ્મમાં-આત્મામાં આવે છે ત્યારે એને વિષયમાં રસ લાગતો નથી, પણ પોતામાં લાગે છે. વિષયમાં આરોપતો હતો તેમ લાગે છે. જેમ કુતરૂં હાડકું ચાવતું હોય, અને તેને લઇને પોતાના તાળવામાંથી નીકળતું લોહી ચાટી આનંદ મેળવતું હોય, તે પોતાનાજ તાળવામાંથી નિકળતું હોવા છતાં પણ હાડકામાંથી નિકળે છે એમ માની સંતોષ મેળવે છે તેમ જે આનંદ પોતામાં હતાં તેનું બીજામાં આરોપણ કરતો હોય છે. આમ બ્રહ્મ રસ ચાખવાને તે અધિકારી થાય છે. રસનું સ્થાન આત્મા છે એમ કોઇ મહાપુરૂષ કહે છે रसो वैसः સાકર મિઠી નથી. જો જવર હોય તો સાકર મિઠી

લાગતી નથી; અર્થાત્ પરિણામ પ્રમાણે રસ ઉપજે છે.

આચાર્ય મહારાજને ગ્રંથીભેદ થયા પછી એટલે ચોથા ગુણસ્થાનકેજ સર્વ આત્મા સમાન લાગે છે. પહેલાં આત્મા અને પછી શરીરોનું તેમને દર્શન થાય છે. અર્થાત્ સમભાવે તેઓનો આત્મા વિશેષે ઉપર કહેલાં પદોના કારણોથી સ્થિત હોય છે, અને તેથી તેમને કોના ઉપર કષાય થાય? કોનાથી માયા કરે? લોભનો પણ જય કેમ ન કરી શકે? આમ હોવાથી ક્ષીણમોહે એટલે બારમે ગુણસ્થાનકે ચડી શકવું સુગમ હોય એમ લાગે છે.

જે વખતે આપણે ગુસ્સે થઇએ છીએ, એ વખતે આપણે સ્વભાવથી ચ્યુત હોવાને લઇને નિર્બળ હોઇએ છીએ.

ભાષામાં પણ કહેવત છે કે "કમ જોર ગુસ્સા બહોત," અને ક્ષમા જ્યારે હોય છે ત્યારે આત્મા સ્વભાવે બળવાન હોય છે. માટેજ કહ્યું છે કે "क्षमा वीरस्य भूषणम्."

સામાયિક સૂધી પરિગ્રહની મર્યાદા રાખી બેસવામાં, ઉઠવામાં, યતનાપૂર્વક વર્ત્તન કરવું, અને નહિ તો મન, વચન, કાયા એ ત્રણેથી કંઈ ન કરતાં સ્થિર રહેવું. મન પણ બીજી ક્રિયાઓથી અલગ હોવાને લઈને છુટું થયેલ હોવાથી, જે ક્રિયા પોતે કરી રહેલ છે તેમાં રહેશે.

વાંચે ને વળી કરે વિચાર,
તે સમજે છે સઘળો સાર.

આપણે જે જે પદો વાંચીએ કે બોલીએ અને એ પદો ઉપર વિચાર કરીએ તોજ, તેનો સઘળો સાર આપણને પૂર્ણ સમજાય છે. આનું નામજ શાસ્ત્રમાં **ઉપયોગ** કહેલ છે અને એ **ઉપયોગ** પૂર્વક ક્રિયા કરતાં ચિત્ત પ્રસન્ન થાય છે. અને ચિત્ત પ્રસન્ન ભૂમિકાએ, જ્ઞાનસૂર્યનો અરૂણોદય છે. યોગ શાસ્ત્ર તેને પ્રતિભા કહે છે.

**મયણાસુંદરીને,** પ્રભુપૂજા કરતાં આવો આનંદ થયો હતો એવું આપણે **શ્રી**પાળના રાસમાં વાંચીએ અને સાંભળીએ છીએ.

આ પ્રકારે જ્યારે આચાર્યના ૩૬ ગુણની ભાવના કરી તેઓના તે ગુણમાં મનુષ્ય જેમ જેમ નમતો જાય છે, તેમ તેમ પોતાના આત્મામાં તે ગુણો પ્રકટતા હોય એમ તેને જણાય છે.

કોઈ એવી શંકા કરે કે અનાદિ કાળથી મન બહાર ભટકવાની ટેવવાળું છે, તો જરાવાર ઉચ્ચારેલા પદમાં સ્થિર રહી પાછું ભટકવા લાગે છે. આ વાત ખરી છે, પરંતુ જ્યારે ઉપયોગ આવે ત્યારે, પુનઃ વિચાર કરવો એમ જ્યારે જ્યારે પોતામાં એટલે સ્વભાવમાં અવાશે ત્યારે એકાગ્રતાના સંસ્કારો વધતા જશે અને એ વધ્યા ત્યારે, જૂના સંસ્કારોને હરાવશે. જેમ ઘેટાનું બચ્ચું નાનું હોય ત્યારે તે મોટા ઘેટાથી હારી જાય છે, પરંતુ જ્યારે નાનું ઘેટું યુવાન થાય છે ત્યારે તે ઘરડા ઘેટાને હરાવી નાખે છે.

તેમજ આપણા ઉપયોગના સંસ્કારને યુવાન કરીએ તો મન, પરવસ્તુમાં જતું અટકી જાય છે. ભગવાન પતંજલિ કહે છે કે-तज्जः संस्कार अन्य संस्कार-प्रतीबंधी; એ જય કરેલો સંસ્કાર અન્ય સંસ્કારને પ્રતિબંધ કરે છે-અટકાવે છે.

આત્મા હું છું એમ સમજીને થતા કાર્યમાં અડચણો કે હરકતો આવતી નથી. અને આવે છે તો આત્મવાદી તેને દૂર કરવા સમર્થ હોય છે.

"જગજીવન જગ વાલહો."

એ પદોચ્ચાર કરતાંજ સામે આવેલું જગત અને તેને જીવન આપનાર એવા શ્રી આદિશ્વર માનસ ચક્ષુથી દેખાય છે. અને તે જગતમાં હું પણ આવેલો છું તો મને જીવન કેમ નહિ આપે? એ ભાવ આવે છે "जिनप्रतिमा जिन सारखी" સમજી દેરાસરમાં શ્રી **વીર**ની સ્તુતિ કરનારને આલ્હાદ ઉપજે છે; રોમાંચ થાય છે. વદન પર આત્માના આનંદનું પ્રતિબિંબ દેખાય છે.

કાઉસ્સગમાં બેસનારના બત્રીસે દોષો રોકાય છે. અને તે જ્યારે આત્માના સામર્થ્યને ઓળખી પોતે તેજ આત્મા છે એમ માનીને કરે છે ત્યારે, આત્મસામર્થ્ય ખીલતું જાય છે અને અંતરાયો ખસી જઇ આત્મપ્રકાશને ચળકવા દે છે.

પૂર્વે કરેલાં પાપોને इरियावहियથી આપણે હૃદય-પૂર્વક પસ્તાવો કરી નિવૃત્ત થઇએ છીએ, અને હવે પછી આરાધના કરવાના નિશ્ચયપર આવીએ છીએ, ત્યારે આપણું સામાયિક અને પુનિઆ શ્રાવકનું સામાયિક એક હરોળમાં આવે છે.

સમભાવની સદ્વૃત્તિ વડે જ્યારે આપણને કોઇની સેવા કરવાનું ટાણું સાંપડે છે ત્યારે સેવા કરતાં કરતાં સેવ્યમાં આપણી ભક્તિ ઉદ્ભવે છે. અને ભક્તિ ઉદ્ભવતાં સર્વ જીવનું કલ્યાણ કરવા ઇચ્છા કરતાં શ્રી મહાવીરના સામાયિકમાં પહોંચીએ છીએ.

तस्स उत्तरी થી, इरियावहि કરતાં વિશેષ શુદ્ધિ થાય છે. ઇરિયાવહીમાં આપણે કરેલ વિરાધનાનો मिच्छामिदुक्कडं એ દુષ્કૃત્ય મિથ્યા–એવું ઇચ્છીએ છીએ, અને થયેલી વિરાધના માટે, અંતરમાં પશ્ચાત્તાપ કરીએ છીએ; એ પશ્ચાત્તાપવડે આપણે ત્રિકરણની શુદ્ધિ કરીએ છીએ, ત્રિકરણની શુદ્ધિ કરવામાં આપણે માયા શલ્ય, એટલે કપટ રહિત થઇ, આત્મ સરલતા પ્રાપ્ત કરીએ છીએ, નિયાણા શલ્યથી દૂર થઇ,–એટલે વાસનાથી દૂર થઇ આપણે આત્મખ્યાતિ પર આવીએ છીએ અને મિથ્યાત્વ શલ્ય દૂર કરી એટલે દેહભાવને વોસરાવી ગ્રંથીભેદ કરી, આપણે સમ્યક્ત્વ પામીએ છીએ.

સમ્યક્ત્વરૂપ આત્મભાવમાં રહી, કાઉસગ્ગ કરતાં સર્વ પાપનું નિર્ઘાતન એટલે ઉચ્છેદ કરીએ છીએ.

કાઉસગ્ગમાં આપણે **लोगस्स** નામના સૂત્રને, જાણીએ છીએ, અને તીર્થંકર મહારાજ પાસે ભક્તિપૂર્વક કેટલીક માગણીઓ કરીએ છીએ.

સામાયિક એ નવમું વ્રત છે. બાર વ્રતમાના આઠ વ્રત પૂરાં થઇ નવમે સામાયિક આવે છે. શ્રી હરી ભદ્રસૂરિ જૈનધર્મને–જૈન ધર્મના ચારિત્રને એકજ ગાથામાં કહે છે એટલે કે—

आश्रवाः सर्वदा हेयाः
उपादेयास्तु संवराः ।
इतीयं आर्हतिमुष्टिः
शेष्यास्तस्याः प्रपंचनं ॥

અર્થાત્–આસ્રવો સર્વ ત્યાગવા યોગ્ય છે. અને સંવરો સર્વ ઉપાદેય છે, એ આર્હતિ મુષ્ટિ છે. બીજું સર્વ એ એનો વિસ્તાર છે.

લોગસ્સમાં આપણે ધર્મરૂપ તીર્થના કરનાર એટલે દેશચારિત્ર અને સર્વ ચારિત્રની દિક્ષા આપનાર શ્રી વર્ધમાનતીર્થંકરોને નમન કરીએ છીએ એટલુંજ નહિ પણ ભૂતકાળના અને ભાવીકાળના સર્વ તીર્થંકરોને તેના જેવા ગુણોને પ્રાપ્ત કરવા નમન કરીએ છીએ. તીર્થંકરોને વંદન કર્યા પછી જેણે જરારૂપી રજ અને મરણ રૂપી મલ દૂર કર્યા છે એવા પ્રભુને પ્રાર્થના કરતાં માગીએ છીએ કે અમારાપર પ્રસન્ન થાઓ, પ્રસાદ કરો.

સામાયિકમાં આપણે બે કરણે અને ત્રણ પ્રકારે પચ્ચખાણ લીધું છે અને તેમાં અનુમોદવાનો અપવાદ રાખ્યો છે. સામાયિક વ્રતધારી ગ્રહસ્થને, આ અપવાદ કેમ રાખવો પડે છે, તેનો વિચાર કરીએ.

એક વખતે એક ગૃહસ્થ સામાયિક કરવા બેઠેલા છે, તેના પાસે તેની તીજોરીમાં લાખ રૂપિઆ ભરેલા છે, સામાયિક કરતી વખતે ત્રીજોરીની ચાવી પોતાથી થોડેજ દૂર પડેલી છે. દરમ્યાન ધાડપાડુ આવી પહોંચે છે, ગૃહસ્થની સ્ત્રી તેજ વખતે ચાવી ઉચકી છુપાવી દે છે, સામાયિકમાં હોવા છતાં, પણ આ વખતે શ્રાવક મનમાં પોતાની પત્નિની સમયસૂચકતા માટે વખાણ કરી મનમાં ધારે છે કે, બહુ સારૂં થયું, આમ અનુમોદના ગૃહસ્થ શ્રાવકને થઇ જાય માટે શ્રાવકને બે કરણે સામાયિક હોય છે, અને સાધુને ત્રણ કરણે હોય છે.

સામાયિક ચારિત્ર આઠ પ્રકારે સાધવાનું શાસ્ત્ર જણાવે છે. દરેકમાં અમુક લક્ષણ–ગુણ પર ભાર મૂકેલ છે. તેમાંથી તમને અત્ર પહેલું સમભાવ સામાયિક અને છઠ્ઠું પરિજ્ઞા સામાયિક જણાવવા પ્રયત્ન કરૂં છું.(૧)

ત્યાર પછી પ્રસન્નચંદ્ર રાજર્ષીનું સામાયિક વર્ણવી વ્યાખ્યાન પુરૂં કર્યું હતું.

(૧) પ્રિય વાચકે આ બન્ને સામાયિક ભાઈ મોહનલાલ દલીચંદે રચેલા સામાયિક સૂત્રના પાને ૩૪ અને ૪૦ ધ્યાનપૂર્વક વાંચી ક્રિયામાં મૂકવા પ્રયત્ન કરવો.

પ્રમુખની આજ્ઞાથી ભાઈ જીવરાજે પ્રશ્ન કર્યો કે પરિજ્ઞા સામાયિકમાં શો ભાવ છે? અર્થાત્ એ શબ્દમાંજ શું રહસ્ય રહ્યું છે? તે સમજાયું નહિ.

વ્યાખ્યાતાએ ઉત્તર આપતાં કહ્યું કે ઇલાચી કુમાર ધન-કુલ-માતાપિતા છોડી નટડીપર આસક્ત થયો અને પોતે નટડી પરનો જે મોહ હતો તે મુનિરાજને જોઇને છોડયો, આમ સર્વ પરથી મોહ છોડતાં છોડતાં આંતરદૃષ્ટિ કરી परि એટલે समन्तात् બધામાંથી ફરી આત્મામાં આવવું તે પરિજ્ઞા સામાયિક છે. આત્માએ પોતાનામાંજ સૌંદર્ય જોવું .એ પરિજ્ઞા શબ્દનો ભાવ હોય એમ જણાય છે.

પ્રશ્ન-ધ્યાતા-ધ્યાન અને ધ્યેય-કાઉસગ્ગ કરતાં એકરૂપે કેમ છે? તેનો ઉત્તર આપતાં વ્યાખ્યાતાએ કહ્યું કે-કાઉસગ્ગમાં આપણા આત્માનું ધ્યેય પરમાત્મા છે, આપણે ધ્યાતા છીએ, અને આપણે પરમાત્માનું એકજ ચિત્તે ધ્યાન કરીએ છીએ એ ધ્યાન છે. ધ્યાન અને ધ્યાતા એનો અભેદ તો ઘણાને સમજાય છે પરંતુ ધ્યેયનો અભેદ સમજવાને આપણે દ્રષ્ટાંત લેવું પડશે.

આ ટેબલપર પડેલા પુસ્તકના આપણે દૃષ્ટા છીએ, આપણે જોવાની જે ક્રિયા કરીએ છીએ એ દર્શન છે. અને આ પુસ્તકનું ભાન જે આપણા આત્મામાં થાય છે એ ભાન તે દ્રશ્ય છે એટલે એ દ્રશ્યની સાથે પણ આપણો અભેદ છે. એટલે એજ પ્રમાણે ધ્યાન કરતાં કરતાં ધ્યેયનું આપણા આત્મામાં જે ભાન થાય છે એની સાથે પણ આપણો અભેદ છે. આ અભેદપર્યાય છે. એ અભેદ પર્યાય પણ આપણા આત્માનો છે.

ધ્યેય કે દ્રશ્ય એ આપણાથી બહાર પણ હોય છતાં, તેનું જ્ઞાન-ભાન-અને દર્શન આપણામાંજ હોય.

---

પ્રમુખ મોહનલાલભાઇ ઉપસંહાર કરતા નિચે પ્રમાણે બોલ્યા હતા.

બ્હેનો તથા બંધુઓ !

આપ સર્વે શ્રોતૃમંડળે, વ્યાખ્યાતાનું વ્યાખ્યાન બહુ આનંદ અને રસપૂર્વક સાંભળ્યું, હવે જો તે પ્રમાણે સામાયિક કરવાનું શરૂ રાખીએ, તો વ્યાખ્યાન માટે વ્યાખ્યાતાએ લીધેલો શ્રમ સફળ થયો લેખાય, અને સામાયિકનું રહસ્ય પણ આપણાથી ત્યારેજ બરાબર સમજાય સામાયિક એ યોગ છે, અને તેથી સમાધિ પણ થાય છે. જેનાથી ચિત્ત નિરોધ થાય છે તે યોગ છે, પણ આ સામાયિક હઠયોગ નથી પરંતુ રાજયોગ છે અને તેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવી શકીએ છીએ. આ રીતે આપણે સામાયિક ક્રિયામાં આપણે યોગ સાધીએ છીએ અને તેથી "સામાયિકયોગ" એ બરાબર છે.

વ્યાખ્યાતા કહે છે કે તમે બધા મારા સાથે ઉપકરણો સમેત સામાયિક કરવા બેસો એટલે હું સામાયિક જે રસપૂર્વક કરૂં છું તે તમને બતાવું.

સાવદ્યયોગની નિવૃત્તિ થતાં મોક્ષ સાધ્ય થઇ શકે છે.

કોઇ ધર્મમાં આવી ઉત્કૃષ્ટ ક્રિયા મૂકવામાં આવી હોય એવું મારા ધ્યાનમાં નથી.

સામાયિક ચારિત્ર કે યોગનો આવો ઉત્કૃષ્ટ માર્ગ માત્ર શ્રી મહાવીરેજ બતાવ્યો છે. संपूर्णः

---

**सामायिकं सुदुःसाध्यमप्यभ्यासेन साध्यते ।**
**निम्नी करोति वा बिंन्दुः किं नाश्मानं मुहुः पतन् ॥**

—દુઃસાધ્ય છતાં-અતિશયથી સાધ્ય કરવા માટે અશક્ય છતાં, સામાયિક અભ્યાસથી-નિત્યપ્રવૃત્તિથી સાધ્ય થાય છે ( કેવી રીતે ? તો દૃષ્ટાંત કહે છે કે ) જલબિન્દુ વારંવાર પડયાંજ કરવાથી પત્થર શું નીચો થતો નથી ? ( થાય છે, તેવી રીતે અભ્યાસ કર્મોમાં કૌશલ પ્રાપ્ત કરાવે છે અને તેથી સામાયિક પણ સાધ્ય થાય છે. ) સા. ધ.

# શ્રી કેશરીઆજીનો રાસ.

ગતાંક પૃ. થી ચાલુ.

ઢાલ ૭

(નથ લાજયો મારૂરાજ મુષરો મંડન ગોરીરે નથ લાજો રાજ એ દેશી.)

નગર ધુંલેવ આયા વિલોકી સાજન સુરસૈન્ય લેઇ કરી
રીષભ રાજાન મારા સ્વામીજી હો રાજ
કેસરીજીત એ સુરસેના રાજ એ આંકણી
યક્ષ ગૌમુષ જંપે સુણો વાત,
ભૈરવા ફોરવો તુમ્હ તનરીરે ઘાત. મા૦ કે૦ ૧
નીસુણી ભૈરવ તવ કરૈ હુંકાર,
ધમર ધુધરીયારો ધમકારો; મા૦ કે૦
ટણુણુર ટોકરીઉં ટણુણુંત,
ઉતર્યો અંબરથી અરિ ચમકંત. મા૦ કે૦ ૨
ડમકર ડાક ડમકે અપાર,
ધમ્મર ધરણી હુયા ધમકાર; મા૦ કે૦
કાઢી ષડગ અરી સાહમો ધાય,
અદ્દભુત તણી રચના બનાય. મા૦ કે૦ ૩
થાગડદીતા થાગડદીતા થૈ થૈ કાર,
ફુદકી લેતો જાય વાહે અસીધાર; મા૦ કે૦
એકે થાઇ દશવીસના લેઇ પ્રાણ,
કાલા ધોલા ભૈરવરી એ વાહે કૃપાંણ. મા૦ કે૦ ૪
માર માર શબ્દ દૌ દિસ થાય,
ચોધારી વજાવતાં ધિગડમલ્લ ધાય; મા૦ કે૦
અરીફોજ માંહે મચી ખુબારોલ,
કાલો ભેરવ તિહાં કરે છે કલોલ. મા૦ કે૦ ૫
વીરસીર છેદી આગલેં તવ જાય,
સીરવિણુ ધડ માંહોમાંહે ઝૂંઝાય; મા૦ કે૦
છીન છીન ટુકડા હુયા અંધાર ધોમ,
અસૂરાંરી ફોજ વિડંબી સુર દૌમ. મા૦ કે૦ ૬
સસ્ત્ર સાંધે નહી વયણ ઉચાર,
દીગ્મૂઢ અસુર હુઆ સબકાર; મા૦ કે૦
વીર ધસીયા દલ અતિ ભીલ્લઆય,
ક્રોધ કરી દુષ્ટ ઉપરેં ધકાય. મા૦ કે૦ ૭
તીર વરસે ષગજડથી અધીક,
અરીયણુ માંહેં પડે રણઝીક; મા૦ કે૦
સીરવિણુ ધડ કેઇ નાઠારે જાય,
ચીત્ર સમાંન કેઈ નર થીર થાય. મા૦ કે૦ ૮
દુષ્ટ સેનાની ગાંઠ દીધીજી વેર,
વન ર હુયા અસુર કીયા ઝેર; મા૦ કે૦
કેઇ અશ્વ તજી વનકુંજમાં ઉજાય,
કેઈ દુષ્ટ પડયા મહીપુત્રી તે પાય. મા૦ કે૦ ૯
નિજ સેન્ય નાસતા લાગો તસ હાથ,
પ્રાણ તજ્યા જસવંતે જિહાં અનાથ; મા૦ કે૦
કેઇ મુખ તરણા દેઇનિં કહેસ,
ઇહાં અમ વાંક નહી લવલેસ. મા૦ કે૦ ૧૦
કેઇ દુષ્ટ નીષ્ટયા ગુહારે નિવાજ,
સાઈજી ખુદા થે રાષજો લાજ; મા૦ કે૦
અસુર ચિંતે કેઈ રીદય મઝીર,
જમી અસમાંન કયા હુઆ એકાકાર. મા૦ કે૦ ૧૧
કેઇ નાગા ભાગા ફાટા વસ્ત્રચીર,
કેઈ કર જોડી વહે નેત્રથી નીર; મા૦ કે૦
એક અસવાર વીકરાલ અનૂંપ,
અરિ ફોજમાં મોજ માફર ભૂપ. મા૦ કે૦ ૧૨
ભાઉ તાતો કાંમ આપારે તિણેં ઠાંમણ,
શુદ્ધબુદ્ધ કોઇરી ન રહી ઓલષાંણ; મા૦ કે૦
રૂદ્રાંણી રૂદ્રે નૃપતિ હુરેપૂર,
સુર સર્વ જોઈનેં હૂયા સસનૂર. મા૦ કે૦ ૧૩
દસવીસ અશ્વ સહીત સીરદાર જાઇ,
સીવરાંમ નાઠો કંતાર; મા૦ કે૦
કોસ ચ્યાર જઈ નેં લીઓ વીસરાંમ,
રણભોમ માંહે રહ્યો સરાજાંમ સાર. મા૦ કે૦ ૧૪
સીવરાંમ કુમેદ ચિત્તે મનમાંહિં,
છીન છીન સેનાહુઇ રણભુમિ તાંહિં; મા૦ કે૦
હેમવિજય કવિરાયનો સીસ,
તેજવિજય મનમેં નિસદીસ. મા૦ કે૦ ૧૫

દુહા.

કોસ ચિહું ઉપર જઈ, દુષ્ટ લીઓ તિહાં સાસ;
સીવરાયેં સંરણો સંગ્રહ્યો, તુજ ચરણે મુજ વાસ. ૧

યારો દેષોનેં કયા કીયા, ભુતષાંનેર તોફાંન;
સારી સંપત રણવટ રહી, શુભટ સવી હુયા જયાંન. ૨
ફીકે મુષ નાસી ગયો, જાંણીને તે દુષ્ટ;
વીરકલા ગુણ પેષીનેં, દેવ સકલ સંતુષ્ટ. ૩
દોનું વીરે રણખેતમેં, જોધા ધુષલ કરેહ;
ગોમુષ યક્ષે વીરનેં, હુંકારો પભણેય. ૪
દેવદેવી જસ સ્વાંમીનેં, દેઇ ગયા નીજ ઠામ;
અસુરપતિ કરે સેવના, લછી ગઇ વીણ કાંમ. ૫

### ઢાલ ૮

(હોજી લૂએંઝુંબે વરસાલો મેહ,
આજ દીહાડો ઘણુ રાત્રીજ રોહો લાલ એ દેશી.)

હોજી સંજીવન રહ્યા નર જેહ,
તેહ ત્રુટક આવી મલ્યા હો લાલ;
હોજી કે પાલા ગજ તુરી રાજ,
ષંડ અષંડ સૈન્યમાં ભલ્યા હો લાલ. ૧
હોજી નીહાલી સંકર ભુજરાય,
**સી**વરાંમ તાંમ વાંણી વદે હો રાજ;
હોજી હીંદુયારો દેવ મહારાજ,
કપટ રચ્યો અતિહેં હ્રદે હો લાલ. ૨
હોજી કેહવો કીઓરે ઇંણે કાંમ,
ઠામ રક્ષણ કર્યો આપણો હો લાલ;
હોજી કવણ ન હુઓરે વિચાર,
હાથેં કીઓરે સંતાપણો હો લાલ. ૩
હોજી **ભં**ડારીએ ભાષ્યો હું તો ભેદ,
તોહ ન વસ્યો અપનેં હ્રદે હો લાલ;
હોજી અણસમજયારી ગતિ એહ,
પરતિક્ષ ફલ આયો ઉદે હો લાલ. ૪
હોજી સારોહી ગયોરે દ્રવ્ય સાર,
સહસ્સ ગમે થેલી ગઇ હો લાલ;
હોજી નહી ઇહાં મુગ્ગલ્લ પઠાણ,
પલટણું ભીલારે અવલી થઇ હો લાલ. ૫
હોજી નહી **ભા**ઉ તાતો હાથીમલ્લ,
નહી વેહલ રથ ધોરી ગયા હો લાલ;
હોજી નહી નાલગોલા કોકબાંણ,
હો દાસહી ન હસ્તી રહ્યા હો લાલ. ૬
હોજી નહી બલવંત જસવંત,
જોદ્ધા પદ્દાઉત તે નહી હો લાલ;
હોજી નહી પાયકરો પરીવાર,
આભર્ટીઇ આરબ ગહમહી હો લાલ. ૭
હોજી નહી રાણીજાયા રજપૂત,
નહી દક્ષણી કરતા છટા હો લાલ;
હોજી કોતલ પદારથ નાંહિ,
કિહાં હબસીયારી સ્યાંમ ઘટા હો લાલ. ૮
હોજી નહી ધુરે ઘોર નિસાંણ,
ફોજારા લાડા તે નકી દીસે હો લાલ;
હોજી નહી નગારારી સરાંજાંમ,
વસ્ત્ર અમુલિક ગયા તિસે હો લાલ. ૯
હોજી નિસુણી **શં**કર જંપે વયણ,
નયણ ઉઘાડી નિરષ્યો નહી હો લાલ;
હોજી સદૈવત એ **આ**દિનાથ,
આપ બલે બેઠા રહે હો લાલ. ૧૦
હોજી લોચન કર્યારે કેઇ દેશ,
દેવ દેરા દાંમ થેં લીઓ હો લાલ;
હોજી તેહ ન જાણે એહ દેવ,
પુન્ય પ્રબલ સજીવન રહ્યા હો લાલ. ૧૧
હોજી અર્ક નીહાલી રણષેત,
સુજ**સ** સવાઇ ને દીઓ હો લાલ.
હોજી અસ્તંગત તિહાં થાય,
નીસાઇ સયર સલકીઓ હો લાલ. ૧૨
હોજી નિદ્રા વસેરે અસૂરાંણ,
મધ્ય રયણ ગઈ તે સમે હો લાલ;
હોજી આપ રૂપેં અરીહંત,
આવી ઉભા અરી સૈન્યમાં હો લાલ. ૧૩
હોજી સુતો કે જાગે સીવરાંમ,
બોલાવ્યો ત્રિભુવન ધણી હો લાલ;
હોજી હિંદૂયારો દેવ તું નિહાલ,
જૈન શાસન માંહિં સુરમણી હો લાલ. ૧૪
હોજી જાંગૃત થઈ અસુરાંણ,
મધ્ય રયણ ગઇ તે સમે હો લાલ;
હોજી આપ રૂપે અરિહંત,
આવી ઉભા અરી સૈન્યમેં હો લાલ. ૧૫
હોજી જૂગાદી જંપેં સુણ દુષ્ટ,
નાંમ જાંણ્યો નહી માંહરો હો લાલ;
હોજી **હે**મવિજય સુપસાય,
**તેજ કહે**ં દાસ હું તાહારો હો લાલ. ૧૬

### દૂહા

રેરે સૂણ તું દૂરાતમાં, અજ્ઞાની મતિ હીંન;
કિમ કુમતિ તુજ ઉપની, થઇ રહ્યો હવે દીન. ૧
કેસરીયા કાનેં કદી, નવિ લહ્યો તે કેમ,
તો સુષ તમે અનુભવો, કૃત કમાઈ જેમ. ૨
નીર્વાણી નિર્ભય અમો, પારીઇ કરી પાષંડ;
લૂટી માણીઇ પરલછીનેં, પછાડીઇ જેહ પ્રચંડ. ૩
સાઢા પણવીશ દેશમેં, આણ ફિરે અષંડ;
વસ્તુ અમુલક જે જોઇઇ, મંગાવીઇ તે ડંડ. ૪
માફે મરડી તુજનેં, ગુનહ કર્યા છે અપાર;
કંપ્યો અસુર કર જોડીનેં, ભાષેં વચન ઉદાર. ૫
ક્રૂર વયણ શુણી જીનતણા, રણઝક હુઓ અસુરાંણ.
પાછો પડૂત્તર ન ઉચરેં, ગંગા ત્રીયાં જંપેં વાંણ. ૬

### ઢાલ ૯

(મારૂજી નિંદ્રલડી નેણારે વિચગુલ રહી. એ દેશી.)
જીનજી અસુર ત્રીયા કહે સાંભલો,
આદિકરણ આદિનાથ હો; સાંઇજીરા રાયા.
જીનજી કીયો કદાગ્રહ જાંણીનેં,
અબ આયાયે મારે હાથ હો. સાંઇજીરા રાયા.
જીનજી અરજ કરૂંરે ગુનહો બગસીઇ એ આંકણી. ૧
જીનજી કિરીયા જાંણ અજાંણમેં,
સોઇ પાંસરી આઈ આજ હો સાંઇજી૦
જીનજી આપ સરૂપે ઇણ વિધ મલ્યો,
ફલ્યો વંછિત સર્યો કાજ હો સા૦ ૨ જી૦
જીનજી જીનજી દેવ અવર અવની સમેં,
ભુપરે નવિ મલ્યો તાસ હો. સા૦
જીનજી તાહરી અવજ્ઞા કરી હુઓ,
તે ઉભો થાહરે પાસ હો. સા૦ ૩ જી૦
જીનજી રાઉલી ઇછા તેહિજ કરો,
સક્તિ તુમારી અનંત હો; સા૦
જીનજી પરિતિક્ષ નયણેં નિરષીઓ,
અતુલીબલ અરીહંત હો. સા૦ ૪ જી૦
જીનજી એના દિવસ નિજ પુન્યથી,
હવે તો થારોજી પસાય હો; સા૦
જીનજી પૂરપિ જીવત થેં દીઓ,
જગતનેં તામારી માય હો. સા૦ ૫ જી૦
જીનજી અંતરજાંમી માહરા,
અલષ અલ્લા તૂહી પીર હો; સા૦
જીનજી કાજી મુલા સેષ સઇદ થેં,
મત વાલા થેં ફકીર હો. સા૦ ૬ જી૦
જીનજી બાલમુકંદ માધવ તુંહી,
નારાયણ કૃત ઈસ હો; સા૦
જીનજી ષૂંનકારક વૃદ્ધ અવગુણી,
થારી ગોદમાં મારો સીસ હો. સા૦ ૭ જી૦
જીનજી તુંમ ગુણ કદીએ ન વીસરે,
જગજીવન મારા પ્રાંણ હો; સા૦
જીનજી જે પુન માહરે સીરથેં કરો,
તે કરસ્યો મે પ્રમાણ હો. સા૦ ૮ જી૦
જીનજી જંપેરે સુણ તું અસુર ત્રીયા,
માંગીઈ છઇઇ ડંડ એહ હો; સા૦
જીનજી પાંચ સહસ રજત મોહરૂં,
આપો અમનેં માંની તેહ હો. સા૦ ૯ જી૦
જીનજી નિશુણી અસુર ત્રીયા વિનવેં,
ગંગા બાઇ તસ નાંમ હો; સા૦
જીનજી સપ્તસત ઉપર વલી,
દેસુ તુંમ ભણી દાંમ હો. સા૦ ૧૦ જી૦
જીનજી ષેર રષો મુજ પ્રીયતનું,
કહું છું ગોદ વિછાય હો; સા૦
જીનજી અશ્વીન્માસ સુદ એકમનીસા,
ગ્રીહી છે અટક તુમ પાય હો; સા૦ ૧૧ જી૦
જીનજી આજથી નિજતનુંથી સંવિ,
આભુષણ કીયા દૂર હો; સા૦
જીનજી એ બંદીઓ સવિદિન પેરસે,
જસ દિન દાન હજૂર હો. સા૦ ૧૨ જી૦
જીનજી માંની રજત અશુર સવે,
પોહતો આપણે ગેહ હો; સા૦
જીનજી ચૈત્ર શુક્લ સપ્તમી દિને,
દાંમ દેયણ આયો તેહ હો. સા૦ ૧૩ જી૦
જીનજી જીતડંકા જીનવર કરી,
અદશ હુઆ માહારાય હો; સા૦
જીનજી ષૂંન દેઇનેં અસુરપતિ,
સોઇ નીજ થાનક જાય હો. સા૦ ૧૪ જી૦

જીનજી સાંમલીઆજીરી સેવના,
હું ચાહું નિત મેવહો. સા૦
જીનજી આ ભવ પરભવ ભવોભવે,
દેજો પદાંબુજ સેવ હો. સા૦ ૧૫ જી૦
જીનજી શુદ્ધ કરજો થેં કવીયાં,
તુમ કરે દાસરી લાજ હો. સા૦
જીનજી ઓછો વધુ જે મેં ભાસીઓ,
મિચ્છા દુક્કડ તાસ હો. સા૦ ૧૬ જી૦
જીનજી સંવત વસુચંદ્ર સુન્ય સૈલએ,
ફલ્ગુન શુકલ વસંત હો; સા૦
જીનજી જતી ધર્મથી થરા સેહેરમેં,
ગાયો કેસરીયા મહાંતહો. સા૦ ૧૭ જી૦
જીનજી તપગચ્છપતિ **હીરવિજયસુરી**,
**વિવેક શુભવિજે** સીસ હો. સા૦
જીનજી તેહના **ભાવવિજય** ભલા,
**સિદ્ધિવિજય** કવી ઇસ હો. સા૦ ૧૮ જી૦
જીનજી **રૂપવિજય** પંડિત ભલા,
**કૃષ્ણવિજય** સીષ્ય તાસ હો; સા૦
જીનજી **રંગવિજય** કવિ કુલતિલો,
**ભીમવિજય** પદ્મ વાસ હો. સા૦ ૧૯ જી૦
જીનજી તસ પદપંકજ ગુણનિલો,
**હેમવિજય** સુપસાય હો; સા૦
જીનજી તેહતણો બાલક વદે,
અપત્ય લીલાજ્યૂં સમુદાય હો. સા૦ ૨૦ જી૦
જીનજી ભણે ગુણે જે ભવી સાંભલેં,
તસ ઘર સુષ નીવાસ હો; સા૦
જીનજી **હેમવિજય** કવિસેહરો,
સુતેજ

કલશ.

આદિ જીનવર સયલ સુષકર સંથૂણ્યો ધુલેવ ધણી,
ષગદેશ શરજે દૂરીત વર્જે જીન શાસનમેં સુરમણી;
દુસમ કાલેં આપ સંભાલેં સત્તેગ ધારી એષરા,
પ્રગટ મહિમા સબલ નિયમા આસપૂરણ જીનવરા. ૨૩
અસુર નમાયો ડંડ પાયો થાવર જંગમ જગજયો,
જગજસ વદીતો જંગ જીત્યો કેસરીઓ કારેજયો;
સંવત **અઢારે સત્યોતરા** મઝારે ફાગુણ દશમી સુદ વલી,
હેમવિજય કવિ**તેજ** પભણે સયલ મન આસ્યાફલી. ૨૪

ઇતિ ધુલેવ રૂષભદેવજીનો રાસ સંપૂર્ણ ॥ સં. ૧૮૮૬ ના वैशाष सुदि ५ शनिवारे लिं० ॥

[ આ રાસ કાવ્યની દૃષ્ટિએ ઉપયોગી નથી, પરંતુ શ્રી કેશરીઆજી તીર્થસંબંધે કેટલીક વાતો અત્યારે બહાર આવી છે તે પ્રસંગે આ રાસની ઉપયોગિતા જણાશે. તે રાસની નકલ મુનિશ્રી સંપતવિજયના એક શિષ્યે ઘણાં વર્ષો પહેલાં મને મોકલેલી તેનો આ પ્રસંગે ખપ કર્યો છે તેના કર્ત્તા તેજવિજય ૧૯ મી વિક્રમસદીમાં થયા છે અને તેઓ હીરવિજયસૂરિ-તેના વિવેક-શુભવિજય તેમના રૂપવિજય-કૃષ્ણવિજય-રંગવિજય-ભીમવિજય-હેમવિજયના એ પરંપરાએ શિષ્ય છે. તેમણે સં. ૧૮૭૦ માં આ રાસ રચ્યો છે. આની હસ્તલિખિત પ્રત ચા૦ ના ભંડારમાં ૭ પાનાની સં. ૧૯૩૧ની તથા મુનિશ્રી સંપતવિજય પાસે સં. ૧૮૮૪ ની, અને મુંબઈના શેઠ વર્ધમાન રામજી પાસે નવ પાનાની મળી આવે છે આ વાત અમારા જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ જામાં આવશે. **તંત્રી.** ]

# અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી.

ગતાંક પૃ. ૪૮૦ થી ચાલુ

**ઐક્યભાવ.**

૬૫. પોતાનામાં અને પરમાત્મામાં સત્તાએ એકપણું છે છતાં બંનેમાં ભેદ શું કારણથી છે તે સંબંધમાં પોતે કહે છે કે:—

પૂછું પૂર્વવિરાધના, શી કીધી ઇણે જીવ, લાલ
અવિરતિ મોહ ટલે નહી, દીઠે આગમ દીવ, લાલ. ૫.
(૧૯ મા વિહરમાન જિનસ્ત૦ ૨-૮૦૪)

*    *    *    *

માહરી પૂર્વવિરાધના, જોગે પડયો એ ભેદ,
પણ વસ્તુધર્મ વિચારતાં, તુજ મુજ નહી છે ભેદ—૧૫
—સીમંધર વિનતિરૂપ સ્ત૦ ૨-૯૧૨

**જિન પ્રતિમા જિન સરખી-આત્મપૂજા.**

૬૬. જિન પ્રતિમા-પૂજા કરવાથી જિનની પૂજા થાય છે, અને જિનવરની પૂજાથી આત્મપૂજા-નિજપૂજા થાય છે, એમ પોતે કહે છે:—

એમ પૂજા ભકતેં કરો, આતમ હિત કાજ
તજીય વિભાવ નિજ ભાવમાં, રમતા શિવરાજ.
દેવચંદ્ર જિન પૂજના, કરતાં ભવપાર,
જિન પડિમા જિન સારખી, કહી સૂત્ર મઝાર.
(સ્નાત્રપૂજા કળશ. ૨-૮૬૮)

*    *    *    *

જિનવર પૂજારે તે નિજ પૂજનારે, પ્રગટે અન્વય શકિત,
પરમાનંદ વિલાસી અનુભવેરે, દેવચંદ્ર પદ વ્યકિત-
(વાસુપૂજ્ય સ્ત૦ ૨-૬૭૫)

**પૂર્ણાનન્દ પ્રાપ્તિ.**

૬૭. વિભાવ તજી દેવાય ને નિજભાવમાં રમાય તે માટે પહેલાં પુષ્ટાલંબન જિનપ્રતિમા સેવી તે દ્વારા આત્મગુણ-આત્મસંપદની પુષ્ટી કરી અનુભવથી કર્માવરણથી આવૃત્ત થયેલી પરમાત્મતા-પૂર્ણતા, નિરાવરણતા, નિરામયતા, તત્ત્વભોગતા, સ્વરૂપાનંદતા રૂપ પ્રકટ કરવી ઘટે; માટે પ્રભુને વિનતિરૂપ કહે છે:-

'પ્રભુ ધ્યાનરંગ અભેદથી, કરી આત્મભાવ અભેદ,
છેદી વિભાવ અનાદિનો, અનુભવું રસસંવેદ. ૧૬
વિનવું અનુભવ મિત્રને, તું ન કરીશ પરરસ ચાહ,
શુદ્ધાત્મરસરંગી થઇ, કર પૂર્ણશકિત અબાહ. ૧૭

*    *    *    *

નિજ શકિત પ્રભુ ગુણમાં રમે, તે કરે પૂર્ણાનન્દ,
ગુણ ગુણી ભેદ અભેદથી, પીજીએ શમમકરંદ. ૨૦
પ્રભુ સિદ્ધ બુદ્ધ મહોદયી, ધ્યાને થઇ લયલીન,
નિજ દેવચંદ્ર પદ તે લહે, નિત્યાત્મ રસ સુખ પીન. ૨૧
—સીમંધર વિનતિ સ્ત૦ ૨-૯૧૨.

૬૮. આ વિનતિરૂપ સ્તવનમાં કવિ પોતાના મનોરથ બતાવે છે તેમાં પોતાના આત્મામાં અપૂર્વ શ્રદ્ધા ઉલ્લસે છે. કવિ પોતાનો દીનભાવ સર્વાનુભૂતિ જિન સ્તવનમાં ( ૨-૮૧૮ ) 'જગતારક પ્રભુ વીનવું, વિનતડી અવધારરે, તુજ દરશન વિણુ હું ભમ્યો, કાલ અનંત અપારરે' એમ કહી બતાવે છે ને છેવટે પોતાનું પ્રબલ આત્મશ્રદ્ધા બતાવી આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી પૂર્ણાનન્દના વિલાસનો મનોરથ અંતે બતાવવાનું ચૂકતા નથી.

**અધ્યાત્મરસિકતા.**

૬૯. તેમનું ચિત્ત અધ્યાત્મ વિષયમાં પોતાની યૌવનાવસ્થાથીજ હતું એ પ્રતીત થાય છે. સં. ૧૭૬૭ માં પોતાની ૨૧ વર્ષની વયે વ્રજ ભાષામાં રચેલ દ્રવ્યપ્રકાશમાંજ પોતે લખે છે કે:—

'અધ્યાતમ શૈલી સરસ, જે માનત સો જૈન,
તે વાચેંગે ગ્રંથ યહ, જ્ઞાનામૃત રસ લીન.
ગુન લચ્છન પહિચાનિકેં, હેય વસ્તુ કરિ હેય,
ચિદાનંદ ચિન્મય અગમ, શુદ્ધ બ્રહ્મ આદેય.
પરમાત્મ ( ? પરમાર્થ ) નય શુદ્ધ ધરિ, શિવ મારગ એહીજ,
યહેં મોહમેં નવ ભમેં, યહૈ ગ્રંથકો બીજ. (૨-૫૪૪)

—પારમાર્થિક-નિશ્ચય નય ઉપાદેય કરી શુદ્ધ બ્રહ્મ-પરમાત્માનાં ગુણુ લક્ષણુ જાણી જ્ઞાનામૃતરસલીન થઈ અધ્યાત્મશૈલિ માન્ય રાખે તેજ ખરો જૈન. તેથીજ મોહભ્રમણુ ન કરતાં શિવમાર્ગની પ્રાપ્તિ થશે.

૭૦. આ રચના પહેલાં એક વર્ષે-૨૦ વર્ષની વયે એટલે ૧૭૬૬ માં પોતે શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવનો ભાષાનુવાદ ધ્યાનદીપિકા ચતુષ્પદી એ નામથી કરી નાંખ્યો હતો. અધ્યાત્મ પરની રસિકતા તો તેમણે રચેલ અધ્યાત્મગીતા પરથીજ જણાય છે:—તેમાં

પોતે ધર્મ-ભાવઅધ્યાત્મ શેને માને છે તે પર કહે છે કેઃ—

> ૨૩ આત્મગુણ રક્ષણા તેહ ધર્મ,
> સ્વગુણવિધ્વંસણા તે અધર્મ;
> ભાવ અધ્યાતમ અનુગત પ્રવૃત્તિ,
> તેહથી હોય સંસારછિત્તિ. ૧૭

—આત્મગુણ-જ્ઞાનાદિને શુદ્ધ ઉપયોગમાં રાખવા તેજ ધર્મ-આત્મિક ધર્મ છે, નિજ આત્માના જ્ઞાનાદિ ગુણોનો અશુદ્ધ ઉપયોગે-પરભાવના અનુસરવાથી નાશ થાય-તે આવરિત થાય તે અધર્મ છે. નામ સ્થાપના અને દ્રવ્યથી અધ્યાત્મ છે; પણ ખરૂં-નિશ્ચય નયથી પારમાર્થિક નયે ભાવ-અધ્યાત્મ એ છે કે જ્ઞાનાદિક શુદ્ધ ઉપયોગ અનુસાર પ્રવૃત્તિ; અને તેથીજ સંસારિક છેદ-નાશ થાય અને સિદ્ધિ પ્રાપ્ત થાય.

૭૧ જૈનધર્મમાં અધ્યાત્મમાર્ગ ભર્યો છે એમ જણાવી પોકારી કહે છે કેઃ—

> ૨૪ 'અહો ભવ્ય તુમ્હે ઓળખો જૈન ધર્મ,
> જિણે પામીયેં શુદ્ધ અધ્યાત્મમર્મ,
> અલ્પકાળે ટળે દુષ્ટ કર્મ
> પામીયેં સોય આનંદ શર્મ—૪૫

—અહો ભવ્ય જીવો-અહો દેવાનુપ્રિય! તમે જૈનધર્મ—જિને ભાખેલો ધર્મ—નિશ્ચય આત્મિક ધર્મ -જ્ઞાનાદિક શુદ્ધ ઉપયોગ લક્ષણરૂપ ધર્મ, અંતરંગ સત્તાગતે રહ્યો છે—તેને ઓળખો-તેની ઓળખાણ કરો; જેહથી-વસ્તુસ્વભાવ ઓળખ્યાથી શુદ્ધ અધ્યાત્મનું મર્મ-રહસ્ય પ્રાપ્ત થાય એટલે આત્મસ્વરૂપ પ્રકટ થાય—વિશેષમાં અલ્પ કાળમાં દુષ્ટ-દુઃખદાયી જ્ઞાનાવરણીય આઠ કર્મનો નાશ થઇ નિત્યાનંદ, પરમ સુખ પ્રાપ્ત થાય.

૭૨. આ પામવા આત્મજ્ઞાની મુનિરાજનું અવશ્ય અવલંબન ઘટે, તેવા મુનિનું વર્ણન કરે છેઃ—

> ૨૫ નય નિક્ષેપ પ્રમાણે જાણે જીવાજીવ,
> સ્વપર વિવેચન કરતાં થાયે લાભ સદીવ,
> નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ,
> ભવસાયરના તારણ નિર્ભય તેહ જિહાજ, ૪૬
> વસ્તુ તત્ત્વે રમ્યા તે નિર્ગંથ,
> તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ,
> તિણે ગીતાર્થ ચરણે રહીજે,
> શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે.

—સાત નય (સાપેક્ષ તત્ત્વજ્ઞાન), ચાર નિક્ષેપ, પ્રમાણ (પ્રત્યક્ષપરોક્ષ) આદિ અનુસાર જે જીવ અજીવ-નવતત્ત્વાદિનું સ્વરૂપ જાણે, સ્વ-આત્મગુણ અને પર એટલે પુદ્ગલના ધર્મની વહેંચણ કરતાં હંમેશ સ્વરૂપલાભ થાય. નિશ્ચય નયથી આત્મસ્વરૂપમાં દૃષ્ટિ રાખી ઓળખીને વ્યવહારશુદ્ધ વિચરે-શુદ્ધ ક્રિયા—આચરણાએ પ્રવર્ત્તે એવા મુનિરાજ નિશ્ચય-વ્યવહારનો ઉપદેશ દે-નિશ્ચયધર્મ નિર્જરા હેતુ

---

૨૩ સરખાવો ભગવદ્ગીતાના વાક્ય 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।

૨૪ યશોવિજયજી કહે છે કેઃ—

> અધ્યાત્મ વિણ જે ક્રિયા, તે તનુમલ તોલે
> મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે.
> ૧૨૫ ગાથાનું સીમંધર સ્ત૦

૨૫ સરખાવો યશોવિજયજીકૃત

> જેહ અહંકાર મમકારનું બંધનં,
> શુદ્ધ નય તે દહે દહન જિમ ઇંધનં,
> શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ ભણી,
> શુદ્ધ નય આથ છે સાધુને આપણી—૧૦
> સકલ ગણિ પિટકનું સાર જેણે લહ્યું,
> તેહને પણ પરમ સાર એહજ કહ્યું,
> ઓઘનિર્યુક્તિમાં એહવિણ નવિ મિટે,
> દુઃખ સવિ વચન એ પ્રથમ અંગે ઘટે—૧૧
> શુદ્ધ નય ધ્યાય તેહને સદા પરિણમે,
> જેહને શુદ્ધ વ્યવહાર હીયડે રમે,
> મલિન વસ્ત્રે યથા રાગ કુંકુમ તણો,
> હીન વ્યવહાર ચિત્ત એહથી નવિ ગુણો—૧૨
> —૩૦૦ ગાથા સીમંધર સ્ત૦ ઢાલ. ૧૬

> નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પામે જે વ્યવહાર,
> પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.
> સોભાગી જિન! ૫૫
> —૧૨૫ ગાથા સીમંધર સ્ત૦ ઢાલ ૫.

છે, બાહ્ય વ્યવહારધર્મ પુણ્યબંધનો હેતુ છે-એવો ઉપદેશ દઇને ભવસમુદ્રથી તારવાને જહાજ-વહાણ સમાન જાણવા. નિર્ભયપણે—ભયરહિત જેમ વહાણનું આલંબન કરી સમુદ્રને તરીએ તેમ આત્મજ્ઞાની મુનિરાજને અવલંબી ભવ્ય પ્રાણી સંસારનો પાર પામે.

—વસ્તુધર્મ-આત્મધર્મમાં રમણ જેણે કર્યું હોય તે નિર્ગ્રંથ—ગ્રંથિ વગરના શુદ્ધ સાધુ. તત્ત્વ-આત્મતત્ત્વનો અભ્યાસ જ્યાં હોય, જ્યાં સદાકાળ તેનોજ ઉપયોગ વર્ત્યા કરે તે સાધુપંથ-સાધુનો માર્ગ કહીએ. માટે આત્મસ્વરૂપના જાણ એવા ગીતાર્થ મુનિના ચરણકમલ સેવીએ કે જેથી શુદ્ધ-નિર્મળ યથાર્થ નિઃસંદેહ એવા સિદ્ધાંત-આગમ-જિનવાણીનો જ્ઞાનરસ ચાખીએ.

૭૩. યોગવિજ્ઞાનીઓએ યોગના ચારિત્રની ભિન્નતાનાં કારણ રૂપે પાંચ વિભાગ કર્યા છે. ૧ અધ્યાત્મ ૨ ભાવના ૩ ધ્યાન ૪ સમતા અને ૫ વૃત્તિસંક્ષય. તેમાં અધ્યાત્મની વ્યાખ્યા એવી કરવામાં આવી છે કે વૃત્તિયુક્ત પ્રાણી એટલે સમ્યગ્બોધપૂર્વક અણુવ્રત અથવા મહાવ્રતરૂપ યમોને ધારણ કરનાર પ્રાણી ઔચિત્યપૂર્વક-ઉચિત પ્રવૃત્તિ જાણવી પોતાના આગળ વધેલા રૂપને અનુરૂપ મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત એટલે મૈત્રી, પ્રમોદ, મુદિતા અને કરૂણા એ ચાર ભાવનાથી સંયુક્ત થઇ, શિષ્ટવચનાનુસાર-મહર્ષિઓએ બતાવેલા આગમાનુસાર તત્ત્વચિંતન કરવું તે અધ્યાત્મ. દેવચંદ્રજીની દરેક કૃતિમાં પોતાનું તત્ત્વચિંતન જળહળે છે. જ્યાં જુઓ ત્યાં એજ દેખાય છે ને તેથી તેમની કવિતા સામાન્ય લોકને ક્લિષ્ટ-ન સમજાય તેવી લાગે તે સ્વાભાવિક છે. તેમાં આવતા શબ્દો અર્થગંભીર વા પાંડિત્યમય હોય અને તે શબ્દોના સમન્વય રૂપેનાં વાક્યો તે શબ્દોથી પણ વિશેષ પાંડિત્યમય અને અર્થગંભીર બને, ને પછી તે એકદમ સહેલાઇથી કવિનાં વાક્યો સમજી ન શકાય અને તેને માટે બાલબોધની જરૂર રહેજ. આ કારણેજ દેવચંદ્રજીને 'અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી' એમ આ નિબંધના મથાળે ઓળખાવ્યા છે. યશોવિજયજીનો દ્રવ્યગુણપર્યાયરાસ પણ તેના વિષયને અંગે કઠિન અને એકદમ સમજી ન શકાય તેવો સ્વાભાવિક રીતેજ થાય તેમ થયો છે.

૭૪. ભાષા હમેશાં વિષયને અનુરૂપજ હોવી ઘટે; વિષયની ગંભીરતા અને વિષમતાને લઈને તે વિષય શબ્દોદ્વારા બને તેટલી સરલ રીતે સમજાવવાનું કાર્ય કવિના-મસ્ત કવિના માથે કોઇ લાવીને બળાત્કારે મૂકતું નથી, પણ તેનું હૃદયજ ઉછળીને તે વિષયને અનુરૂપ શબ્દોનો આવિર્ભાવ કરે છે અને તેને પછી સ્તવનાદિ કાવ્યનું મૂર્ત્ત સ્વરૂપ મળે છે. દેવચંદ્રજીનાં ચોવીશી અને વીશી-એ સ્તવનો લ્યો; તેમાં આવેલા શબ્દોજ એવા છે કે તે તેમના અંતરંગની સ્થિતિ બતાવી આપે છે. તે દરેકમાં પરમ શ્રુતાભ્યાસ, દીર્ઘચિંતન, આત્મયોગ સ્થળે સ્થળે દેખાઇ આવે છે. અન્ય સ્વાધ્યાયો-સઝાયોમાં પણ તેવુંજ જણાશે.

**વસંત-હોરી** ( અધ્યાત્મ. )

૭૫ હોરી બે બનાવી છે ( ૨-૮૧૫ અને ૨-૮૨૩ ) તેમાં પણ આખું વસંતનું વર્ણન અધ્યાત્મપર લઇ જવામાં આવ્યું છે. પહેલી હોરી ટૂંકી છે.

'આત્મપ્રદેશ રંગસ્થલ અનુપમ, સમ્યગ્દર્શન રંગ રે
નિજ સુખકે સધૈયા-
તુતો નિજગુણ ખેલ વસંતરે, નિજ સુખકે સધૈયા.
પરપરિણુતિ ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગરે,-નિં૦
વાસ બરાસ સુરુચિ કેશર ઘન, છાંટો પરમ પ્રમોદરે,
આતમરમણ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદરે-નિં૦
ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગરે,
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજિંત્ર સનમુખ યોગરે-નિં૦
શુકલધ્યાન હોરીકી જ્વાલા, જાલે કર્મ કઠોર રે,
શેષ પ્રકૃતિ દલ ખિરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિજોરરે-નિં૦
દેવ મહાજસ ગુણ અવલંબન, નિર્ભય પરિણતિ વ્યક્તિરે,
જ્ઞાને ધ્યાને અતિ બહુમાને, સાધે મુનિ નિજ શક્તિરે-નિં૦
સકલ અજોગ અલેશ અસંગત, નહિ હોવે સિદ્ધ રે (?)
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ ચુંહિ પ્રસિદ્ધ રે-નિં૦

૭૬—બીજી હોરીમાં વસંત હોરીમાં વપરાતાં સર્વ સાધનોનો વિસ્તાર અધ્યાત્મદૃષ્ટિએ કરવામાં આવ્યો છે.

'જિન સેવનથેં પાઈએ હો, શુદ્ધાતમ મકરંદઃ—
તત્ત્વપ્રતીતિ 'વસંતઋતુ' પ્રગટી, ગઈ શિશિર કુપ્રતીત,

દુરમતિ રજની લઘુ ભઇ હો, સદ્બોધ દિવસ વદીત-જિ૦
સાધ્યરૂચિ સુસખા મિલી હો, નિજગુણ ચર્ચા 'ખેલ,'
બાધક ભાવકી નિંદના હો, બુધ મુખ 'ગારિકે' મેલ-જિ૦
પ્રભુગુણગાન સુછંદસું હો, વાજિત્ર અતિશય તાન,
શુદ્ધતત્વ બહુ માનતા, ખેલત પ્રભુ ગુણધ્યાન-જિ૦
ગુણ બહુમાન 'ગુલાલસોં' હો, લાલ ભયે ભવિ જીવ,
રાગ પ્રશસ્તકી 'ધમમે'' હો, વિભાવ વિડારે અતીવ-જિ૦
જિનગુણ ખેલમેં ખેલતે હો, પ્રગટ્યો નિજગુણ ખેલ,
આતમ ઘર આતમ રમે હો, સમતા સુમતિકે મેલ-જિ૦
તત્ત્વ પ્રતીતિ 'પ્યાલે' ભરે હો, જિનવાણી 'રસપાન',
નિર્મલ ભક્તિ 'લાલી' જગી હો,રીઝે એકત્ત્વતા 'તાન'-જિ૦
ભવવૈરાગ 'અબિરશું' હો, ચરણરમણ સુમહંત,
સમિતિ ગુપતિ 'વનિતા' રમે હો, ખેલે હો 'શુદ્ધવસંત'-જિ૦
'ચાચર' ગુણ રસીયા લિયે હો, નિજ સાધક પરિણામ,
કર્મપ્રકૃતિ અરતિ ગઈ હો, ઉલસીત આપ્રત ઉદ્દામ-જિ૦
સ્થિર ઉપયોગ સાધન મુખે હો, 'પિચકારીકી ધાર',
ઉપશમ 'રસ' ભરી 'છાંટતાં' હો, ગઇ તતાઇ અપાર-જિ૦
ગુણ પર્યાય વિચારતાં હો, શક્તિ વ્યક્તિ અનુભૂતિ,
દ્રવ્યાસ્તિક અવલંબતાં હો, ધ્યાન એકત્વ પ્રસૂતિ-જિ૦
રાગ પ્રશસ્ત 'પ્રભાવના' હો, નિમિત્ત કરણ ઉપભેદ,
નિર્વિકલ્પ સુસમાધિમેં હો, ભયે હે ત્રિગુણ અભેદ-જિ૦
ઇમ શ્રીદત્ત પ્રભુ ગુણે હો, 'ફાગ' રમે મતિમંત,
પરપરિણતિ 'રજ' ધોયકે હો, નિરમલ સિદ્ધિ 'વસંત'-જિ૦
કારણથેં કારજ સધે હો, એહ અનાદિકી ચાલ,
દેવચંદ્ર પદ પાઈયેં હો, કરત નિજ ભાવ સંભાલ-જિ૦

૭૭—"આગમોમાં વર્ણવેલી સાધુચર્યા જોતાં પાંચ યમ-વ્રત, તપ, સ્વાધ્યાય આદિ નિયમ, ઇન્દ્રિ-વજય રૂપ પ્રત્યાહાર ઇત્યાદિ જે ખાસ યોગનાં અંગો છે તેઓનેજ સાધુજીવનના મુખ્ય પ્રાણ માનવામાં આવે છે. જૈનશાસ્ત્રમાં યોગ ઉપર ત્યાં સુધી ભાર મૂકવામાં આવ્યો છે કે, પ્રથમ તો જૈનશાસ્ત્ર મુમુક્ષુઓને આત્મચિન્તન સિવાય અન્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરવાની સંમતિજ નથી આપતું, અને ન છૂટકે પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા હોય તો તે નિવૃત્તિમય પ્રવૃત્તિ કરવાનું કહે છે. એજ નિવૃત્તિમય પ્રવૃત્તિનું બીજું નામ જૈનશાસ્ત્રમાં 'અષ્ટપ્રવચન માતા' એવું છે. સાધુજીવનની દૈનિક તેમજ રાત્રિક ચર્યામાં તૃતીય પ્રહર સિવાય બાકીના ત્રણે પ્રહરોમાં મુખ્યપણે સ્વાધ્યાય અને ધ્યાન કરવાનુંજ વિધાન છે" (પંડિત સુખલાલજી. 'યોગદર્શન').

૭૮. દેવચંદ્રજીએ અષ્ટ પ્રવચન માતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ) પર ખાસ સ્વાધ્યાય સુંદર અને ઉચ્ચ વિચારમય રચી છે. તેની અંતે પોતે વદે કેઃ—

પરિણતિ દોષ ભણી જે નિંદતા, કહેતા પરિણતિ ધર્મ,
યોગગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ-સુગુણ૦
અલ્પક્રિયા પણ ઉપકારીપણે, જ્ઞાની સાધે હો સિદ્ધ,
દેવચંદ્ર સુવિહિત મુનિ-વૃંદને, પ્રણમ્યા સયલ સમૃદ્ધિ-સુ૦
તે તરિયારે ભાઇ તે તરિયા, જે જિન શાસન અનુસરિયાજી,
જેહ કરે સુવિહિત મુનિ કિરિયા, જ્ઞાનામૃત રસ દરિયાજી-તે.
વિષય કષાય સહુ પરિહરિયા, ઉત્તમ સમતા વરિયાજી,
શીલ સંનાહ થકી પાખરિયા, ભવસમુદ્ર જલ તરિયાજી-તે.
સમિતિ ગુપતિશું જે પરવરિયા, આત્માનંદે ભરિયાજી,
આસ્રવદ્વાર સકલ આવરિયા, વર સંવર સંવરિયાજી-તે૦

૭૯ દેવચંદ્રજીએ યોગગ્રંથો વાંચ્યા વિચાર્યા હતા. "આગમોમાં યોગ માટે ધ્યાન શબ્દ પ્રાયઃ વપરાયેલો છે, પછી ખાસ યોગનો વિષય દાખલ કરનાર શ્રીમદ્ હરિભદ્રસૂરિ છે. 'તેમણે પાતંજલ યોગ સૂત્રમાં વર્ણવેલી યોગ પ્રક્રિયા તથા તેની ખાસ પરિભાષાઓ સાથે જૈન સંકેતનું મિલન પણ કરેલ છે અને યોગદૃષ્ટિ સમુચ્ચય (કે જેનું ભાષાંતર આઠ દૃષ્ટિની સઝાય તરીકે યશોવિજયજીએ કરેલ છે) માં વર્ણવેલી આઠ યોગદૃષ્ટિઓ તો ઉપલબ્ધ સમસ્ત યોગસાહિત્યમાં નવીન દિશા છે! પછી હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર આવે છે; ને તેમાં પાતંજલના યોગાંગો સહિત તેમજ શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવના પદસ્થાદિ ધ્યાનનું વર્ણન છે. પછી નજર ઠરે તેવા યોગગ્રંથો રચનાર શ્રી યશોવિજયજી છે. વાંચો અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, અને ૩૨ બત્રીશીઓ તેમજ જ્ઞાનસાર, શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય-યોગવિંશિકા અને ષોડશક-પર ટીકા, ને મહર્ષિ પાતંજલ યોગસૂત્રોપર લઘુ વૃત્તિ. આ સર્વ જૈન પ્રક્રિયા અનુસાર છે. ઉપાધ્યાયજીનું શાસ્ત્રજ્ઞાન તર્કકૌશલ અને યોગાનુભવ ઘણાં ગંભીર હતાં. તેમણે પોતાની વિવેચનામાં જે મધ્યસ્થતા, ગુણગ્રાહકતા, સૂક્ષ્મ સમન્વયશક્તિ અને સ્પષ્ટભાષિતા બતાવેલી છે તેવી અન્ય આચાર્યોની કૃતિમાં ઓછી નજરે પડે છે." (પંડિત સુખલાલજી.) દેવચંદ્રજીએ આ ગ્રંથો વિચાર્યા જણાય

છે; ને જૈનશાસ્ત્ર ધ્યાનપર વધુ ભાર મૂકે છે તેથી ધ્યાનપર પોતે પણ વધુ ધ્યાન આપ્યું હતું

**ધ્યાનપર પ્રીતિ.**

૮૦. ધ્યાન એ રાજયોગનું અંગ છે. ધર્મધ્યાન અને શુકલ ધ્યાન એ જૈનયોગમાં રાજયોગ છે. અધ્યાત્મ ને ધ્યાનને અરસપરસ નિકટ સંબંધ છે. અધ્યાત્મયોગમાં તત્ત્વચિંતન છે, ધ્યાનમાં પણ તત્ત્વચિંતન છે. લક્ષ્યને ઉદ્દેશીને પ્રશસ્ત અર્થબોધ થાય અને સૂક્ષ્મબોધથી સહિત હોય તેને ધ્યાનયોગ કહે છે. તેમાં એકાગ્રતા આવતાં ઘણો ઉંડો બોધ થઇ જાય છે. ચિત્તના ખેદ ઉદ્વેગાદિ આઠ દોષોનો અનુક્રમે નાશ થાય છે. અને સમતાયોગ પ્રાપ્ત થાય છે. વ્યાવહારિક દૃષ્ટિથી અમુક વસ્તુઓ ઇષ્ટ અને અમુક અનિષ્ટ છે તેવી કલ્પનાપર વિવેકપૂર્વક તત્ત્વનિર્ણય બુદ્ધિથી રાગદ્વેષનો ત્યાગ તે સમતાયોગ છે.

૮૧. દેવચંદ્રજી વિચારરત્નસારમાં (૧-૮૮૩) 'આત્મસમ અવસ્થાન ઉપયોગરૂપ ધ્યાનદશા કેવી રીતે પમાય?' એ પ્રશ્ન ઉપસ્થિત કરી ઉત્તર આપે છેઃ—

'મોહવશ' જીવ પરભાવ અનુયાયિ પ્રવૃત્તિ કરે છે. મિથ્યા સુખની તૃષ્ણાએ ભૂલ્યો થકો સંસારભ્રમણ કરે છે; જ્યારે મોહસ્થિતિ ઘટે ત્યારે પરપ્રવૃત્તિ છુટે, અને જ્યારે પરપ્રવૃત્તિ ટળે ત્યારે વિષય થકી વિરક્ત બુદ્ધિ થાય, અને તેણે કરી મનોરોધ થાય, કેમકે કારણ વિના કાર્ય બનતું નથી, મનને ભમવાનું કોઈ કારણ કે ઠામ ન હોવાથી તે સંકલ્પ વિકલ્પ ક્યાના કરે? જેમ તૃણ વિનાની ભૂમિમાં પડેલો અગ્નિ કેને બાળે?-અર્થાત્ પોતાની મેળે ઉપશમી જાય છે તેમ વિષયવાંછા ટળવાથી મન પોતાની મેળેજ રૂંધાય અને મન રૂંધાયાથી મનની ચંચળતા મટે, તે વારે મન એકાગ્ર થઈને આત્માને વિષે પ્રવર્ત્તે......એ સૂત્રે પણ ચારિત્રને આત્મપરિણામજ કહીએ છીએ, પણ બાહ્ય ક્રિયારૂપ નથી કહ્યું......ત્યારે શુદ્ધાત્મોપયોગ અવસ્થાનરૂપ નિર્મળ ધ્યાનદશાની પરમ શીતળ શાંત સુગંધિની અનુભવ લહેરીઓનું આત્મા આસ્વાદન કરે, તે સુખ આપણે પૌદ્ગલિક સુખના ભીખારીઓ શું જાણીએ?

૮૨. દેવચંદ્રજીને ધ્યાન ઉપર અતિ પ્રેમ હતો. તે પરના ગ્રંથો વાંચ્યા વિચાર્યા હતા. શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવ વગેરે પરથી 'ધ્યાનદીપિકા ચતુષ્પદી' પોતે છ ખંડમાં બનાવી છે તેનો હેતુ આ રીતે જણાવ્યો છે કેઃ—

'વૃથા જાણી ભ્રમ તજી, જાગો મોક્ષ નિમિત્ત
ગ્રહે રાજ્ય સમભાવનો, સંભાલી નીજ તત્ત.
વલી કોણ ઉપાય કરિ, જન્મ જાત દુઃખ જાય,
તૃષ્ણા વિષય તણી પ્રબલ, પ્રશમે કોણ ઉપાય
પૂજ્ય તેહ ગમાવિવા, કારણ કહીયો ગ્રંથ,
કરિ ઉદ્યમ અપનો કહૂં, બંધ મોક્ષનો પંથ.
ઊંચી ધ્વનિ કરિ ભવિકને, ગુરૂ દ્યે એ ઉપદેશ.
જિણ આવે નિજ શુદ્ધતા, રહે ન દુર્ગતિ લેશ. (૧-૪૫૫)

૮૩. આ આખો ગ્રંથ વાંચી મનન કરવા યોગ્ય છે. ધ્યાન સંબંધી આગમસારમાં પણ ટુંકામાં તેના પ્રકાર વિગેરે બતાવ્યા છે. (૧ લો ભાગ પૃ. ૪૮ થી ૫૪). ભાવના સંબંધી પણ ત્યાંજ કહેવામાં આવ્યું છે. તેમજ 'મુનિ પંચભાવના' ઉત્તમ પ્રકારે વર્ણવી છે (બીજો ભાગ પૃ. ૯૫૧ થી ૯૯૨) આ સર્વ ઉપરથી દેવચંદ્રજી પ્રબલ અધ્યાત્મરસિક હતા એ નિર્વિવાદ છે. તેમના સંબંધમાં તેમજ તેમના ગ્રંથો સંબંધી ઘણું ઘણું લખી-કહી શકાય તેમ છે અને થોડું થોડું લખતાં કહેતાં પણ ઘણો વિસ્તાર થઈ ગયો છે તો બીજું કોઈ બીજા સમયે અને સ્થળે કહેવા લખવાનું રાખી વિસ્તારભયથી આટલું જણાવીને અત્યારે સંતોષ પકડયો છે.

૮૪. દેવચંદ્રજી ઘણે પ્રસંગે શુષ્ક કવિ લાગે છે. આનંદઘનજી શાંત સાથે રસિક કવિ છે. દેવચંદ્રજીનું બહુશ્રુતપણું છે અને જ્ઞાની કવિ તરીકે શાસ્ત્રના કઠિન સિદ્ધાંતો સરળ ભાષામાં લાવવા દેવચંદ્રજીએ પ્રયત્ન કર્યો છે પણ તેમાં સંપૂર્ણ સફળતા મળી નથી એમ મારો નમ્ર મત છે. અખો એમ માનતો હતો કે 'જ્ઞાનીની કવિતા ન ગણીશ' તેવું દેવચંદ્રજી સંબંધે કહી શકાય. દેવચંદ્રજીએ ભક્તિ કયાંક કયાંક ગાઈ છે પણ સમુચ્ચયે તેનામાં વિચાર અને બુદ્ધિવાદનું પાધાન્ય છે. આ નિબંધનું મથાળું બાંધવામાં દેવચંદ્રજીને પંડિત કહેલા છે તે ખાસ હેતુપૂર્વક જ છે કારણ કે તેના શબ્દો પંડિતાઇનો વિશેષ પ્રમાણમાં ઝળકાટ મારે છે. તે શબ્દોમાં, જોઇએ તેવું સુંદર-રસિક કવિને શોભાવે તેવું પદલાલિત્ય સર્વત્ર નથી—

આનંદઘનજી ને યશોવિજયાદિમાં જોવામાં આવે છે તેવું નથી. જૈનેતર કવિઓ પૈકી અખો, પ્રીતમ, ધીરો, ભોજો આદિ સાથે દેવચંદ્રજીને સરખાવી શકાય પણ તે કરવાનો પ્રયાસ વિસ્તારભયથી અત્ર સેવ્યો નથી. "અખાની વાણીમાં સરળતા અતિશય છે-કઠિન સિદ્ધાન્તોનું સૂક્ષ્મ પ્રતિપાદન છે; પણ પ્રીતમની વાણી પાસે અખાની વાણી શુષ્ક લાગે છે. પ્રીતમની પંક્તિઓમાં મળતી મધુરતા-નથી અખામાં, નથી ધીરામાં, નથી નિષ્કુળાનંદમાં. પદલાલિત્ય જેટલું પ્રીતમમાં તથા ધીરામાં છે તેટલું અખામાં નથી. પ્રીતમ શાંત તથા શૃંગાર રસમાં સરખી શક્તિ પ્રકટ કરવા જાય છે, પણ શૃંગારની છાયા તેના શાંત રસમાં પણ પ્રવેશે છે. પ્રીતમમાં જ્ઞાન અને ભક્તિનું સમાન બળ છે, અખામાં વિચાર પ્રાધાન્ય છે. ભોજામાં મર્મ વાણી જબરી છે અને ઘણે પ્રસંગે કઠોર છે. ભોજો એક સાદો નિષ્કપટી પરમેશ્વરનો ભક્ત છે. અખો એક વિચારશીલ અને ચતુર કવિ છે. નરસિંહ અને પ્રીતમ પરમેશ્વરના અનુગ્રહને ઇચ્છે છે. અખો સ્વાશ્રયી છે. અખામાં જ્ઞાનની કંઇક ખુમારી છે." (શા. ન. દે. મહેતા)—જુઓ અખાની વાણીની પ્રસ્તાવના)

આમાં જણાવેલા દૃષ્ટિબિંદુથી દેવચંદ્રજીની તે જૈનેતર કવિઓ સાથે તેમજ જૈન કવિઓ સાથે સરખામણી કરી શકાય. નરસિંહ અખો દેવચંદ્રજીના પુરોગામી છે ને પ્રીતમ આદિ તેના પછી થયેલા છે.

૮૫ તેમના હૃદયનો આશય નયચક્રસારને અંતે જે રીતે જણાવ્યો છે તેજ આશય દરેક ભવિક પોતાના હૃદયમાં આલેખી રાખે ને તે પ્રમાણે વર્તન રાખે તો કલ્યાણમાર્ગ સમજાય ને મળે:—

'સૂક્ષ્મબોધ વિણુ ભવિકને, ન હોયે તત્ત્વ પ્રતીતિ,
તત્ત્વાલંબન જ્ઞાન વિણુ, ન ટલે ભવભ્રમભીતિ. ૧
તત્ત્વ તે આત્મ સ્વરૂપ છે, શુદ્ધધર્મ પણ તેહ,
પરભાવાનુંગ ચેતના, કર્મગેહ છે એહ. ૨
તજી પરપરિણતિ રમણતા, ભજ નિજ ભાવ વિશુદ્ધ,
આત્મભાવથી એકતા, પરમાનંદ પ્રસિધ્ધ. ૩
સ્યાદ્વાદ ગુણુ પરિણમન, રમતા સમતા સંગ,
સાધે શુધ્ધાનંદતા, નિર્વિકલ્પ રસ રંગ ૪
મોક્ષ સાધનતણું મૂલ તે, સમ્યગ્દર્શન-જ્ઞાન,
વસ્તુધર્મ અવબોધ વિણુ, તુસખંડન સમાન. ૫
આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાલકચાલ,
તત્ત્વાર્થની વૃત્તિમેં, લેજો વચન સંભાલ. ૬
રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફલ કહી સદીવ,
લોકવિજય—અધ્યયનમેં, ધરો ઉત્તમ જીવ. ૭
ઇંદ્રિય વિષય આસંસના, કરતા જે મુનિલિંગ,
ખૂતા તે ભવપંકમેં, ભાખે આચારાંગ. ૮
ઇમ જાણી નાણી ગુણી, ન કરે પુદ્ગલ આસ,
શુધ્ધાત્મ ગુણમેં રમે, તે પામે સિધ્ધિ વિલાસ. ૯
સત્યાર્થ નયજ્ઞાન વિણુ, ન હોયે સમ્યગ્જ્ઞાન,
સત્યજ્ઞાન વિણુ દેશના, ન કહે શ્રી જિનભાણુ. ૧૦
વક્તા શ્રોતા યોગથી, શ્રુત-અનુભવ-રસ પીન,
ધ્યાન ધ્યેયની એકતા, કરતા શિવસુખ લીન. ૧૧
૧-૧૮૭.

આ પછી તેઓશ્રી કહે છે કે:—

ઇમ જાણી શાસનરૂચિ, કરજો શ્રુત-અભ્યાસ,
પામી ચારિત્રસંપદા, લહેશો લીલવિલાસ......
૧-૧૮૮.

૮૬. છેવટે આગમસારમાં (૧-૫૬) જે ગાથા શ્રીમદ્ દેવચંદ્રજીએ આપેલી છે તે ગાથા દરેક સુજ્ઞ વાંચકને ભળાવી મારૂં વક્તવ્ય વિશેષ ન વિસ્તારતાં હાલ હું શાન્ત થાઉં છું:—

जं सक्कं तं किरइ, अहवा न सक्केइ तहय सद्दहइ ।
सद्दहमाणो जीवो, पावइ अयरामरं ठाणं ॥


—જે બની શકે તે કરજે, અથવા જો ન બની શકે તો તથાપ્રકારે સદ્દહજે-શ્રદ્ધા રાખજે. સદ્દહણા-શ્રદ્ધા રાખનાર જીવ અજરામર સ્થાન પામે છે.

વીરાત્ ૨૪૫૧ આશ્વિન શુક્લ અષ્ટમી. તવાવાલા બીલ્ડિંગ ત્રીજેમાળે લોહાર ચાલ. મુંબઇ.

સંતચરણોપાસક.
**મોહનલાલ દલીચંદ દેશાઈ.**
બી. એ એલ્ એલ્. બી.

# "ક્રુકસાઇટ ગ્લાસ"

ગરમીના કીરણોને આંખમાં જતાં
અટકાવે છે અને એટલેજ તે
ઉત્તમ છે.





**Can not pass through the glass.**

તમારો ચશ્મો આજેજ ક્રુકસાઇટ કાચનો બનાવો અને તમારી આંખો જેના ઉપર
જીંદગીનો અને મોજશોખનો આધાર છે તેનું રક્ષણ કરો.

## મનસુખલાલ જેઠાલાલની કું.

( જૈન-ચશ્માવાલા )



આંખો તપાસી ઉત્તમ ચશ્મા બનાવનારા.
કાલબાદેવી રસ્તા, સુરજમલ લલુભાઈ ઝવેરીની સામે,
મુંબઈ.


---

અમારા અમદાવાદના એજન્ટ :–

રા. જગશીભાઇ મોરાર

ઠે. અંબાલાલ હીરાલાલ પટેલના ઘર પાસે,
માદલપુરા–અમદાવાદ.

આ માસિક અમદાવાદમાં તેમના મારફતે ગ્રાહકોને પહોંચાડવા ગોઠવણ કરવામાં આવી છે. અમદાવાદના અમારા ગ્રાહકોને તેમજ અન્ય બંધુઓને જણાવવાનું કે નીચેના પુસ્તકો પણ તેમની પાસેથી વેચાતા મલી શકશે.

"જૈન ગુર્જર કવિઓ" (પ્ર. ભાગ), "જૈન શ્વેતામ્બર મંદિરાવલિ",
"જૈન ડીરેક્ટરી" ભાગ ૧-૨, "જૈન ગ્રંથાવલિ", વિગેરે.

---

અમદાવાદના ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિઃ—આપનું લવાજમ હજુ સુધી મોકલાયું ન હોય તો સત્વરે અમારા એજંટને આપી પહોંચ લેશોજી.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

પાયધુની–મુંબઇ નં. ૩

---

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ઉપરોક્ત યોજના તેના આશયો અને પરિણામજન્ય અમલી કાર્યની જૈન સમાજ સમક્ષ ટુંકી પણ રૂપરેખા જાહેર ખબરદ્વારા અગર હેંડબીલદ્વારા રજુ કરવી એ તદ્દન બિન જરૂરીઆતવાળું ગણી શકાય. સબબ આ યોજના જૈન ભાઇઓમાં સર્વમાન્ય અને જગજાહેર જ છે. આ યોજના એ સંસ્થાનું અને સમાજનું જીવન છે. જૈન જનતાના ભવિષ્યની રેખા દોરવા હિંમત ધરનાર જો કોઇપણ યોજના હોય તો તે સુકૃત ભંડાર ફંડ એક જ છે કે જ્યાં ગરીબ અને તવંગર વચ્ચે કોઇ જાતનો અંતર રહેતો નથી અને સમાનતા, બંધુત્વ વિગેરે ભાવનાઓ ખીલવી સમાજને સુશિક્ષિત બનાવી હિતકર કાર્યો કરવા આ સંસ્થાને જોશ અને જીવન અર્પે છે. આ ફંડમાં ભરાતાં નાણાંમાંથી ખર્ચ બાદ કરી બાકીનો અડધો ભાગ કેલવણીના કાર્યમાં વપરાય છે, અને બાકીના અડધા સંસ્થાના નિભાવફંડમાં લઇ જવામાં આવે છે કે જે વડે સમસ્ત સમાજને શ્રેયસ્કર કાર્યો કરી શકાય. આપણા સમાજમાં અનેક સ્ત્રી પુરૂષો ઉચ્ચ કેળવણીથી વંચિત રહે છે તે બનવા ન પામે અને તેમને કેળવણી લેવામાં અનેક રીતે મદદરૂપ થવા આ સંસ્થા પોતાના પ્રયાસો કરી રહી છે અને તે આ ફંડની વિશાળતા ઉપર જ આધાર રાખે છે. તેથી પ્રત્યેક જૈન બંધુ વરસ દહાડામાં માત્ર ચાર આનાથી સ્વશક્તિ અનુસાર મદદ અર્પી પોતાના અજ્ઞાત બંધુઓનું જીવન કેળવણીદ્વારા સુધારી અગણિત પુણ્ય ઉપાર્જન કરી શકે છે. માટે સર્વે જૈન બંધુઓને આ ફંડમાં સારી રકમ આપવાની વિનંતિ કરવામાં આવે છે. ચાર આના પ્રત્યેક વ્યક્તિએ દરવર્ષે આપવા એ મોટી વાત નથી. અઠવાડીયે એક પાઈ માત્ર આવે છે, પણ જો આખી સમાજ જાગૃત થાય તો તેમાંથી મોટી સંસ્થાઓ નભાવી શકાય એવી સુંદર યોજના છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે ફંડને જરૂર આપ અપનાવશો અને આપની તરફના પ્રત્યેક નાના મોટા ભાઇઓ, બહેનો એનો લાભ લે, એમાં લાભ આપે એવો પ્રયત્ન કરશો. બીજી કોમો આવી રીતે નાની રકમોમાંથી મોટી સંસ્થાઓ ચલાવે છે તે આપ જાણો છો. તો આપ જરૂર પ્રયત્ન કરશો. આખી કોમની નજરે આપને કૉન્ફરન્સની જરૂરીઆત લાગતી હોય તો આ ખાતાને ફંડથી ભરપૂર કરી દેશો. સુજ્ઞને વિશેષ કહેવાની જરૂર ન જ હોય.

સેવકો,

મકનજી જુઠાભાઈ મહેતા

મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.

ઓ. રે. જ. સેક્રેટરીઓ, શ્રી. જૈ. શ્વે. કૉન્ફરન્સ.

અગત્યનું

ધર્મ કે વ્યવહારના દરેક કાર્ય કે ઉત્સવમાં શારીરિક અને માનસિક બળની જરૂર છે.

# આતંકનિગ્રહ ગોળીઓ.

તેવું અખૂટ બળ આપવામાં પહેલે નંબર આજ ૪૭ વર્ષો થયાં ગણાઇ ચુકી છે.

**કિંમત ગોળી ૩૨ની ડબીનો ફકત રૂ. ૧).**

વધારે વિગત જાણવા પ્રાઇસલીસ્ટ વાંચો.

મુંબઇ-બ્રાન્ચ. કાલબાદેવી રોડ, } **વૈદ્ય શાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.** જામનગર—કાઠીયાવાડ.

---

લાખો જુવાનોની જીંદગીને બચાવી લેનારૂં

**ઉત્તમ ઉપદેશ દેનારૂં**

## કામશાસ્ત્ર

ન વાંચ્યું હોય તો જરૂર વાંચો.

કિંમત કે પોસ્ટેજ કંઇ પણ નહિ.

## વૈદશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

જામનગર—(કાઠિયાવાડ).

# હવે તો જાગો !

આજકાલ કેટલાએક લેખકો ઐતિહાસિક કથાનકોમાં પ્રાચીન જૈનાચાર્યો અને સમર્થ જૈન નેતાઓની કાલ્પનીક કુથલી કરતા જોવાયા છે. તેવા ઝેરી વાતાવરણથી સાવચેત રહીને આવા લેભાગુ લેખકોની સાન ઠેકાણે લાવવા દરેક જૈનો તે સમયના પ્રમાણિક ઇતિહાસથી વાકેફ રહી શકે તે માટે નીચેના પ્રમાણભૂત જૈન ઐતિહાસિક કથાનકોનો બહોળો પ્રચાર થવા જરૂર છે.

| | |
|---|---|
| વીરશિરોમણિ વસ્તુપાળ ( પાટણની ચડતી પડતી ભાગ ૧ લો. ) | ૨–૦–૦ |
| વીરશિરોમણિ વસ્તુપાળ ( પાટણની ચડતી પડતી ભાગ ૨ જો. ) | ૨–૦–૦ |
| વીરશિરોમણિ વસ્તુપાળ ( અણુહીલપુરનો આથમતો સૂર્ય ) | ૨–૦–૦ |
| ગુજરાતનું ગૌરવ યાને વિમળમંત્રીનો વિજય. | ૨–૦–૦ |
| ભાગ્ય વિધાયક ભામાશાહ–સચિત્ર ( મેવાડનો પુનરોદ્ધાર ) | ૨–૦–૦ |
| આચાર્યશ્રી હીરવિજયસૂરિ અને ધર્મ જીજ્ઞાસુ અકબર. | ૨–૦–૦ |
| ગુર્જરેશ્વર કુમારપાળ–સચિત્ર. | ૪–૦–૦ |

## શ્રી સિદ્ધાચળજીની યાત્રા.

ઘર બેઠાં થઇ શકે તે માટે શ્રી શત્રુંજય તીર્થાધિરાજના ફોટા સાથેનો ઐતિહાસીક ગ્રંથ.

## ☞ શ્રી શત્રુંજય પ્રકાશ.

દરેકે વાંચવોજ જોઈએ. જેમાં શ્રી શત્રુંજયની સ્વતંત્રતાનો છેલ્લા પંદરસો વર્ષનો પ્રમાણભુત ઇતિહાસ અને હાલની લડતની સંપૂર્ણ વીગતો પણ આપવામાં આવી છે. કીં. રૂા. ૧–૦–૦

## ખાસ લાભ

**દરેક જૈનો આ લાભ લઇ શકે તેમજ જૈનેતર જગતમાં પણ છુટથી બહોળો પ્રચાર કરી શકાય તે માટે આખો લૉટ એક સાથે મંગાવવાથી—**

**ફકત રૂપિયા પંદર.**

પોસ્ટ–પાર્સલ ખર્ચ અલગ.

લખો–જૈન ઓફીસ—

**ભાવનગર.**

## શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્

## જૈન સંસ્થાઓને વિનંતિ

આથી સર્વે જૈન સંસ્થાઓને ખબર આપવામાં આવે છે કે આપની સંસ્થાને પરિષદ્‌ના રજીસ્ટરમાં નોંધાવશો.

પરિષદ્‌ના બંધારણ અનુસાર પરિષદ્‌ના અધિવેશનોમાં રજીસ્ટર્ડ સંસ્થાઓના પ્રતિનિધિઓને આવવાનો હક્ક છે તે ઉપર આપનું ધ્યાન ખેંચીએ છીએ.

સઘળો પત્રવ્યવહાર નીચેના શીરનામે કરવા વિનંતિ છે.

| | |
|---|---|
| અબ્દુલ રહેમાન સ્ટ્રીટ<br>તૈયબમંઝીલ<br>મુંબઇ નં. ૩ | ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ<br>અમૃતલાલ વાડીલાલ શાહ<br>મંત્રીઓ–શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્. |


( રજીસ્ટર્ડ નં૦ ૪૪ )

# વીર બામ

માથા તથા છાતીના દુઃખાવા, સંધીવા, ઇન્ફ્લુએન્ઝા વિગેરે હરેક પ્રકારનાં દરદો ઉપર મસળવાથી તુરત જ આરામ કરે છે.

# વીર ઓઇન્ટમેન્ટ

ખસ ખરજવાનો અકસીર મલમ.

દરેક દવા વેચનાર તથા ગાંધી વી. રાખે છે.

પ્રોઃ—મોહનલાલ પાનાચંદની કું.

ઠે. વડગાદી, ભીખ ગલી–મુંબઈ ૩.

એજન્ટ :—મોરારજી રણછોડ.

ઠે. જુમામસજીદ, મુંબઇ ૨



## TALISMANS AND CHARMS

**For those People to Avoid all Sorts of Misfortunes and enter the Gates of Successful Life.**

| | Rs | As. |
|---|---|---|
| For Honour, Riches, Learning and Greatness | 7 | 8 |
| For Health, Physical Strength, etc ... | 7 | 8 |
| For Power of Eloquence, Speeches, etc. | 7 | 8 |
| For Success in any Under-taking or Litigation, etc.... ... ... | 10 | 0 |
| For success in Sport, Racing, Cards, Games of Chance, etc. ... ... | 7 | 8 |
| For Success in Spiritual and Religious Life | 10 | 0 |
| For Success in Trade and Business... | 10 | 0 |
| For Men's Love to Women ... | 7 | 8 |
| For Women's Love to Men ... | 10 | 0 |
| For Love of Opposite Sex, Attractive Power | 7 | 8 |
| For Agricultural Prosperity, Farming, Good Crops, etc. ... ... | 7 | 8 |
| For Success in Minning Plumbago, etc. | 100 | 0 |
| For Success in Gemming ... ... | 225 | 0 |
| Rabbi Solomon's Special Talisman for every success ... ... | 15 | 0 |
| Specially valued and worn by every successful Hebrew, 2nd quality ... | 21 | 0 |
| 1st quality ... | 30 | 0 |

*NOTE:–A Money Order or G.C. Notes will bring the Talisman to your door. One Extensive Life Reading Rs.15, two Rs.25, three Rs.30 or more at a time at Rs.10 per reading. Remit with birth date. Always the full amount should be remitted in advance. No. V.P.P.*

Apply to:— **D. A. RAM DUTH,** Astrologer, No.30&55 (T. Y.) Cheku Street, Colombo,(Ceylon).


## નીચેનાં પુસ્તકો કૉન્ફરન્સ ઑફીસમાંથી વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલિ | રૂ. ૧—૮—૦ |
| શ્રી જૈન ડીરેક્ટરી ભા. ૧–૨ સાથે | ૧—૦—૦ |
| ,, ,, ભા. ૧ લો | ૦—૮—૦ |
| શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ | ૦–૧૨–૦ |
| પાઇઅલચ્છીનામમાલા પ્રાકૃત કોશ | ૧—૦—૦ |
| જૈન ગૂર્જર કવિઓ | ૫—૦—૦ |

આ માસીક સાથે હેન્ડબીલ વહેંચાવવા તથા જાહેર ખબર માટે પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો. એક અંક માટે જાહેર ખબરનો ભાવ રૂ. ૫–૦–૦ વધુ માટે લખો—

આસીસ્ટન્ટ સેક્રેટરી,

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.

૨૦ પાયધુની પોસ્ટ નં. ૩

મુંબઇ.

# સંસારમાં સુખ શું છે??

નિરોગી શરીર, તંદુરસ્ત સ્ત્રી અને હૃષ્ટપુષ્ટ બાળક આ ત્રણ વસ્તુઓ સંસાર સુખમય કરવાનાં મુખ્ય સાધન છે.

**જો તમારૂં શરીર કોઇ પણ દુષ્ટ રોગથી પીડાતું હોય તો પ્રખ્યાત**

## મદનમંજરી ગોળીઓ (રજીસ્ટર્ડ.)

નું તરતજ સેવન કરો. આ દીવ્ય ગોળીઓ મગજના તથા શરીરના દરેક રોગ દૂર કરે છે, દસ્ત સાફ લાવે છે, લોહી તથા વીર્યની વૃદ્ધિ કરે છે, હાથપગની કળતર, વાંસાની ફાટ વીગેરે દરેક દરદો પણ અજબ રીતે નાબુદ કરી, શરીર નિરોગી બનાવી બળ આપવામાં આ ગોળીઓ એક બીન હરીફ ઇલાજ છે. **કીં. ગોળી ૪૦ ની ડબી ૧ નો રૂ. ૧**

**સ્ત્રીઓની તંદુરસ્તી માટે તો**

## ગર્ભામૃત ચૂર્ણ (રજીસ્ટર્ડ)

નું તેને તરતજ સેવન કરાવો. આ ચૂર્ણ સ્ત્રીઓ માટે અમૃતરૂપ છે. અનિયમિત ૠતુ તથા પ્રદરાદિ રોગો દૂર કરે છે. ગર્ભાશયના રોગો દૂર કરે છે, તેમજ હરકોઇ કારણથી સંતતિરોધ દૂર કરે છે. સ્ત્રીઓનાં દરેક દરદો દૂર કરી, શરીર તંદુરસ્ત બનાવવા માટે આ ચૂર્ણ અકસીર ઉપાય છે. **કીં. તોલા ૧૦ ના ડબા ૧ ના રૂ. ૨) બે.**

**જો તમારા બાળક હંમેશાં રોગી તથા નિર્બળ રહેતા હોય તો**

## બાલપુષ્ટીકરણ વટીકા (રજીસ્ટર્ડ)

નું તરતજ તેને સેવન કરાવો. બાળકોનાં તમામ દરદો દૂર કરી લોહી પુષ્કળ વધારી શરીર હૃષ્ટપુષ્ટ બનાવવામાં આ ગોળીઓ ઉત્તમ આબાદ ઇલાજ છે. **કીં. ડબી ૧ નો રૂ. ૧)**

આ ત્રણે દવાઓ ઘરમાં રાખી જરૂર પડતી વખતે ઉપયોગ કરવા દરેકને ખાસ ભલામણ કરવામાં આવે છે. **દરેક દવાની સંપૂર્ણ માહીતિ માટે વૈદ્યવિદ્યા પુસ્તક મફત મંગાવો.**

**રાજવૈદ્ય નારાયણજી કેશવજી.**

હેડઓફીસ—**જામનગર** (કાઠીઆવાડ) બ્રાન્ચઃ—**૩૯૩ કાલબાદેવી મુંબઇ ૨**
ભાટીઆ મહાજન વાડી સામે.

## વિદ્વાનવર્ગે એકે અવાજે વખાણેલા અને દીર્ઘકાલથી ન મલતાં
# આર્હતમતપ્રભાકરના સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો.

**બાહ્ય સ્વરૂપ**—પુસ્તકઆકાર, ડેમી સાઈઝ, બાલબોધ ટાઇપ, ૫૫ રતલી ગ્લેજ કાગળ.

**સંસ્થાને સક્રિય ઉત્તેજક વ્યક્તિઓ**—વ્યાકરણાચાર્ય વેદાન્તવાગીશ શ્રીધરશાસ્ત્રી પાઠક શાસ્ત્રી એલ્ફિન્સ્ટન કૉલેજ મુંબાઈ, ડૉ. પી. એલ. વૈદ્યશ્રી A. D. Litt. પ્રોફેસર સંસ્કૃત પાલી અને અર્ધમાગધી વિલિંગ્ડન કોલેજ સાંગલી, પ્રો. એન. જી. સુરૂ પ્રોફેસર સંસ્કૃત અને અર્ધમાગધી પુના વિગેરે.

**નવા સૂધારાઓ**—પાઠભેદ, વિષય સ્હેલાઈથી સમજવા માટે કઠિણ અને પારિભાષિકાદિ શબ્દો ઉપર સરલ અને વિસ્તૃત સંસ્કૃત ટિપ્પણી અથવા ઇંગ્લિશ નોટ્સ, ઐતિહાસિક દૃષ્ટ્યા દરેકને અત્યુપયોગી સર્વાંગ સુંદર પ્રસ્તાવના ઉપયોગી પરિશિષ્ટો, શબ્દકોશ.

**ગ્રંથોને આશ્રય**—મુંબાઈ, કલકત્તાદિક યુનિવર્સિટીઓ, શ્રીમહાવીર જૈન વિદ્યાલય વિગેરે.

**નજીવું મૂલ્ય**—દરેક ગ્રંથની કિંમત તેના અંગે થયેલા ખર્ચથી એક પાઈ પણ વધારે નજ રાખેલી હોવાથી એતદ્દેશીય તેમજ પરદેશીય ગ્રંથપ્રકાશિની સંસ્થાની દૃષ્ટિએ નહી જેવીજ છે.

**તૈયાર ગ્રંથો**—૧ પ્રમાણ મીમાંસા પૃ. ૧૨૯ કિંમત રૂ. ૧ પોસ્ટેજ શિવાય. ૨ સ્યાદ્વાદમંજરી પૃષ્ઠ ૩૧૨ કિં. રૂ. ૨ પોસ્ટેજ શિવાય.

**તૈયાર થતા ગ્રંથો**—૧ સ્યાદ્વાદ રત્નાકર ( લગભગ સંપૂર્ણ ), ૨ સચિત્ર તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય, ૩ પ્રાકૃત વ્યાકરણ ( સિદ્ધહેમનો આઠમો અધ્યાય), ૪ છન્દોનુંશાસન, ૫ અનેકાંત જયપતાકા (વૃત્તિ અને ટિપ્પણ સાથે), ૬ ઔપપાતિક ઉવવાઈઅ સૂત્ર ( મૂળ ઇંગ્લિશ નોટ્સ સાથે ), ૭ સૂત્ર કૃતાંગ સૂત્ર (મૂળ ઇંગ્લિશ નોટસ સાથે).

તૈયાર ગ્રંથો વી. પી. થી મંગાવી લેવા અને તૈયાર થતાં ગ્રંથોની ગ્રાહક શ્રેણિમાં નામ નોંધાવવા દરેક નકલ પાછળ રૂ. ૧ મોકલવા શીઘ્રતાજ કરવી હિતાવહ છે.

**मळवानुं ठेकाणुं—** **१ आर्हतमतप्रभाकर कार्यालय, पूना सिटी.**

**२ जैन साहित्य संशोधक कार्यालय, एलिस ब्रिज्, अमदावाद.**

**३ शा. शंभुलाल जगशीभाई ठे. उस्मानपुरा, पुरातत्त्व मंदिर, अमदावाद.**

**४ मेसर्स मोतीलाल बनारसीदास, ठे. सय्यद मिठा बजार, लाहोर, (पंजाब).**

**५ हिंदी साहित्य कार्यालय, सिरोही (राजपुताना).**

**६ मेसर्स नारायण चिंतामण आठवले, बुकसेलर, वडोदरा.**

**७ श्री यशोविजयजी जैन ग्रंथमाला, ठे. हेरिसरोड, भावनगर.**

---

ગુજરાતી અને હિંદી સરલ ભાષાના લોકપ્રિય લેખકો તથા સુપ્રસિદ્ધ વિદ્વાનોના મનનીય લેખોનો અભ્યાસ કરવો હોય, દુનિયામાંના નવીન સમાચારો તેમજ આશ્ચર્યકારક આધુનિક શોધો જાણવા હોય તથા જૈન ખબરો સાંગોપાંગ વાંચવી હોય તો


## જૈન-જીવન પત્રના આજેજ ગ્રાહક બનો

### कारण

જૈન સમાજના અભ્યુદયાર્થે અને જૈનધર્મના પ્રસારમાટે સામાજીક, ધાર્મિક, નૈતિક તેમજ ઐતિહાસિક અને વૈજ્ઞાનિક વિષયો ઉપરાંત બીજા પણ અનેક વિષયોની નીતિ, ન્યાય અને સ્વતંત્રતાપૂર્વક નિર્ભયપણે ચર્ચાઓ ચલાવી નવીન પ્રકાશ પાડનારૂં પ્રગમનશીલ પાક્ષિક પત્ર ફક્ત આજ છે. અને હાલમાં વિદ્યાનું કેંદ્ર બનેલાં પૂના શહેરમાંથી પ્રસિદ્ધ થતું હોવાથી કોઇપણ પક્ષના લેખકને પોતાના પ્રામાણિક વિચારો આજ પત્ર-દ્વારા બહુજનસમાજ સમક્ષ રજુ કરવાની સુસંધી મળે છે. **વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સાથે રૂ.૨-૮-૦**

**प्राप्तिस्थान—व्यवस्थापक जैन जीवन,**

**पूना शहर.**



# માત્ર રૂપીઆ ૩ ત્રણ.

## મૉડર્ન રેગ્યુલેટર ક્લૉક.

જર્મનીથી હમણાંજ મંગાવેલું. ગેરંટી વર્ષ ત્રણની ઉત્તમ વૉલનટનાં બનાવેલ ઘરવાળું મજબુત સાંચા-કામ અને કારીગરીવાળું દિવાલ અને મેજ પર ગોઠવી શકાય છે. કિંમત ફક્ત રૂપીઆ ૩ ત્રણ. પેન્ડુલમ સીસ્ટમથી ચાલે છે.


હમણાંજ લખો—

**વી. એસ. વૉચ કું.**

પી. બી. ૧૦૫, મદ્રાસ.

---

**આ ઑફર મફત!!**




**આ ઑફર મફત!!**

અમારા અઢાર કેરેટ રોલ્ડગોલ્ડ તારા લીવર “રજીસ્ટર્ડ” ખીસા ઘડીઆળના ખરીદનારાઓને, અમારૂં “C” સી રજીસ્ટર્ડ ટાઇમપીસ મફત આપીએ છીએ. આ ઑફર માત્ર થોડા વખતની છે. હમણાં જ લખો. ખીસા ઘડીઆળ માટે તેના ડાયલ પર બનાવનારાઓની પાંચ વર્ષની ગેરંટીની સ્ટેમ્પ આપવામાં આવેલ છે.

(કિંમત રૂ. ૫)

લખોઃ— **કેપ્ટન વૉચ કું.** પોસ્ટ બોક્ષ ૨૬૫ મદ્રાસ.

**CAPTAIN WATCH COY.**

P. B. 265, MADRAS.

અનેક વ્યવસાયોમાં ભૂલી ન જતા

# જૈનબંધુઓને વિજ્ઞપ્તિ.

શ્રી પાલિતાણા ખાતે આવેલું **શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ** છેલ્લાં ૨૧ વર્ષથી જૈનકોમનાં બાળકોને વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ આપવા યથાશકિત સતત્ પ્રયાસ કર્યે જાય છે. હાલ સાઠ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લે છે. આ વર્ષે આઠ વિદ્યાર્થીઓ મેટ્રીકની પરીક્ષામાં બેઠા હતા તેમાં ત્રણ તેમના ઐચ્છિક વિષયોમાં તથા પાંચ વિદ્યાર્થીઓ બધા વિષયોમાં પાસ થયા છે. જેઓ સૌ મુંબઇ ખાતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં દાખલ થવા ભાગ્યશાળી થયા છે.

આપ સૌ જાણો છો તે પ્રમાણે સંવત ૧૯૮૨ ની ચૈત્રી પુનમથી પાલિતાણાની તીર્થયાત્રા બંધ છે તેથી આ સંસ્થાની આવક ઘણીજ ઘટી ગઇ છે. ઉદાર જૈનકોમ પોતાની અનેક સંસ્થાઓ ચલાવે જાય છે. તો આપ સૌ પ્રત્યે અમારી નમ્ર અરજ છે કે આપને અમે ન પહોંચી શકીએ તો આપ સામે પગલે ચાલીને આપનો ઉદાર હાથ લંબાવી સંસ્થાને આભારી કરશો.

લી. સેવકો,

માનદ્ મંત્રીઓ.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ,

પાલિતાણા.

તૈયાર છે! સત્વરે મંગાવો!

# "જૈન ગૂર્જર કવિઓ."

## આશરે ૧૦૦૦ પૃષ્ટનો દલદાર ગ્રંથ.

**ગુર્જર સાહિત્યમાં જૈનોએ શું ફાલો આપ્યો છે તે તમારે જાણવું હોયતો આજેજ ઉપરનું પુસ્તક મંગાવો.**

"જૈન ગૂર્જર કવિઓ" એટલે શું? ગુજરાતી ભાષાના આદિ કવિ કોણ? યુગ પ્રવર્તકો કોણ? જૈન રાસાઓ એટલે શું? ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ કેવી રીતે થયા?

આ પુસ્તક જૈન સાહિત્યનો મહાસાગર છે કે જેમાં રહેલા અનેક જૈન કવિ રત્નોને પ્રકાશમાં લાવી ગુર્જર ગિરાનો વિકાસક્રમ આલેખવા તેના **સંગ્રાહક અને પ્રયોજક શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇએ** અથાગ પરિશ્રમ લીધો છે. તેમાં અપભ્રંશ સાહિત્યનો તથા પ્રાચીન ગુજરાતીનો ઇતીહાસ, જૈન કવિઓ-ના ઐતિહાસિક અતિ ઉપયોગી મંગલાચરણો તથા અંતિમ પ્રશસ્તિઓ, તેમજ અગ્રગણ્ય કવિઓના કાવ્યોના નમુનાઓ આપવામાં આવ્યા છે. દરેક કવિની સર્વ કૃતિઓનો-ઉલ્લેખ તથા સમય નિર્દેશ કરવામાં આવ્યા છે. **કિંમત રૂ. ૫-૦-૦. પ્રથમ ભાગ**-માત્ર જુજ પ્રતો હોઇ દરેકે પોતાનો ઑર્ડર તુરત નોંધાવી મંગાવવા વિનંતિ છે.

લખોઃ—

**મેસર્સ મેઘજી હીરજી બુકસેલર્સ.**

૨૦ પાયધુની,
ગોડીજીની ચાલ
પહેલે દાદરે,
મુંબાઈ નંબર ૩.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડનું

### વિશાળ કાર્યક્ષેત્ર.

૧ સદરહુ બૉર્ડ નવી તેમજ ચાલુ પાઠશાળાઓને મદદ આપી પગભર કરે છે.

૨ જે વિદ્યાર્થીઓ અભ્યાસ આગળ વધારવા માગતા હોય પણ નાણાની સગવડ ના હોય તેમને સ્કૉલરશીપો આપી ઉચ્ચ કેળવણી અપાવે છે.

૩ બાલકો, બાલીકાઓ, સ્ત્રીઓ તેમજ પુરૂષોની હરીફાઇની ધાર્મિક પરીક્ષા દરવર્ષે ડીસેમ્બરમાં લે છે. અને લગભગ રૂ. ૧૦૦૦નાં ઇનામો દરવર્ષે વ્હેંચી આપે છે.

૪ ઉચ્ચ કેળવણી માટે ખાસ સગવડ કરી આપે છે.

૫ વાંચનમાળાઓ તૈયાર કરાવરાવે છે.

૬ બીજા પરચુરણ કામો પણ કરે છે.

આ ખાતાના લાઇફ મેમ્બરો અને સહાયક મેમ્બરોની આર્થિક મદદથી ઉપરનાં કાર્યો થાય છે. આ ખાતાને રકમો મોકલવી તે પોતાની જાતને ચેતન આપવા બરાબર છે.

**—: મેમ્બરો માટે :—**

લાઇફ મેમ્બર થવાને રૂ. ૧૦૦) એકી વખતે સહાયક મેમ્બર થવાને દર વર્ષે ફક્ત રૂ. પાંચ જ આપવાના છે.

૨૦ પાયધુની, મુંબઈ ૩. } ઓન. સેક્રેટરીઓ, શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

---

**રાજા મહારાજાઓ**

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપટનો, નામદાર લેટ વાઇસરાયના લેટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજન્ટો, સરકારી યુરોપીયન સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે-ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવ એનાલાઈઝ થયેલ છે.

# બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોલીની ડબી એકના રૂપીયા દશ.

ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ-કાઠીયાવાડ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોનરૂપે આપવામાં આવે છેઃ—

( ૧ ) હાઇસ્કુલમાં અંગ્રેજી ચોથા ધોરણથી અંગ્રેજી સાતમા ધોરણ સુધીના અભ્યાસ માટે.

( ૨ ) ટ્રેઇનીંગ કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે.

( ૩ ) મિડવાઇફ કે નર્સ થવા માટે.

( ૪ ) હિસાબી જ્ઞાન, ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, વિગેરેના અભ્યાસ માટે.

( ૫ ) કળા કૌશલ્ય એટલે ચિત્રકળા, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વિજળી ઇત્યાદીના અભ્યાસ માટે.

( ૬ ) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે

લોન તરીકે મદદ લેનારે લિખિત કરારપત્ર કરી આપવું પડશે. કમીટીએ મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચ સહીત વગર વ્યાજે પાછી વાળવાની છે.

વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે લખોઃ—

ગોવાળીઆ ટેંકરોડ,
ગ્રાંટરોડ, મુંબઈ

ઓનરરી સેક્રેટરી,
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય.**

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.